ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા—નં. ૩

# આમોસના પુસ્તકનો ખુલાસો

સંપાદક :

રેવ. હિમ્મતલાલ આશીર્વાદ,
ગુજરાત સંયુક્ત ઈ. વિ. શાળામાં
અધ્યાપક [૧૯૪૯-૬૩]

ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા

પ્રકાશક :

ગુજરાતી ઈશ્વરવિદ્યાવિષયક સાહિત્ય સમિતિ વતી
રેવ. આર. બી. દેસાઈ
ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા
અમદાવાદ—૬

આવૃત્તિ ૧ લી     પ્રત ૧૦૦૦

ઈ. સ. ૧૯૬૬

મૂલ્ય રૂ. ૨-૫૦

પૂઠા પર તેમજ મુખપૃષ્ઠ પર છાપેલી આકૃતિ સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળા (અમદાવાદ)ના ભજનસ્થાનમાંની કંડારેલા પથ્થરની બારીમાંથી લીધેલી છે. એ આકૃતિમાં પ્રદર્શિત કરાયેલ હથોડો (યિર્મે. ૨૩; ૨૯), તરવાર (એફે. ૬; ૧૭), ઢાલ (ગીત ૯૧; ૪), ઓળિયું (હઝ. ૩; ૧) અને દીપક (ગીત ૧૧૯; ૧૦૫ : પ્રક. ૫; ૧) ઈશ્વરના વચનનાં પ્રતીકો છે.

મુદ્રક : સુરેશચંદ્ર પોપટલાલ પરીખ
ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસ, સલાપોસ રોડ – અમદાવાદ-૧

Christian Theological Series — No. 3

# COMMENTARY on AMOS

By

The Rev. Himmatlal Ashirwad

PUBLISHED BY

THE REV. R. B. DESAI

FOR

The Gujarati Theological Literature Committee,
Gujarat United School of Theology,
Ahmedabad-6.

1st Edition | Price
1,000 Copies 1966 Rs. 2·50

This book is published with the help of a grant from the Theological Education Fund of the World Council of Churches. Grateful acknowledgment is also made of help from the Scott Memorial Publication Fund of the Gujarat Church Council, United Church of Northern India, and of special contributions from the Churches co-operating in the Gujarat United School of Theology.

The design on the cover and title-page is taken from a pierced stone window in the Chapel of the Gujarat United School of Theology, Ahmedabad. It represents the Word of God as a Hammer, a Sword, a Shield, a Scroll and a Lamp.

# પ્ર સ્તા વ ના

ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળાના વિદ્યાર્થીઓને, અને વિશેષ કરીને સીરામપોરના એલ. ટીએચ. ડિપ્લોમા માટે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં યોગ્ય પાઠ્ય પુસ્તકોના અભાવે જે મુશ્કેલીઓ વેઠવી પડે છે તે હલકી કરવાના આશયથી "ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા" રચવાની યોજના ઘડી કાઢવામાં આવેલી છે. આશા રાખવામાં આવે છે કે ઈશ્વરવિદ્યાના વિદ્યાર્થીઓ ઉપરાંત ધર્મસેવકો, સુવાર્તિકો, સુવાર્તિકાઓ, સાબ્બાથશાળાના શિક્ષકો, તેમજ પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાની ઇચ્છા રાખનાર અન્ય જનોને પણ એ મદદરૂપ નીવડશે.

ઈશ્વરવિદ્યાવિષયક સાહિત્યના ક્ષેત્રમાં આ દેશની અન્યભાષી મંડળીઓ કરતાં ગુજરાતની મંડળી એકંદરે વધુ સમૃદ્ધ છે એ ખુશી થવા જેવી બાબત છે. ઊંચી જાતનાં અને અનેક પ્રકારનાં પુસ્તકો આપણી પાસે છે ખરાં, તથાપિ હજુ ઘણું કરવાનું બાકી રહેલું છે. જે કંઈ છે તે પૂરતું નથી; જૂનાં પુસ્તકોમાંનાં ઘણાંખરાં હાલ સુલભ નથી, અને ઘણાંખરાંનું પુનર્મુદ્રણ હવે પછી થવાનું નથી. તથાપિ એવી આશા સેવવામાં આવે છે કે આ ગ્રંથમાળા સમિતિ તરફથી ઘડી કઢાયેલી યોજના અનુસાર જે સાહિત્ય રફતે રફતે પ્રગટ કરવામાં આવશે તે ગુજરાતી ખ્રિસ્તી મંડળીની અગત્ય ધીરે ધીરે પૂરી પાડશે.

આ કાર્ય પુષ્કળ શ્રમ માગી લેનારૂં તેમજ ખર્ચાળ છે એ નિર્વિવાદ છે. પરંતુ ઈશ્વરપિતાએ પોતાના આ કાર્ય માટે સહાય ઊભી કરેલી છે. ખ્રિસ્તી મંડળીઓની વિશ્વ કાઉન્સિલ પાસે ઈશ્વરવિદ્યાવિષયક પ્રવૃત્તિઓ માટે માતબર નાણાંભંડોળ છે, જેમાંથી દુનિયાના જુદા જુદા ભાગોમાંની આવી યોજનાઓને સહાય કરવામાં આવે છે. એ ભંડોળમાંથી મળતી સહાય વડે આ ગ્રંથમાળા સમિતિ વખત જતાં જાતજાતનાં પુસ્તકો ખ્રિસ્તી મંડળીના હાથમાં મૂકવાની આશા સેવે છે.

પુસ્તકોનો વર્ગ એકદમ ઓળખાઈ આવે માટે

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| બાઇબલના ખુલાસા | વિષયક | વર્ગનાં | પુસ્તકોનાં | પૂઠાં | જાંબુડા | રંગનાં |
| ધર્મસિદ્ધાંત | ,, | ,, | ,, | ,, | લાલ | ,, |
| મંડળીના ઇતિહાસ | ,, | ,, | ,, | ,, | લીલા | ,, |
| પાળકવિદ્યા તથા ભજનસેવા | ,, | | ,, | ,, | ભૂખરા | રંગનાં |

રાખવામાં આવશે.

ઈશ્વરવિદ્યાવિષયક પુસ્તકોના પ્રકાશનમાં ઉ. હિં. સં. મંડળીના સ્કોટસ્મારક ફન્ડનો ફાળો ઘણો મોટો છે; એની સહાયથી આજ દિન સુધીમાં અનેક પુસ્તકો છાપી શકાયાં છે, જેની કદર કરી તેનો આભાર માનવામાં આવે છે. વળી ગુજરાત સંયુક્ત ઈશ્વરવિદ્યાશાળામાં સહકાર કરતી ત્રણ મંડળીઓ (દક્ષિણ હિંદની મેથડિસ્ટ મંડળી, ઉત્તર હિંદની સંયુક્ત મંડળી અને ભાઇઓની મંડળી) તરફથી આ કાર્યને માટે જે ખાસ નાણાંકીય સહાય મળી છે તે બદલ તેમના પ્રત્યે પણ આભાર પ્રદર્શિત કરવામાં આવે છે.

આ ગ્રંથમાળામાંથી નીકળતું આ ત્રીજું પુસ્તક છે, જે ગ્રંથમાળાના તંત્રીના હાથે જ રચાયેલું છે. કોઈ એક જ પુસ્તકનો સીધો તરજુમો એ નથી, પરંતુ અનેક અંગ્રેજી ટીકાગ્રંથોને આધારે તૈયાર કરવામાં આવેલું છે. અને એ ટીકાગ્રંથોના લેખકોનો તેમજ પ્રકાશકોનો ભારે ઋણબોજ આ કૃતિના સંપાદકને શિરે રહેલો છે. ઉપયોગમાં લેવાયેલાં પુસ્તકોનાં નામ (તેમના લેખકો સાથે) નીચે પ્રમાણે છે:

(૧) ખ્રિસ્તી વિદ્યાર્થીઓનું પુસ્તકાલય (સીરામપોર સેનેટની અંગ્રેજી ગ્રંથમાળા) નંબર ૧૦.

(૨) વોલ્ટર લુથી: ધરતીકંપના સમયે

(૩) રેવ. ટી. એચ. સટક્લિફ: આમોસનું પુસ્તક

(૪) „ નોર્મન એચ. સ્નેઈથ: „ „

(૫) „ જોન માર્શ (ટૉર્ચ બાઇબલ કૉમેન્ટરી) „ „

એ ઉપરાંત 'ઈન્ટરપ્રીટર્સ બાઇબલ કૉમેન્ટરી'નો તેમજ કેટલીએક વન વોલ્યુમ (આખા બાઇબલનો ખુલાસો એક જ પુસ્તકમાં) કૉમેન્ટરીઓનો પણ ઉપયોગ કરવામાં આવેલો છે.

અભ્યાસની સરળતા માટે પુસ્તકના વિષયવાર ફકરા પાડીને ફકરાવાર સળંગ ખુલાસો આપવામાં આવેલો છે, અને સળંગ ખુલાસામાં જે આવરી લેવાયું નથી તે કલમવાર આપવામાં આવ્યું છે. વળી વ્યક્તિવાચક તથા સ્થળવાચક નામોના મૂળાર્થ જ્યાં મળી શક્યા ત્યાં આપવામાં આવ્યા છે. જ્યાં જરૂર લાગી ત્યાં હીબ્રુ ભાષાના શબ્દો પણ આપવામાં આવ્યા છે. ટૂંકમાં, પુસ્તકની સમજૂતી મેળવવા માટે જેટલી માહિતી જરૂરની ગણાય તેટલી આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

ધર્મસેવાની તાલીમ આપવા માટે તેમજ ગુજરાતમાંની સમસ્ત ખ્રિસ્તી મંડળીના વિશ્વાસને સુદૃઢ તથા વધુ મજબૂત કરવા માટે ઈશ્વર-પિતા આ ગ્રંથમાળાની યોજનાને આશીર્વાદિત કરે એવી આ યોજના સમિતિની તથા ગ્રંથમાળાના તંત્રીની પ્રાર્થના છે.

ગુજ. સં. ઈ. વિ. શાળા,
એલિસ બ્રિજ,
અમદાવાદ.

હિમ્મતલાલ આશીર્વાદ,
તંત્રી,
ખ્રિસ્તી ઈશ્વરવિદ્યા ગ્રંથમાળા

★

## : અ નુ ક્ર મ ણિ કા :


પૃષ્ઠ

પ્રસ્તાવના : ... ... ... ... ... ૧–૩૬

જૂના કરારના પ્રબોધકો વિષે સામાન્ય પ્રસ્તાવના ... ૧

આમોસના પુસ્તકની પ્રસ્તાવના ... ... ... ૧૫

ઈસ્રાએલના ઇતિહાસનો કાળાનુક્રમ ... ... ... ૩૩


આમોસના પુસ્તકનું પૃથક્કરણ ... ... ... ... ૩૫

આમોસના પુસ્તકનો ખુલાસો ... ... ... ૩૭–૧૯૬

I. જુદાં જુદાં રાષ્ટ્રોના ગુનાઓ સામે ઈશ્વરનું ન્યાયશાસન (૧; ૧–૨; ૧૬) ... ... ... ... ૩૭

II. ઈસ્રાએલના ગુનાઓ સામે ઈશ્વરનું ચેતવણીરૂપ વચન (૩; ૧–૬; ૧૪) ... ... ... ... ૭૯

III. આમોસને થયેલાં સંદર્શનો અને તેનાં પ્રવચનો (૭; ૧–૯; ૧૫) ... ... ... ... ૧૪૪


Calneh
CYPRUS
Hamath
MEDITERRANEAN SEA
SYRIA
(ARABIAN DESERT)
Sidon
Damascus
Tyre
Dan
Mt.
Carmel
Bashan
Ashtaroth-Karnaim
ISRAEL
Ramoth-gilead
Lodebar
Samaria
AMMON
Ekron
Jerusalem
Bethel
Rabbah
Ashdod
Gilgal
Ashkelon
Tekoa
Gaza
Gath
Philistia
JUDAH
MOAB
Beer-sheba
Arabah
EGYPT
Bozrah
EDOM
Teman
0 10 20 30 40 50
SCALE OF MILES
National Boundaries
N.E. Boundary of Israel
(approximate)
according to II Kings 14

# જૂના કરારના પ્રબોધકો વિષે સામાન્ય પ્રસ્તાવના

## ઇસ્રાએલી ધર્મમાં પ્રબોધકોનું અગ્રસ્થાન

જૂના કરારનાં પુસ્તકોમાં આમોસના પુસ્તકને છેલ્લાં પુસ્તકોમાં સ્થાન મળેલું છે, તેથી તે છેલ્લે લખાયેલાં પુસ્તકોમાંનું એક છે એવું તેનો અભ્યાસ કરતાં સ્વાભાવિક રીતે આપણા મનમાં આવે છે. પરંતુ એ સમજણ ખોટી છે. જૂના કરારમાં કે નવા કરારમાં ગોઠવણીમાં પુસ્તકના અનુક્રમ પરથી તે રચાયાનો અનુક્રમ સમજી લેવો એ ભૂલ ભરેલું છે. નવા કરારમાં પત્રો સુવાર્તાઓ પછી આવેલા છે; છતાં લખાણમાં તો મોટા ભાગના પત્રો પહેલા છે, અને સુવાર્તાઓ પાછળથી લખાયેલી છે. એવું જ જૂના કરારના સંબંધમાં પણ છે. પ્રબોધકોના નામથી ઓળખાતાં પુસ્તકોમાંનાં ઘણાંખરાં બાઇબલમાંનાં પ્રથમ પાંચ પુસ્તકો (પંચગ્રંથ) કરતાં સાલવારીમાં અગાઉનાં છે.

એ પરથી એમ તો નથી જ સમજવાનું કે પંચગ્રંથમાંની વાર્તાઓ કેવળ આમોસ કે યશાયાહના સમય પછીના જમાનાનો પરિપાક છે; કારણ કે જે લખાણોને આધારે પંચગ્રંથ રચવામાં આવ્યો હતો તેમાંનાં સૌથી પ્રાચીન લખાણોની સાલ, સર્વસમ્મત માન્યતા પ્રમાણે, જૂના કરારના પ્રબોધકોના સમય અગાઉની છે, એટલું જ કે એ પ્રાચીન લખાણોનું હાલનું રૂપ (ઉત્પત્તિ, નિર્ગમન, લેવીય, ગણના અને પુનર્નિયમ) બાબેલનના બંદીવાસમાંથી યહૂદી લોકો સ્વદેશ પાછા આવ્યા પછીના સમયનું છે. પંચગ્રંથની હાલની ગોઠવણી માટેની જવાબદારી ધરાવનાર અધિપતિઓ આમોસના સમય પછીના સૈકાઓ પછી ચાલતી ધાર્મિક પરિસ્થિતિથી ટેવાઈ ગયેલા હતા, જેથી તેમના પોતાના સમય દરમિયાન જે હયાતીમાં નહોતું તે ભૂતકાળના સંજોગોમાં હતું એવું કોઈ કોઈ વાર તેઓ સમજી લેતા હતા.

ઇસ્રાએલી પ્રજાના ઇતિહાસ દરમિયાન ધર્મસુધારણાઓ વખતોવખત થઈ હતી. એમાંની જે સૌથી વધુ અગત્યની ગણાયેલી છે તેઓમાંની એક (૨ રાજા ૨૨, ૨૩) આમોસ તથા તેના સમકાલીન જેવા પ્રબોધકોની આસ્થાથી પ્રેરાયેલી સંભવે છે. તેમના સમયમાં ઈશ્વરની ઉપાસના જે રૂપે ચાલતી હતી તેને એ પ્રબોધકોએ વખોડી કાઢ્યું હતું, તેથી સહરહુ ધર્મસુધારણાના પ્રણેતા તેઓ મનાય છે. આમોસ, હોશીઆ,

મીખાહ અને યશાયાહ ઈ. સ. પૂ. આઠમી સદીના આગેવાન પ્રબોધકો હતા, અને ઈસ્રાએલમાં તેઓએ મહાન અને ચિરસ્થાયી સુધારાઓ કર્યા હતા, છતાં યહૂદી ધર્મના સ્થાપકો હોવાનો દાવો તેમણે કદી કર્યો નથી. તેમણે એવો કોઈ દાવો કર્યો નથી એટલું જ નહિ, પરંતુ જે ધર્મસુધારણા કરવા તેઓ મથતા હતા તેના ટેકામાં તેઓ ઈસ્રાએલી પ્રજાના ભૂતકાળના અનુભવો તરફ–ખાસ કરીને યાહવેહ* હસ્તક થયેલી તેમની પસંદગી અને મિસરમાંથી તેમને મળેલો છુટકારો એ બે તરફ–કાયમ આંગળી ચીંધતા હતા.

ઈસ્રાએલના ભૂતકાળના ઇતિહાસમાં યાહવેહે કરેલાં મહાન કૃત્યોની વાતથી ઈસ્રાએલી લોકો પરિચિત છે એવી ખાતરીને લીધે પ્રબોધકો વારંવાર ભૂતકાળ તરફ દૃષ્ટિ કરતા હતા. આપણે એ જ વાત આપણા બાઇબલને આધારે જાણીએ છીએ ખરાં; પરંતુ એ વાતની આપણી જાણકારી પર એક જાતનો પાસ બેઠેલો છે, એ પાસ તો નીતિ પર મુકાયેલો ભાર છે, અને એ ભાર મૂકવા માટે અંશત: આપણે એ પ્રબોધકોનાં જ ઋણી છીએ. જૂના કરારની રચનામાં પ્રબોધકોએ આપેલા ફાળા અંગે એક આધુનિક લેખક આ પ્રમાણે લખે છે: "તેઓ જ તેના મૂળ કારણરૂપ, તેની ઉત્પાદક સ્ફુરણારૂપ હતા; તેઓની પ્રેરણા એ જ તેને જીવન દેનાર શ્વાસ હતો; અને એ જીવનદાતા શ્વાસે જ ઈસ્રાએલના આદિ પૂર્વજોની પુરાણી કથાઓને, મિસરમાંથી ઈસ્રાએલના થયેલા નિર્ગમનની ફતેહ તથા પ્રતિભાને, વિકાસ પામતી પ્રજાના પરિશ્રમભર્યા પ્રયત્નોને, તેના કીર્તિકળશોને તથા તેની કરુણાપાત્ર હાલતને એક સળંગ રૂપમાં ગૂંથી લીધાં છે" (ડબલ્યુ. જે. પાયથીઅન–આદમ્સ: ઈસ્રાએલના તેડા વિષેનું પુસ્તક, પૃષ્ઠ ૨૨).

હવે નવા કરારના પ્રેરિતોના સ્થાન સાથે જૂના કરારના પ્રબોધકોના સ્થાનની સરખામણી પર ધ્યાન દઈએ. પ્રાચીન ખ્રિસ્તી મંડળીનો વિશ્વાસ તથા તેની સુવાર્તા કેવાં હતાં તે જાણવા માટે નવા કરારમાં જેમ પત્રો આપણાં પ્રથમ દરજ્જાનાં સાધનો છે, તેમ ઈસ્રાએલનો સર્વશ્રેષ્ઠ વિશ્વાસ કેવો હતો તે જાણવા માટે જૂના કરારનાં પ્રબોધપુસ્તકો પ્રથમ કક્ષાનાં

* ઈશ્વરના નામ માટે આપણા બાઇબલમાં "યહોવાહ" શબ્દ વપરાયેલો છે; પરંતુ જૂના કરારના સમયમાં ઈશ્વરના નામ માટેના હેબ્રુ શબ્દનો ઉચ્ચાર "યાહવેહ" કરવામાં આવતો હતો એવું ઘણે મોટે ભાગે આધુનિક હેબ્રી સાક્ષરો માનતા હોવાથી આ પુસ્તકમાં એ રૂપ (યાહવેહ) વાપરવાનું પસંદ કરવામાં આવ્યું છે.

સાધનો છે. તેમ છતાં, જેમ પ્રેરિતો પોતાની તરફથી દૃષ્ટિ ફેરવીને ઈસુ ખ્રિસ્તમાં કરાયેલા ઈશ્વરના ઉદ્ધારક કૃત્ય તરફ દૃષ્ટિ કરતા હતા, અને તે વિષે સાક્ષા પૂરતા હતા, તેમ ઈસ્રાએલના ઇતિહાસના લાંબા સમય દરમિયાન, જૂના કરારના પ્રબોધકો મિસરમાંથી પોતાના લોકને મુક્ત કરવામાં કરાયેલા ઈશ્વરના ઉદ્ધારક કૃત્ય તરફ નિર્દેશ કરતા હતા. જેમ પ્રેરિતો ન્યાયકરણાર્થે ઈસુ ખ્રિસ્તના થનાર પુનરાગમનના દિવસની રાહ જોયા કરતા હતા, તેમ પ્રબોધકો યાહવેહના આવનાર દિવસ તરફ આંગળી ચીંધતા હતા. અને એ દિવસ તો ન્યાયચૂકાદાનો દિવસ થવાનો હતો.

જૂના કરારની સાહિત્યરૂપ શિખરમાળામાં પ્રબોધપુસ્તકોને મુખ્ય શિખરરૂપે ગણી શકાય એમ છે, જે પરથી આગળ ને પાછળ એમ બન્ને તરફ દૃષ્ટિ કરી શકાય છે. પાછળ જોઈએ તો રાજાશાહીની શરૂઆતના તથા ન્યાયાધીશોના સમયમાંની ધાર્મિક રહેણીકરણીઓ ઝાંખી ઝાંખી નજરે પડે છે. અને આગળ જોઈએ તો પંચગ્રંથમાં ભજનસંચાલનની વ્યવસ્થા નજરે પડે છે; એ વ્યવસ્થામાં યાજકપદ કેન્દ્રસ્થાને દેખાય છે ખરું, તથાપિ તેમાંની નીતિ અંગેની બાબત તો પ્રબોધકો તરફથી અપાયેલી છે. પંચગ્રંથમાંની એ નીતિવિષયક બાબત પુનર્નિયમના પુસ્તકમાં અને લેવીય અધ્ય. ૧૯માં વિશેષ પ્રદીપ્ત થયેલી છે, અને એ બન્ને (પુનર્નિયમ અને લેવીય ૧૯) પર ઈ. સ. પૂ. ૮મી સદીના પ્રબોધકોની ભારે અસર પડેલી છે એ નિઃશંક છે. હાલમાં સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે પુનર્નિયમનું પુસ્તક મુખ્યત્વે કરીને ઈ. સ. પૂ. ૭મા સૈકાનો પરિપાક છે, અને યોશીયાહ રાજાએ કરેલી ધર્મસુધારણા (૨ રાજા અધ્ય. ૨૨, ૨૩) એ પુસ્તકને આધારે હતી. મુખ્ય યાજક હિલ્કીયાહને મળી આવેલું નિયમશાસ્ત્રનું પુસ્તક (૨ રા. ૨૨; ૮) એ પુનર્નિયમનું પુસ્તક જ હોવું જોઇએ. માનવના ઇતિહાસ પર ઈશ્વરનો અંકુશ રહેલો છે, અને દુરાચારને શિક્ષા કરવી ને સદાચારને યોગ્ય બદલો આપવો એ ન્યાયે ઈશ્વર તે અંકુશ રાખી રહેલો છે એ વાત પર પુનર્નિયમનું પુસ્તક બહુ ભાર મૂકે છે. ઈસ્રાએલના બંદીવાસ પછી અને એ સમય દરમિયાન જ્યારે ઈસ્રાએલનો ઈતિહાસ લખાવા પામ્યો ત્યારે તેને તપાસી જોનારા માણસો કેવા હતા? પુનર્નિયમના દૃષ્ટિબિંદુથી જેઓ ઇતિહાસનો ખુલાસો કરતા હતા, અને જે દુરાચરણી પ્રજા માટે આમોસ જેવા પ્રબોધકોએ ન્યાયશાસન ઉચ્ચાર્યું હતું પણ જે પર લક્ષ

દેવામાં આવ્યું નહોતું એવી પ્રજા માટે દેશનિકાલની શિક્ષા યોગ્ય જ હતી એવું સમજનાર માણસો. તદનુસાર, પુનર્નિયમના પુસ્તકનું એટલું જ નહિ, પરંતુ ન્યાયાધીશો, શમૂએલ તથા રાજાઓ જેવાં ઐતિહાસિક પુસ્તકોનું હાલનું સ્વરૂપ તથા વલણ ઈ. સ. પૂ. ૮મા સૈકાના પ્રબોધકોને સીધેસીધું અગર તેમને પુનર્નિયમ દ્વારા પરોક્ષ રીતે આભારી છે.

## ઇસ્રાએલના ધર્મમાં પ્રબોધપુસ્તકોનું સ્થાન

જૂના કરારની આખી રચનામાં રહેલું પ્રબોધકોનું મૂળભૂત મહત્ત્વ કેવું છે તે આપણે જોઈ ગયાં છીએ. હવે એ પ્રબોધકોની ઉત્પત્તિ કેવી રીતે થઈ, અને તેમની કામગીરી કેવી છે તે પર ધ્યાન દઈએ. પ્રબોધ-સેવાની કામગીરીનો ઈતિહાસ તો લાંબો છે. ઈસ્રાએલી નહિ એવી દેશજાતિઓમાં પણ પ્રબોધકો હતા, વળી ઈ. સ. પૂ. બારમા સૈકા જેટલા પ્રાચીનકાળે પણ તેઓની હયાતિ હોવાનાં ચિહ્નો મળી આવેલાં છે. ઉત્તર સિરિયા (અરામ)ના બિબ્લોસમાં એવા પ્રબોધકો હતા, જે ઈઝબેલ રાણીએ ઇસ્રાએલમાં નીભાવેલા બઆલના ૪૫૦ પ્રબોધકોના (૧ રા. ૧૮; ૧૯) પૂરોગામી હતા. તેથી પ્રબોધકો કેવળ ઈસ્રાએલમાં જ હતા, ને તે યાહવેહનું ભજન કરનારા જ હતા એવું સમજવાની જરૂર નથી. ઈસ્રા-એલની પડોશમાં આવેલા દેશો, જેવા કે અદોમ, મોઆબ, વગેરેમાં પણ પ્રબોધકો હોવાનો ઉલ્લેખ મળે છે (યિર્મે. ૨૭; ૩, ૯), વળી બલઆમ જ એક પરદેશી ને બિનયહૂદી હતો તે પણ પ્રબોધક હતો ( ગણના ૨૪; ૪, ૧૬). દરેક ધર્મમાં, દરેક દેશજાતિમાં એવા અનુભવવાળાઓમાં કોઈ જુદો જ આત્મા કાયમને માટે કે અમુક મુદતને માટે દાખલ થયેલો છે એવું મનાતું. સાધારણ રીતે તો તેઓમાં દિવ્ય આત્મા પ્રવે-શેલો છે એવી માન્યતા પ્રચલિત હતી (૧ રાજા ૧૮; ૨૫–૨૯). તેથી એવું માલૂમ પડે છે કે ઈસ્રાએલપુત્રોના ઈતિહાસના આરંભકાળથી જ તેઓમાં પ્રબોધકો હતા. પાછલા પ્રબોધકો જ ખરા પ્રબોધકો હતા એમ કહીને તેમની અગાઉ થઇ ગયેલાઓ સાથેનો તેમનો સંબંધ આપણે તોડી નાખવાનો નથી. ધર્મવિષયક સત્ય સમજવામાં પાછલા પ્રબોધકો તેમના પુરોગામી કરતાં ઘણા જ ચઢીઆતા નીકળ્યા હતા ખરા, તથાપિ આગલા અને પાછલા બન્ને વર્ગના પ્રબોધકોમાં સામ્ય રહેલું જ છે એ વાતનો ઈન્કાર કરી શકાય એમ નથી. બન્નેમાં એક ધ્યાન થઈ જવાનું તત્ત્વ તો રહેલું જ છે. 'પ્રબોધક' નામથી ઓળખાતા વર્ગની સાથે

પોતાને કંઈ સંબંધ નહિ હોવાનું આમોસ જણાવે છે (૭;૧૪,૧૫), એ ધ્યાનમાં લેતાં પણ કહેવું પડે છે કે ઉપદેશની સાથોસાથ 'આગાહી' કરવાનો દાવો નહિ કરનાર પ્રબોધક મળી આવે એવો જૂના કરારના ઈતિહાસમાં કોઈ પણ સમય નથી. ત્યારે જે પુરાણા પ્રબોધકો સાથે ભેળાઇ જવા આમોસ ઈચ્છતો નથી એ પ્રબોધકો કોણ ને કેવા હતા ? જૂના કરારમાંનાં કેટલાંએક પુસ્તકોને 'પ્રબોધકો' નામ આપવામાં આવેલું છે; પરંતુ એમને જ એ નામ પહેલ પ્રથમ આપવામાં આવેલું, અથવા એ નામ ધરાવનારા એટલા જ માણસો હતા એમ સમજવાનું નથી. તેઓનો તો આખો વર્ગ હતો (૧ શમ. ૧૦; ૫ : ૧૯; ૧૯-૨૪ : ૨ રાજા ૨; ૩, ૫, ૭, ૧૫), અને તેમની પછવાડે લાંબો ઈતિહાસ પડેલો છે. ઈતિહાસ આમોસના સમય અગાઉનો છે. ઈસ્રાએલમાં રાજાશાહી સ્થપાયા (૧શમ. ૮-૧૨) અગાઉ વિશિષ્ટ શક્તિઓ ધરાવનાર બે જાતના માણસો (દ્દષ્ટા ને પ્રબોધક) હતા. બન્ને પ્રકારના માણસો વિચિત્ર નેઅસાધારણ શક્તિઓ ધરાવતા, ને દાખવતા.

૧ શમ. ૯; ૯ પરથી એવું દેખાય છે કે ઈસ્રાએલપુત્રોમાં પ્રબોધકની અગાઉનો જે ધાર્મિક માણસ હતો તે 'દ્દષ્ટા' (હીબ્રુ : રો'એહ) નામથી ઓળખાતો હતો, અને કનાન દેશ સાથેના સંબંધના પરિણામે ઈસ્રાએલ ધર્મમાં જે વિકાસ થયો તે 'પ્રબોધક' (હીબ્રુ : નબી) હશે. 'દ્દષ્ટા' (રો'એહ) શબ્દ જ એવું સૂચવે છે કે સાધારણ મનુષ્યો જે જોઈ ન શકે તેમ જ સાંભળી ન શકે તે દ્દષ્ટા જોઈ શકતો ને સાંભળી શકતો. દા. ત. શમૂએલ (૧ શમ. ૯). એક દૃષ્ટિબિંદુ પ્રમાણે દ્દષ્ટા ચિહ્નો તથા શકુનો નિહાળતો ને તેને આધારે ભવિષ્ય ભાખતો, જ્યારે પ્રબોધક ખાસ કરીને વધુ પ્રમાણમાં એકધ્યાન થનાર માણસ હતો, અને કોઇક પ્રકારનું અંગચેષ્ટન થયા પછી કે અંગચેષ્ટન થતું તે દરમિયાન તે ઉચ્ચારણો કરતો. બીજું દૃષ્ટિબિંદુ આ પ્રમાણે છે: "એમ માલૂમ પડે છે કે દ્દષ્ટા એ કોઇક છૂટોછવાયો પ્રેરણા પામેલો માણસ હતો, પોતાના ગામ કે શહેરમાં જ મોટે ભાગે રહેતો; તે રોજીંદા જીવનની નાની નાની મુંઝવણો સંબંધી સલાહ માગનારને જૂજ ફી લઈને માહિતી પૂરી પાડતો...જ્યારે નબીની પ્રેરણા સમૂહગત, જુસ્સાદાર અને અન્યસ્પર્શી હતી" (એ. લોડ્સ: 'ઈસ્રાએલ,' પૃ. ૪૪૩). દ્દષ્ટા અને પ્રાચીન પ્રબોધક વચ્ચેનો આ તફાવત ૧ શમ. અધ્ય. ૯ ને ૧૦માં બહુ સરસ રીતે દેખાઇ આવે છે. ત્યાં શમૂએલ (દ્દષ્ટા) પાસેથી (૧ શમ. ૯) છૂટા પડ્યા પછી શાઊલને પ્રબોધકોની ટોળીનો

(૧શમ. ૧૦) ભેટો થાય છે, જેની એવી અસર તેના પર થાય છે કે તે તેમની સાથે જોડાઈ જાય છે, જાણે એકના અનુભવનો ચેપ બીજાને પણ લાગે છે. બન્ને જાતના કિસ્સામાં પ્રેરણા (જોવાની કે સાંભળવાની) તો યાહવેહ પાસેથી જ મળેલી કહેવામાં આવે છે (૧ શમ. ૯; ૧૫: ૧૦; ૬); અને ૧૦;૬ તો એવું સૂચવે છે કે નવા પ્રબોધકમાં ધરમૂળથી ફેરફાર થઇ ગયો. એ ફેરફાર તો કોઇ કોઈ વાર નૈતિક મૂલ્ય વગરના જુસ્સાવાળો જ બનતો, જે 'પ્રબોધ કરવો' ક્રિયાપદવાળા અગાઉના ફકરાઓ પરથી જોઈ શકાશે. તેથી ૧ શમ. ૧૮; ૧૦માં એજ ક્રિયાપદનો તરજુમો 'બકવાટ કરવો' કરેલો છે તે યોગ્ય જ કરેલું છે. એ જ પ્રબોધના આત્માએ શાઊલને એક આખો દિવસ અને આખી રાત નગ્નાવસ્થામાં નાખી મૂકયો છે (૧ શમ. ૧૯; ૨૩, ૨૪). એ પ્રાચીન પ્રબોધકોના સમકાલીન માણસોને તો તેમની એવી અસ્વાભાવિક માનસિક સ્થિતિ અને નર્યું ગાંડપણ એ બેની વચ્ચે નિકટનો સંબંધ દેખાતો હતો (૨ રાજા ૯; ૧૧માં પ્રબોધકને "એ ગાંડો માણસ" કહેલો છે). અન્ય દેવોના પ્રબોધકોમાં એ ઝનૂની ગાંડપણ કેટલી હદ સુધી જતું હતું તેનો દાખલો બઆલના પ્રબોધકોના વર્ણનમાં મળી રહે છે (૧ રાજા. ૧૮; ૨૮, ૨૯). શરુઆતે 'દ્દષ્ટા' (રો'એહ) અને 'પ્રબોધક' (નબી) અલગ અલગ હતા. પરંતુ ઈસ્રાએલમાં રાજાશાહીની સ્થાપના થયા (૧ શમ. ૮–૧૨) પછીના સમયમાં બન્ને વર્ગ એક થઈ ગયા, અને દ્દષ્ટાઓ તે પ્રબોધકો તરીકે ઓળખાવા લાગ્યા. એમ લાગે છે કે 'દ્દષ્ટા' એ 'પ્રબોધક'નું પુરાણું નામ હતું (૧ શમ. ૯; ૯). આમોસ દ્દષ્ટા અને પ્રબોધક બન્ને હતો. ઘણે ભાગે તો પ્રબોધકો દ્દષ્ટાને થતી તલ્લીનાવસ્થામાં કોઈ કોઈ વખત આવી જતા, ખાસ કરીને ધર્મસેવા માટે તેમને જે તેડું થતું તેમાં તેમને એવો જ અનુભવ થતો.

હવે આપણે આમોસના સમયથી આશરે એક સૈકા અગાઉના (ઈ. સ. પૂ. નવમો સૈકો) ઇસ્રાએલના ઈતિહાસના સમયે પહોંચ્યાં છીએ. રાજાઓના બીજા પુસ્તકના આધારે જાણી શકાય છે કે એલીશા પ્રબોધકનાં સમયે (નવમા સૈકાના પાછલા ભાગમાં) પાલેસ્ટાઇનમાં જુદેજુદે મથકે "પ્રબોધકોના પુત્રો" નામથી ઓળખાતી ટોળીઓ હતી. અહીં 'પુત્રો' શબ્દનો શાબ્દિક અર્થ જ કરવાનો છે કે કેમ એ વિષે કશું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી; પરંતુ વિશેષ સંભવિત એ લાગે છે કે એમાં મંડળ, ટોળી કે સમૂહનો સભાસદ સમજવાનો છે, અને

એથી વિશેષ કંઇ નહિ. તેઓ મોટે ભાગે ટોળીબંધ રહેતા ને ફરતા (૧ શમ. ૧૦; ૫: ૧૯; ૧૯–૨૪: ૨ રાજા ૨; ૩, ૫, ૭, ૧૫). પ્રબોધકોની એ ટોળીઓના સભાસદો સામાન્ય રસોડે જમતા (૨ રાજા ૪; ૩૮–૪૪), આગેવાનના હુકમોને તેઓ આધીન રહેતા, ને આગેવાનને તેઓ "ગુરુ" કહેતા (૨ રાજા ૨; ૩: ૬; ૫), ગુરુની આગળ નમીને તેઓ પ્રણામ કરતા (૨ રાજા ૨; ૧૫), ને ગુરુની હલકામાં હલકી સેવા પણ કરતા (૨ રાજા ૩; ૧૧). તેઓને પરણવાની છૂટ હતી; કોઈ પણ જાતનું દેહદમન તેઓ કરતા એવું ધારવાનું કશું કારણ નથી (૨ રાજા ૪; ૧). ખાનગી વ્યક્તિઓ તેમજ રાજાઓ ને રાજદ્વારી માણસો તેમની સલાહ લેતા; એ પ્રસંગો પરથી તેઓ કેવો પ્રભાવ પાડી શકે એ એલીશાને લગતી વાર્તાઓ (૨ રાજા અધ્ય. ૨–૯) પરથી જાણી શકાય છે. વખત જતાં પ્રબોધકો ધંધાદારી જેવા થતા ગયા, તેથી એવા ગુજરાનની ખાતર થઇ બેઠેલા પ્રબોધકોની ગણનામાં આમોસ અને મીખાહ જેવા પ્રબોધકો પોતાને ન જ ગણાવા દે (આ. ૭; ૧૨–૧૫: મીખાહ ૩; ૫, ૧૧) એ તદ્દન સ્વાભાવિક છે.

એ પ્રમાણે ઈ. સ. પૂ. આઠમા સૈકામાં તેમ જ અન્ય સમયોમાં ઈસ્રાએલમાં કહેવાતા 'જૂઠા પ્રબોધકો' અને 'ખરા પ્રબોધકો' એ બન્ને જાતના માણસો હતા, જો કે વ્યવહારમાં તેમને ઓળખી કાઢવાની મુશ્કેલી તો રહેતી જ હશે (પુન. ૧૩; ૧–૫: ૧૮; ૨૦–૨૨). તો આમોસ, હોશીઆ, મીખાહ અનેય શાયાહ જેવા પ્રબોધકોની ધાર્મિક સમજ વિષે જૂના કરાર પરથી આપણે શું શીખી શકીએ છીએ ? પ્રથમ તો, ઈશ્વર અને તેના લોકો વચ્ચે મધ્યસ્થ તરીકેના સ્થાને તેઓ પોતાને સમજતા હતા, કારણ કે લોકોને સંગઠિત જવાબદારી સાથે સંગઠિત એકમ તરીકે સંબોધીને તેઓ તેમને ઈશ્વરની ઇચ્છા પ્રગટ કરતા હતા. "જા, મારા ઈસ્રાએલ લોકોને પ્રબોધ કર" (૭; ૧૫)—એ આદેશ માથે ચઢાવીને પ્રત્યેક પ્રબોધક કાર્ય કરતો. કેવળ અમુક માણસો પાસેથી જ એમ નહિ, પરંતુ સમસ્ત પ્રજા પાસેથી ઈશ્વર જે નૈતિક માગણીઓ કરતો હતો તે પ્રત્યે ઈસ્રાએલમાંના પસંદ કરાયેલા જે થોડાક માણસોની અંતઃસંજ્ઞા જાગૃત હતી તે એ પ્રબોધકો હતા. તેમ છતાં ઈશ્વરને કેવળ ઈસ્રાએલમાં એમ નહિ, પરંતુ આંતરરાષ્ટ્રિય બાબતોમાં પણ કામ (આમ ૧, ૨) કરતો એ જ પ્રબોધકો જોતા હતા.

છેલ્લે, પ્રબોધકનું માનસ કેવી રીતે કાર્ય કરતું તે વિષે ટૂંકમાં

વિચાર કરીએ. પ્રબોધકોએ જે સંદર્શનોનો ઉલ્લેખ કરેલો છે તે તેમણે ખરેખર અનુભવ્યાં હતાં, કે સંદર્શનો વિષે વાત કરતાં તેઓ માત્ર તેમના સમયની ધાર્મિક ભાષાનો ઉપયોગ કરતા હતા એ વિષે કેટલોક મતભેદ ચાલે છે. તેમ છતાં, તેમણે એ ખરેખર અનુભવ્યાં હતાં એ મત વિશેષ પસંદ કરવા જેવો છે. મતલબ કે વાણીઓ સાંભળ્યાની કે દશ્યો જોવાની છાપ ઉપજાવે એવા તાદૃશ અનુભવો, પ્રેરણાપ્રાપ્તિના સમય દરમિયાન, પ્રબોધકના મનમાં ઉપસ્થિત થતા હતા; અને કોઈ કોઈ કિસ્સામાં તો, અન્ય લોકો પણ જોઈ શકે એવા કોઈ કુદરતી દશ્યના દેખાવથી 'સંદર્શન'ને પ્રોત્સાહન મળતું હતું, તથાપિ એ દશ્યમાં રહેલું આધ્યાત્મિક રહસ્ય તો દિવ્ય પ્રેરણા દ્વારા પ્રબોધક એકલો જ પામતો (આ વાતના દાખલાઓ માટે જુઓ આમોસ અધ્ય. ૭ ને ૮). પરંતુ 'સંદર્શન'ની આધારરૂપ વસ્તુ પ્રબોધકની શારીરિક આંખોએ જોઈ હોય કે ના જોઈ હોય, તોપણ 'સંદર્શન'નું દશ્ય તો યાહવેહના પ્રતાપે જ હોવાથી તેનું (યાહવેહનું) પ્રકટીકરણ લાવતું. કહેવાની મતલબ એ છે, કે આત્મલક્ષી અનુભવ અને કોઈ બાહ્ય દશ્ય એ બે અલગ અલગ બાબતો છે એવો જે ભેદ આપણે પાડીએ છીએ તે પ્રાચીન હેબ્રી લોકો પાડતા નહોતા. તમામ અનુભવો જે કંઈક બાહ્ય છે તેના સંઘર્ષથી થાય છે એવી તેમની વિચારધારા હોવાથી, પ્રબોધકને પોતાને માટે તેમ જ તેના શ્રોતાજનોને માટે તેમનાં સંદર્શનોને તેઓ તેમના સંદેશાની સચ્ચાઈ તથા મૌલિકતાની ખાતરીરૂપ માનતા. તથાપિ વ્હીલર રોબિન્સન આ પ્રમાણે કહે છે: "પ્રબોધકનું તેડું કરવા માટે ધ્યાન ખેંચે એવા અવાજ કે દશ્ય જેવો કોઈ અસાધારણ અનુભવ અગત્યનો હતો, અને એવા અનુભવો વખતોવખત નવા નવા થતા જતા હતા, એવું આપણે ખાતરીથી માન્ય રાખીએ, તોપણ યાહવેહની હજૂરમાં તો પ્રબોધકને સતત હાજર રહેવું પડતું હશે અને એ ભાન તેને સતત રહેતું હશે એવું આપણે સમજીએ... તો તે વાજબી જ છે." એવી સ્વર્ગીય સભાનો દેખાવ જૂના કરારમાં વારંવાર જોવામાં આવે છે. પ્રબોધકોના પોતાના સંબંધમાં તેમ જ અયૂબના પુસ્તકમાં એ બાબત વારંવાર નજરે પડે છે. "યાહવેહ પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઈ કરશે નહિ" એવું આમોસ કહે છે (૩; ૭) ત્યારે તે લગભગ એવું જ કંઈક વિચારતો લાગે છે. એ વાકય પર વિવેચન કરતાં વ્હીલર રોબિન્સન કહે છે: "ઉચ્ચતર સંગતમાં પ્રવેશ પામ્યા બાદ પૃથ્વી પર એ સંગતનો જે

પ્રતિનિધિ થયેલો હતો એવા માણુસની કામગીરી અને તે વિષેની એની ખાતરી એ જ પ્રબોધકની કામગીરી અને ખાતરી છે એવું જો આપણે સમજીએ તો એ બરાબર છે એમ માની શકીએ."

## ઈ. સ. પૂ. નવમા સૈકાની ધાર્મિક પૂર્વભૂમિકા

ઈસ્રાએલપુત્રો કનાન દેશમાં વસવાટ કરવા આવ્યા તે અગાઉથી કનાનીઓ એ દેશમાં ઠરીઠામ થયેલા હતા. કનાનીઓ બઆલ દેવનું ભજન કરતા હતા. તેથી ઈસ્રાએલપુત્રો એ દેશમાં ઠરીઠામ થતા ગયા તેની સાથે યાહવેહ પરના તેના વિશ્વાસમાં બઆલપૂજાની અસર દાખલ થતી ગઇ, એટલે સુધી કે ખુદ યાહવેહ પણ 'બઆલ' નામથી ઓળખાવા લાગ્યો (હોશીઆ ૨; ૧૬). બઆલ અને યાહવેહ વચ્ચેના ઝઘડાનું સ્વરૂપ શરૂઆતે કેવું હતું એ વિષે ખાસ કશું જાણુવામાં આવેલું નથી, તથાપિ ઈ. સ. પૂ. નવમા સૈકામાં એ સ્વરૂપ છતું થાય છે, અને આઠમા સૈકામાં તો વિશેષ વિકાસ પામે છે. કનાનીઓ ફળદ્રુપતાનાં દેવદેવીઓની તેમ જ કુદરતની શક્તિઓની પૂજા પણ કરતા હતા. કનાનીઓની એવી ધર્મોપાસનાની સામે થયેલો એ પ્રતિકાર મુખ્યત્વે કરીને પૂર્વ તરફના કે દક્ષિણ તરફના રાનમાં રહેનાર એલીયાહ, આમોસ તથા રેખાબી જેવા માણુસો તરફથી થયો હતો (યિર્મે. ૩૫; ૫–૧૦). આ સમય સુધીમાં તો ઉત્તરના રાજયમાં યાહવેહનું ભજન વાછરડાની પ્રતિમામાં થવા લાગ્યું હતું; અને વાછરડો તો બઆલનું પ્રતીક હતો. સામાન્ય જનતાની સમજમાં બઆલ અને યાહવેહ વચ્ચે ઝાઝો ફરક નહોતો, મતલબ કે યાહવેહ ખેતીવાડીનો ને ફળદ્રુપતાનો દેવ બની ગયો હતો; અને જેમ બઆલો અનેક, તેમ યાહવેહ પણ એક નહિ, પરંતુ અનેક છે એવું મનાવાનું જોખમ ઉપસ્થિત થયું હતું. બરાબર આ જ વખતે એલીયાહ ઊભો થયો, અને બઆલનું ભજન કરવાની શિક્ષા તરીકે તેણે ઈસ્રાએલના રાજા આહાબની આગળ દુકાળ પડવાની આગાહી કરી (૧ રાજા ૧૭; ૧). વરસાદ મોકલનાર તો બઆલ નહિ, પરંતુ ઈસ્રાએલના પૂર્વજોનો ઈશ્વર યાહવેહ છે. અને એ યાહવેહ જ સમસ્ત દેશનો તથા ભૂમિનો ઈશ્વર છે એવો જે દાવો પાછળથી હોશીઆએ કર્યો હતો (હો. ૨; ૮–૧૩) એવો જ આ સમયે એલીયાહે કર્યો હતો. ઈસ્રાએલમાં ઈશ્વર કોણ છે? બઆલ કે યાહવેહ? એ પ્રશ્નનો નિકાલ લાવવા માટે એલીયાહે બઆલના ૪૫૦ યાજકોને કાર્મેલ પહાડ પર પડકાર્યા હતા,

અને આખરે કોઈ પણ જાતની શંકા વગર યાહવેહ ઈસ્રાએલનો ઈશ્વર ઠર્યો હતો (૧ રાજા ૧૮). કાર્મેલ પહાડ પર એવી ઝળકતી ફતેહ મેળવ્યા બાદ સલામતી શોધતો શોધતો એલીયાહ યાહવેહના પર્વત હોરેબ (નિર્ગ. ૩; ૧: ગણના ૧૦; ૩૩: ૧ રાજા ૧૯; ૮) પર જાય છે, જ્યાં તેને લાગે છે કે યાહવેહને વિશ્વાસુ રહેનાર તો પોતે એકલો જ છે, અને અન્ય ઈસ્રાએલપુત્રોએ યાહવેહ સાથે કરાયેલા કરારનો ત્યાગ કર્યો છે (૧ રાજા ૧૯). આ અગાઉ હેબ્રી ધર્મે બઆલને ભલે સાંખી લીધો હોય, પરંતુ હવે પછી તો તેની સામે ખુલ્લેખુલ્લું યુદ્ધ પોકારાયેલું છે. એલીયાહ પછી થનાર પ્રબોધક એલીશા ઈસ્રાએલના રાજા તરીકે યેહૂનો અભિષેક કરે છે (૨ રાજા ૯; ૧–૧૦), જેણે "ઈસ્રાએલમાંથી બઆલનો નાશ કર્યો" (૨ રાજા ૧૦; ૨૮); તથાપિ યેહૂની કારકિર્દીમાં પણ યાહવેહના ભજનનું વાછરડા–સ્વરૂપ તો ચાલુ રહ્યું (૨ રાજા ૧૦; ૨૯). યાહવેહે ઈસ્રાએલને પોતાને જ માટે પસંદ કર્યાં હતા, તેથી અન્ય દેવોનો કોઈ દાવો તેમના પર ચાલી શકે એમ નથી એ માન્યતાનો પુનરુદ્ધાર થાય, તો જ બઆલ અને એના જેવા દેવોની સામે પ્રતિકાર થઈ શકે. તેથી જ એલીયાહ ઈબ્રાહીમ, ઈસ્હાક તથા ઈસ્રાએલના ઈશ્વરને પ્રાર્થના કરે છે (૧ રાજા ૧૮; ૩૬). તેથી જ ઈસ્રાએલને થયેલા તેડા વિષે ઈસ્રાએલપુત્રો માહિતગાર છે એ આઠમા સૈકાના પ્રબોધકો માની લે છે (આમોસ ૨; ૯–૧૧: ૩; ૧, ૨; હોશીઆ ૧૨; ૯). આઠમા સૈકાના પ્રબોધકોની પૂર્વભૂમિકા એવી છે, અને એવી પૂર્વભૂમિકાની છાયામાં રહીને તેઓએ કામગીરી બજાવી; એ પ્રબોધકોમાં આમોસ પ્રથમ છે.

ઈ. સ. પૂ. આઠમા સૈકાના પ્રબોધકોના શિક્ષણમાં સમાયેલી મહત્ત્વની વાત આ છે: ધર્મને એકદેશીયપણામાંથી અર્થાત્ સ્થાનિકપણામાંથી બહાર કાઢીને તેઓએ તેને સર્વદેશીય અર્થાત્ સાર્વત્રિક અને સાર્વજનિક બનાવવાનો પ્રયત્ન કર્યો છે, કારણ કે ખરો ધર્મ કે ખરી નીતિ કે ખરું સત્ય સ્થાનિક નહિ પણ સાર્વત્રિક જ હોઈ શકે. આમોસ એવા પ્રબોધકોના વર્ગમાંનો હતો.

## ઈસ્રાએલમાં ઈ. સ. પૂ. આઠમી સદી

આ સદીનાં પ્રથમ વર્ષોમાં ઈસ્રાએલને યોઆશની કારકિર્દીમાં (૨ રાજા ૧૩; ૨૫) તેમજ યરોબઆમ બીજાની કારકિર્દીમાં (૨ રાજા ૧૪; ૨૮) લશ્કરી ફતેહો મળી, જેથી સંયુક્ત રાજ્યના વિભાજન (૧ રાજા

૧૨ : ૨ કાળ. ૧૦) પછી ઈસ્રાએલના રાજ્યની સરહદો અગાઉ કદી નહિ પહોંચેલી એટલે દૂર સુધી પહોંચી. ઉઝ્ઝીયાહ રાજાની કારકિર્દીમાં યહુદાહનું રાજ્ય પણ એવી જ રીતે આબાદ થયું (૨ કાળ. ૨૬; ૬–૧૫). આ સૈકાની અધવચે—વાસ્તવમાં તો અદાદ–નીરારી ત્રીજાના મૃત્યુ (ઈ. સ. પૂ. ૭૮૨) પછી—આશરે સોએક વર્ષો સુધી આશ્શૂરી રાષ્ટ્ર છેક પડતી દશામાં રહ્યું. તેની ઉત્તર સરહદ પર આર્મેનીઓ વારંવાર હુમલા કરતા હતા, તેને કારણે આશ્શૂરની એ અવદશા થયેલી હતી. એને પરિણામે ઇસ્રાએલને તેમ જ યહુદાહને ફૂલવા ફાલવાનું મળી ગયું હતું. એ ફતેહોને પરિણામે બન્ને રાષ્ટ્રોમાં ધનના ઢગલા થઈ ગયા હતા. ઈસ્રાએલ પ્રદેશમાં થઈને આવજા કરવાનો ધોરી માર્ગ સલામત બની ગયાથી વેપારીઓની વણઝારો નિર્ભયતાથી માલની હેરફેર કરતી હતી, જેમની પાસેથી નાકાવેરો ઉઘરાવવામાં આવતો હતો. એ વેપારી માર્ગોમાં એસ્ડ્રાએલોનના મેદાનમાંથી સમુદ્રકિનારા સુધી જનારો માર્ગ મુખ્ય હતો. આમ સમરૂન તો વ્યાપારનું કેન્દ્ર બની ગયું હતું. તથાપિ, એ દરમિયાન, પોતાનું ભાવિ હિત કયાં રહેલું છે એ જાણવા–સમજવા જેટલી રાજનીતિ ઈસ્રાએલમાં વિકસેલી નહિ હોવાથી સીરિયા, યહુદાહ અને ઈસ્રાએલ વારંવાર માંહોમાંહે ઝઘડી પડતાં હતાં. આશ્શૂર ફરીથી માથું ઊંચું કરવા જેટલું શક્તિશાળી બની શકશે એટલું જોવા જેટલી દૂરંદેશી ધરાવનાર રાજનીતિજ્ઞોની પાલેસ્ટાઈનમાં એકંદરે અછત હતી. અને આખરે આશ્શૂરે તિગ્લાથ–પિલેસેર ત્રીજાના સમયમાં (ઈ. સ. પૂ. ૭૪૫–૭૨૭) માથું ઊંચક્યું જ. તેની કારકિર્દી દરમિયાન (૨ રાજા ૧૬; ૭–૯) દમસ્કનું પતન થયું (ઈ. સ. પૂ. ૭૩૨), અને તેના વારસ શાલ્માનેસેર પાંચમાએ સમરૂનને ઘેરો ઘાલ્યો (૨ રાજા ૧૭; ૧–૬), અને આખરે સાર્ગોન રાજાએ તે કબજે કર્યું (ઈ. સ. પૂ. ૭૨૧). આહાબ રાજાની કારકિર્દી (૧ રાજા ૧૬; ૨૯–૩૨, ૪૦ : ૨ કાળ. ૧૮) અને યરોબઆમ બીજાની કારકિર્દી (૨ રાજા ૧૪; ૨૩–૨૯) વચ્ચેના સમયમાં રાજકર્તાનું સ્થાન એટલું બધું પલટાઈ ગયું કે ત્યાર પછી એ સ્થાનનો દુરુપયોગ સમાજને માટે મુખ્ય ધમકીરૂપ રહ્યો નહિ. એ ફેરફારનું કારણ અંશતઃ તો પ્રબોધકોએ સમાજમાં આણેલી જાગૃતિ હતું, જેનું ઉદાહરણ નાબોથની વાતમાં (૧ રાજા ૨૧ : ૨ રાજા ૯; ૨૫, ૨૬) મળી રહે છે. પરંતુ એ સમય દરમિયાન ધનવાન વ્યાપારીવર્ગનું ચલણ જોર પર આવ્યું, જે સમાજની શાંતિને ધમકીરૂપ નીવડ્યું (આ. ૩; ૯, ૧૦ વગેરે).

ખાનપાનનાં (૬; ૪–૬), પહેરવા ઓઢવાનાં તથા વસવાટનાં (૩; ૧૫) તેમનાં મોજીલાં ધોરણોએ શહેરી જનોનાં એટલું જ નહિ પરંતુ ખેડૂત વર્ગનાં મૂલ્યનાં ધોરણોને પણ પલટાવી નાખ્યાં. ખેડૂતવર્ગ અને ગ્રામ-જનો દેવાદાર બનવાને પરિણામે તેમની નાની નાની જમીનજાગીરોને મોટી મોટી જમીનજાગીરોમાં સમાઈ જવાનો વખત આવ્યો, અનેક ખેડૂતોને ગુલામ બનવું પડયું. અદાલતોમાં સડો પેસવાને કારણે ને શ્રીમંતો તરફથી અપાતી લાંચરૂશ્વતને કારણે એ બધું બનતું હતું (૩; ૬, ૭ : ૫; ૧૦–૧૩: ૮; ૪–૬). ગુલામ થવું કે ભૂખે મરવું એ વગર અનેક જણને માટે અન્ય કોઈ વિકલ્પ રહ્યો નહોતો. જે ઈસ્રાએલપુત્રો અગાઉ કેવળ ઢોરઢાંખર રાખીને ને થોડીઘણી જમીન ખેડીને ગુજારો કરનારી પ્રજા હતા તેઓમાંના અનેક હવે મોટા પાયા પર વ્યાપાર કરવા લાગ્યા હતા, જેથી એક બાજુએ ધનના ઢગલા ને બીજી બાજુએ નરી દરિદ્રતા નજરે પડતાં હતાં; ધનવાનોના ત્રાસથી ગરીબો પીડાઈ રહ્યા હતા.

પરંતુ એવું કયાં સુધી ચાલ્યા કરે? યરોબઆમ બીજો (ઇ. સ. પૂ. ૭૮૮–૭૪૭) મરણ પામ્યો, કે તરત દેશમાં બખેડો ઊભો થયો. એક વર્ષ જેટલા સમયમાં ત્રણ રાજાઓ થયા (૨ રાજા ૧૫), અને સૈકાના ચોથા ભાગ જેટલા સમયમાં તો રાજ્યનો અંત આવી ગયો (૨ રાજા ૧૭). બેથેલ, દાન, ગિલ્ગાલ અને બેરશેબામાં જે સ્થાનિક વેદીઓ તથા ભજનસ્થાનો હતાં (૪; ૪, ૫ : ૫; ૪–૬) તેમાંનાં કેટલાંક સ્થાને તો યાહ-વેહને વાછરડારૂપે દર્શાવવામાં આવેલો હતો. વળી યજ્ઞ કરવા માટે અનેક વેદીઓ તથા પથ્થરના ભજનસ્તંભો ઊભાં કરવામાં આવ્યાં હતાં (હો. ૧૦; ૧), અને એ સર્વ સ્થળો યાત્રાધામો થઈ પડયાં હતાં. એવી એવી બાબતો સામે નવમા સૈકાના પ્રબોધકોએ વિરોધ પોકારેલો હોય એમ માલૂમ પડતું નથી. ધાર્મિક ફરજ તરીકે લોકો દશાંશો આપતા, જાતજાતનાં અર્પણો ચઢાવતા, ને ઉત્સવો તથા પર્વો પાળતા (૪; ૪, ૫ : ૫; ૨૧–૨૪); તેમ છતાં યાહવેહ વિષે સામાન્ય લોકોની સમજ બહુ જ અચોક્કસ હતી, અને નીતિ તો ધર્મમાંથી છેક અલગ થઈ ગઈ હતી. એવી જાતની ધાર્મિકતાની સામે આઠમા સૈકાના પ્રબોધકોએ ઈસ્રાએલના પૂર્વજોના ઈશ્વરના નામે વિરોધ પોકાર્યો. એ વિરોધ પોકાર-નારાઓમાં આમોસ પ્રથમ હતો, જેના વિષે આપણે હવે વિગતવાર જોઈશું. પરંતુ ત્યાર પહેલાં પ્રબોધકોનાં પુસ્તકોની રચના વિષે ઓછા-વત્તો ખ્યાલ મેળવવાની જરૂર છે.

## પ્રબોધકોનાં પુસ્તકોની રચના

કોઈ પણ પ્રબોધકના પુસ્તકમાં સમાયેલી 'ઈશ્વરવાણી' જે પ્રબોધકના નામે પુસ્તક ઓળખાતું હોય તેણે પ્રથમ મૌખિક રીતે પ્રગટ કરી, અને પાછળથી એજ પ્રબોધકે એ 'ઈશ્વરવાણી' લખાણરૂપે બહાર પાડી એવું એકાદ સૈકા પર પ્રબોધકોનાં પુસ્તકોની રચના વિષે સાક્ષરો સમજતા હતા. હાલમાં એ સમજણમાં મોટો ફેરફાર થયેલો છે. ફેરફાર થવાનું કારણ સાહિત્યવિષયક તેમજ ઈતિહાસવિષયક કેટલાંક સાધનો હાલમાં હાથ લાગેલાં છે તે છે. દા. ત. ઈ. સ. પૂ. આઠમા સૈકામાં આમોસ કે એ સૈકાનો કોઈ પણ પ્રબોધક જે શબ્દોથી પરિચિત હોઈ ન શકે એવા કેટલાએક શબ્દો આમોસના પુસ્તકમાં અહીંતહીં મળી આવે છે. વળી ઐતિહાસિક, રાજકીય, સામાજિક કે ધાર્મિક પરિસ્થિતિમાં એવી કેટલીએક બાબતો સમાયેલી છે જે આમોસ થઈ ગયો તે સૈકામાં (ઈ. સ. પૂ. આઠમું સૈકું) હયાત ન હતી; તેથી એવી બાબતો આમોસે લખી હોય એ સંભવિત લાગતું નથી. તદુપરાંત, સમજમાં ફેરફાર થવાનું બીજું એક કારણ પણ છે, એટલે વિચારસરણીનું. આમોસનું આખું પુસ્તક ન્યાયશાસનનો પોકાર કરતું પુસ્તક છે; અને એમાં કેવળ છેક છેલ્લે (૯; ૧૧–૧૫) આનંદજનક ને આશાજનક વાત આવે છે, જે એ કલમો બાદ કરતાં આમોસના પુસ્તકમાં પ્રદર્શિત કરાયેલા ભાવ સાથે સુસંગત માલૂમ પડતી નથી.

ઉપરોક્ત પરિસ્થિતિ પર ધ્યાન દેતાં કોઈ પણ પ્રબોધકના પુસ્તકની ઉત્પત્તિ વિષે આધુનિક સાક્ષરો નીચે પ્રમાણે દષ્ટિબિંદુ ધરાવતા માલૂમ પડે છે:

જે નામે પ્રબોધપુસ્તક ઓળખાતું હોય તે નામનો પ્રબોધક મૂળે તો મૌખિક રીતે ઈશ્વરવાણી ઉચ્ચારે છે. પરંતુ એ જ પ્રબોધકે પાછળથી લખાણરૂપે તે બહાર પાડયું, જેમાં એ જ વાણીઓ તેણે જેમ ને તેમ દાખલ કરી દીધી એમ માનવું ભૂલભરેલું છે. યશાયાહ અને યિર્મેયાહની ધર્મસેવાઓ પરથી માલૂમ પડે છે કે તેઓ એકલા અટૂલા માણસ નહોતા. તેઓની સાથે એકાદ કે વધારે અનુયાયીઓ રહેતા (દા. ત. યશ. ૮; ૧૬: યિર્મે. ૩૬). ઈ. સ. પૂ. આઠમા સૈકામાં થઈ ગયેલા આમોસ અને મીખાહ જેવા પ્રબોધકોના સંબંધમાં પણ એવું જ બનેલું સમજવામાં આવે છે. તેઓએ ઉચ્ચારેલાં વચનોનો તેમના અનુયાયી-

ઓએ સંગ્રહ કર્યો, જે નવા નવા અનુયાયીમંડળના હાથમાં આવતો ગયો; અને આખરે ઈ. સ. પૂ. પાંચમા સૈકામાં કે સંભવતઃ ત્રીજા સૈકામાં બાર પ્રબોધકોના ઓળિયામાં તે દાખલ થવા પામ્યો. એવા સંગ્રહો જૂના કરારમાં સ્થાન પામ્યા ત્યાર અગાઉના સાચવણી સમય દરમિયાન મૂળ સંગ્રહોના સંબંધમાં અનેક બાબતો બની. જે ઐતિહાસિક સંજોગો ધ્યાનમાં રાખીને જે તે પ્રબોધકે શરુઆતે વચનો ઉચ્ચાર્યાં હતાં તે સંજોગો બદલાઈ જતાં અને નવા ઉપસ્થિત થતાં તે સમયના અનુયાયીએ કે અનુયાયીઓએ મૂળ વચનો નવા સંજોગોને લાગુ પાડવા પ્રયત્ન કર્યો. મૂળ વચનો સત્ત્વમાં તો તે ને તે જ રહ્યાં. વળી બીજાં વચનો ઉમેરવાની જરૂર પડયે, મૂળ વચનોનું સત્ત્વ જાળવી રાખીને પાછળના સમયના અનુયાયીઓએ તેમ પણ કર્યું. એ રીતે વિચાર કરીએ છીએ ત્યારે પુસ્તકના લેખક કે તેના લખાણના સંબંધમાં આપણે આવો પ્રશ્ન પૂછવાનો રહેતો નથી: "આમોસે એમ જ કહ્યું હતું, કે કેમ ?" પરંતુ જે પ્રશ્ન યોગ્ય રીતે પૂછવો જોઈએ તે તો આ છે: "આમોસના શિક્ષણની જે પ્રણાલિકાગત અનામત તેના અનુયાયીઓએ આ બધાં વર્ષો દરમિયાન આટલી બધી સંભાળથી સાચવી રાખી છે, અને જે આજે આપણા હાથમાં આવેલી છે તેનો સારામાં સારો ખુલાસો આપણે કેવી રીતે મેળવી શકીએ ?"

**જૂના કરારમાંના પ્રબોધકોનાં પુસ્તકોની સામગ્રીનું સામાન્ય વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકે છે:**

(અ) ઈશ્વરવાણીઓ (પદ્યરૂપે)

(બ) ત્રીજા પુરુષવાચક સર્વનામમાં લખાયેલું જીવનવૃત્તાંત (ગદ્યરૂપે)

(ક) પ્રથમ પુરુષવાચક સર્વનામમાં લખાયેલું આત્મકથન (ગદ્યરૂપે)

આમોસના પુસ્તકનો ઘણો મોટો ભાગ (અ) વર્ગનો છે. આમોસ અને અમાસ્યાહ વચ્ચે થયેલી વાતચીત (૭; ૧૦–૧૭) (બ) વર્ગની છે; અને આમોસને થયેલાં સંદર્શનો (૭; ૧–૯ : ૮; ૧, ૨ : ૯; ૧–૪) (ક) વર્ગનાં છે.

# આમોસના પુસ્તકની પ્રસ્તાવના

## આમોસના પુસ્તકનો લેખક

આમોસ ઈ. સ. પૂ. આઠમા સૈકાનો પ્રબોધક હતો; અને એ નામથી ઓળખાતા પુસ્તકનો ઘણોખરો ભાગ એ પ્રબોધકનાં પ્રવચનોનો અહેવાલ છે એવું સામાન્યતઃ માનવામાં આવે છે. આખું પુસ્તક કોણે લખ્યું અને હાલના સ્વરૂપમાં તેને ગોઠવ્યું એ જાણવામાં આવેલું નથી, પરંતુ સંભવિત વસ્તુ એ છે કે પ્રબોધવાણીઓ ઉચ્ચારાયા પછી થોડા જ સમયમાં તે લખાયું હશે. જે જે ફકરાઓમાં પ્રથમ પુરુષ સર્વનામ વપરાયેલું છે (૭; ૧-૯: ૮; ૧, ૨: ૯; ૧-૪) તે આમોસે પોતે લખ્યા હશે; અને તેના જીવનના જુદા જુદા સમયે તેણે ઉચ્ચારેલાં વચનોનો સંગ્રહ કરીને તેના કોઈ શિષ્યે ઉપલા ફકરાઓ સાથે તે જોડી દઈ આખું પુસ્તક તૈયાર કર્યું હશે. એમ છતાં, કેટલાએક ફકરાઓ આમોસના સમય પછીના લાગે છે. આપણા અભ્યાસમાં જેમ જેમ તે આવતા જશે તેમ તેમ તે પર ધ્યાન દઈશું.

## આમોસ ક્યારે થઈ ગયો તે

પાલેસ્ટાઈનના ઉત્તર ભાગમાં આવેલા ઈસ્રાએલના રાજ્યના રાજા યરોબઆમ બીજાની કારકિર્દી (આશરે ઇ. સ. પૂ. ૭૮૮-૭૪૭) દરમિયાન આમોસે પ્રબોધ કર્યો. તેનાં બધાં જ વચનો ઈસ્રાએલ રાજ્યને માટે જ હતાં એમ તો નહિ, તથાપિ મુખ્યત્વે કરીને તો તેમને માટે ખરાં (૧; ૧ : ૭; ૧૦). આજુબાજુનાં રાષ્ટ્રો હજી ઊભાં જ હતાં. યરોબઆમ બીજાની આખી કારકિર્દી દરમિયાન આશ્શૂર રાજ્ય તરફનું ભય પશ્ચાદ્ ભૂમિકામાં ટાંપી રહેલું જ માલૂમ પડે છે (૫; ૨૭: ૭; ૧૭). યહુદાહનો રાજા ઉઝ્ઝીયાહ જે ૨ રાજા ૧૫; ૧ પ્રમાણે તો યરોબઆમ બીજાની કારકિર્દીના સત્તાવીસમા વર્ષે રાજ કરવા લાગ્યો તે આશરે ઈ.સ. પૂ. ૭૮૬માં ગાદીએ આવ્યો હતો. ગાદીએ આવ્યા બાદ તેણે ગાથ તથા અન્ય શહેરો કબજે કર્યાં (૨ કાળ. ૨૬; ૬). મોઆબ યરોબઆમે જીતી લીધેલું દેખાય છે (૨ રાજા ૧૪; ૨૫), પરંતુ તેની કારકિર્દીના આરંભે જ તેણે તે જીતી લીધું હોય એ સંભવિત લાગતું નથી. આશ્શૂરીઓના ઉલ્લેખ પ્રમાણે ઈ. સ. પૂ. ૭૬૫માં દમસ્કની પડોશમાં મરકી ફાટી નીકળી હતી (૪; ૧૦). ઈ. સ. પૂ. ૭૬૩માં સૂર્યનું ખગ્રાસ ગ્રહણ

થયું હતું, જે પરથી બીજા એવા ગ્રહણની આગાહી કરવામાં આવી હશે (૮; ૯). તિગ્લાથ-પિલેસેર ઈ. સ. પૂ. ૭૪૫માં ગાદીએ આવ્યો. એ બનાવ ઈસ્રાએલના મનની શાંતિ અને સલામતીને ગભરાવી મૂકે એવો હતો; પરંતુ એ ગભરાટ હજી ઊભો થયો નથી. તેથી ઈ. સ. પૂ. ૭૬૫ અને યરોબઆમની કારકિર્દીનો અંત (ઈ. સ. પૂ. ૭૪૭) એ બે વચ્ચેના કોઈક સમયે અમોસે પ્રબોધવાણીઓ કરી હશે એમ કહી શકાય. ૧; ૧માં જે ધરતીકંપની વાત આવે છે તે કયારે થયો હશે એ વિષે કશું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી, તથાપિ કેટલાએક એવું માને છે કે જે વર્ષે યશાયાહનું તેડું થયું એ જ વર્ષે ઉઝીયાહ રાજાનું મરણ પણ થયું હતું (યશા. ૬), અને એ જ વર્ષ ૧; ૧ માંના ધરતીકંપની પણ સાલ છે (ઝખ. ૧૪; ૫).

**આમોસ વિષે અંગત** ('આમોસ' શબ્દનો અર્થ "બોજવાહક" થાય છે). આમોસ ઓળખાય છે તો "નાના પ્રબોધક"* તરીકે, તથાપિ ઈસ્રાએલમાં જે સૌથી મહાન પ્રબોધકો થઈ ગયા તેઓમાં તે સ્થાન ધરાવે છે. બાઇબલમાં પ્રબોધકોનાં જે પુસ્તકો છે તેમાં સૌથી અગાઉ લખાયેલું પુસ્તક તેનું છે. ઉત્તરના રાજ્યમાં બે જ પ્રબોધકો થઈ ગયા, જેઓમાંનો એક તે છે, બીજો હોશીઆ છે. પુસ્તકનો ઘણો મોટો ભાગ વ્યાખ્યાનોથી રોકાયેલો છે. વ્યાખ્યાન આપનાર વિષે મળતી માહિતી કેવળ જૂજ છે. જે માહિતી મળે છે તે એટલી જ કે તે એક નાનકડા તકોઆ નામના ગામનો ગોવાળિયો ને ગુલ્લર વૃક્ષનો સોરનાર હતો (૧; ૧: ૭; ૧૪, ૧૫). એ ગામ દક્ષિણના (યહુદાહ) રાજ્યના પાટનગર યરૂશાલેમની દશ માઈલ દક્ષિણે આવેલું હતું; અને એ બેની અધવચે બેથ્લેહેમ ગામ હતું. તકોઆની આસપાસનું દશ્ય નિર્જન વેરાન જેવું હતું. એની દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરે ચુનાઈ ટેકરીઓની હારમાળા આવેલી હતી, જે એની પાછળના દશ્યને ઢાંકતી હતી. છેક ઉત્તરની ટેકરીઓ પર બંધાયેલા યરૂશાલેમ શહેરના ભૂખરા મિનારા ભૂખરી ટેકરીઓ સાથે ભેળસેળ થઇ જતાં ભાગ્યે જ અલગ દેખાઈ શકતા. પૂર્વ

* 'નાના' શબ્દ પ્રબોધકોના વિશેષણ તરીકે નહિ, પણ પુસ્તકના વિશેષણ તરીકે સમજવાનો છે, મતલબ કે પ્રબોધકનું મહત્ત્વ 'નાનું' નહિ, પણ પુસ્તકોનું કદ નાનું હોવાથી એવું નામ (નાના પ્રબોધકો) પડેલું છે. દરેકનું કદ નાનું હોવાથી મૂળ હીબ્રુમાં તો બારે પ્રબોધકોનાં લખાણો એક પુસ્તકમાં સમાવવામાં આવ્યાં છે, અને એક પુસ્તક તરીકે ઓળખાય છે (પ્રે. કૃ. ૭; ૪૨).

તરફનું દશ્ય વધુ વેરાન ખરું, પણ ખુલ્લું હતું. જમીન લગભગ અઢાર માઈલ સુધી ઢળતી ઢળતી ૪૦૦૦ ફૂટની ઊંડાઈએ જતી હતી. આમોસને ગોવાળિયો કહેલો છે (૧; ૧), અને આહાબ રાજાના સમકાલીન મોઆબના રાજાને "ઘેટાંનો માલિક" કહીને વર્ણવેલો છે (૨ રાજા ૩; ૪). બન્ને ઠેકાણે વપરાયેલો હીબ્રુ શબ્દ એક જ (નોકેદ) હોવાથી આમોસને કેટલાએક માણસો ધનવાન માને છે. પરંતુ તે ધનવાન હોવાનું સંભવિત લાગતું નથી. ખાસ ઓલાદની ટૂંકાં પગવાળાં ઘેટાં જ ઊંચી જાતનું ઊન આપતાં એવાં ઘેટાંના માલિકને 'નોકેદ' કહેવામાં આવતો, અને એ ઊન ઊંચા ભાવે વેચાતું, એ ધ્યાનમાં લઈને તેને ધનવાન સમજવામાં આવે છે. તેની કોઈ વંશાવળી આપેલી નથી, અને દરિદ્રાવસ્થા તથા દલિતાવસ્થાનો જાણે તેને અંગત અનુભવ હોય તેમ એવાં માણસો પ્રત્યે તે નોંધપાત્ર સહાનુભૂતિ ધરાવતો માલૂમ પડે છે (૨; ૬, ૭ : ૪; ૧ : ૫; ૧૧, ૧૨ : ૮; ૪–૭). મીખાહની પેઠે તે દરિદ્રીઓનો પક્ષકાર હતો. ધનિકોના લાભોથી જો કે તે વંચિત હતો, તોપણ તે ઘણો વ્યવહારકુશળ અને કવિ તથા વક્તા માલૂમ પડે છે. તેના જંગલવાસી જીવને મુશ્કેલ કામો માટે તેને મહાવરો પાડી દીધો હતો, અને સાદાઈથી રહેવાનું જે જીવનધોરણ તેણે અપનાવ્યું હતું એ ધોરણથી શહેરી જીવનને તે આંકતો હતો. જંગલવાસમાંથી તેને કેટલાંક ઉદાહરણો પણ મળ્યાં હતાં (૩; ૩–૫). તેના સમયની દુનિયાનું ખાસું જ્ઞાન ધરાવતો તે માલૂમ પડે છે. ગામડિયો, ગોવાળિયો, ને એકાંતવાસમાં રહેનાર હોવા છતાં આજુબાજુની દેશજાતિઓનો ઇતિહાસ, તેમની ઉત્પત્તિ, તેમ જ તેમના પડોશીઓ સાથેના તેમના સંબંધો કેવા છે એ બધી બાબતોનો તે જાણકાર છે (અધ્ય. ૧ અને ૨ : ૯; ૭, ૮). ગામોમાં ને શહેરોમાં ચાલતું અપ્રમાણિકપણું ને દુરાચાર, વ્યાપારમાં થતો દગો ને અનાજમાં થતી ભેળસેળ, ન્યાયની અદાલતમાં થતો અન્યાય ને લાંચરૂશ્વત, ગરીબોનું થતું શોષણ ને તેમના પર ગુજરાતો સીતમ, ભજનસ્થાનોમાં ચાલતો દુરાચાર ને દાંભિક ભક્તિ, એ બધું તે સારી પેઠે જાણે છે. આશ્શૂરના આક્રમક ઇરાદાની તેને ખબર છે. પ્રશ્ન એ થાય છે કે એ જંગલવાસી ગામડિયાએ એ બધું કેવી રીતે જાણ્યું હશે? ઊન વેચવા માટે સમરૂનનાં શહેરોમાં ને ઉત્તરે છેક દમસ્ક સુધી તેણે આમતેમ પુષ્કળ પ્રવાસો કર્યા હશે, જેને પરિણામે અન્ય વેપારીઓ તથા શહેરી જનોના સંપર્કમાં આવવાથી તેને એ બધું જાણવાનું મળ્યું હશે, વળી સામાજિક જીવન તથા અધિકારીવર્ગનું જીવન તો તેણે જાતે

નિહાળ્યું હશે, એવું અનુમાન સહેજે કરી શકાય. એમાંથી જ પાપ ઉઘાડાં પાડવાની, ને ઝઝૂમી રહેલા (આશ્શૂર) જોખમ વિષે ચેતવણી આપવાની પ્રેરણા તે પામ્યો હશે. બેથેલની વેદીના યાજક અમાસ્યાહ આગળ આમોસ પોતાને "ગુલર વૃક્ષોના સોરનાર" તરીકે ઓળખાવે છે (૭; ૧૪). એ વૃક્ષનું ફળ નાના અંજીર જેવું, પણ જરા ખુશબોવાળું થતું. આ પ્રસંગે અમાસ્યાહને તે જણાવે છે કે તે કોઈ ધંધાદારી પ્રબોધક નથી; "હું પ્રબોધક નહોતો, તેમ હું પ્રબોધકનો દીકરો પણ નહોતો...હું ઘેટાંબકરાંની પાછળ ફરતો હતો ત્યાંથી યહોવાહે મને બોલાવી લીધો, ને વળી મને કહ્યું, જા, મારા ઈસ્રાએલ લોકોને પ્રબોધ કર" (૭; ૧૪, ૧૫). તેને થયેલા તેડા વિષે એ વગર બીજી કશી માહિતી આપણી પાસે નથી. પ્રબોધક થવાના તેડા વિષે જેમ યશાયાહ (યશ. ૬) અને યિર્મેયાહ (યિર્મે. ૧) વિષે જાણવાનું મળેલું છે તેમ આમોસ વિષે કશું ખાસ જાણવાનું મળતું નથી, તથાપિ તેના જીવનના કોઈક ખાસ સમયે તેના તેડા સંબંધી કંઈક બન્યું હશે એવો માત્ર ઇશારો મળે છે (૭;૧–૮; ૩). ઘેટાં સાચવતાં જેમ મુસાને (નિર્ગ. ૩) અને માછલાં પકડતાં જેમ પ્રથમ શિષ્યોને (મા. ૪; ૧૮–૨૨; માર્ક ૧; ૧૬–૨૦; લુક ૫; ૧–૧૧) તેમ આમોસને પણ ખાસ કરીને તેનું કામ કરતાં કરતાં તેડું મળ્યું હશે એવો સંભવ છે (૭; ૧૫), તથાપિ એટલા પરથી પણ આપણને તેના પ્રબોધ-કાર્યમાં રહેલા જુસ્સા તથા આગ્રહનો ખ્યાલ આવ્યા વગર રહેતો નથી. સમાજમાં ચાલતા જાતજાતના અન્યાયો સામે તેનામાં જુસ્સો પ્રદીપ્ત થયો હતો. જે યાહવેહ પોતા પ્રત્યે તેમ જ માણસ માણસ વચ્ચે યોગ્ય વર્તાવ માગતો હતો તેના પરનો તેનો વિશ્વાસ સળગી ઊઠયો હતો. ઈતિહાસમાં બનતા બનાવોથી સિદ્ધ થઈ ચૂકયું હતું કે યાહવેહ પોતાનો મનોરથ પાર પાડવા શક્તિમાન છે. એ યાહવેહ પરના વિશ્વાસનો જુસ્સો તેનામાં સળગી ઊઠચો હતો. માણસને આજ્ઞાંકિત રહેવા કરતાં ઈશ્વરને આજ્ઞાંકિત રહેવું જોઈએ (પ્રે. કૃ. ૪; ૧૯ : ૫; ૨૯) એવું જેઓ માને છે તેઓમાંનો તે હતો, અને એથી જ પ્રબોધક થવા તે પ્રેરાયો હશે. "આમોસની દૃષ્ટિએ પ્રબોધક કોણ હોઈ શકે ? જેને ઈશ્વર તરફથી તેડું મળ્યું હોય તે. પ્રબોધકને પારખવાનું એ જ ધોરણ હતું. તે કોઈ મોટો ધૂની હોય કે હમેશાં ધીર ગંભીર મનવાળો હોય, તે કાં તો જન્મથી કાં તો પાછળથી દાખલ થઈ ને પ્રબોધકોના મંડળનો સભ્ય બન્યો હોય–ગમે તેમ હોય–પરંતુ મુખ્ય વાત શી છે ? તેના હૃદયમાં તથા મનમાં ઈશ્વરન

ખાતરીદાયક તથા સ્પષ્ટ વચનનું તેને ભાન છે કે કેમ? જો એવું ભાન તેને હોય તો તે પ્રબોધક" (એન. એચ. સ્નેઈથ). ફિપ્સ નામનો બીજો એક માણસ આમોસ અને તેની અગાઉ થઈ ગયેલા પ્રબોધકોમાં આવો તફાવત બતાવે છેઃ અગાઉના પ્રબોધકોનો સંદેશો ટૂંકાં ટૂંકાં વાક્યોનો બનેલો હતો; જ્યારે આમોસ લાંબાં લાંબાં પ્રવચનો કરે છે. એલીયાહ (૧ રાજા ૧૧; ૨૯–૩૯), એલીશા (૨ રાજા ૯; ૧–૩) કે શમૂએલ જેવા કેટલાએક પ્રબોધકો રાજનીતિ પર જેવી લાગવગ ધરાવતા હતા તેવો આમોસ નહોતો. વળી આહાબ તથા ઇઝેબેલના દરબારમાં જે ધંધાદારી પ્રબોધકો પોષાતા હતા (૧ રાજા ૧૮; ૧૯) તેવો પણ આમોસ ન હતો. પ્રબોધકનું કર્તવ્ય બજાવતાં તે લજવાતો નહોતો (૩; ૭, ૮). તે લજવાતો હતો કેવળ તેના વિષે ફેલાયેલી ગેરસમજથી. ગેરસમજ એવી હતી કે તે પોતાની પસંદગીથી પ્રબોધક બન્યો છે, નહિ કે ઈશ્વરના તેડાથી.

ખરો પ્રબોધક તો જેને ઈશ્વરે તેડું આપ્યું હોય તે જ છે એવું આમોસ સમજતો હતો (૩; ૮), નહિ કે જે અમુક ટોળીનો હોય (૧ શમ. ૧૯; ૧૯–૨૪: આમ. ૭; ૧૪), કે જે તલ્લીનાવસ્થામાં આવી જતો હોય તે. જેવું આમોસ વિષે કહી શકાય એવું જ મીખાહ પ્રબોધક વિષે પણ કહી શકાય. આ બે પ્રબોધકોના જો કોઈ પુરોગામી હોય તો તે એલીયાહ અને એલીશા છે, જેઓને એક સૈકા પર જાણે યાહવેહે જ તેડું આપીને પ્રબોધક ઠરાવ્યા હોય એમ લાગે છે.

ઈશ્વર તરફથી જે ફરજ તેને પાડવામાં આવી હતી તેની લાગણી પ્રદર્શિત કરવા તે આવા શબ્દો વાપરે છેઃ "સિંહે ગર્જના કરી છે, તો કોણ નહિ બીહે? યહોવાહ બોલ્યો છે, તો પ્રબોધ કર્યા વગર કોણ રહી શકે?" (૩; ૮). આ પ્રશ્ન તેણે કયાં મૂકેલો છે? કુદરતમાં કારણ–કાર્યનો જે નિયમ પ્રવર્તી રહેલો તેણે અવલોકયો હતો તેના અનેક દાખલા તે આપે છે, અને એ વિભાગની સમાપ્તિમાં આ પ્રશ્ન (૩; ૮) તે ગોઠવે છે. સિંહ ગર્જના કરતો હોય, ફાંદો છટકયો હોય, ભયસૂચક રણશિંગડું વગાડવામાં આવતું હોય, વગેરે તમામ કાર્યોની તપાસ કરીએ તો દરેકને માટે કારણ મળી આવે છે. એજ પ્રમાણે, તે સમયે બનતી બિનાઓ તરફ દૃષ્ટિ કરતાં આમોસને શહેર પર આવી પડતી વિપત્તિમાં ઈશ્વરનો હાથ દેખાય છે. એમ છતાં, એ વિપત્તિઓ તથા આફતો

મોકલનાર ઈશ્વર ગમે તેમ વર્તતો નથી. પ્રથમ તો તે પોતાની યોજના પોતાના સેવકોને જણાવે છે: "ખચીત પ્રભુ યહોવાહ પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય કંઇ કરશે નહિ" (૩; ૭). અને જયારે ઈશ્વર પોતાની ઇચ્છા પ્રબોધકોને પ્રગટ કરે છે ત્યારે જંગલમાં સિંહની ગર્જનાની અવગણના જો માણસ કરી શકે તો જ એ પ્રબોધકો ઈશ્વરના વચનની અવગણના કરી શકે. બન્ને કિસ્સાઓમાં અવાજ સંભળાય છે, પરંતુ કેવળ અવાજ કરતાં એમાં કંઈક વિશેષ છે, મતલબ કે ભેખસ જેવું કંઈક છે, અને તે દૂર નથી એનો તે પુરાવો છે. પ્રબોધકની કામગીરી વિષે આમોસ એવી સમજણ ધરાવતો હોવાથી બેથેલ આગળ અમાસ્યાહ તેને ચુપ રહેવાનું ફરમાવે છે ત્યારે આમોસ એ અણુકારતો નથી (૭; ૧૦–૧૭) એમાં અજાયબ થવા જેવું કશુંયે નથી. આમોસ કેવળ અંગત લાભ મેળવવા માટે પ્રબોધ કરે છે એવો ખ્યાલ અમાસ્યાહને આવતો હોય એમ લાગે છે. યહુદાહ દેશનો વતની હોવા છતાં બેથેલ આવીને આફતકારક વચનો ઉચ્ચારવામાં આમોસનો હેતુ રાજકીય જ હોવો જોઈએ, અને યહુદાહના રાજાની ઉશ્કેરણીથી જ તે આવેલો હોવો જોઈએ એવું અનુમાન અમાસ્યાહ તારવે છે તેથી, તેની દેશભક્તિની કદર તેના પોતાના દેશમાં સારી રીતે કરવામાં આવશે એવી સમજણ આપીને અમાસ્યાહ ઈસ્રાએલના રાજાના નામે આમોસને તેના પોતાના વતનમાં પાછા ફરવાનું ફરમાવે છે. આમોસના અધિકારને એવી રીતે રાજાના નામે પડકાર કરવામાં આવ્યો ત્યારે આમોસ યાહવેહના નામે તેનો ઉત્તર આપે છે (૭; ૧૬, ૧૭). તે સિંહનો, રીંછનો ને સર્પનો ઉલ્લેખ કરે છે (૩; ૪: ૫; ૧૯) ખરો, તથાપિ તે દાઊદના જેવો નિર્ભય (૧ શમ. ૧૭; ૩૪, ૩૫; ગીત ૨૩) છે, અને એલીયાહ તથા યોહાન બાપ્તિસ્તીનો જુસ્સો ધરાવતો માલૂમ પડે છે. (૭; ૧૪–૯; ૩).

આમોસ જે દાવો કરે છે તે આવો છે: મારી મારફતે યાહવેહ ઈસ્રાએલ લોકને સંદેશો સંભળાવી રહ્યો છે, અને હું ઘેટાંબકરાંની પાછળ ફરતો હતો ત્યાંથી બોલાવીને યાહવેહે મને આમ કહ્યું, કે "જા, મારા ઈસ્રાએલ લોકોને પ્રબોધ કર" (૭; ૧૫). અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે: આમોસ જયારે 'ઈસ્રાએલ' શબ્દ વાપરે છે ત્યારે તે કોનો નિર્દેશ કરે છે? એ શબ્દમાં બારે કુળનો સમાવેશ થાય છે, કે સુલેમાન રાજાના મરણ પછી યહુદાહમાંથી છૂટા પડ્યા બાદ ઉત્તરનાં જે દશ કુળોએ 'ઈસ્રાએલ' નામ જાળવી રાખ્યું હતું (૧ રાજા ૧૨: ૨ કાળ. ૧૦;

૧૬-૧૯) તેમનો જ? તે સમયે 'ઈસ્રાએલ' નામ ઉત્તરના રાજ્ય માટે વિશેષ પ્રમાણમાં વપરાતું હતું એટલી વાત તો ખરી જ છે; છતાં રાજકીય ફેરફારો ગમે તેવા થયા હોય, તોપણ યાહવેહની દૃષ્ટિમાં ઈસ્રાએલ હજુ પણ ધાર્મિક એકમ છે એ વાત આ પ્રબોધકના ખ્યાલમાં આવી હોવાનો સંભવ તો છે જ. આ સંબંધમાં આર. એસ. ક્રિપ્સનો મત આ પ્રમાણે છે: જે માણસને ન્યાયનો પ્રબોધક કહેવામાં આવેલો છે તે દશ કુળોના ગુનાઓને વખોડી કાઢે, અને બે કુળોના ગુનાઓને નજર બહાર રાખે એ બની શકે એમ છે જ નહિ.

આમોસને કેટલાએક સાક્ષરો કઠોર દિલનો, સખત સ્વભાવનો માને છે; કારણ કે તેના આખા પુસ્તકમાં કોઈ ઠેકાણે મજાક કે હાસ્યરસ ઉપજાવે એવું હળવું વાચન મળતું જ નથી. મળે છે કેવળ ગુનાઓનું વર્ણન, ધમકીવચનો, અને શિક્ષાની આગાહીઓ. તેથી જ છેલ્લો ફકરો (૯; ૧૧-૧૫) કોઈ બીજાનું લખાણ મનાય છે. પરંતુ આમોસ વિષે એવો અભિપ્રાય આમોસને અન્યાય કરનારો છે. જ્યાં રાજા અને રૈયત, પ્રધાન અને પટાવાળો, ધનવાન અને દરિદ્રી, યાજક અને ઉપાસક પોતપોતાનાં સ્થાનોમાં દુષ્ટતા જ આચરતા હોય (સર. યશા. ૧; ૨-૬, ૧૦-૧૫), પશ્ચાત્તાપ જેવું જ્યાં કશું હોય નહિ, અને આક્રમણ ઝઝૂમી રહેલું હોય ત્યાં હળવું લખાણ દાખલ કરવું એ અસ્થાને જ ગણાય એ યાદ રાખવું જોઈએ.

**આમોસનો સંદેશો**

આપણે ત્રણ મુદ્દા બનાવીને એ સંબંધમાં વિચાર કરીએ:

**A. માનવનો અન્યાય અને ઈશ્વરનો ન્યાય**

આખો સમાજ અન્યાયી રીતે ચાલી રહેલો છે ત્યાં ન્યાય માટેની ઈશ્વરની માગણી પર આમોસ જે ભાર મૂકે છે તે પરથી ખ્રિસ્તી મંડળીએ ધડો લેવાનો છે. ધડો એવો લેવાનો છે કે જો ખ્રિસ્તી મંડળી ઈસ્રાએલના પ્રબોધકોની પ્રણાલિકાને વફાદાર રહેવા ચાહતી હોય તો સામાજિક પ્રશ્નોની ઉપેક્ષા કરવાનું તેને પાલવે એમ નથી. આમોસ પ્રથમ તો ખાતરીપૂર્વક જાહેર કરે છે કે માણસ જો માણસ પ્રત્યે અન્યાય કરે તો એ અન્યાયની શિક્ષા ઈશ્વર કરવાનો જ છે. એ પ્રમાણે પહેલો અધ્યાય અને બીજા અધ્યાયનો અમુક ભાગ પ્રથમ તો ઈસ્રાએલના

કેટલાએક પડોશીઓ (જેવા કે દમસ્ક, પલિસ્તીઓ, અદોમ, આમ્મોન અને મોઆબ) પર ઈશ્વર જે શિક્ષા લાવવાનો છે તેની આગાહી કરે છે. પરંતુ ઈશ્વરના ન્યાયશાસનમાંથી પોતે મુક્ત છે એવું ઈસ્રાએલ ન સમજે, માટે સામાન્ય ગુનેગારીમાં આમોસ તેને પણ સમેટે છે, અને ગરીબો પ્રત્યે તેણે રાખેલા વર્તાવ માટે તેના પર પણ શિક્ષા આવવાની છે એવું જણાવે છે (૨; ૬, ૭). જલદીથી ધનવાન થઈ જવાની ઇચ્છાએ ગરીબો પર જે ત્રાસ ગુજારવામાં આવતો તે દોષપાત્ર ઠરાવવામાં આવેલો છે (૫; ૭, ૧૦–૧૩). આ અધ્યાયમાં પ્રબોધકે આપેલી ચેતવણી (૫; ૧૧) પ્રભુ ઈસુએ આપેલી ચેતવણીને (લુક ૧૨; ૨૦) બહુ મળતી આવે છે એ ધ્યાન ખેંચનારી બાબત છે. આમોસ જણાવે છે કે ગરીબો પર જે જુલમ ગુજારવામાં આવે છે તે ઈશ્વરના પવિત્ર ક્રોપને ઉશ્કેરનાર બને છે (૪; ૧, ૨). "સિયોનમાં એશઆરામમાં રહેનારા તથા સમરૂનના પર્વતોમાં નિર્ભયપણે રહેનારા"ના બેદરકારીભર્યાં જીવનનું વર્ણન (૬; ૧–૬) કર્યાં પછી સિદ્ધાંત તારવીને પ્રબોધક જણાવે છે કે દ્રવ્યમાં અને સામાજિક સ્થાનમાં જેઓ હમણાં અગ્રસ્થાને છે તેઓએ જ આખરે જ્યારે શિક્ષા આવી પડશે ત્યારે શિક્ષામાં અગ્રસ્થાન લેવાનું રહેશે (૬; ૭). "મારા ઈસ્રાએલ લોકનો અંત આવી પહોંચ્યો છે" એવું ગર્ભિત રીતે દર્શાવતા સંદર્શનનું વર્ણન (૮; ૧–૩) કર્યાં પછી, ખરી કે ખોટી કોઈ પણ રીતે જેઓ માત્ર ધનવાન થઈ જવા માટે "ગરીબોને ગળી જવાની...ઈચ્છા" રાખતા હતા તેઓ તરફ ફરી નજર ફેરવીને આમોસ તેમની ખાતરીપૂર્વક જણાવે છે કે ઈશ્વરની યાદદાસ્ત દીર્ઘજીવી છે, જેથી તે "તેઓનું એકે કામ કદી ભૂલી જશે નહિ." શિક્ષાના એ દિવસે ખુદ દેશ પણ સહાનુભૂતિથી ધ્રૂજશે (૮; ૧–૮). "અમને આપત્તિ કદી પકડી પાડશે નહિ તેમ અમારી સામી પણ આવશે નહિ" (૯;૧૦) એવું માનીને ખોટી નિર્ભયતામાં બેઠેલાઓને પુસ્તકના છેલ્લા અધ્યાયમાં આખરી ચેતવણી આપેલી છે. જેઓ પોતાને નિર્દોષ માની બેઠેલા હતા તેઓનો સમાવેશ "મારા લોકના પાપીઓ" ભેગો કરવામાં આવ્યો હતો, અને તેઓનો સંહાર તરવારથી થવાનો દર્શાવેલો છે (૯; ૧૦). તેઓનું વલણ તો ગીત ૯૪; ૭ અને ૭૩; ૧૧માં જે પ્રદર્શિત કરાયેલું છે તે જ છે. ઈશ્વર કેવું વર્તન માગે છે તે તો ૫; ૨૪માં બરાબર દર્શાવેલું છે. એ જ અધ્યાયમાં આરંભે યાહવેહને શોધવા પર ભાર મૂકેલો છે, અને જીવન મેળવવા માટે એ જ સાધન દર્શાવેલું છે (૫; ૪, ૬).

લોકોનું ધ્યાન ભૌતિક વાનાં પર જ રોકાયેલું હતું, અને જે અતિ અગત્યની વાત હતી (૫; ૪, ૬) તે પ્રત્યે તેઓ બેધ્યાન રહેતા.

### B. ખોટા દેવો અને ખરો ઈશ્વર

યાહવેહ જે એક ખરો ઈશ્વર છે તેને શોધવાનો અનુરોધ આમોસે લોકોને કર્યો હતો એ આપણે હમણાં જ જોઈ ગયાં છીએ. બેથેલ, ગિલ્ગાલ (૪; ૪ : ૫; ૫), બેર-શેબા ને દાનનાં દહેરાં (૮; ૧૪) તીર્થસ્થાનો થઈ પડયાં હતાં, અને આમોસના સમય દરમિયાન ઈસ્રાએલ લોકો વારંવાર ત્યાં જતા હતા. એ ખોટું ધર્માચરણ અને યાહવેહની શોધ કરવી, એ બેનો ૫; ૪–૬ માં આમોસ મુકાબલો કરે છે. બેથેલ અને ગિલ્ગાલ જઈને કરાતી યાત્રાઓના ઉલ્લેખમાં (૪; ૪, ૫) આમોસ બતાવવા માગે છે કે પાપ કરવાના પ્રસંગ વગર એમાં બીજું કંઈ સમાયેલું નથી;-અને ત્યાં કરાતા યજ્ઞો, દશાંશો તથા અર્પણોથી આનંદ પામનાર કેવળ ઈસ્રાએલ લોક જ હતા, નહિ કે ઈશ્વર. ધર્મના અધિકારીઓને ચેતવણી આપતાં આમોસ જણાવે છે કે ઈસ્રાએલ પર જયારે શિક્ષા આવી પડશે ત્યારે બેથેલની કહેવાતી પવિત્રતા વિનાશમાંથી તેને ઉગારી શકવાની નથી (૩; ૧૪). જૂઠી ઉપાસનાના એ કેન્દ્ર પર તે દિવસે ઈશ્વર ખરેખર ખાસ ધ્યાન દેશે, પરંતુ તેના ઉપાસકો સમજતા હશે તે રીતે નહિ. ઈસ્રાએલના ચીલાચાલુ ધર્માચરણ પર ખાસ પ્રહાર કરતાં (૫; ૨૧–૨૭) આમોસ જણાવે છે કે તેઓના યજ્ઞો ઈશ્વરને ચઢાવવામાં આવે છે એવું તેઓ સમજતા હશે ખરા, તથાપિ ઈશ્વર તે સ્વીકારવાનો નથી. એ યજ્ઞોનું સ્થાન ન્યાય ને નેકી ન લે, તો ઈસ્રાએલ લોકને માટે બંદીવાસ નક્કી જ છે. બીજા એક દોષનિવેદનમાં ઈસ્રાએલ લોક પર તે ઈશ્વરના સેવકોને ગેરરસ્તે ચઢાવવાનો, અને તેમના સ્વાર્થી હિતાર્થે ઈશ્વરથી મોકલાયેલા પ્રબોધકોને ચુપ કરી દેવાનો આરોપ મૂકે છે (૨; ૧૧, ૧૨).

એમ જે માણસે આમોસને ચુપ કરી દેવાનો પ્રયત્ન કર્યો તેનો આમોસે કેવો પ્રતિકાર કર્યો, અને રાજાના નામમાં બોલનાર યાજકને નીડરતાથી તેણે કેવો ધમકાવ્યો (૭; ૧૦–૧૭) એ આપણે જાણીએ છીએ. આમોસની પાસે જે આધકાર હતો તેની સામે પોતાનો અધિકાર રજૂ કરનારાઓને માટે આમોસની પાસે એક જ ઉત્તર હોઈ શકે: "પ્રભુ યાહવેહ બોલ્યો છે, તો પ્રબોધ કર્યા વગર કોણ રહી શકે?" (૩; ૮). પુસ્તકમાં અન્યત્ર

આમોસ તેમને ચેતવણી આપતાં જણાવે છે કે યાહવેહનું વચન નકારવાને બદલે તેમને તે શોધવું પડે એવો એક દિવસ આવવાનો છે; અને એ દિવસ આવશે ત્યારે તેઓ તે શોધશે પણ તેમને મળશે નહિ (૮; ૧૧, ૧૨); કારણ કે કેવળ માગ્યાથી તે મળી જાય એમ નથી. આ ફકરામાં તેમ જ અન્યત્ર (૪; ૬–૧૩) પોતાના લોક પર પોતાનું સાર્વભૌમત્વ જાહેર કરતાં ઈશ્વર જણાવે છે કે જયારે પોતાના પ્રબોધકો દ્વારા તેણે તેમની સાથે વાત કરી ત્યારે ન તો તેઓ તેની તરફ ફર્યા, ન તો તેમણે તેનું સાંભળ્યું; તેથી સાંભળવાની તક તેમને માટે કાયમ રહેવાની નથી. ઈશ્વર લોકને પોતાની તરફ ફેરવવા માટે કેવી કેવી રીતો અજમાવતો રહ્યો છે તેનું વર્ણન પ્રબોધક ૪; ૬–૧૨ માં કરે છે. અન્નની તંગી (૪; ૬), અનાવૃષ્ટિ કે અલ્પવૃષ્ટિ (૪; ૭, ૮), ખેતીવાડીના પાકમાં રોગચાળો (૪; ૯), મરકી ને પરાજય (૪; ૧૦), ભૂકંપ (૪; ૧૧) એ બધું ઈશ્વરે વારાફરતી મોકલ્યું; પણ એ નિષ્ફળ નીવડયું. એ બધી આફતો આવ્યા છતાં તેઓને પ્રાર્થના દ્વારા ઈશ્વર તરફ ફરવાની ઈચ્છા થઈ નહિ, તો હવે ઈશ્વર ન્યાયશાસનરૂપે તેમની તરફ ફરશે. એ ન્યાયશાસન અનિવાર્ય થવાનું છે, તે ધ્યાનમાં લઈને પ્રબોધકે કહેવું પડયું, "તારા ઈશ્વરને મળવાને તૈયાર થા" (૪; ૧૨). એ પછીની કલમમાં (૪; ૧૩) એ રીતે વર્તવાનો અધિકાર ધરાવતા સર્જનહાર ઈશ્વરનું વર્ણન કરવામાં આવેલું છે. ઈસ્રાએલ તો ઈશ્વરની માનવરચિત પ્રતિમાઓની ઉપાસના કરતો હતો; પરંતુ એમની નહિ, પણ ૪; ૧૩ માં વર્ણવેલા ઈશ્વરની શોધ તેમણે કરવી રહી.

### C. માણસ ધારે કંઈ, ઈશ્વર કરે કંઈ

ઈશ્વર પર અંકુશ રાખી શકાય, ને મન ફાવતી રીતે તેનું ભજન કરી શકાય એ મતલબથી જેમ આપણા જમાનામાં તેમ ઈ. સ. પૂ. આઠમા સૈકામાં માણસો પોતાની પ્રતિમા પ્રમાણે 'ઈશ્વર' ઘડવાને ટેવાઈ ગયેલા હતા. એ પરિસ્થિતિનો સામનો આમોસે કરવાનો હતો. અને આમોસે એ કેવી રીતે કર્યું ? વિશ્વનો ઇતિહાસ તથા સર્વ પ્રજાઓ જેના અંકુશમાં છે તે ઈશ્વર તરફ આંગળી ચીંધીને. ઈશ્વર સર્વશક્તિમાન તથા સર્વવ્યાપક છે, અને એવા ઈશ્વરની હજૂરમાંથી છટકી શકાય એમ નથી એ હકીકત પર આમોસ ભાર મૂકે છે (૯; ૧–૬). અમુક આફતો કેવળ કુદરતી કારણોથી કે અણધારી રીતે આવી પડેલી હોય છે એવું કદાચ માણસો ધારતાં હશે, પરંતુ એ આફતોનો મૂળ ઉત્પાદક ઈશ્વર છે

એ વાત પર આમોસે ભાર મૂકયો હતો (અધ્યાય ત્રીજો) એ આપણે અગાઉ જોઈ ગયાં છીએ. ઈસ્રાએલના જે આગેવાનો પોતાને અતિ નિર્ભય માની બેઠેલા હતા તેઓ ચેતવણી લે માટે તેમની નજર સમક્ષ અન્ય દેશજાતિઓ તથા નગરોનું ભાવિ ધરીને આમોસ તેમને કહે છે કે તેમનો આપત્તિનો સમય તેઓમાંના કેટલાક જેટલો દૂર ધારતા હશે તેટલો દૂર નથી (૬; ૧–૩). કેવળ અહીં જ એમ નહિ, પરંતુ પુસ્તકના આરંભમાં પણ આમોસ ખાતરીપૂર્વક જણાવે છે કે યાહવેહ જેમ ઈસ્રાએલની કાળજી રાખે છે તેમ ઈતર દેશજાતિઓની પણ રાખે છે. ત્યાર પછી, ઈસ્રાએલ ચેતવણી લે માટે અમોરીઓનો દાખલો આપીને તે જણાવે છે કે તેમની ઊંચાઈ કે તેમની મજબૂતાઈ તેમને બચાવવામાં કારગત નીવડી નથી (૨; ૯, ૧૦). ઈસ્રાએલના પૂર્વજોના સમયમાં એ જ અમોરીઓએ ખસી જઈને ઈસ્રાએલપુત્રોને વસવાટ આપવો પડયો હતો (ગણ. ૨૧; ૨૧–૨૬: પુન. ૩; ૬–૧૦; ૪; ૪૬–૪૯: ૧ રાજા ૨૧; ૨૬). એવા બળવાન શત્રુઓ પર ઈસ્રાએલપુત્રો કેવી રીતે ફાવ્યા હતા? ઈશ્વરના બળથી જ. પરંતુ એનો અર્થ એવો તો નથી જ થતો કે એ ઈશ્વરદત્ત દેશમાં સુખચેનથી રહેવાનો કાયમનો ઈજારો તેમને મળી ગયો હતો. "હે ઈસ્રાએલપુત્રો, તમે મારે મન કૂશપુત્રોના જેવા નથી?" એવો જે પ્રશ્ન તેમને કરવામાં આવ્યો (૯; ૭) તે તો તેમના અહંભાવ પર કારમા ઘા સમાન હતો. પલિસ્તીઓ અને અરામીઓ હેબ્રી લોકના પરાપૂર્વના શત્રુઓ હતા; પરંતુ આમોસે ઈસ્રાએલ લોકને કહી સંભળાવ્યું કે મિસર-માંથી તેમને કાઢી લાવનાર ઈશ્વર તેમના એ શત્રુઓની પણ એટલી જ સંભાળ રાખે છે. અને ત્યાર પછી તરત જ આવતી કલમમાં (૯; ૮) દુષ્ટ પ્રજાનું પૃથ્વી પરથી નિકંદન કાઢી નાખવાની વાત ઈશ્વર કરે છે. એ પરથી જે પ્રશ્ન ઉપસ્થિત થાય છે તે આ છે: પૃથ્વી પરની અન્ય દેશજાતિઓમાંથી ઈસ્રાએલ પ્રજાને અલગ કરવામાં આવેલી છે, તો હવે તેનું ખાસ સ્થાન શું? એ પ્રશ્નનો ઉત્તર ૩; ૧, ૨માં મળી રહે છે. ત્યાં આમોસ જણાવે છે કે જયાં ખાસ લાભ છે ત્યાં ખાસ જવાબદારી રહેલી જ છે. ઈસ્રાએલ લોક પસંદ કરાયેલા લોક હતા એ વાત તો ખરી જ હતી (પુન. ૭; ૬–૧૧). પરંતુ તેઓને મળેલા એ મોભાને અનુસરતું જીવન જો તેઓ ગાળતા ન હોય, તો તેનાં પરિણામ તેમણે વેઠવાં જ રહ્યાં. એ પરિણામમાં ખુદ પસંદ કરાયેલા લોક માટે પણ બંદીવાસનો તેમજ તેમનાં નગરો તેમના શત્રુઓને સોંપાઈ જવાનો સમાવેશ

થઈ જાય છે (૪; ૨૭: ૭; ૮, ૯: ૬; ૮, ૧૩, ૧૪). ઈસ્રાએલ લોકો "યાહવેહના દિવસ"ની રાહ જોવાને ટેવાઈ ગયા હતા (૫; ૧૮), અને તેઓ એવી આશામાં રાચતા હતા કે એ દિવસ આવશે ત્યારે તેમના શત્રુઓ પર યાહવેહ તેમને કોઈ મહાન અને આખરી વિજય પમાડી દેશે. પરંતુ આમોસ તેમને સજાગ કરે છે કે યાહવેહનો દિવસ આવશે ત્યારે તે તેમની અપેક્ષાઓ મુજબનો નીવડવાનો નથી (૫; ૧૮–૨૦); એ તો ન્યાયશાસનનો દિવસ થવાનો છે; અને ઈસ્રાએલપુત્રો યાહવેહને આજ્ઞાંકિત રહ્યા નથી, તેથી ઈસ્રાએલના શત્રુઓ કરતાં ખુદ ઈસ્રાએલને માટે એ દિવસ વધારે વસમો થઈ પડવાનો છે. "એ દિવસ" માટેના એવા અન્ય ઉલ્લેખો ૨; ૧૬ અને ૮; ૭–૧૦માં મળે છે.

**આમોસના સમયનું જુદી જુદી દૃષ્ટિએ અવલોકન**

**(૧) આમોસના સમયની આર્થિક સ્થિતિ :** ઇસ્રાએલ લોકો નાનાં નાનાં નગરોમાં તથા ગામડાંમાં રહેતા. ઘરો એકાદ ઓરડીવાળાં ને ટેકરાઓવાળી ઊંચાણ જમીનમાં બાંધેલાં હતાં. નીચાણમાં કૂવાઓ હતા, જ્યાં સાંજે ને સવારની વેળાએ સ્ત્રીઓ પાણી ભરવા આવતી. ગામની ભાગોળે કામકાજ અર્થે કે ગામગપાટા મારવા પુરૂષવર્ગ એકત્ર થતો. ટેકરીઓના શિખર પર કોઈક ઠેકાણે 'ઉચ્ચસ્થાન' કે સ્થાનિક મંદિર બાંધેલું હોય. લોકો મોટે ભાગે ખેતી કરતા, પરંતુ કેટલાક વેપાર રોજગાર પણ કરતા (આગળ જતાં ઇસ્રાએલીઓ ધીરે ધીરે ખેતીવાડી કરવાનું પડતું કરી ધંધા વ્યાપાર તરફ વળવા લાગ્યા).

**(૨) સામાજિક સ્થિતિ :** લોકોનું જીવન જેવું સાદું હતું તેવી જ તેમની સામાજિક વ્યવસ્થા પણ સાદી હતી. બાપ એ દરેક કુટુંબમાં રાજા જેવો હતો, તથાપિ આખા ગામનો તેમ જ નગરનો વહીવટ વડીલોના હાથમાં હતો (લેવીય ૪; ૧૫: ગણના ૧૧; ૨૫: પુન. ૨૫; ૭, ૮: ૨૯; ૧૦: ૩૧; ૨૮: ૩૨; ૭). રાજા બહુ ગણનાપાત્ર લેખાતો નહિ, સિવાય કે યુદ્ધના સમયે, કે તેના ઉઘરાતદારો કર વસૂલ કરવા આવે તે સમયે. ઉચ્ચસ્થાનમાં સેવા કરનાર યાજક રાજા કરતાં ય કંઇક અંશે વધારે અગત્યનો માણસ ગણાતો, કારણ કે તે દેવવાણી પ્રગટ કરતો, વળી મુશ્કેલીના સમયે સલાહ આપતો. પ્રબોધક એ કોઈ કાયમનો માણસ નહોતો, પણ કવચિત્ ઊભો થતો. સમાજની વ્યવસ્થા માટે ખાસ કાયદાઓ જેવું બહુ ઓછું હતું, પરંતુ મોટે ભાગે સ્થાનિક તથા રાષ્ટ્રિય રિવાજો પ્રમાણે સમાજ ચાલતો. ન્યાયખાતું, લશ્કરી ખાતું તથા

ધર્મપાલન પર દેખરેખ રાખનાર ખાતું એ બધું ગામના વડીલો જ સંભાળતા, અથવા એમાંની કોઈ પણ જાતની સેવા કરવા તેઓ ગામના હરકોઈ માણસને પસંદ કરતા.

**(૩) ધાર્મિક સ્થિતિ :** શહેર કે ગામમાંનું જે ઉચ્ચસ્થાન હતું તે જ ધાર્મિક જીવનનું મથક હતું. 'ઉચ્ચસ્થાન' શાને કહેતા? પ્રથમ વાત તો એ કે તે ટેકરા પર કે કોઈ પણ ઊંચી જગા પર આવેલું હોય. ત્યાં વેદી બાંધવામાં આવતી. શરૂઆતે તો કેવળ એક અણઘડ પથ્થર ઊભો કરવામાં આવતો, ને તે 'વેદી' તરીકે ઓળખાતો. વખત જતાં પથ્થરને કોઈ આકારમાં ઘડીને ગોઠવવાનો રિવાજ ઉપસ્થિત થયો. એની પાસે કોઈ જૂનું, પવિત્ર મનાતું ઝાડ રહેતું, દા. ત. આપણા દેશમાં પીપળો. ઝાડ ન હોય તો લાકડાનું ઠૂંઠું ઊભું કરવામાં આવતું જેને 'અશેરાહ' કહેતા, અને પથ્થરને (સાદો કે ઘડેલો) 'માત્ઝેબાહ' કહેતા. પ્રાચીન કાળે જે વૃક્ષપૂજા ને પથ્થરપૂજા કરવામાં આવતી તેનું જ સુધરેલું રૂપ તે ઉચ્ચસ્થાન હતું. બળદ બળવાન હોવાથી તેમજ ખેતીકાર્યમાં ઉપયોગી હોવાથી પથ્થરને સાધારણ રીતે બળદ કે વાછરડાના રૂપમાં ઘડવામાં આવતો, અને તેને જ યાહવેહની પ્રતિમા ગણતા. એવા પવિત્ર-સ્થાને લોકો ઉત્સવપ્રસંગે ભેગા થતા, જેમકે કાપણી પ્રસંગે, વળી પુનમે તથા સાબ્બાથવારે પણ ભેગા થતા ને મેળો ભરતા. એકલદોકલ કુટુંબો પણ જ્યારે તેમને યાહવેહ પાસેથી કોઈ ખાસ કૃપાદાન માગવું હોય ત્યારે ખાનગી રીતે જઈને માગણી કરતાં. પશુનું અર્પણ ચઢાવવાનું હોય ત્યારે તેને વધેરીને તેનું રક્ત વેદી પર ઢોળવામાં આવતું, કારણ કે એમ કરવાથી રક્ત એટલે જીવ (ઉત્પ. ૯; ૪: લેવીય ૭; ૨૭ : ૧૭; ૧૦-૧૪ : ૧૯; ૨૬: પુન. ૧૨; ૩૩) ઈશ્વરને અર્પવામાં આવ્યો એમ તેઓ સમજતા; માંસ એકઠા થયેલાઓ ખાઈ જતા. અને એવી રીતે ઈશ્વરની સંગતનો અનુભવ કરવામાં આવ્યો, એમ તેઓ સમજતા.

પવિત્ર સ્થાનો (૭; ૯) ઉપયોગમાં તો ઉચ્ચસ્થાનો જેવાં જ હતાં, કદાચ ફરક આટલો કે 'પવિત્ર સ્થાન' મકાન જેવાં હશે.

**(૪) નૈતિક અને ધાર્મિક ભ્રષ્ટતા :** ઉપર પ્રમાણેના સાદા જીવનમાં આમોસની દૃષ્ટિએ ભૂંડું શું હતું? મુખ્યત્વે ત્રણ બાબતો હતી: યરોબઆમ બીજાના સમયમાં ઈસ્રાએલનું રાષ્ટ્ર સમૃદ્ધ અને આબાદ બનેલું હતું, તેથી (૧) ધનવાન લોકો જીવનની સાદાઈ છોડીને ઉડાઉ ને

મોજીલા બની ગયા હતા. તેઓ પથ્થરનાં ઘરો બાંધીને રહેલા હતા, રાચરચીલું હાથીદાંત જડિત વાપરતા, ગાદીતકિયા રેશમી વાપરતા, ખર્ચાળ કપડાં પહેરતા, દરરોજ માંસાહાર કરતા ને મદ્યપાનથી ચકચૂર રહેતા (૩; ૧૫ : ૪; ૧ : ૫; ૧૧ : ૬; ૪–૬). રેખાબીઓ (યિર્મે. ૩૫) સાદું જીવન ગાળતા, ને એવું જીવન ગાળવાનો નમૂનો અન્યને આપતા. પરંતુ એ માર્ગમાંથી ભટકી જઈને આ ધનવાનો મોજીલું જીવન ગાળતા (આમોસ રેખાબી વંશનો ન હતો, પરંતુ તેનું મન રેખાબી હતું, ૨ રાજા ૧૦; ૧૫; યિર્મે. ૩૫; ૬–૧૧). (૨) ગ્રામ્ય આગેવાનો જે અધિકારીઓ જેવા હતા તેમના તરફથી સાધારણ લોકોને ન્યાય મેળવવાનું મુશ્કેલ થઈ પડ્યું હતું. ધનવાનોની ને આગેવાનોની સ્ત્રીઓ કે બહેન દીકરીઓ ગમે તેમ વર્તે છતાં તેમનું નામ કોઈથી લેવાય નહિ, કેમકે તેમના જ પતિઓ, પિતાઓ કે ભાઈઓ ગામના આગેવાનો હતા. પરંતુ ગરીબોનું પ્રતિનિધિત્વ ગ્રામ્ય પંચાયતમાં નહિ હોવાથી તેમની સ્ત્રીઓ, દીકરીઓ કે બહેનો પ્રત્યે કડક વર્તાવ રાખવામાં આવતો હતો; વળી વિધવા, ત્યક્તા, અનાથ કે પરદેશીનો તો કોઈ બેલી જ નહોતો. લાંચરુશ્વતનું વર્ચસ્વ જામી ગયેલું હતું, જેથી પૈસાદારો તો એ અધમ સાધનનો છૂટથી ઉપયોગ કરીને ઈન્સાફને ઊંધો વાળતા (૨; ૬ : ૨; ૧૦ : ૫; ૭, ૧૦–૧૨ : ૮; ૬). તે સમયના ઈસ્રાએલ સમાજમાં ગરીબ હોવું એ ગુનેગાર હોવા બરાબર હતું. ગરીબ માણસે પોતાના કુટુંબના ગુજરાન માટે કોઈ કોઈ વાર તો જાતે વેચાઈ જવું પડતું, અથવા પોતાના ઘરના કોઈકને વેચી દેવું પડતું (સરખાવો ૨ રાજા ૪; ૧–૭). ગુજરાનને માટે પોતાની રહીસહી મિલકત તો તેમણે વેચી જ દેવી પડતી. એવી રીતે ધનવાન વધુ ધનવાન અને ગરીબ વધુ ગરીબ બનતા જતા હતા (૨; ૬ : ૫; ૧૦–૧૩ : ૮; ૪–૬). (૩) જેવું નીતિક્ષેત્રમાં હતું તેવું જ ધર્મક્ષેત્રમાં પણ હતું, કારણ કે નીતિ અને ધર્મ પરસ્પર અસર કર્યા વગર રહી શકતાં નથી. ઉચ્ચસ્થાનો પર યાહવેહનું ભજન કરવામાં આવે છે એવું કહેવામાં આવતું ખરું, પરંતુ તેની ભજનપદ્ધતિ તો કનાનીઓની મૂર્તિપૂજા પ્રમાણે હતી. કનાનીઓ 'બઆલ' નામના દેવને ભજતા. દરેક પ્રદેશને ફળદ્રુપ કરનાર જુદો જુદો 'બઆલ' (=દેવ) મનાતો હતો. તેનું ભજન કરવામાં વ્યભિચાર પણ કરવામાં આવતો. જેમ જેમ ઈસ્રાએલીઓ કનાનીઓનાં વતનો કબજે કરતા ગયા તેમ તેમ બઆલનું સ્થાન 'યાહવેહે' લીધું ખરું, પરંતુ બઆલના ભજનમાં જેવું કરવામાં આવતું તેવું જ યાહવેહના

ભજનમાં પણ કરવામાં આવતું. યાહવેહને ઈસ્રાએલે સ્થાનિક દેવ બનાવી દીધો હતો, અને તે ખેતીમાં ફળદ્રુપતા આપનાર દેવ ગણાવા લાગ્યો. યાહવેહના ભજનમાં દેવદાસીઓ પણ વપરાતી થઈ હતી (૨; ૭).

આવી રીતે (૧) મોજશોખીલું જીવન, (૨) સામાજિક અન્યાય ને અપ્રમાણિકપણું, અને (૩) ધર્મપાલનને નામે થતો દુરાચાર, એ ત્રણે અનિષ્ટોની સામે આમોસે અવાજ ઉઠાવ્યો. પાપ જ્યારે માણસને કોઠે પડી જાય છે ત્યારે કોઈક આંખ ખોલનારને મોકલવાની યાહવેહને જરૂર પડે જ છે. ઈસ્રાએલ પસંદ કરાયેલી કોમ હતી, પરંતુ તેથી તેને મન ફાવે તેમ વર્તવાનો પરવાનો તો મળી ગયો નહોતો. પસંદ કરાયેલા લોક હોવા છતાં યાહવેહની ઇચ્છા અનુસાર જો તેઓ ન વર્તે તો યાહવેહ તેમને શિક્ષા કરે જ (અધ્ય. ૫), એ કહેનાર આમોસ પ્રથમ પ્રબોધક હતો. ગરીબો પર ગુજરાતો જૂલમ જોઈને તેનો આત્મા કકળી ઊઠતો, તેથી તેને 'ગરીબોનો પક્ષકાર' કહેવામાં આવતો.

(૫) **રાજકીય પરિસ્થિતિ :** આમોસના સમયમાં પ્રવર્તેલી સામાજિક, નૈતિક તથા ધાર્મિક અધોગતિનું કારણ તે સમયમાં (યહુદાહ અને ઈસ્રાએલ બન્ને રાષ્ટ્રોની) થયેલી બાહ્ય આબાદી હતું. આમોસ યરોબ-આમ બીજાના સમયમાં (ઈ. સ. પૂ. ૭૮૮–૭૪૭) પ્રબોધ કરતો હતો (૧; ૧). આ રાજા ઉત્તરના રાજ્યમાં થઈ ગયેલા સૌથી સફળ રાજાઓ-માંનો એક હતો. નવમા સૈકાના (ઇ. સ. પૂ.) પાછલા ભાગમાં થઈ ગયેલા યેહૂ અને યહોઆહાઝની કારકિર્દીઓ દેશને આફતકારક નીવડી હતી; પરંતુ યોઆશ (યહોઆશ)ના સમયમાં (ઇ. સ. પૂ. ૮૦૪–૭૮૮) ઈસ્રા-એલનું ભાવિ ફર્યું હતું (૨ રાજા ૧૩; ૨૫). ઈસ્રાએલની ફતેહો કંઈક અંશે આસ્શૂરની હિલચાલને કારણે હતી, કેમકે આસ્શૂરે સિરિયા (અરામ)ને નૈર્ઋત્ય (દક્ષિણ–પશ્ચિમ)માંથી હઠાવી અગ્નિકોણના (દક્ષિણ–પૂર્વના) બળવાન દુશ્મન સામે ગોઠવી આપવાની પરિસ્થિતિ ઊભી કરી હતી. તથાપિ એ જ આસ્શૂર જે એક મહાન સામ્રાજ્ય રચવાનું સ્વપ્ન સેવતું હતું તે ઈસ્રાએલ (સમરૂન રાષ્ટ્ર) પર આક્રમણ કરવાની તકની કેવળ રાહ જોઈ રહ્યું હતું. આમોસની આંખે એ દેખાતું હતું, પણ આ કેવળ રાહતરૂપ મળેલી આબાદીમાં અંધ બનેલા ઈસ્રાએલને દેખાતું નહોતું. એથી જ 'ગુલામગીરી' એ આ પુસ્તકનો ચાવીરૂપ શબ્દ છે (૧; ૫, ૧૫ : ૫; ૫, ૨૭ : ૬; ૭ : ૭; ૧૭ : ૯; ૪, ૧૪). એ ગુલામગીરીનું કારણ શું?

અનીતિ, અન્યાય, અપ્રમાણિકપણું, ગરીબોનું શોષણ, લાંચરુશ્વત, વ્યાપાર રોજગારમાં જાતજાતનો દગો, વગેરે દુરાચરણ (૨; ૬–૮ : ૩; ૧૦ : ૫; ૧૧ : ૮; ૪–૭).

યરોબઆમ બીજાના સમયમાં ઈસ્રાએલે ફતેહ મેળવવાનું ચાલુ રાખ્યું હતું. તે તો ઈસ્રાએલના 'ઉદ્ધારક' જેવો થઈ પડ્યો હતો (૨ રાજા ૧૪; ૨૭). પાછલી કારકિર્દીઓમાં ગુમાવેલા પ્રદેશો તેણે ફરી હસ્તગત કર્યા (૨ રાજા ૧૪; ૨૫), અને દરેક દિશામાં તેણે પ્રદેશો ઉમેરવા માંડ્યા. તેણે દમસ્કસ પણ જીતી લીધું (૨ રાજા ૧૪; ૨૩–૨૯). યુદ્ધમાં મળેલી ફતેહોને પરિણામે પરદેશો સાથે વ્યાપાર-રોજગાર વધ્યો, ને લોકો સમૃદ્ધ બનતા ગયા (૩; ૧૦, ૧૫), અને સુલેમાનની કારકિર્દી પછીના સમયમાં જેવી આબાદી તેમણે કદી ભોગવી નહોતી તેવી આબાદીના ઉન્નત શિખરે યરોબઆમ બીજાના સમયમાં તેઓ ચઢયા હતા (૩; ૧૦, ૧૧ : ૬; ૪–૬). આ સમય માટે સમરૂનનું તેમ જ યરૂશાલેમનું (આશરે ઈ. સ. પૂ. ૭૬૦–૭૫૯) એવું જ વર્ણન યશાયાહે પણ કરેલું છે (યશા. ૩; ૧૬–૨૩ : ૩૯; ૧–૮).

## આમોસના પુસ્તક પરથી મળતા શિક્ષણનો સાર

ઈસ્રાએલની ફતેહ ને ફતેહોને પરિણામે સાંપડેલી આબાદી એ જ તેમની નૈતિક, સામાજિક તથા આધ્યાત્મિક અધોગતિનું કારણ થઈ પડયું હતું; તેથી ઈસ્રાએલનો ધર્મ અર્થાત્ નિયમશાસ્ત્ર પ્રમાણેનો યહૂદી ધર્મ બે જોખમોમાં ભરાઇ પડયો હતોઃ (૧) નૈતિક તથા આધ્યાત્મિક ભ્રષ્ટતાનું કારણ યાહવેહના ચારિત્ર્યને લગતો તેમનો ખ્યાલ ખોટો હતો એ હતું; (૨) આશ્શૂરી લોકોની મદદથી તેઓ ઘણે ભાગે ફતેહ પામ્યા હતા, અને આશ્શૂરીઓ તેમને પરાક્રમી માલૂમ પડયા હતા; જેથી આશ્શૂરના દેવો અન્ય દેવો કરતાં વધારે પરાક્રમી છે એવું ઈસ્રાએલીઓ માનવા લાગ્યા હતા. પરિણામે યાહવેહના માર્ગમાંથી ખસી જવાનું પરીક્ષણ તેઓ સમક્ષ આવીને ખડું થયું હતું. આથી આઠમા સૈકાના (ઈ. સ. પૂ.) ચારે પ્રબોધકોને–ઈસ્રાએલના પ્રબોધકો આમોસ તથા હોશીઆને તેમજ યહુદાહમાં થયેલા પ્રબોધકો યશાયાહ તથા મીખાહને– ખાતરી થઈ કે એ બન્ને જોખમોનું નિવારણ કરવાનો એક જ ઉપાય છે, એટલે યાહવેહની પ્રકૃતિ તથા તેના ચારિત્ર્ય વિષે શિક્ષણ આપવું;

તેમ જ યાહવેહ તથા ઈસ્રાએલને કેવો સંબંધ છે તે, અને યાહવેહ તથા ઇતર દેશજાતિઓનો કેવો સંબંધ છે તે સ્પષ્ટ રીતે દર્શાવવું. અન્ય દેશજાતિઓ (ગ્રીકો અને રોમન જેવી સુધરેલી પ્રજાઓ પણ) પોતપોતાના દેવોને માણુસો કરતાં તો વિશેષ પરાક્રમી ને તાકાતવાન માનતી ખરી, પરંતુ ચારિત્ર્યવાન ને નેકીવાન માનતી નહોતી. જ્યાં દેવો જ ચારિત્ર્યવાન ને નેકીવાન ન હોય ત્યાં માણુસોને એવાં હોવાની ને બનવાની અગત્ય જ કયાંથી સમજાય ? 'જેવા દેવ, તેવા ભક્તો'; 'જેવો રાજા, તેવી પ્રજા.' ધર્મની સ્થાપિત ક્રિયાઓ કરી, એટલે ધર્મનું પાલન થયું એ તે સમયની સમજણ હતી. ધર્મ અને માનવજીવન વચ્ચે સંબંધ છે એ તેઓ સમજતા નહોતા. એ તો ખોટી અને અનિષ્ટ સર્જનાર માન્યતા હતી; અને એ માન્યતાએ ઈસ્રાએલ પર પણ કાબૂ જમાવ્યો હતો.

અમુક પરિસ્થિતિમાં જેવી અગત્ય તેવું શિક્ષણ પ્રબોધકો સાધારણ રીતે આપતા હતા. તે પ્રમાણે આમોસે નિયમશાસ્ત્ર તરફ તેમનું ધ્યાન ખેંચી તેમને જણાવ્યું કે યાંત્રિક રીતે ધર્મની કેવળ ક્રિયાઓ કરવામાં ધર્મનું પાલન થઈ જતું નથી. ઈશ્વર પ્રત્યે પ્રેમભાવ, વિશ્વાસ તથા આજ્ઞાંકિતપણું, તેમજ માનવ અને માનવ વચ્ચે પ્રેમભાવ તથા દયાભાવની અનિવાર્ય અગત્ય છે. યાહવેહ વિષે તેણે આપેલા શિક્ષણનો નીચોડ આ પ્રમાણે છેઃ તે એક જ ખરો ને એકલો ઈશ્વર છે; વળી તે કેવળ ઈસ્રાએલનો એમ નહિ, પણ તમામ દેશજાતિઓનો ને સર્વનો ઈશ્વર છે. તે કુદરતનો કર્તા તથા સ્વામી છે, ને ઇતિહાસનો પણ સ્વામી છે. અન્ય દેવોને કેવળ 'જુઠાણાં' ગણીને (૨; ૪) તેણે એકેશ્વરવાદ સ્પષ્ટ રીતે શીખવ્યો (૪; ૧૩: ૫; ૮, ૯: ૯; ૨–૭), મતલબ કે આમોસ અને મીખાહે નવે નામે એકેશ્વરવાદ પર ભાર મૂકયો. આ એક ઈશ્વર વિષેના શિક્ષણમાં નીચેની બાબતો પણ સમાયેલી છેઃ (૧) ઈશ્વર એ વ્યક્તિ છે; (૨) તે સર્વશક્તિમાન ને પ્રેમપૂર્ણ છે; (૩) તે સર્વવ્યાપક છે; (૪) તે સર્વજ્ઞ છે; (૫) તે ઈન્સાફી તથા દયાળુ છે; (૬) તે નીતિમાન છે, અને નીતિમય જીવન વડે જ તેની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે (૫; ૨૧–૨૪). મુસાએ નિયમશાસ્ત્રની મારફતે જે શિક્ષણ આપ્યું હતું તે પર જ એક સૈકા પર એલીયાહ તથા એલીશાએ અને ઈ. સ. પૂ. આઠમા સૈકામાં આમોસ અને મીખાહે નવે નામે ભાર મૂકયો હતો.

એ ઉપરાંત, ધર્મ અને નીતિને લગતાં અન્ય કેટલાંએક સનાતન

સત્યો પણ આમોસે શીખવ્યાં છે: (૧) માણસ અને માણસ વચ્ચે ન્યાયી વર્તન રાખવું, એ જ સમાજની સ્થિરતાનો એક દિવ્ય પાયો છે; (૨) જ્યાં ખાસ હક કે લાભ છે ત્યાં તેવી જ જવાબદારી પણ છે (૩; ૨); જ્યાં જવાબદારીની અવગણના કરાય છે ત્યાં તેનું ફળ ભોગવ્યે જ છૂટકો છે; (૩) પ્રજાઓને તથા વ્યક્તિઓને જે જ્ઞાન તથા પ્રકાશ મળેલાં છે તે અનુસાર જીવન ગાળવું એ તેમની ફરજ છે (અધ્ય. ૧, ૨); (૪) નીતિ વિનાની ઉપાસના એ કેવળ બાહ્ય ક્રિયા છે, અને એવા ઉપાસકો ઈશ્વરનું અપમાન જ કરે છે.

એવું શિક્ષણ આપનારને ઈશ્વરી ન્યાયશાસનનો સંદેશો પ્રગટ કરવો જ પડે. તેથી આમોસને 'ગરીબોનો પક્ષકાર' ઉપરાંત 'ન્યાયશાસનનો પ્રબોધક' કહેવામાં આવે છે તે યોગ્ય જ છે.

---

# ઈસ્રાએલના ઇતિહાસનો કાળાનુક્રમ

| ઈ. સ. પૂ. | ઈસ્રાએલની અંદર બનેલા બનાવો | ઈસ્રાએલની બહાર બનેલા બનાવો |
|---|---|---|
| ૧૦૧૬ | શાઊલનું મરણ; દાઊદ ઈસ્રાએલના રાજ્યાસને (૧ શમ. ૩૧: ૨ શમ. ૧: ૧ કાળ. ૧૦). | |
| ૯૭૬ | દાઊદ પછી ઈસ્રાએલના રાજ્યાસને તેનો પુત્ર સુલેમાન (૧ રા. ૧, ૨ : ૧ કાળ. ૨૮–૨ કાળ. ૧). | |
| ૯૩૬ | સુલેમાનના મરણ પછી થયેલા રાજ્યના બે ભાગ (૧ રા. ૧૧; ૪૧–અ. ૧૨: ૨ કાળ. ૯; ૨૯–અ. ૧૦). | |
| ૮૭૪ | આહાબ ઈસ્રાએલના રાજ્યાસને (૧ રા. ૧૬; ૨૯). | |
| ૮૫૩ | | આશ્શૂર અને સિરિયા (અરામ) વચ્ચે કાર્કાર આગળ (અરામ દેશમાં હમાથ અને કાદેશની વચ્ચે) થયેલા યુદ્ધ વખતે (આશ્શૂરી દફતર પ્રમાણે) આહાબ હાજર હતો. |
| ૮૪૧ | ઈસ્રાએલમાં યેહૂની વિજયવંત ક્રાંતિ–યેહૂમો વંશ ઓમ્રી અને આહાબના વંશનો અનુગામી (૧ રા. ૧૬; ૧૫–૩૪: ૧૯; ૧૬. ૨ રા. ૯; ૬–૧૫; ૧૨). | હઝાએલ સિરિયા (અરામ)ના રાજ્યાસને (૧ રા. ૧૯; ૧૫). |
| ૮૦૪ | યોઆશ ઈસ્રાએલના રાજ્યાસને (૨ રા. ૧૩; ૧૦). | |

| ઈ. સ. પૂ. | ઈસ્રાએલની અંદર બનેલા બનાવો | ઈસ્રાએલની બહાર બનેલા બનાવો |
|---|---|---|
| ૭૮૮ | યરોબઆમ (બીજો) ઈસ્રાએલના રાજ્યાસને (૨ રા. ૧૩; ૧૩) | |
| ૭૮૬ | ઉઝ્ઝીયાહ (અઝાર્યાહ) યહુદાહના રાજ્યાસને (૨ રા. ૧૪; ૨૧: ૨ કા. ૨૬; ૧). | |
| ૭૮૨ | | આશ્શૂરના રાજા અદાદ-નિરારીનું મૃત્યુ. |
| ૭૬૫ | | દમસ્કસ નજીક મરકી |
| ૭૬૩ | પાલેસ્ટાઈનમાં તેમજ અન્યત્ર દેખાયેલું સૂર્યગ્રહણ | |
| ૭૪૭ | યરોબઆમ (બીજો)નું મરણ (૨ રા. ૧૪; ૨૯). | |
| ૭૪૫ | | તિગ્લાથ-પિલેસેર (ત્રીજો) (પુલ: ૨ રા. ૧૫; ૧૯, ૨૯: ૧ કાળ. ૫; ૨૫, ૨૬) આશ્શૂરના રાજ્યાસને |
| ૭૪૪ | ઉઝ્ઝીયાહ (અઝાર્યાહ) મરણ પામ્યો (૨ રા. ૧૫; ૧-૭: ૨ કાળ. ૨૬: યશા. ૬; ૧) (ધરતીકંપ ? ઝખ. ૧૪; ૫) | |
| ૭૩૨ | | દમસ્ક આશ્શૂરના હસ્તક ગયું (૨ રા. ૧૬; ૭-૯) |
| ૭૨૭ | | તિગ્લાથ-પિલેસર ત્રીજાનું મૃત્યુ; શાલ્માનેસેર પાંચમો રાજ્યાસને (૨ રા. ૧૭; ૩: ૧૮; ૯) |
| ૭૨૨<br>૭૨૧ | સમરૂનનું પતન (૨ રા. ૧૭; ૧-૬ : ૧૮; ૯-૧૨) | સાર્ગોન બીજો આશ્શૂરના રાજ્યાસને (૨ રા. ૧૭; ૧-૬ : ૧૮; ૯-૧૨) |
| ૭૦૫ | | સાન્હેરીબ આશ્શૂરના રાજ્યાસને (૨ રા. ૧૮; ૧૩: ૨ કાળ. ૩૨; ૧) |
| ૫૮૬ | યરૂશાલેમનું પતન (૨ રા. ૨૫; ૮-૨૨: ૨ કાળ ૩૬; ૭-૨૧). | |

**નોંધ:**—ઑસ્ટર્લી અને રોબિન્સનકૃત 'ઈસ્રાએલનો ઇતિહાસ' (પુસ્તક ૧લું)ને આધારે ઉપરોક્ત સાલવારી લીધેલી છે. એ આશરે જ સમજવાની છે (ખાસ કરીને કેવળ બાઇબલમાં ઉલ્લેખાયેલા બનાવોને તે નિર્દેશતી હોય ત્યારે).

I. જુદાં જુદાં રાષ્ટ્રોના ગુનાઓ સામે ઈશ્વરનું ન્યાયશાસન (અ. ૧,૨)

૧; ૧ પુસ્તકનું (સમયનિર્દેશક) મથાળું.

૧; ૨ પ્રાસ્તાવિક નિવેદન.

૧; ૩–૨; ૫ ઈસ્રાએલની આજુબાજુનાં રાષ્ટ્રો સામે ધમકીવચનો

(અ) દમસ્ક સામે (૧; ૩–૫)

(આ) પલિસ્તિયા સામે (૧; ૬–૮)

(ઇ) તૂર સામે (૧; ૯, ૧૦)

(ઈ) અદોમ સામે (૧; ૧૧, ૧૨)

(ઉ) આમ્મોન સામે (૧; ૧૩–૧૫)

(ઊ) મોઆબ સામે (૨; ૧–૩)

(એ) યહુદાહ સામે (૨; ૪, ૫)

૨; ૬–૧૬ ઇસ્રાએલ સામે ઈશ્વરનું ન્યાયશાસન

(અ) ઈસ્રાએલનું અસામાજિક વર્તન (૨; ૬–૮)

(આ) ઈસ્રાએલ પર થયેલા ઈશ્વરના ઉપકારો (૨; ૯–૧૨)

(ઈ) આવનાર ન્યાયશાસનની આગાહી (૨; ૧૩–૧૬)

II. ઈસ્રાએલના ગુનાઓ સામે ઈશ્વરનું ચેતવણીરૂપ વચન (અ. ૩–૬)

૩; ૧–૮ પોતાના લોક સાથે ઈશ્વરનો વર્તાવ.

૩; ૯, ૧૦ ઈસ્રાએલ સામે તહોમત.

૩; ૧૧–૧૫ યાહવેહ તરફથી શિક્ષાનું ફરમાન.

૪; ૧–૩ સમરૂનની સ્ત્રીઓ પર આવી પડનાર શિક્ષાની આગાહી.

૪; ૪, ૫ દંભી ધર્માચરણ.

૪; ૬–૧૨ ઈશ્વર પ્રતિ ઈસ્રાએલને પાછા વાળવા માટે તેમના પર મોકલાયેલી કુદરતી આપત્તિઓ.

૪; ૧૩ પ્રથમ સ્તોત્રવચન.

૫; ૧–૩ ઈસ્રાએલ માટે આમોસનો વિલાપ.

૫; ૪–૬ ઉચ્ચસ્થાનોને નહિ, પણ યાહવેહને શોધવાનો આદેશ.

૫; ૮, ૯ બીજું સ્તોત્રવચન.

૫; ૭, ૧૦–૧૩ ગરીબો પર ગુજરાતો ત્રાસ.

૫; ૧૪, ૧૫ બચાવનો એક જ ઉપાય.

૫; ૧૬, ૧૭ ઈશ્વર પોતાના લોકની ખબર લેશે ત્યારે આવનાર વિલાપનો દિવસ.

૫; ૧૮–૨૦ યાહવેહનો દિવસ

૫; ૨૧–૨૭ પોકળ ધર્મક્રિયાઓને લીધે ઠપકો.

૬; ૧–૭ સમરૂન પર આવનાર શિક્ષા.

૬; ૮–૧૧ દુષ્ટતાને કારણે યાહવેહથી ઈસ્રાએલનું તરછોડાવું.

૬; ૧૨–૧૪ ઈસ્રાએલની નબળાઈ; તેનું કારણ, ને તેનાં પરિણામો.

III. આમોસને થયેલાં સંદર્શનો અને તેનાં પ્રવચનો (અધ્યાય ૭–૯)

(અ) ૭; ૧–૩ તીડોનું સંદર્શન

(આ) ૭; ૪–૬ અગ્નિનું „

(ઇ) ૭; ૭–૯ ઓળંબાનું „

૭; ૧૦–૧૭ આમોસ પ્રબોધક અને અમાસ્યાહ યાજક

(ઈ) ૮; ૧, ૨ ઉનાળાનાં ફળોની ટોપલીનું સંદર્શન

૮; ૩–૧૦ ઈસ્રાએલનાં પાપો અને તેની થનાર શિક્ષા

૮; ૧૧, ૧૨ આવી પડનાર આધ્યાત્મિક દુષ્કાળ

૮; ૧૩, ૧૪ જૂઠા દેવો પર આવી પડનાર યાહવેહનું ન્યાયશાસન

(ઉ) ૯; ૧–૪ વેદી પાસે ઊભા રહેલા યાહવેહનું સંદર્શન

૯; ૫, ૬ ત્રીજું સ્તોત્રવચન

૯; ૭, ૮અ યાહવેહ કોઈ પ્રત્યે પક્ષપાતી નથી

૯; ૮બ–૧૦ ભલાભૂંડાનો ભેદ જાળવવામાં આવશે

૯; ૧૧–૧૫ પુનઃસ્થાપના અને ગૌરવનું વચન

આમોસના પુસ્તકમાં સમાયેલી સામગ્રીનું વર્ગીકરણ નીચે પ્રમાણે થઈ શકે છે :

(અ) મોટે ભાગે પદ્યરૂપે લખાયેલી ઈશ્વરવાણીઓ ('બ' અને 'ક' વગરનું બધું)

(બ) ત્રીજા પુરુષ સર્વનામમાં ગદ્યરૂપે લખાયેલું જીવનવૃત્તાંત (૭; ૧૦–૧૭)

(ક) પ્રથમ પુરુષ સર્વનામમાં „ „ આત્મકથન (૭; ૧–૯ : ૮; ૧, ૨ : ૯; ૧–૪)

## 1. જુદાં જુદાં રાષ્ટ્રોના ગુનાઓ સામે ઈશ્વરનું ન્યાયશાસન (૧; ૧–૨; ૧૬)

આમોસ પ્રબોધકના પુસ્તકના આ પ્રથમ વિભાગમાં (૧; ૧–૨;૧૬) જે પ્રબોધવાણીઓ આવેલી છે, તે મુખ્યત્વે કરીને પ્રથમ તો ઈસ્રાએલની આજુબાજુ વસતાં પડોશી રાષ્ટ્રો સામે (૧; ૩–૨; ૩), પછી યહુદાહ સામે (૨; ૪, ૫) અને છેલ્લે ખુદ ઈસ્રાએલ સામે (૨; ૬–૧૬) ઉચ્ચારવામાં આવેલી છે. પ્રબોધક મૂળે તો યહુદાહ રાજ્યનો વતની છે. તે ઈસ્રાએલ રાજ્યમાં જઈને યાહવેહને નામે ઉચ્ચારણ કરતાં વિવિધ રાષ્ટ્રોનાં વિવિધ પાપોનો નિર્દેશ કરે છે, અને તેને લીધે થનાર શિક્ષાનાં ધમકીવચનો ઉચ્ચારે છે. પાપો ખાસ કરીને તો અન્યાય અને જૂલમી વર્તન છે. સર્વ રાષ્ટ્રોએ ઈસ્રાએલ સામે જ ગુના કરેલા છે એમ તો નથી; રાષ્ટ્રોએ એકબીજા સામે પણ કરેલા છે. અન્ય રાષ્ટ્રોનાં પાપો કહેવાતાં રહ્યાં, અને તેમને થનાર શિક્ષા પ્રગટ કરાતી રહી ત્યાં સુધી તો ઈસ્રાએલી શ્રોતાજનોને એ બધું કર્ણપ્રિય અને પ્રબોધકને પ્રોત્સાહન આપવા જેવું જ લાગ્યું હશે. પરંતુ પ્રબોધકની વાણીનો ડંખ તો વાણીને છેડે હતો, કારણ કે પોતાનું વ્યાખ્યાન સમાપ્ત કરતાં આમોસ યહુદાહને તેમ જ આબાદીમાં મસ્ત બનેલા ઈસ્રાએલને પણ ઝાટકે છે. ઈસ્રાએલપુત્રોના પૂર્વજોને યાહવેહે મિસરની ગુલામગીરીમાંથી મુક્ત કર્યા હતા (નિર્ગ. ૧–૧૫), જેણે તેમની ખાસ કાળજી રાખી હતી (૩; ૧, ૨) એ જ યાહવેહને ઈસ્રાએલના વંશજો અનુપકારી નીવડયા હતા, વળી એ ઉપરાંત અનેક સામાજિક ગુનાઓ તેમણે કર્યા હતા, જેને લીધે તેઓ પણ શિક્ષાપાત્ર ઠરી ચૂકયા હતા. અન્ય દેશજાતિઓએ હૃદયમાં લખેલા નિયમનું ઉલ્લંઘન કર્યું હતું, યહૂદીઓએ સ્પષ્ટ રીતે આપેલા નિયમ (તોરાત)નું ઉલ્લંઘન કર્યું હતું, અને ઈસ્રાએલે સમાજવિરોધી અત્યાચારો કર્યા હતા–એમ એ ત્રણે વર્ગની દેશજાતિઓ શિક્ષાપાત્ર ઠરી હતી.

### પુસ્તકનું (સમયનિર્દેશક) મથાળું (૧; ૧)

**યહુદાહના રાજા ઉઝ્ઝીયાહની કારકીર્દિમાં તથા ઈસ્રાએલના રાજા યોઆશના દીકરા યરોબઆમની કારકીર્દિમાં ધરતીકંપ થયો તે પહેલાં બે વર્ષ અગાઉ, તકોઆના ગોવાળોમાંના આમોસને ઈસ્રાએલના સંબંધમાં જે વચન પ્રાપ્ત થયાં તે.**

આ વાચતાં જ માલૂમ પડે છે કે એ આખા પુસ્તકનું મથાળું છે, અને તે અન્ય કોઈ માણસે પાછળથી દાખલ કરેલું છે. આમોસનાં પ્રવચનોનો સંગ્રહ કર્યા પછી કોઈ અધિપતિએ (એઝરાએ કે એના જેવા કોઈએ) તે દાખલ કર્યું હશે. એવાં પાછળથી દાખલ કરાયેલાં મથાળાંવાળાં અન્ય પુસ્તકો પણ છે. દા. ત. નીતિવચનો, સભાશિક્ષક, ગીતોનું ગીત, યશાયાહ, યિર્મેયાહ, હોશીઆ, વગેરે. ત્રણ પ્રશ્નોના ઉત્તર એ મથાળામાંથી મળી રહે છે: (૧) આમોસ કોણ હતો? (૨) કયા રાષ્ટ્ર કે કઈ દેશજાતિ સંબંધી તેણે પ્રબોધ કર્યો? (૩) કયે સમયે તેણે પ્રબોધ કર્યો?

આમોસે પ્રબોધ કર્યો પાલેસ્ટાઈનના ઉત્તર ભાગના રાજયમાં એટલે ઈસ્રાએલ રાજયમાં, પરંતુ તે પ્રજાજન હતો દક્ષિણના રાજયનો એટલે યહુદાહ રાજયનો. તે તકોઆ ગામનો રહેવાસી હતો. તકોઆ એક નાનકડું ગામ હતું; યરૂશાલેમથી દશબાર માઈલ દક્ષિણે, ને બેથલેહેમથી પાંચ છ માઈલ દક્ષિણે તે આવેલું હતું. હાલ તે 'તેકુ' નામે ઓળખાય છે. તે સમુદ્રસપાટીથી ૩૦૦૦ ફૂટની ઊંચાઈએ ખડક પર વસાવેલું હતું. એ નામ કેવળ ગામનું હતું (૨ શમ. ૧૪; ૨; ૨ કાળ. ૧૧; ૫, ૬) એમ નહિ, પરંતુ એ નામનું અરણ્ય પણ હતું (૨ કાળ. ૨૦; ૨૦) જે પૂર્વમાં મૃત સમુદ્ર સુધી વિસ્તરેલું હતું. ગામની ત્રણ બાજુએ ટેકરીઓ, અને પૂર્વે મૃત સમુદ્ર આવેલો છે. 'તકોઆ' શબ્દનો અર્થ થાય છે 'રણશિંગડાનો ફૂંકાર.'

આમોસ વિષે ૭; ૧૦-૧૭ પરથી જે જાણવાનું મળે છે તે વગર બીજું કંઈ ખાસ આ પુસ્તકમાં કે અન્યત્ર જાણવાનું મળતું નથી. તે તકોઆ ગામમાં રહેતો હશે ખરો, તથાપિ તેનો કામધંધો તો વનવગડામાં જ હતો, જયાં પોતાનાં ઘેટાંબકરાં તથા અન્ય ઢોરઢાંખર તે સાચવતો હતો. જે ગુલરવૃક્ષો તે સોરતો હતો (૭; ૧૪) તે પણ ગામની નજીક નહિ, પરંતુ મૃત સમુદ્રની નજીક ઊગેલાં હતાં ને ઊગતાં હતાં. તે એવા કામકાજમાં રોકાયેલો હતો એ દરમિયાન સિયોનમાંથી યાહવેહે સિંહની માફક ગરજીને પ્રબોધસેવા બજાવવા માટે તેનું તેડું કર્યું.

પોતાના લોકની સેવા કરવા માટે ઈશ્વર ગમે તે પાત્રને પસંદ કરે છે. સેવાનો પ્રકાર-સંસ્થાપન કરવાનો, કે શાસન ફરમાવવાનો-ગમે તે હોય; પરંતુ તે બજાવવા હરકોઈ પાત્રને પસંદ કરવા માટે ઈશ્વર મુક્ત

છેઃ "ઈશ્વરે જ્ઞાનીઓને શરમાવવા સારૂ જગતના મૂર્ખોને પસંદ કર્યાં છે" (૧ કોર. ૧; ૨૬-૨૯). યશાયાહ અને દાનીયેલ જેવા રાજદરબારીઓને જે પવિત્રાત્માએ પ્રેરણા કરી હતી તેણે જ આ ગામડીઆને, ગોવાળને પણ કરી હતી. તેથી ઈશ્વરથી તેડું પામ્યા પહેલાં તેમનું સ્થાન સમાજમાં કે જગતમાં ગમે તેવું હોય, તોપણ ઈશ્વરથી તેમનું તેડું થયેલું હોવાથી તેઓનું સન્માન રાખવું એ તેમની સેવા પામનારાંની ફરજ બને છે (૧ કોરીંથી ૧૬; ૧૦, ૧૧, ૧૮).

આમોસની પ્રબોધસેવાનો સમય ઈ. સ. પૂ. ૭૬૫-૭૪૦ વચ્ચેનો છે. એ સમયે દક્ષિણમાં યહુદાહના રાજા ઉઝીયાહની કારકીર્દિ (૨ રાજા ૧૫; ૧-૭. ૨ કાળ. ૨૬) અને ઉત્તરમાં ઈસ્રાએલના રાજા (યહોઆશ કે) યોઆશ (૨ રાજા ૧૩)ના દીકરા યરોબઆમ બીજાની કારકિર્દી (૨ રાજા ૧૩; ૧૩: ૧૪; ૨૩-૨૯) ચાલતી હતી (યોઆશ =યાહ પૂરું પાડે છે). ઉઝીયાહ (=મારું સામર્થ્ય 'યાહ' છે)નું બીજું નામ અઝાર્યાહ (=યાહે મદદ કરી છે) છે, જે "રાજાઓ"ના પુસ્તકમાં વપરાયેલું છે. એ જ પુસ્તકમાં ઉઝીયાહ નામ પણ મળે છે (૨ રાજા ૧૫; ૧૩, ૩૦). ઉઝીયાહે ઈ. સ. પૂ. ૭૮૯-૭૪૦ સુધી, અને યરોબઆમ (= લોકોમાં વસ્તીવધારો થવા દો) બીજાએ ઈ. સ. પૂ. ૭૮૨-૭૪૩ સુધી રાજ કર્યું. યહુદાહને માટે તેમ જ ઈસ્રાએલને માટે આ સમય ભરપૂર આબાદીનો હતો (જુઓ પ્રસ્તાવના પૃ. ૨૭-૩૦). એ ઉઝીયાહના મરણની સાલે યશાયાહને સંદર્શન થયું હતું (યશ. ૬; ૧).

આમોસની પ્રબોધસેવાનો સમય વધુ ચોકસ રીતે બતાવવા માટે કહેવામાં આવ્યું છે, કે ધરતીકંપ થયો તે પહેલાં બે વર્ષ અગાઉ. મૃત સમુદ્રની આજુબાજુનો પ્રદેશ જ્વાળામુખીનો પ્રદેશ હોવાથી એ વિસ્તારમાં તેમ જ આખા પાલેસ્ટાઇનમાં પણ અવારનવાર ધરતીકંપો થતા હતા, તથાપિ આ પુસ્તકમાં જે ધરતીકંપનો ઉલ્લેખ કરેલો છે તે એટલો બધો સખત ને તારાજી કરનાર હોવાનો સંભવ છે કે ઘણાં સૈકાં પછી પણ તેનું સ્મરણ કરવામાં આવેલું છે (ઝખ. ૧૪; ૫). યોસેફસ (યહૂદી ઈતિહાસકાર)ના કહેવા પ્રમાણે ઉઝીયાહ રાજાને કપાળે કોઢ ફૂટી નીકળ્યો તે વખતે (૨ કાળ. ૨૬; ૧૬-૨૧) આ ધરતીકંપ થયો હતો. આમોસના સમય પછી ઘણાં સૈકાં બાદ પાલેસ્ટાઈનમાં થયેલા એક ભૂકંપે દશ હજાર જેટલાં માનવીઓનો ભોગ લીધો હતો. એવો જ કે એ કરતાં

પણ વધારે આફતકારક આ કલમમાં ઉલ્લેખાયેલો આંચકો હશે. એ ભૂકંપ ક્યારે થયો એ જો ચોકસાઇથી જાણી શકાય, તો આમોસની પ્રબોધસેવા એ ભૂકંપની "બે વરસ અગાઉ" મૂકી શકાય. પુસ્તકમાં અન્યત્ર જે તારાજીની વાત આવે છે (૪; ૧૧) તેમાં આ ભૂકંપનો નિર્દેશ સમજવાનો હશે કે કેમ? સમયને લગતી વાત ગમે તે હોય, તો પણ એ ભૂકંપે પ્રબોધ કરવાની ઉત્તેજના આમોસને આપી એમ તો નથી જ, કારણ કે એ તો "ધરતીકંપ થયો તે પહેલાં બે વર્ષ અગાઉ"ની વાત છે.

આમોસને 'વચન' કેવી રીતે પ્રાપ્ત થયાં એ વિષે કશું કહેવામાં આવેલું નથી. કેવળ "પ્રાપ્ત થયાં" એટલું જ કહેવામાં આવ્યું છે. પ્રાપ્ત થયાં માટે વપરાયેલો મૂળ ભાષાનો શબ્દ 'ચાઝાહ' છે, જે પ્રબોધકની ખાસ દૃષ્ટિએ "દર્શન પામવા" માટે વપરાતો ખાસ શબ્દ છે (ગણના ૨૪; ૪, ૧૬: યશા. ૩૦; ૧૦: હબા. ૧૨; ૨૭).

ધરતીકંપનું જોખમ જેમના પર તોળાઈ રહ્યું હતું તેમના સંબંધમાં આમોસ ઈશ્વરનું વચન ઉચ્ચારે છે. ધરતીકંપ ઉથલપાથલ કરનાર, તારાજી કરનાર, મહા આફત સર્જનાર કુદરતી હોનારત છે (યશા. ૫; ૨૫). તેની આગળ કશું સ્થિર કે અડગ રહી શકતું નથી. તેથી ધરતીકંપના જોખમમાં જીવતાં સર્વ સ્થળ તથા સમયનાં માણસોને પણ એ લાગુ પડે છે. આમોસ આજે આપણને પણ એ વચનો સંભળાવી રહ્યો છે. પૃથ્વી કંપાયમાન છે, લોકો ધ્રૂજે છે, રાજ્યાસનો ડગમગે છે, સરકારો આવે છે ને જાય છે, રાષ્ટ્રોની ચઢતીપડતી થયા કરે છે. ગઈ કાલે જે મહત્ત્વનું ગણાતું હતું તે આજે એવું રહ્યું નથી, અને આવતી કાલે વળી બીજું જ કંઈ મહત્ત્વનું ગણાશે. રિવાજો, વિચારસરણી, સમાજવ્યવસ્થા એ સર્વ ક્રાંતિ અનુભવે છે, અને એનું સ્થાન અન્ય રિવાજો, વિચારસરણી ને વ્યવસ્થા લે છે. પરંતુ ન્યાય તે ન્યાય જ રહે છે, અને અન્યાય તે અન્યાય જ રહે છે; ભલું તે ભલું જ, અને અનિષ્ટ તે અનિષ્ટ જ રહે છે; સત્ય તે સત્ય જ, અને અસત્ય તે અસત્ય જ રહે છે; કારણ કે ઈશ્વર તે ઈશ્વર જ રહે છે. તે અફર ધોરણોએ રાજ કરતો રહે છે, અને ન્યાયને તે કદી જમીનદોસ્ત થવા દેતો નથી. જે નૈતિક ધોરણે ઈશ્વર જગતનું સંચાલન કરે છે તે અફર, અડગ રહે છે (ગીત ૭૭; ૨૯ : ૯૯; ૪).

**પ્રાસ્તાવિક નિવેદન (૧; ૨)**

**તેણે કહ્યું, યાહવેહ સિયોનમાંથી ગર્જના કરશે, યરૂશાલેમમાંથી ઘાંટો પાડશે; અને ભરવાડોનાં ગૌચરો શોકાતુર થશે, ને કાર્મેલનું શિખર કરમાઇ જશે.**

આમોસની પ્રબોધવાણીની પ્રસ્તાવનારૂપ આ કલમ છે; મૂળ ભાષામાં આ કલમ બે લીટીમાં પદ્યરૂપે ગોઠવેલી છે. આખા પુસ્તકનો મુખ્ય સૂર ન્યાયશાસન છે, જે આ કલમ પરથી જ માલૂમ પડી જાય છે. યિર્મેયાહ અને યોએલ બન્ને પ્રબોધકો આ કલમના પૂર્વાર્ધનો ઉલ્લેખ કરે છે (યિર્મે. ૨૫; ૩૦; યોએલ ૩; ૧૬). હેબ્રી પ્રબોધકોને ગુપ્તમાં (દૃષ્ટિથી કે શ્રવણથી) જે પ્રાપ્ત થતું તે તેઓ આવી રીતે જાહેરમાં પ્રગટ કરતા હતા.

પ્રબોધક યાહવેહને સિંહની સાથે સરખાવે છે. શિકાર પર ત્રાટક્યા પહેલાં સિંહ ગર્જના કરે છે, જે શિકારને માટે ચેતવણીરૂપ હોય છે. યાહવેહ પણ અધર્મી રાષ્ટ્રો પર અને ઈસ્રાએલ પર નજીકના ભવિષ્યમાં ન્યાયશાસન લાવ્યા પહેલાં પ્રબોધક દ્વારા તેમને સાવધ કરે છે, ચેતવણી આપે છે. ન્યાયશાસનની ચેતવણીને સિંહની ગર્જના સાથે સરખાવેલી છે (યિર્મે. ૨૫; ૩૬-૩૮). યાહવેહની ગર્જનાના પરિણામે (ગીત. ૨૯) જો કાર્મેલના શિખર પરની ફળદ્રુપતા પણ ઉજ્જડ બની જશે તો બીજો પ્રદેશ ટકી રહે જ શી રીતે (૩; ૮: યશા. ૩૧; ૪: ૩૩; ૯: હોશીઆ ૧૧; ૧૦ : ૧૩; ૭, ૮)? તેથી ચેતવણી પામ્યા પછી ચેતવણી પામનાર રાષ્ટ્રોએ પોતાને માટે પશ્ચાત્તાપ કરવાનો સમય જ આવેલો સમજી લેવાનો છે. શિકાર પર તરાપ માર્યા પહેલાં સિંહ જે ગર્જના કરે છે તેને માટે હીબ્રુ ભાષામાં વપરાતો શબ્દ જ (શા'આગ) અહીં પણ વપરાયેલો છે.

હિઝકીયાહ રાજા (૨ રાજા ૧૮-૨૦: ૨ કાળ. ૨૯-૩૨)ના તેમજ યોશીયાહ રાજા (૨ રાજા ૨૨, ૨૩ : ૨ કાળ. ૩૪, ૩૫)ના સમયમાં થયેલી ધર્મસુધારણાઓ પછી વેદીઓ ને ઉચ્ચસ્થાનો નાબૂદ કરાયાં હતાં, અને સિયોન તથા યરૂશાલેમ જ યાહવેહનાં નિવાસસ્થાન મનાતાં હતાં. પરંતુ એ ધર્મસુધારણાઓની અસર વીતી ગયા પછી યરૂશાલેમ ઉપરાંત અન્ય સ્થળે પણ લોકો યાહવેહનું ભજન કરતા થયા હતા. ઈસ્રાએલ લોકો (ઉત્તરનું રાજ્ય) બેથેલમાં તેમજ અન્ય સ્થળે ૧ રાજા ૧૨; ૨૯ : ૧૩; ૩) ભજન કરતા હતા. છતાં આમોસ સ્પષ્ટ રીતે

જણાવે છે કે યાહવેહના નિવાસસ્થાન તરીકે મનાતું સિયોન પહાડ પર બંધાયેલું યરૂશાલેમ જયાં દયાસન હતું, ત્યાંથી જ યાહવેહની ગર્જના બહાર પડે છે. યાહવેહ ગર્જના કરે છે, તો સર્વ લોકોએ તે સાંભળવી જ રહી.

કાર્મેલ એ ભૂમધ્ય સમુદ્રના કિનારા પર હાલના હાઈફાની દક્ષિણે આવેલી ટેકરીઓની હારમાળા હતી. કાર્મેલનો અર્થ 'બગીચો' થાય છે. ઉત્તર પાલેસ્ટાઈનમાં એ સૌથી વધારે ફળદ્રુપ હોય છે, કારણ કે એ હમેશાં ઘટ્ટ ઝાકળથી આચ્છાદિત રહે છે. આજે પણ એ સ્થળ બગીચા જેવું જ છે (૯; ૩: યશા. ૩૩; ૯ : ૩૫; ૨: મીખાહ ૭; ૧૪: નાહૂમ ૧; ૪). એ બગીચા જેવું કાર્મેલનું શિખર જે ઘેટાંબકરાંને માટે તેમજ અન્ય ઢોરને માટે લીલુંછમ ગૌચર હતું તેમજ જયાં જાતજાતનાં ફૂલો થતાં હતાં તે પણ આવનાર આફતમાં જો ભરખાઈ જશે, તો અન્ય પ્રદેશની તો આશા જ શી રખાય ? (વધુ માટે જુઓ ૯; ૩)

**ઈસ્રાએલની આજુબાજુનાં રાષ્ટ્રો સામે ધમકીવચનો** (૧; ૩–૨;૫)

યહુદાહ રાજયને (૨; ૪, ૫) બાદ કરતાં બાકીનાં જે રાષ્ટ્રોને (૧; ૩–૨; ૩) આમોસ યાહવેહના નામે ધમકીવચન સંભળાવે છે તે દરેકના સંબંધમાં આમોસ પરદેશી માણસ હતો. એ રાષ્ટ્રોની સાથે આમોસને કંઈ લાગતુંવળગતું નહોતું. અદોમને માટે કે અન્ય કોઈ રાષ્ટ્રને માટે કોઈ અદોમવાસીને જ કે લાગતાવળગતા રાષ્ટ્રના નાગરિકને જ ઊભો કરવો જોઈએ એવા કોઈ નિયમથી યાહવેહ બંધાયેલો નથી. યાહવેહ તો અદલ ન્યાયી દેવ, સર્વ દેશજાતિઓનો ઈશ્વર તથા માલિક છે (૯; ૭, ૮), તેથી "તકોઆના ગોવાળોમાંના એકને" ઊભો કરીને તેની મારફતે તે પોતાનો ન્યાયશાસનનો સંદેશો જાહેર કરે છે. ઈશ્વરનો સંદેશો પ્રગટ કરવા માટે કોઈ પાર્થિવ લાયકાત કે સામાજિક સ્થાન કે કોઈ ખાસ દેશના નાગરિક હકની અનિવાર્ય જરૂર હોતી નથી. ઈશ્વરનું તેડું જો કોઈને મળ્યું હોય તો તેટલું જ પૂરતું છે. ઈશ્વરનો ન્યાય સર્વ દેશોને માટે અને સર્વ જનોને માટે એકસરખો અને એક ધોરણસર છે. નીતિનાં ધોરણો વ્યક્તિને માટે, સમાજને માટે કે દેશજાતિને માટે એકસરખાં જ છે. તેમ છતાં ઈશ્વર દયાળુ છે, પ્રેમી છે. તેથી ન્યાય-શાસનનો અમલ કર્યાં પહેલાં તે પોતાના સેવક આમોસ દ્વારા ગુનેગાર રાષ્ટ્રોને ચેતવણી આપે છે. ન્યાયશાસનનો જે સંદેશો આમોસ જાહેર

કરે છે તે પોતા તરફથી નહિ, પરંતુ યાહવેહ તરફથી છે એ બતાવવા માટે "યાહવેહ કહે છેઃ " એવા શબ્દો તેણે વારંવાર વાપરેલા છે (૧; ૩, ૬, ૯, ૧૧, ૧૩: ૨; ૧, ૪, ૬). દરેક રાષ્ટ્રનું વર્ણન એકસરખી રીતે કરવામાં આવ્યું છે, તોપણ દરેકનો ગુનો ને દરેકને થનાર શિક્ષા સ્પષ્ટ રીતે દર્શાવેલાં છે.

(અ) દમસ્ક સામે (૧; ૩–૫)

**યાહવેહ કહે છે : દમસ્કના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે તેઓએ ગિલઆદને લોઢાના ઝૂડિયાથી ઝૂડયો છે; ૪ પણ હું હઝાએલના ઘરમાં અગ્નિ મોકલીશ, ને તે બેન-હદાદના મહેલોને ભસ્મ કરી નાખશે. ૫ વળી હું દમસ્કની ભૂંગળ તોડી નાખીશ, ને આવેનની ખીણમાંથી તેના રહેવાસીઓને, ને બેથ-એદેનમાંથી રાજદંડ ધારણ કરનારને નષ્ટ કરીશ; અને આરામના લોકો કીરમાં ગુલામગીરીમાં જશે, એમ યાહવેહ કહે છે.**

દમસ્ક એ સિરિયા (અરામ) દેશનું પાટનગર છે (યશા. ૭; ૮). જૂના કરારમાં આખો દેશ પણ ઘણીવાર એ જ નામથી સમજવાનો હોય છે. અહીં પણ આખું રાષ્ટ્ર સુચવાયેલું છે. એ ઈસ્રાએલ રાજયની ઈશાન દિશાએ આવેલું હતું. પાલેસ્ટાઈનમાં પ્રવેશવા માટે ઉત્તર તરફથી આવતા આશ્શૂરી લોકને દમસ્કમાં થઈને જ જવું પડે. દમસ્ક એ દુનિયાનું સૌથી પ્રાચીન ગણાતું શહેર છે. આરબોના મનથી એ દુનિયાના બગીચા સમાન છે. એના સંબંધી અનેક ઐતિહાસિક વિગતો જાણવાજોગ છે (૨ શમ. ૮; ૬: ૧ કાળ. ૧૮; ૬: ૧ રાજા ૧૧; ૨૪: ૨ રાજા ૮; ૭ : ૧૪; ૨૮ : ૧૬; ૯, ૧૦); એના સંબંધી અન્ય આગાહીઓ પણ મળે છે (યશા. ૮; ૪ : ૧૭; ૧: યિર્મે. ૪૯; ૨૩: હઝ. ૨૭; ૧૮).

**...ના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ.** આવું દરેક ગુનેગાર રાષ્ટ્રને માટે કહેવામાં આવેલું છે (૧; ૩, ૬, ૯, ૧૧, ૧૩: ૨; ૧, ૪, ૬). અચોકસ સંખ્યા દર્શાવવા માટે હીબ્રુ ભાષામાં એવું કહેવાની રીત હતી (ની. વ. ૩૦; ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૧, ૨૩, ૨૯–૩૧). અન્ય રીતો પણ હતી (૨ રાજા ૧૩; ૧૯: અયૂબ ૫; ૧૯: ગીત. ૬૨; ૧૧: ની. વ. ૬; ૧૬: યશા. ૧૭; ૬: યિર્મે. ૩૬; ૨૩: હો. ૬; ૨: મીખ. ૫; ૫). આમોસ જાણે આમ કહેવા માગે છે, કે આ રાષ્ટ્રોના ગુના એક પછી એક એટલા બધી વધી રહ્યા છે (ત્રણ, હા, ચાર, પાંચ,

૭ એમ ગણ્યે રાખીએ તો ય પાર ન આવે એટલા બધા) કે તેમનો વિનાશ કરવાનો યાહવેહનો ઈરાદો હવે અફર થઈ ગયો છે.

'ગુના'ને માટે વપરાયેલો હીબ્રુ શબ્દ 'પેશા' છે, જેનો મૂળ અર્થ 'બંડ' કે 'બળવો' (૧ રાજા ૧૨; ૧૯) થાય છે. હેબ્રી પ્રબોધકોની દૃષ્ટિએ ગુનો કે પાપ એ કોઈ નીતિનિયમનો ભંગ (ગ્રીકમાં 'આદિકિયા') જે માણસોની સામે કરેલો અપરાધ છે એટલું જ હતું એમ નહિ, પરંતુ એથી વિશેષ પણ હતું, એટલે ઈશ્વર સામે કરેલું બંડ (ગ્રીકમાં 'આસેબૈયા') પણ હતું.

વળી મૂળ હીબ્રુ ભાષામાં અહીં 'શિક્ષા' શબ્દ નથી, જોકે સમજવાનું તો એ જ છે. હેબ્રી રૂઢિમાં "પાપ" અને તેના "પરિણામ" માટે એક જ શબ્દ છે. દા. ત. હીબ્રુ શબ્દ 'આવોન'નો તરજુમો 'પાપ' (યિર્મે. ૧૧; ૧૦ અને અનેક ઠેકાણે), તેમ જ 'સજા' કે 'શિક્ષા' (ઉત્પત્તિ ૪; ૧૩) પણ કરેલો છે; કારણ કે હેબ્રી વિચારસરણીમાં પાપ અને તેનું પરિણામ બન્ને મળીને એક એકમ બને છે. આમોસની કહેવાની મતલબ આ છે: પાપ તેનું કુદરતી પરિણામ લાવશે જ, અને યાહવેહ તેમાં વચ્ચે પડશે નહિ.

દમસ્કના ગુનાઓ કયા ને કેવા પ્રકારના હતા? તેઓએ ગિલઆદને લોઢાના ઝૂડિયાથી ઝૂડચો છે. આ શબ્દો નિર્દયતા સહિતનાં વારંવાર કરેલાં આક્રમણો સૂચવે છે (યશ. ૪૧; ૧૫).

ગિલઆદ એ લાબાન અને યાકૂબ વચ્ચે ઠરાવવામાં આવેલી હદનો પ્રદેશ (ઉત્પત્તિ ૩૧; ૪૪–૪૭) છે, જે યર્દન નદીની પૂર્વે ને આમ્મોનની ઉત્તરે આવેલો છે. રેઉબેન, ગાદ અને મનાસ્સેહ કૂળોનો હિસ્સો (ગણના ૩૨). એ પાછળથી 'પેરીઆ' તરીકે ઓળખાતો થયો. ગિલઆદના યિફતાહે આમ્મોનીઓનો પરાજય કર્યો હતો (ન્યાય. ૧૦; ૧૭–૧૧; ૪૦). આ ગિલઆદમાંનું રામોથ નગર ઈસ્રાએલ અને સિરિયા (અરામ)ની વચ્ચે લાંબા સમય સુધી ઝઘડાનું કારણ બની રહ્યું હતું (૧ રાજા ૨૨; ૩). તે ઈસ્રાએલ હસ્તક થયું હતું; પરંતુ માંહોમાંહેના ઝઘડાઓને કારણે ઈસ્રાએલ જ્યારે નબળી દશામાં હતું ત્યારે ઈસ્રાએલના રાજા યેહૂ (=યાહવેહ એ છે) ના સમયમાં (૧ રાજા ૧૯; ૧૬: ૨ રાજા ૯, ૧૦) અરામના રાજા હઝાએલે (ઈ. સ. પૂ. ૮૪૫ ના અરસામાં) ગિલઆદ (=મજબૂત, ખરબચડો પ્રદેશ) પર તેમ જ ઇસ્રાએલ રાજ્યના પૂર્વ તરફના કેટલાએક ભાગો પર

આક્રમણ કરીને ઈસ્રાએલ પર ત્રાસ વર્તાવ્યો (૨ રાજા ૮; ૭-૧૫ : ૯; ૧૪, ૧૫: ૧૦; ૩૨, ૩૩ : ૧૨; ૧૭ : ૧૩; ૨૨). વળી યેહૂના સમકાલીન યહુદાહના રાજા યહોઆશના સમયમાં તો હઝાએલ (=ઈશ્વર જુએ છે) ઈસ્રાએલના મુલકમાં થઈને પલિસ્તીઓનું ગાથ નગર જીતવા નીકળ્યો હતો, અને યહોઆશે તેને મોટી ભેટ આપી નહિ હોત તો તે યરૂશાલેમ પણ જીતી લેત (૨ રાજા ૧૨; ૧૭, ૧૮). ત્યારપછી હઝાએલનો વારસ પુત્ર બેનહદાદ (=હદાદનો પુત્ર) ત્રીજો પણ હઝાએલના જેવો જ જૂલમી નીકળ્યો. તેણે પણ ઈસ્રાએલ પર વારંવાર સીતમ ગુજાર્યો હતો (૨ રાજા ૧૩; ૧-૭, ૨૪, ૨૫). પરંતુ એ પછી આશ્શૂરે હઝાએલના દેશ પર આક્રમણ કરી તેને નબળો બનાવી દીધો. એ નબળાઇનો લાભ મળતાં ઈસ્રાએલે અરામ (સિરિયા) પર આક્રમણ કર્યું (૨ રાજા ૧૩; ૨૫: ૧૪; ૨૮).

**૧; ૪ હું...અગ્નિ મોકલીશ, ને તે...ભસ્મ કરી નાખશે:** ગુનાઓની શિક્ષા તરીકે મોકલવામાં આવનાર અગ્નિ તે યુદ્ધનો વિનાશક અગ્નિ છે. તેથી યુદ્ધની સંજ્ઞા તરીકે 'અગ્નિ' શબ્દ સમજવાનો છે (યિર્મે. ૧૭; ૨૭ : ૨૧; ૧૪ : ૪૯; ૨૭ : ૫૦; ૩૨; હોશીઆ ૮; ૧૪). અને આશ્શૂરીઓ યુદ્ધમાં આગ લગાડવાની ખાસિયત ધરાવતા, તેથી આશ્શૂરનું આક્રમણ સમજવાનું છે.

**૧; ૫ હું દમસ્કની ભૂંગળ તોડી નાખીશ:** પ્રાચીન કાળે શહેરની સલામતી માટે લોખંડી કે પિત્તળની ભૂંગળોથી દરવાજા બંધ કરવામાં આવતા (પુન. ૩; ૫: ૧ રાજા ૪; ૧૩: યશા. ૪૫; ૨). એ તોડી નાખવામાં શત્રુના પ્રવેશને માટે તેને ખુલ્લું કરી દેવાનું સૂચન રહેલું છે.

**આવેનની ખીણ:** સિરિયામાં આવેલ ખુલ્લો, વિશાળ ફળદ્રુપ પ્રદેશ. હીબ્રુ શબ્દ 'આવેન' (=આફત, દુષ્ટતા)માં સ્વરોનો ફેરફાર કરીને સપ્તતિ 'ઓન' વાંચે છે, જેનો અર્થ 'ધન' થઈ શકે છે (અયૂબ ૨૦; ૧૦: હો. ૧૨; ૮); અને સપ્તતિ વાચન કદાચ વધારે ખરું પણ હોય. સપ્તતિના વાચન પ્રમાણે 'ધનપ્રદેશ' તરજુમો થઇ શકે. એને 'વ્યર્થતાની ખીણ' પણ કહેવામાં આવેલી છે (હો. ૪; ૧૫ : ૫; ૮) જ્યાં પુષ્કળ મંદિરો હતાં, ને સૂર્યપૂજા કરવામાં આવતી હતી. ત્યાં ભ્રષ્ટાચાર પણ પુષ્કળ હતો.

**બેથ-એદેન** (=એદનનું ઘર અર્થાત્ મોજમજાહનું ઘર): સિરિયા રાજ્યની કોઈ વસાહતનું વડું મથક. સિરિયાની સરહદ પર 'એદેન' નામનો નાનકડો દેશ પણ હતો (૨ રાજા ૧૯; ૧૨; હઝ. ૨૭; ૨૩).

**રાજદંડ ધારણ કરનાર:** રાજ્યપાલ જેવો અધિકારી. તે 'રાજા' પણ કહેવાતો. અરામી રાજ્યમાં એવા અનેક તાબેદાર 'રાજાઓ' હતા (૧ રાજા ૨૦; ૧, ૧૬).

**કીર:** દમસ્કમાં વસતા અરામીઓનું મૂળ રહેઠાણ. યાહવેહ જેમ ઈસ્રાએલપુત્રોને મિસર દેશમાંથી પાલેસ્ટાઈનમાં લાવ્યો હતો તેમ અરામીઓને (અરામી=ઊંચાઈ) તે કીરમાંથી લાવ્યો હતો (૯; ૭). કીર (=કોટ, કિલ્લો) છેક ઉત્તરમાં આવેલો દેશ હોવા સંભવ છે, તથાપિ એના ચોક્કસ સ્થાન વિષે કશું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી. તેના રહેવાસીઓ લડવૈયા હતા (યશા. ૨૨; ૬). આ અરામીઓને તેમના રહેઠાણના દેશમાંથી તેમના મૂળ દેશમાં હાંકી કાઢવામાં આવશે, પરંતુ એક પરદેશી સત્તાના બંદીવાનો તરીકે તેઓ ત્યાં જશે. દમસ્કના રાજ્યની સામે આશ્શૂરનાં બળવાન લશ્કરોને મોકલનાર ઈસ્રાએલનો દેવ છે એ વાત પર આમોસ ધ્યાન ખેંચે છે. તિગ્લાથ-પિલેસેર ત્રીજો દમસ્કને પરાજય આપીને (ઈ. સ. પૂ. ૭૩૨) અરામીઓને પોતાના દેશના કોઈક પ્રદેશમાં બંદીવાન તરીકે લઈ ગયો. તેઓને તે કીરમાં લઈ ગયો એવું ૨ રા. ૧૬; ૯ પરથી માલૂમ પડે છે; પરંતુ સપ્તતિમાં આ કલમ મળતી નથી. તેથી આમોસની આ કલમને (૧; ૫) આધારે પાછળથી એ કલમ (૨ રા. ૧૬; ૯) દાખલ કરાયેલી હોવા સંભવ છે. "જે ખાડો ખોદે તે પોતે તેમાં પડશે" (ની. વ. ૨૬; ૨૭) એ હેબ્રી કહેવત અહીં ખરી પડેલી માલૂમ પડે છે. શિક્ષાનો પ્રથમ ફટકો રાજમહેલો પર પડવાનો છે (૧; ૪), સલામતીનાં સાધનો નકામાં થઈ જવાનાં છે (૧; ૫). ઈસ્રાએલ રાજ્ય નબળું પડ્યું ત્યારે સિરિયાએ તેના પર આક્રમણ કરીને તેને વધારે નબળું કર્યું; અને આશ્શૂરે સિરિયા પર આક્રમણ કરીને તેને કમજોર કર્યું ત્યારે એ સ્થિતિનો લાભ ઉઠાવીને ઈસ્રાએલે તેના પર ચઢાઈ કરી, જેથી તે વધારે કમતાકાત થયું. પરિણામે, આશ્શૂરે ફરી આક્રમણ કર્યું ત્યારે સિરિયાનો પરાજય થયો. ઈસ્રાએલની નબળાઈનો લાભ સિરિયાએ શરુઆતે નહિ લીધો હોત, તો સિરિયા અને પાલેસ્ટાઈન પર આશ્શૂરે આક્રમણ કર્યું ત્યારે અરામીઓ અને ઇસ્રાએલીઓ સફળતાથી તેનો સામનો કરી શક્યા હોત.

(આ) પલિસ્તિયા સામે (૧; ૬–૮); (ઇ) તૂર સામે (૧; ૯, ૧૦)

**૬ યાહવેહ કહે છે: ગાઝાના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે અદોમને સોંપી દેવા સારુ તેઓ આખી પ્રજાને ગુલામ કરીને લઇ ગયા; ૭ પણ હું ગાઝાના કોટ પર અગ્નિ મોકલીશ, ને તે તેના મહેલોને ભસ્મ કરશે; ૮ હું આશ્દોદમાંથી રહેવાસીઓનો ને આશ્કલોનમાંથી રાજદંડ ધારણ કરનારનો સંહાર કરીશ; પ્રભુ યાહવેહ કહે છે, કે હું મારો હાથ એક્રોનની વિરુદ્ધ ફેરવીશ, ને બાકી રહેલા પલિસ્તીઓ નાશ પામશે.**

**૯ યાહવેહ કહે છે: તૂરના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે તેઓએ ભાઇબંધીનો કરાર યાદ ન રાખતાં આખી પ્રજા અદોમને સોંપી દીધી; ૧૦ પણ હું તૂરના કોટ પર અગ્નિ મોકલીશ, ને તે તેના મહેલોને ભસ્મ કરી નાખશે.**

આ બન્ને દેશજાતિઓ (પલિસ્તી અને ફેનીકી)નું પાપ એક જ પ્રકારનું હોવાથી બન્ને ફકરા સાથે વિચારી શકાય. માણસોને ગુલામ બનાવવાં કે ગુલામ તરીકે તેમને રાખવાં એ પ્રાચીન સમયે કેવળ સાધારણ ગણાતી બાબત હતી, તેથી અહીં જે પાપનો ઉલ્લેખ કરેલો છે (કલમ ૬, ૯) તે એ સાધારણ થઈ પડેલી વાત ન હતી. ખરું જોતાં, ગુલામ બનાવવા કે રાખવા એ તે સમયે પાપ જેવું ગણાતું જ નહોતું. ઈબ્રાહીમ જેવો ભક્ત જન અને અન્ય સજ્જન ગણાતા માણસો પણ ગુલામો રાખતા. અને કોઈ યાજકે કે પ્રબોધકે એ રિવાજની સામે કદી કંઈ વિરોધ કર્યો હોય એવો કશો સ્પષ્ટ ઉલ્લેખ જૂના કરારમાં મળતો નથી. નવા કરારના શિક્ષણનો ભાવ તો ગુલામીની પ્રથા સામે છે જ, તથાપિ એની સામે સીધો પ્રહાર કરતું ખ્રિસ્તનું પણ કોઈ વચન નવા કરારમાં મળતું નથી. પ્રાચીન ખ્રિસ્તી મંડળીમાં અનેક ખ્રિસ્તી ભાઈઓ ગુલામો રાખતા. ફિલેમોનનો ગુલામ નાસી ગયો ને પાઊલને મળ્યો ત્યારે પાઊલે તેને તેના માલિક પાસે પાછો મોકલ્યો, એવો ઉલ્લેખ મળે છે (ફિલ. ૧૦–૧૨). ગુલામો બનાવવા કે રાખવા એ પાપ છે એ સમજ ખ્રિસ્તના આત્માના પ્રકાશથી આજે તો સૌ કોઇ ધરાવે છે. પ્રભુ ઇસુએ કહ્યું હતું તે પ્રમાણે પવિત્રાત્મા સર્વ સત્ય એકસામટું પ્રગટ કરી દેતો નથી, પણ માણસોની સમજશક્તિ ધ્યાનમાં લઈને રફતે રફતે તે પ્રગટ કરે છે (યોહાન ૧૬; ૧૨–૧૫). તેથી અહીં આગળ આમોસ ગુલામ કરવાના

ગુનાને પ્રથા તરીકે વખોડી કાઢે છે એમ સમજવાનું નહિ હોવા છતાં આ બે દેશજાતિઓના ગુનાને તે મહા ભયંકર પાપ લેખે છે.

ગુલામો વેચવા કે ખરીદવા એ ગુનો છે એવો સ્પષ્ટ નિર્દેશ નિયમ-શાસ્ત્રમાં કોઈ ઠેકાણે મળતો નથી. જો ગુલામો રાખી શકાતા હોય, તો તેમને વેચવા કે ખરીદવા એ પણ સ્વાભાવિક જ લેખાય. પ્રાચીન સમયે ગુલામોનો વ્યાપાર ધીકતા ધંધા જેવો હતો. અદોમ (યહુદાહ રાષ્ટ્રની દક્ષિણે આવેલો મુલક)ના લોકો ઈશ્માએલી અને મિદ્યાની લોકોની પેઠે (ઉત. ૩૭; ૨૭–૩૬) ગુલામોનો વ્યાપાર કરનારા માલૂમ પડે છે. તેઓ એસાવના વંશજો હતા (ઉત. ૩૬). તેઓ અરબસ્તાન અને મિસરની નજદીક રહેનાર હોવાથી પાલેસ્ટાઈનમાંથી ગુલામો ખરીદી એ દેશોને વેચતા. અદોમીઓને ગુલામો પૂરા પાડનાર લોક મુખ્યત્વે કરીને પલિસ્તીઓ અને ફેનીકીઓ હતા (યોએલ ૩; ૪–૬: હઝ. ૨૭; ૧૩). આમોસના સમયમાં મુખ્યત્વે કરીને અદોમીઓ આ વ્યાપાર કરતા હતા. પાલેસ્ટાઈનમાં ચાલતાં યુદ્ધો આ ધંધાને તેજીની તકો પૂરી પાડતાં હતાં. વિજય મેળવનાર સૈન્યોએ જીતેલા દેશોમાંથી પકડેલા કેદીઓને તૂર અને પલિસ્તિયાના ધનવાન વ્યાપારીઓ જૂજ મૂલ્યે ગુલામ તરીકે ખરીદતા. એ ગુલામોમાં પુરૂષો ઉપરાંત સ્ત્રીઓ અને છોકરાં પણ ખરાં. તેઓ ઊંચી કિંમત લઈ અદોમીઓને તે વેચતા; અને અદોમીઓ તેમને રણની પેલે પારના દેશોમાં વેચવા લઈ જતા. એમાંના કેટલાક ગુલામો તો રસ્તે મરણ પણ પામતા. તેઓ ભૂખ્યા, તરસ્યા, માંદા કે અશક્ત હોય; પણ ધંધો લઈ બેઠેલા, અને પૈસા પર જ દૃષ્ટિ રાખનાર વ્યાપારીઓને એની કશી પરવા નહોતી (૧ તીમોથી ૬; ૧૦). એમ આ ધંધો ઘાતકીપણા અને દુષ્ટતાથી ભરેલો હોવાથી આમોસની નજરે ગુનો હતો. સૈકાઓ વીતી ગયા બાદ આફ્રિકામાં આરબો એ અમાનુષી ધંધામાં પડ્યા. આખરે લંડન મિશનરી સોસાયટીના ડો. લિવિંગસ્ટને લાંબા સમયની જહેમત પછી એ ધંધાનો અંત આણ્યો. આમોસ જણાવે છે કે એવું આચરણ કરનારાઓ પર યાહવેહનું ન્યાય-શાસન આવી પડવાનું છે. જેવું વર્તન અન્ય પ્રત્યે તેમણે દાખવ્યું તેવું જ તેમના પર આવી પડશે. આશ્શૂરીઓ કે અન્ય કોઈ દુશ્મન તેમનાં નગરો તથા તેમના રાજવીઓના મહેલો પર તૂટી પડશે, રહેવાસી-ઓની કતલ કરશે, અને તેઓમાંના બચી ગયેલાઓનો પણ સંહાર કરશે.

**૧; ૬–૮ પલિસ્તિયા** (ઈસ્રાએલની દક્ષિણ–પશ્ચિમે ભૂમધ્ય સમુદ્રના કિનારા પર આવેલો મુલક) : પલિસ્તી (=રખડાઉ)ઓનાં પાંચ મુખ્ય

નગરો હતાં, જેમાંનાં ચારનો ઉલ્લેખ અહીં કરેલો છે. પાંચમું નગર ગાથ હતું (૧ શમ. ૬; ૧૭, ૧૮). અરામના રાજા હઝાએલે તે સર કરી લીધું હતું (૨ રાજા ૧૨; ૧૭) એ કારણથી, અથવા આમોસ પ્રબોધ કરતો હતો ત્યારે તે યહુદાહના કબજામાં હશે (૨ કાળ. ૨૬; ૬: મીખાહ ૧; ૧૪) એ કારણથી તે પડતું મુકાયેલું માનવામાં આવે છે. એ બધાં ગુલામોનો વ્યાપાર કરનારાં નગરો હતાં. દરેક નગર તેની આજુબાજુના વિસ્તાર સાથે પલિસ્તિયાની અંદર અલગ રાજ્ય જેવું હતું. ઈસ્રાએલપુત્રોએ પાલેસ્ટાઈનમાં પ્રવેશ કર્યો લગભગ એ જ અરસામાં પલિસ્તીઓએ પણ પ્રવેશ કર્યો, એમ ધારવામાં આવે છે (૯; ૭).

ગાઝા ( = બળવાન) : મિસરની સરહદ પર પલિસ્તીઓનાં કોટબંધ નગરો હતાં, તેમાંનું છેક દક્ષિણે આવેલું નગર. મિસર અને સીરિયા વચ્ચેના ધોરી માર્ગ પર તે આવેલું હતું. એમાં ધીકતો વ્યાપાર રોજગાર ચાલતો હતો, વળી તે ગુલામોનું મોટું બજાર હતું. યુદ્ધમાં પકડાયેલાઓને ગુલામ બનાવવા એ તો તે જમાનાનો રિવાજ જ હતો; પરંતુ એ વગર કેવળ ધંધાર્થે ગુલામ બનાવવાની વાત કલમ ૬ માં દર્શાવેલી છે: "**અદોમને સોંપી દેવા સારૂ તેઓ આખી પ્રજાને ગુલામ કરીને લઈ ગયા.**" એવો એક હુમલો ૨ કાળ. ૨૧; ૧૬, ૧૭ માં નોંધેલો છે. ગાઝા વિષે અન્ય ઐતિહાસિક ઉલ્લેખો (ઉત. ૧૦; ૧૯: યહો. ૧૦; ૪૧: ૧૧; ૨૩: ૧૫; ૪૭: ન્યાય. ૧૬) તથા અન્ય આગાહીઓ પણ મળે છે (સફા. ૨; ૪: ઝખ. ૯; ૫). એનું અર્વાચીન નામ છે "ગુઝઝ".

કલમ ૭ માં ગાઝાને થનાર શિક્ષાની આગાહી કરવામાં આવેલી છે. મિસરના રાજા પ્સામ્મેટિકસે ગાઝાની પાયમાલી કરેલી (યિર્મે. ૪૭; ૧).

કલમ ૮. **આશ્દોદ** (=કિલ્લો): અગાઉ યહુદાહના રાજા હિઝકીયાહે ગાઝાને પરાજય પમાડયો હતો (૨ રા. ૧૮; ૮). ગાઝાની ઉત્તરે પાંત્રીસેક માઈલ પર આવેલું નગર. મિસરના રાજા પ્સામ્મેટિકસે તેને ઘેરો ઘાલ્યો હતો (ઈ. સ. પૂ. ૬૩૫) જે ૨૨ વર્ષ (કેટલાએકની માહિતી પ્રમાણે ૨૯ વર્ષ) ચાલ્યો હતો. આટલી લાંબી મુદ્દતના ઘેરાની વાત ઇતિહાસમાં બીજી કોઈ નથી. એમ, આ આગાહી બરોબર પૂર્ણ થઈ. "આશ્દોદના બાકી રહેલા" વિષેનો ઉલ્લેખ યિર્મે. ૨૫; ૨૦ માં કરેલો છે. આવી પડેલી આફત કેટલી ભારે હતી તેનો ઈશારો એ શબ્દોમાં રહેલો છે. એ વિષે

અન્ય ઐતિહાસિક ઉલ્લેખો (૧ શમ. ૫; ૧-૮; ૨ કાળ. ૩૬; ૬) તથા અન્ય આગાહીઓ પણ મળે છે (સફા. ૨; ૪: ઝખા. ૯; ૬).

આશ્કલોન: ગાઝા અને આશ્દોદની વચ્ચે આવેલું પલિસ્તીઓનું ત્રીજું મુખ્ય નગર. એના વિષે ઐતિહાસિક બિનાઓ (ન્યાય. ૧; ૧૮; ૧૪; ૧૯: ૧ શમ. ૬; ૧૭: ૨ શમ. ૧; ૨૦) તથા અન્ય આગાહીઓ પણ મળે છે (યિર્મે. ૨૫; ૨૦-૨૯: ૪૭; ૫: સફા. ૨; ૪: ઝખા. ૯; ૫).

એક્રોન (= ઉખેડી નાખવું): યહુદાહની સરહદ પર આવેલું પલિસ્તીઓનું ચોથું મુખ્ય નગર (૧ શમ. ૫; ૧૦ : ૬; ૧૭). અહીં બઆલ-ઝબૂબનું મથક હતું (૨ રાજા ૧; ૨). એના વિષે અન્ય આગાહીઓ મળે છે (સફા. ૨; ૪; ઝખા. ૯; ૫, ૭).

૧; ૯, ૧૦. તૂર (= ખડક) : ફેનીકીઆ (ઈસ્રાએલની ઉત્તર-પશ્ચિમે આવેલો મુલક)નું વિશેષ અગત્યનું શહેર (યશ. ૨૩; ૩). ગાઝા પર જે આરોપ મૂકવામાં આવેલો છે (૧; ૬) એ જ તૂર પર મૂકવામાં આવેલો છે. પ્રાચીનકાળે તે અસાધારણ જાહોજલાલી ધરાવતું હતું (હઝ. ૨૭, ૨૮). ગુલામોના વ્યાપારનું તે મુખ્ય મથક હતું (હઝ. ૨૭; ૧૩: યોએલ ૩; ૪-૬). ગુલામોના તથા અન્ય વ્યાપારને કારણે તૂર જેટલું સમૃદ્ધ હતું તેટલું જ બળવાન પણ હતું. તેના પર જીત મેળવવી એ સહેલું નહોતું. આશ્શૂરના રાજા શાલ્માનેસેર ચોથાએ ઘાલેલા ઘેરા (ઈ. સ. પૂ. ૭૨૬) સામે તે ત્રણ વર્ષ, અને કાર્કમીશની લડાઈ (ઈ. સ. પૂ. ૬૦૪) પછી બાબેલોનના રાજા નબૂખાદરેસ્સારે ઘાલેલા ઘેરા સામે તે તેર વર્ષ ટકી રહ્યું હતું. પરંતુ આશ્શૂર-બાનીપાલ એકાએક છાપો મારીને (ઈ. સ. પૂ. ૬૬૪) તે કબજે કરી શકયો હતો, અને મહાન સિકંદરને તે જીતતાં સાત માસ લાગ્યા હતા (ઈ. સ. પૂ. ૩૩૨). નબૂખાદરેસ્સારને હસ્તક તૂરની થનાર (યશ. ૨૩: યિર્મે. ૪૭; ૪: હઝ. ૨૬; ૨૭) પાયમાલી વિષે હઝકીએલે રચેલું શોકકાવ્ય (હઝ. ૨૮) જૂના કરારની એક અતિ સુંદર લેખનકૃતિ ગણાય છે. એ વિષે નવા કરારમાં પણ ઉલ્લેખો મળે છે (મા. ૧૫; ૨૧: પ્રે. ૬; ૨૧; ૩).

તેઓએ ભાઈબંધીનો કરાર...અદોમને સોંપી દીધી: ભૂતકાળનો કયો પ્રસંગ અહીં સૂચવેલો છે તે ખાતરીથી કહી શકાય એમ નથી. પરંતુ તૂરના લોકો (ફેનીકીઓ)નો ગુનો અહીં ગંભીર ગણવામાં આવેલો છે, કારણ

કે જેઓની સાથે તેમણે "ભાઈબંધીનો કરાર" કર્યો હતો તેઓને જ દગો દઈને તેમણે "આખી પ્રજા અદોમને સોંપી દીધી." આ કરારનો એક પક્ષ તો ફેનીકીઓ હતા ખરા, પણ બીજો પક્ષ કોણ હતો તે સમજવાની મુશ્કેલી છે. કેટલાએક ઇસ્રાએલને બીજો પક્ષ સમજે છે, કારણ કે તૂર અને હેબ્રીઓની વચ્ચે મૈત્રી હતી, તેમ જ મિત્રાચારીનો કરાર હતો (૨ શમ. ૫; ૧૧: ૧ રા. ૫; ૧-૧૨, ૧૮ : ૭; ૧૩-૪૫ : ૯; ૧૧-૧૪). બીજા કેટલાએક ખુલાસાકારો ફેનીકીઓના જ જુદા જુદા સમૂહોનો એકબીજા સાથે કરેલો કરાર સમજે છે. કેટલાએક ખુલાસાકારો આ ફકરાને આમોસના સમય પછી પુસ્તકમાં દાખલ કરાયેલો સમજે છે. તૂર, અદોમ અને યહુદાહ અંગેની પ્રબોધવાણીઓને છેડે "એમ યાહવેહ કહે છે" એ શબ્દો પડતા મુકાયા છે, અને એને આધારે તેઓ એવું સમજે છે. એવો ખુલાસો કરનારા "ભાઈબંધીનો કરાર યાદ ન રાખતાં" એ શબ્દોને કલમ ૧૧ સાથે જોડી દે છે.

૧; ૧૦: દગાખોર અને અમાનુષી વર્તાવને કારણે થનાર શિક્ષાની આગાહી. તૂર સમૂળગું નાશ પામ્યું નહિ; તોપણ આશ્શૂરી સાર્ગોન અને બાબેલોનનો નબૂખાદરેસ્સાર એ બન્નેએ જુદે જુદે વખતે તૂરને ખાધું તો ખરું, વળી તેમને આશ્શૂરના સમ્રાટ તિગ્લાથ-પિલેસરના ખંડીઆ પણ થવું પડ્યું હતું (ઈ. સ. પૂ. ૬૭૮-૬૭૬). પરંતુ એ કરતાં યે મોટી શિક્ષા તો મહાન સિકંદરે ઘેરો ઘાલીને તેને હસ્તગત કર્યું (ઈ. સ. પૂ. ૩૩૨) તે હતી. આ વખતે તૂરના રહેવાસીઓમાંના ત્રીસ હજારને ગુલામ તરીકે વેચી દેવામાં આવેલા. દ્રવ્યના લોભે જ એવાં અસામાજિક કૃત્યો કરવામાં આવ્યાં હશે (૧ તી. ૬; ૧૦).

(ઈ) અદોમ સામે (૧; ૧૧, ૧૨)

**૧૧ યાહવેહ કહે છે: અદોમના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમ કે તે તલવાર લઈને પોતાના ભાઈની પૂઠે પડ્યો, ને દયાનો છેક ત્યાગ કર્યો, ને ક્રોધના આવેશમાં નિત્ય મારફાડ કરતો હતો, ને તેનો રોષ કદી શમી ગયો નહિ; ૧૨ પણ હું તેમાન પર અગ્નિ મોકલીશ, ને તે બોસ્રાહના મહેલોને ભસ્મ કરશે.**

અદોમ મૃત સરોવરની દક્ષિણે અને યહુદાહ રાષ્ટ્રની દક્ષિણ-પૂર્વમાં આવેલો પ્રદેશ હતો. એના લાલરંગી ખડકો અને એવા જ

રંગની ભૂમિને કારણે એનું નામ 'અદોમ' (=લાલ) પડયું હશે. એ દેશ 'સેઈર' નામે પણ ઓળખાતો (ઉત. ૩૨; ૩. પુન. ૧; ૪૪). અદોમીઓ એસાવના વંશજો હતા (ઉત. ૩૬; ૧, ૧૯, ૪૩). ઈસ્રાએલપુત્રોનો પૂર્વજ યાકૂબ (ઉત. ૩૨; ૨૬-૩૨) અને અદોમીઓનો પૂર્વજ એસાવ બન્ને સગા ભાઈઓ હતા (ઉત. ૨૫; ૨૨-૨૬), તેથી તેમનાથી થયેલી દેશજાતિઓ ભાઈઓ જ લેખાય (માલાખી ૧; ૨). જૂના કરારમાં અનેક ઠેકાણે ભાઈઓ તરીકે તેમનો ઉલ્લેખ કરાયો છે (ઉત. ૨૭; ૪૦, ૪૧: પુન. ૨; ૪: ૨૩; ૭: ઓબ. ૧૦, ૧૨, વગેરે). ઈતિહાસના એક સમયે તેઓ બાબિલના રાજા નબૂખાદનેસ્સારની ઝૂંસરી તળે રહ્યા હતા (યિર્મે. ૨૫; ૯, ૨૧: ૩૭; ૩, ૬). પ્રભુ ઈસુના જન્મ અગાઉ મક્કાબી સરદાર જ્હોન હરકાનસના (ઈ. સ. પૂ. ૧૩૫-૧૦૫) દબાણથી તેઓએ યહૂદી ધર્મ અપનાવી લીધેલો. ખ્રિસ્તના સમયમાં યહુદાહ પર હેરોદના વંશમાં અદોમી રાજાઓ રાજ કરતા હતા. અદોમીઓ અને હેબ્રીઓની ભાષામાં ઘણું મળતાપણું હતું. ભાઈઓ તરીકે તેમની એવી અનેક સમાનતાઓ હોવા છતાં તેઓમાં દુશ્મનાવટ ચાલ્યા જ કરતી હતી (૧ રાજા ૧૧; ૧૪-૧૬; ૨ રાજા ૮; ૨૧, ૨૨: ૧ કાળ. ૧૮; ૧૩: ૨ કાળ. ૨૧; ૮-૧૦ : ૨૫; ૧૯ : ૨૮; ૧૭). તેથી આમોસ જેને અદોમનો ગુનો ગણે છે તે તેની દયાહીનતા અને તેનો અક્ષમાશીલ ભાવ છે.

અદોમ વિષે અન્ય આગાહીઓ પણ મળે છે (યિર્મે. ૨૫; ૧૫, ૨૧, ૨૬: ૪૯; ૭, ૨૨: હઝ. ૨૫; ૧૨-૧૪ : ઓબ. ૧).

...દયાનો છેક ત્યાગ કર્યો: ભાઈ પ્રત્યેની સ્વાભાવિક લાગણીઓને દાબી દઈને છેક અસ્વાભાવિક વર્તન તેણે દાખવ્યું, ને " તરવાર લઈને પોતાના ભાઈની પૂઠે પડયો."

ક્રોધના આવેશમાં...તેનો રોષ કદી શમી ગયો નહિ: વખતના વહેવા સાથે રોષ શમી જવો જોઈએ, પરંતુ અદોમનો રોષ વારંવાર પ્રકટી નીકળતો રહ્યો, ને જેમ જંગલી, હિંસક પ્રાણી બેફામ રીતે વર્તે તેમ તે પોતાના 'ભાઈઓ' પ્રત્યે વારંવાર વર્ત્યો હતો.

દાઊદ અને સુલેમાનના સમયના અવિભાજિત હેબ્રી રાજ્યે તેમજ ત્યાર પછી થયેલા યહુદાહના રાજ્યે અનેક વાર અદોમને કનડગત કરી હતી (૧ કાળ. ૧૮; ૧૩: ૨ કાળ. ૨૧; ૮-૧૦: ૨૫; ૧૯ ). અદોમે પણ અનેક વાર ઉત્તરના રાજ્ય સામે એવું જ વર્તન દાખવ્યું હતું. પરંતુ

પોતે ઈસ્રાએલ પ્રત્યે જે કરેલું તે તેઓ ભૂલી જાય છે, અને ઈસ્રાએલ કે યહુદાહે તેમને જે કરેલું તે જ યાદ રાખીને જ્યારે જ્યારે તક મળી ત્યારે "તે તરવાર લઈને પોતાના ભાઈની પૂઠે પડયો." પરંતુ અદોમે પોતાના "ભાઈ"ને કરેલી કનડગતનો કયો ખાસ પ્રસંગ ધ્યાનમાં લઈને આમોસ આ શબ્દો વાપરે છે તે જાણવામાં આવેલું નથી. આમોસના સમય પછી અદોમે કરેલી કનડગતના તો અનેક દાખલા નોંધવામાં આવેલા છે (ગીત. ૧૩૭; ૭: યશા. ૩૪; ૮: હઝ. ૨૫; ૧૨–૧૪: અ. ૩૫: યોએલ ૩; ૧૯); વળી, આમોસ પછી ઘણા લાંબા સમયે જ્યારે ખાલદીઓએ યરૂશાલેમની પાયમાલી કરી (ઈ. સ. પૂ. ૫૮૬) ત્યારે અદોમે "ભાઈ" પ્રત્યે જે વર્તન દાખવ્યું એ તો દુશ્મનને પણ ન છાજે એવું હતું (ઓબાદ્યાહ ૧૦–૧૪). ત્યાર પછી અદોમીઓએ દક્ષિણ યહુદાહનો કબજો લીધો, પણ પછી આરબોએ તેમને તેમના અસલ વતનમાંથી હાંકી કાઢયા.

**તેમાન:** અદોમનો એક ભાગ, તેમ જ એ નામનું શહેર (હઝ. ૨૫; ૧૩). ભાગ હોવા છતાં આખા પ્રદેશને માટે વપરાયેલું સમજાય છે (ઉત. ૩૬; ૩૪: યિર્મે. ૪૯; ૭, ૨૦: હબાકકૂક ૩; ૩). અલીફાઝ તેમાનનો હતો (અયૂબ ૨; ૧૧).

**બોસ્રાહ** (= કિલ્લેબંધી; ઘેટાંનો વાડો): તેમાનનું શહેર હશે (ઉત. ૩૬; ૩૩: યશા. ૩૪; ૬: ૬૩; ૧: યિર્મે. ૪૯; ૧૩, ૨૦, ૨૨). આપણા "ભાઈ" સામે આપણો ક્રોધાગ્નિ સ્વાભાવિક રીતે જ આપણી સામે ઈશ્વરનો ક્રોધાગ્નિ સળગાવે છે.

**(ઉ) આમ્મોન સામે (૧; ૧૩–૧૫)**

**૧૩ યાહવેહ કહે છે: આમ્મોનીઓના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે હું તેમની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે પોતાના મુલકની સરહદ વધારવા સારૂ તેઓએ ગિલઆદની ગર્ભવતી સ્ત્રીઓને ચીરી નાખી છે; ૧૪ પણ હું રાબ્બાહના કોટમાં અગ્નિ સળગાવીશ, ને તે, યુદ્ધને સમયે થતા હોકારા સહિત, ને વંટોળિયા વખતે થતા તોફાન સહિત, તેના મહેલોને ભસ્મ કરશે; ૧૫ તેઓનો રાજા પોતાના સરદારો સાથે ગુલામગીરીમાં જશે, એમ યાહવેહ કહે છે.**

આમ્મોનીઓ અને ઈસ્રાએલપુત્રો એકબીજાના સગા ગણી શકાય ખરા, પરંતુ અદોમીઓ અને ઈસ્રાએલીઓ જેટલા અડીને સગા થતા

હતા (૧; ૧૧, ૧૨ પરની નોંધ) તેટલા તો નહિ; કેમકે આમ્મોન અને મોઆબ ઈબ્રાહીમના ભત્રીજા લોટના પુત્રો હતા, અને તેમના વંશજો તે આમ્મોનીઓ ને મોઆબીઓ હતા (ઉત. ૧૯; ૩૦–૩૮). ઈસ્રાએલ-પુત્રોને કનાનમાં પ્રવેશ કર્યાને ત્રણસો વર્ષ થયા બાદ (ન્યાય. ૧૧; ૨૬) આમ્મોનીઓએ ઈસ્રાએલપુત્રો સામે યુદ્ધ કર્યું (ન્યાય. ૧૧; ૪–૨૯), પરંતુ ગિલઆદી યિફતાહ નામના ન્યાયાધીશે ઈસ્રાએલની ભૂમિ પરથી તેમને હાંકી કાઢ્યા (ન્યાય. ૧૧; ૨૯–૩૩); વળી ઈસ્રાએલના પ્રથમ રાજા શાઊલના સમયમાં આમ્મોનીઓએ (તેમના રાજા નાહાશની સરદારી નીચે) ગિલઆદના યાબેશ પર આક્રમણ કર્યું, ત્યારે શાઊલે તેમની મોટી કતલ કરી ને બચી ગયેલાઓને હાંકી કાઢ્યા (૧ શમ. ૧૧; ૧–૧૩). દાઊદ રાજાએ પણ તેમનો પ્રદેશ જીતી લીધો, તેમના પ્રત્યે ભયંકર ક્રૂરતા દાખવી ને રાબ્બાહ આગળ તેમના રાજાનો મુગટ તેણે ધારણ કર્યો (૨ શમ. ૧૧: ૧૨; ૨૬–૩૧). તથાપિ હેબ્રી રાજ્યના વિભાજન (૧ રાજા ૧૨: ૨ કાળ. ૧૦) પછી આમ્મોની-ઓએ તેમના પોતાના રાજાના પ્રતાપે પોતાનું સ્વાતંત્ર્ય ફરી પ્રાપ્ત કરી લીધેલું લાગે છે. જે પ્રદેશને માટે (આર્નોનથી યાબ્બોક તથા યર્દન સુધીનો પ્રદેશ) તેમની ને ઈસ્રાએલપુત્રોની વચ્ચે લાંબા સમયથી (ન્યાય. ૧૧; ૧૨–૩૩) ઝઘડો ચાલતો હતો તે આખરે તો ઉત્તર ઈસ્રાએલને કબજે જ રહેલો સંભવે છે. કેટલાક સમય બાદ, રામોથ–ગિલઆદનો કબજો મેળવવા માટે જ્યારે દમસ્કના અરામીઓ અને ઈસ્રાએલપુત્રો યુદ્ધે ચઢેલા હતા (૧ રાજા ૨૨; ૧–૩૬: ૨ કાળ. ૧૮) ત્યારે તે પ્રદેશનો દક્ષિણ ભાગ જીતી લેવાની ને પોતાના દેશ સાથે તે જોડી દેવાની આમ્મોની-ઓએ તક ઝડપેલી લાગે છે. તેમના જે અત્યાચાર વિષે આમોસ લખે છે (કલમ ૧૩) તે તેમણે કદાચ આ પ્રસંગે કર્યા હશે (યિર્મે. ૪૯; ૧: સફા. ૨; ૮). ગિલઆદની દક્ષિણમાં આમ્મોનીઓ જે કરતા હતા તે જ અરામીઓ ઉત્તરમાં કરતા હતા (૨ રાજા ૮; ૧૨, ૧૩: ૧૦; ૩૨, ૩૩). યુદ્ધમાં એવા અત્યાચારો કરવા એ પ્રાચીન સમયે અસાધારણ બાબત નહોતી (૨ રાજા ૧૫; ૧૬ : હોશી. ૧૩; ૧૬), અને આજે પણ અનેક વાર યુદ્ધમાં માનવતા વિસરી જવાય છે. અને જ્યારે સ્વરક્ષણાર્થે તો નહિ, પણ આક્રમણ કરીને "પોતાના મુલકની સરહદ વધારવા સારૂ" (કલમ ૧૩) એવાં અમાનુષી કૃત્યો કરવામાં આવે છે (ન્યાય. ૧૧; ૧૨, ૧૩) ત્યારે એવું કરનાર રાષ્ટ્ર કે વ્યક્તિ ઈશ્વરનું

શાસન વહોરીજ લે છે. બીજાઓના હક પર તરાપ મારતાં જેઓ કંઇ સંતાપ અનુભવતા નથી તેમના હક પર અન્ય જનો જ્યારે તરાપ મારે છે ત્યારે તેઓ યોગ્ય સામનો કરી શકે જ કેવી રીતે!

આમ્મોનીઓની સામે ઉચ્ચારાયેલી આગાહી ( કલમ ૧૪, ૧૫ ) કયારે ને કેવા સંજોગોમાં પૂર્ણ થઈ એ વિષે કશું જાણવામાં આવેલું નથી. આમ્મોની લોકોને બંદીવાસમાં જવાનું હતું કે કેમ એ વિષે કશું કહેવામાં આવેલું નથી, કેવળ તેમના પાટનગરનો વિનાશ કરાશે, ને "તેઓનો રાજા પોતાના સરદારો સાથે" ગુલામગીરીમાં જશે ( કલમ ૧૪, ૧૫ ) એટલું જ કહેવામાં આવેલું છે એ ધ્યાન ખેંચનારી બાબત છે. જે કહેવામાં આવેલું છે તે કયારે બન્યું તેની કશી ચોક્કસ માહિતી મળતી નથી. બાબિલોનીઓ ઈ.સ. પૂ. ૬ ઠા સૈકાની શરૂઆતે આક્રમણ કરવાની વિચારણા કરતા માલૂમ પડે છે ખરા (યિર્મે. ૨૭; ૫, ૬: હઝ. ૨૧; ૧૮–૨૨ ), તથાપિ લોકો તો કદી ગુલામગીરીમાં ગયા હોય એવું આધારપાત્ર રીતે જણાતું જ નથી. ઈસ્રાએલપુત્રોમાંના કેટલાએક બંદીવાસમાં હતા એ દરમિયાન આમ્મોનીઓએ ઉત્તર ગિલઆદનો કંઈક ભાગ તો કબજે કર્યો જ, અને હેશબોનનો ( ગણના ૨૧; ૨૫–૩૦: ૩૨; ૨૭: પુન. ૨; ૨૪: નહે. ૯; ૨૨ ) કબજો તેમણે ફરીથી મેળવ્યો ( યિર્મે. ૪૯; ૧–૪ ). જસ્ટિન માર્ટર જણાવે છે કે ઈ.સ.નાં બીજા સૈકામાં આમ્મોનીઓની સંખ્યા ઘણી મોટી હતી, અને તેમનું પ્રાચીન પાટનગર ( રાબ્બાથ આમ્મોન ) જે હાલમાં 'અમ્માન' નામે ઓળખાય છે, જે જોર્ડન રાષ્ટ્રનું પાટનગર છે. તેના રહેવાસીઓ ( હાલમાં આરબ તરીકે ઓળખાય છે ) લગ્નથી આરબો સાથે મિશ્રિત થયેલા હોવા છતાં મોટે ભાગે પ્રાચીન આમ્મોનીઓના જ વંશજો હોવા સંભવ છે; હાલ તેઓ આરબોનો ધર્મ ( ઈસ્લામ ) પાળે છે. આમ્મોનીઓ વિષે અન્ય આગાહીઓ પણ મળે છે ( યિર્મે. ૨૫; ૧૫, ૨૧, ૨૬: ૪૯; ૧–૬: હઝ. ૨૧; ૨૮–૩૨: ૨૫; ૧–૭: સફા. ૨; ૮, ૯).

૧; ૧૩. **આમ્મોન** (= સાથી નાગરિક): યર્દન નદીની પૂર્વનો અને ગિલઆદ તથા યાબ્બોક નાળાની દક્ષિણનો મુલક. આમ્મોનીઓ નિર્દય લોકો હતા (૧ શમ. ૧૧; ૧, ૨), અને તેમના દક્ષિણી પડોશી મોઆબીઓ કરતાં વધારે રૂખડાઉ જેવા હતા.

ગિલઆદ: યર્દન નદીની પૂર્વે ગાલીલ સરોવર અને મોઆબની

( ૨; ૧ ) ઉત્તર સરહદ વચ્ચે આવેલો મુલક. એ ગૌચર માટે લીલોછમ વિસ્તાર છે ( યિર્મે ૫૦; ૧૯: ઝખ. ૧૦; ૧૦ ) જ્યાં બારે માસ ઝરણાં વહે છે. ગાદ કુળે એ પસંદ કરેલો ( ગણના ૩૨; ૧-૫ ), મનાશ્શેહના દીકરા માખીરના દીકરાઓએ અમોરીઓ પાસેથી તે જીતી લીધેલો (ગણના ૩૨; ૩૯, ૪૦: પુન. ૩; ૧૫: યહો. ૧૭; ૧), મુસાએ પિસ્ગાહ પહાડ પરથી તે જોયેલો (પુન. ૩૪; ૧-૩). ઇસ્રાએલપુત્રોએ ફિનહાસને ખાસ કામે ત્યાં મોકલેલો ( યહો. ૨૨: ૧૩ ). આબ્નેરે ઇશ-બોશેથને ગિલઆદ પર રાજા ઠરાવેલો ( ૨ શમ. ૨; ૯ ). ઇસ્રાએલે તથા આબ્શાલોમે અહીં છાવણી કરેલી (૨ શમ. ૧૭; ૨૬ ). તિશ્બી એલીયાહને માટે ગિલઆદ વતન જેવું હતું (૧ રાજા ૧૭; ૧), એનું સુગંધી દ્રવ્ય વખણાતું હતું ( યિર્મે. ૮; ૨૨ ), ને ઇશ્માએલીઓ તેનો વેપાર કરતા હતા ( ઉત. ૩૭; ૨૫ ). એ નામનું નગર પણ હતું, જે બદનામ થયેલું હતું ( હોશીઆ ૬; ૮: ૧૨; ૧૧ ), એ નામનો પહાડ પણ હતો ( ઉત. ૩૧; ૨૪, ૨૫: ગી.ગી. ૪; ૧: ૬; ૫ ).

**૧; ૧૪. રાબ્બાહ:** આમ્મોનનું પાટનગર (૨ શમ. ૧૧; ૧: ૧૨; ૨૬: ૧૭; ૨૭), યાબ્બોક નાળાને કાંઠે આવેલું. રાબ્બાહનો અર્થ થાય છે 'મહાન'. આમ્મોનીઓના કેવળ એ જ શહેરનો ઉલ્લેખ જૂના કરારમાં મળે છે ( પુન. ૩; ૧૧: યહો. ૧૩; ૨૫: ૧ કાળ. ૨૦; ૧: હઝ. ૨૧; ૨૦: ૨૫; ૫ ). એનું બીજું નામ રાબ્બાથ છે. એના વિષે અન્ય આગાહીઓ પણ મળે છે ( યિર્મે. ૪૯; ૨, ૩: હઝ. ૨૫; ૫-૭ ).

**યુદ્ધને સમયે......તોફાન સહિત:** યુદ્ધનું વર્ણન 'તોફાનના વર્ણનરૂપે કરવામાં આવેલું છે. પરાજય પામેલાઓનું બૂમરાણ અને ચીસાચીસ મુખ્યત્વે કરીને નહિ, પણ વિજેતાઓનો જે હર્ષપોકાર તેઓ સાંભળશે તે સમજવાનો છે; એથી જ ' હોકારા 'ને માટે વપરાયેલો મૂળ (હીબ્રુ) શબ્દ જાહેર ભજનસેવામાં વારંવાર વપરાયેલો છે ( ગીતશાસ્ત્રમાં આઠ વખત, અન્યત્ર ત્રણ વખત, પણ સભાસ્થાનના સાહિત્યમાં તો દરેક ઠેકાણે ). ભજનસેવાઓમાં રણશિંગડાં ફૂંકવાની ક્રિયા સાથે ખાસ કરીને એ શબ્દ વપરાય છે. વિનાશ કેટલો ઝડપી થશે તે દર્શાવવા માટે 'વંટોળિયાનું તોફાન' કહેવામાં આવેલું છે ( અયૂબ ૨૧; ૧૮: યશા. ૫; ૨૬-૨૮: યિર્મે. ૨૫; ૩૨: દાની. ૧૧; ૪૦: ઝખ. ૯; ૧૪ ).

**૧; ૧૫. તેઓનો રાજા ... જશે:** આવી જ મતલબનું વાક્ય યિર્મેયાહ પણ આગાહી તરીકે વાપરે છે, પણ તે "યાજકો" શબ્દનો ઉમેરો

કરે છે (યિર્મ. ૪૯; ૩). આમ્મોનીઓનો દેવ 'મિલ્કોમ' હતો (૧ રાજા ૧૧; ૫), અને આમ્મોનીઓનો રાજા 'માલ્કમ' હતો. હીબ્રુ વ્યંજનોમાં ફેરફાર કર્યા વગર કેવળ સ્વરચિહ્નોમાં ફેરફાર કરવાથી 'મિલ્કોમ' (દેવ) અને 'માલ્કમ' (રાજા) થઈ શકે છે. સપ્તતિ ભાષાંતરમાં 'મિલ્કોમ' છે, અને સિરિયાક ભાષાંતરમાં 'માલ્કમ' છે.

**(ઊ) મોઆબ સામે (૨; ૧–૩)**

**યાહવેહ કહે છે: મોઆબના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે, હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે તેણે અદોમના રાજાનાં હાડકાં બાળીને તેનો ચૂનો કર્યો; ૨ પણ હું મોઆબ ઉપર અગ્નિ મોકલીશ, ને તે કરીયોથના મહેલોને ભસ્મ કરી નાખશે; અને મોઆબ હુલ્લડમાં, હોકારાઓમાં તથા રણશિંગડાના અવાજમાં મરણ પામશે; ૩ હું તેના ન્યાયાધીશને નષ્ટ કરીશ, ને તેની સાથે તેના બધા સરદારોનો સંહાર કરીશ, એમ યાહવેહ કહે છે.**

અન્ય દેશજાતિઓએ જેમ અનેક ગુનાઓ કર્યા હતા (અધ્યાય ૧) તેમ મોઆબે પણ કર્યું હતું; પરંતુ જેમ દરેક દેશજાતિના અમુક કૃત્યને ખાસિયતરૂપ ગણીને તે દેશજાતિને ગુનેગાર ઠરાવવામાં આવી છે, ને તેને થનાર શિક્ષાની આગાહી કરવામાં આવી છે (અધ્ય. ૧) તેમ મોઆબના સંબંધમાં પણ કરવામાં આવ્યું છે. મોઆબનો ખાસ ગુનો ૨; ૧ માં દર્શાવેલો છે. એ અમાનુષી કૃત્ય હતું, જે યુદ્ધ દરમિયાન તેમણે કર્યું હતું. પરંતુ એ ગુનો કયારે ને કેવા સંજોગોમાં કરવામાં આવ્યો હતો એ વિષે કશી માહિતી આપવામાં આવેલી નથી. અદોમના રાજાને પકડીને તેઓએ તેને જીવતો સળગાવી મૂકયો, કે લડાઈમાં કતલ થયેલાઓમાંથી તેનું શબ હાથ લાગતાં તેઓએ તેનાં હાડકાં બાળીને ભસ્મીભૂત કર્યાં એ વિષે કશું ચોકસપણે જાણવામાં આવેલું નથી. પરંતુ રાજાઓના પુસ્તકમાં વર્ણવેલા એક યુદ્ધ દરમિયાન (૨ રાજા ૩; ૪–૨૭) કલમ ૧માંનો ગુનો બન્યો હોય એવું અનુમાન કરી શકાય ખરું. એ બનાવમાં યહુદાહ તથા અદોમના રાજાઓની સહાય મેળવીને ઇસ્રાએલના રાજા આહાબના પુત્ર યહોરામે મોઆબના રાજા મેશા પર આક્રમણ કરેલું છે. તે પ્રસંગે મોઆબના રાજાને પોતાના વારસ પુત્રનું જે બલિદાન આપવું પડયું હતું તેનું વેર લેવા માટે (૨ રાજા ૩; ૨૬, ૨૭) તેણે આ ગુનો (૨; ૧) કર્યો હોય એવું સંભવે છે. ઇસ્રાએલપુત્રો પ્રત્યે પણ મોઆબીઓએ તે વખતે તેમજ બીજી

અનેક વખતે અમાનુષી કૃત્યો કર્યાં હશે, તથાપિ એ કારણથી જ યાહવેહ તેમના પ્રત્યે કોપાયમાન થયો હતો એમ નહિ, પરંતુ અદોમીઓ પ્રત્યે જે ખાસ પ્રકારનું અમાનુષી કૃત્ય તેમણે કર્યું હતું તેને લીધે તે કોપાયમાન થયેલો છે એ મુદ્દો ખાસ ધ્યાન ખેંચે છે. યાહવેહ કેવળ હેબ્રીઓનો જ દેવ છે એમ નહિ, પણ સર્વ દેશજાતિઓનો છે; અને મોઆબ અદોમ પ્રત્યે ગેરવર્તન કરે છે, તેથી મોઆબ પણ યાહવેહની શિક્ષાને પાત્ર ઠરે છે એ આમોસ સ્પષ્ટ રીતે અહીં દર્શાવે છે. આ પ્રકારનો ગુનો પ્રાચીન કાળે અતિ ગંભીર ગણાતો હતો, કારણ કે એ કૃત્ય દ્વારા મોઆબે એટલી બધી હદે ઈર્ષા દર્શાવી હતી કે તેમના શત્રુ અદોમના રાજાના શબને કબરમાં પણ શાંતિએ રહેવા નહિ દેતાં તેઓએ કબરને ભ્રષ્ટ કરી મૃતદેહનાં અસ્થિનું અપમાન કર્યું. મરણ પછીની સ્થિતિ વિષે નવા કરારના પ્રકાશને અભાવે જીવતાં મનુષ્યોના અપમાન કરતાં મૂએલાનું અપમાન પ્રાચીન કાળે વધારે ગંભીર ગણાતું, કારણ કે પ્રાચીન માન્યતા પ્રમાણે શેઓલની શાંતિમાં એથી નડતર ઊભી થતી (૧ શમ. ૨૮; ૧૫). આત્મા શેઓલમાં આરામ ભોગવે છે એવી પ્રાચીન માન્યતા હતી, અને એ આરામને મોઆબે હેરાનગતિ પમાડી હતી. પ્રાચીન માન્યતા અનુસાર દેહનું અપમાન થાય તો આત્મા શેઓલમાં શાંતિ અનુભવી શકે નહિ (પુન. ૨૧; ૨૨, ૨૩: યહો. ૭; ૨૫: ૧૦; ૨૭: ૨ રાજા ૨૩; ૧૬-૧૮: અયૂબ ૧૪; ૨૨: યશા. ૬૬; ૨૪). મોઆબનો એ ગુનો અતિ ગંભીર હતો, જેને કારણે યાહવેહ જે સર્વ દેશજાતિઓનો અદલ ઇન્સાફ કરનાર ઈશ્વર છે તેની શિક્ષાને પાત્ર તે થયું હતું, જેની આગાહી આમોસ દ્વારા યાહવેહે કરી હતી (૨; ૨).

શિક્ષાની આગાહીના શબ્દો વાંચતાં તો માણસ દ્વેષભાવથી જેમ બોલે ને વર્તે તેમ યાહવેહ કરતો માલૂમ પડે છે. તો શું યાહવેહ દ્વેષભાવ રાખે છે? હા, તે દ્વેષભાવ રાખે છે ખરો; પરંતુ તે માણસ પર નહિ, પણ માણસને જે નુકસાનકારક છે તેની ઉપર. માણસ પર તો તે પ્રેમ જ રાખે છે (૧ યોહાન ૪; ૭-૯), પણ પાપ પર તે દ્વેષ રાખે છે. અને જેના પર તે પ્રેમ રાખે છે તેને જે હાનિકારક છે તેનો નાશ કરવા તે ઈચ્છે છે (૧ યોહાન ૩; ૮). આ તો તેનો પુણ્ય પ્રકોપ છે. શિક્ષાની અગમચેતી મળ્યા છતાં માણસ જો ચેતવણી પર ધ્યાન ન દે, તો શિક્ષાનો અમલ કરવો જ પડે.

તેમ છતાં જ્યારે ઈશ્વર શિક્ષા કરે છે ત્યારે માણસને તે ક્રૂર, ઘાતકી, નિર્દય લાગે છે. પણ મોઆબે આચરેલ અત્યાચાર જેવાં કૃત્યો દુનિયામાં ચાલુ રહે, અને ઈશ્વર જો ચુપચુપ જોયા કરે ને નિષ્ક્રીય થઈને બેસી રહે, તો શું એમાં દુનિયાનું હિત રહેલું છે? અત્યાચારની સામે જો ઈશ્વર મૌન ધારણ કરે, તો દુનિયા અસહ્ય થઈ પડે, ને અત્યાચારો માઝા મૂકી દે. તેથી માણસ જ્યારે માનવતા ગુમાવે છે (૨; ૧) ત્યારે ન્યાયી ને નીતિમાન ઈશ્વરને (યિર્મે. ૧૧; ૨૦) પોતાનું ઈશ્વરત્વ દાખવવું પડે છે. (૨; ૨).

આવી પડનાર શિક્ષાની આમોસે કરેલી આગાહી પ્રમાણે મોઆબને આશ્શૂરના સમ્રાટ તિગ્લાથ પિલેસેર (ત્રીજો)ના ખંડિયા બનવું પડ્યું, અદોમ સામે કરેલા ગુના માટે મોઆબના રાજકર્તાને તથા તેના સરદારોને મરણ ભોગવવું પડ્યું, અને તેમના પાટનગરનો આગથી નાશ કરવામાં આવ્યો. યહુદાહને તો બંદીવાસમાં જવું પડ્યું હતું, પણ મોઆબના લોકોને બંદીવાસમાં જવું પડશે એવું સૂચવનારો કશો સ્પષ્ટ ઉલ્લેખ અહીં નથી (યિર્મે. ૪૮; ૧૧: હઝ. ૨૫; ૮–૧૧). પ્રજા તરીકે તેઓ હસ્તી ધરાવશે નહિ એવી આગાહી કરવામાં આવેલી ખરી (યિર્મે. ૪૮; ૪૧, ૪૨). અને એ પ્રમાણે અલગ દેશજાતિ તરીકે તેઓ આજે હસ્તી ધરાવતા નથી. સંભવિત રીતે મનાય છે કે કોઈક સમયે આરબોએ તેમના દેશ પર આક્રમણ કરીને કાં તો તેમનો નાશ કરી નાખ્યો, કાં તો પોતામાં તેમને સમેટી દીધા.

**૨; ૧ મોઆબ** (= બાપનું ફરજંદ): મૃત સમુદ્રની પૂર્વે ઈસ્રાએલ રાષ્ટ્રની દક્ષિણ–પૂર્વે આવેલો પ્રદેશ. તેની દક્ષિણ સરહદ અદોમને અડતી હતી. પ્રદેશ ફળદ્રુપ હતો. એનું ક્ષેત્રફળ પંદરસો ચોરસ માઈલ જેટલું હતું. એનાં ગૌચરોમાં પુષ્કળ ઘેટાં બકરાંને ચારો મળી રહેતો, અને અનાજ પુષ્કળ પાકતું. પ્રદેશ નાનો હતો, છતાં તેમાં પુષ્કળ શહેરો હતાં, જે બધાં ધનવાન હતાં. એવાં પચ્ચીસ ઉપરાંત શહેરોનો ઉલ્લેખ જૂના કરારમાં મળે છે. તે ગર્વિષ્ઠ પ્રદેશ હતો (યશા. ૧૬; ૬–૧૪: યિર્મે. ૪૮). રૂથ મોઆબ દેશની હતી (રૂથ ૧; ૪). તેમનો દેવ 'કમોશ' હતો (યિર્મે. ૪૮; ૧૩, ૪૬). તેઓ પ્રાચીન સમયે ઊંચી સંસ્કૃતિવાળા ગણાતા. ધર્મને બાદ કરતાં સંસ્કૃતિમાં તેઓ કોઈ રીતે ઈસ્રાએલથી પછાત નહોતા. તેઓ લખી વાંચી શકતા, ને હુન્નર ઉદ્યોગમાં

ખાસા પ્રવીણ હતા. આમ્મોન ને મોઆબ નજીકના સગા હતા (ઉત્પતિ ૧૯; ૩૭, ૩૮); અને પ્રબોધકો ધર્મપ્રવચનોમાં પણ તેમની સગાઈ જાળવતા દેખાય છે (યિર્મે. ૯: ૨૬: ૨૫; ૨૧; અઠ્ય. ૪૮, ૪૯: હઝ. ૨૫; ૧-૧૧; સફ. ૨; ૮). અન્ય ઉલ્લેખો ને આગાહીઓ પણ મળે છે. (નિર્ગ. ૧૫; ૧૫: ગણના ૨૧; ૨૮, ૨૯: ૨૪; ૧૭: ગીત. ૬૦: ૮૩; ૬: યશા. ૧૧; ૧૪: ૧૫: ૧૬: ૨૫; ૧૦).

**અદોમ:** જુઓ ૧; ૧૧ પરની નોંધ.

**૨; ૨ કરીયોથ** (=શહેરો; પરાં): મોઆબના દેવ કમોશનું મંદિર ત્યાં હતું. તેના ભૌગોલિક સ્થળ વિષે કશી ચોકસ માહિતી મળતી નથી, પણ સંભવિત રીતે મોઆબનું પાટનગર (યશા. ૧૫; ૧: યિર્મે. ૪૮; ૨૪, ૪૧) હશે. એનું બીજું નામ 'આર' હતું (ગણના ૨૧; ૧૫, ૨૮). 'આર', 'કિર', 'કિર્યાહ' (અનેકવચનમાં 'કિર્યાથાઈમ') એ દરેક શબ્દનો અર્થ 'શહેર' થાય છે. અર્વાચીન નામ 'કુરેએટ' છે.

**હુલ્લડમાં,......રણશિંગડાના અવાજમાં:** આ બધી પ્રબોધવાણીઓમાં 'અગ્નિ' પરથી યુદ્ધરૂપ અગ્નિ સમજવાનો છે; તેમ હુલ્લડ, હોકારા અને રણશિંગડાંનો અવાજ એ બધા પરથી પણ યુદ્ધમાં થતો કોલાહલ, શસ્ત્રોનો થતો ખણખણાટ, યોદ્ધાઓનો થતો શોરબકોર અને શૂરવીરોને પાણી ચઢાવવા કરાતાં વાજિંત્રોનો નાદ સમજવાનો છે.

**રણશિંગડાં** માટે મૂળ શબ્દ 'શોફાર' છે. ઘેટાંનાં શિંગડાંમાંથી બનાવવામાં આવતાં. ભયસૂચક ચિહ્ન તરીકે વપરાતાં (૩; ૬). વળી વર્ષના પ્રથમ દિવસે જ્યારે 'ઈશ્વરના રાજ્ય'નું સ્મરણ કરવામાં આવતું ત્યારે વગાડવામાં આવતાં (ગણના ૧૦; ૧૦). તે દિવસે તેમજ તે પછીના નવ દિવસોમાં તેઓ ખરો પશ્ચાત્તાપ કરી શકે એવી યાહવેહ આગળ પ્રાર્થના કરતા.

**૨; ૩ હું તેના ન્યાયાધીશને નષ્ટ કરીશ:** 'ન્યાયાધીશ' શબ્દથી અહીં 'રાજા' જ સમજવાનો છે. રાજાશાહી સ્થપાઈ (૧ શમ્. ૮; ૪-૧૨; ૨૫) તે અગાઉ ઈસ્રાએલમાં પણ 'ન્યાયાધીશો' જ હતા (પુન. ૧૭; ૮-૧૩ સરખાવો મીખાહ ૫; ૧) જે પ્રસંગોપાત ઊભા થતા, ઇસ્રાએલને તેમના શત્રુઓના હાથમાંથી મુક્ત કરતા, અને પછી તેમના પર અમલ કરતા (ન્યાય. ૨; ૧૬-૧૮).

**(એ) યહુદાહ સામે (૨; ૪, ૫).**

**૪ યાહવેહ કહે છે: યહુદાહના ત્રણ ગુનાને લીધે, હા, ચારને લીધે, હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે તેઓએ યહોવાહના નિયમનો અનાદર કર્યો છે, ને તેના વિધિઓ પાળ્યા નથી, અને જે જૂઠાણાંની પાછળ તેમના પૂર્વજો ફરતા હતા તે જૂઠાણાંએ તેમને ભટકાવી દીધા છે; ૫ પણ હું યહુદાહ પર અગ્નિ મોકલીશ, ને તે યરૂશાલેમના મહેલોને ભસ્મ કરશે.**

યહુદાહ સામે કરાયેલા અચોકસ આરોપોવાળા આ ફકરાને કેટલાએક ખુલાસાકારો પુસ્તકમાં પાછળથી દાખલ કરાયેલો સમજે છે. પરંતુ ઈશ્વરના શાસનને પાત્ર થયેલાં અન્યધર્મી રાષ્ટ્રોને આમોસ ધ્યાનમાં લે (૧; ૩-૨; ૩), તો જે રાષ્ટ્રનો તે પોતે વતની હતો (૧; ૧ : ૭; ૧૨) તેને તે કેવી રીતે વિસરી જઈ શકે? આ અગાઉ તો તેણે બાર કુળની આસપાસ વસતી પરદેશી દેશજાતિઓ સામે જ પ્રબોધવાણી ઉચ્ચારી છે; પરંતુ હવે તે તેના પોતાના લોકોની સામે એટલે યહુદાહ અને ઈસ્રાએલની સામે ઉચ્ચારણ કરે છે. અન્ય દેશજાતિઓને શાને લીધે ગુનેગાર ગણવામાં આવી હતી? યાહવેહને તજીને અન્ય દેવોની (દાગોન, રિમ્મોન, મિલ્કોમ, કમોશ, સૂર્યદેવ, વગેરેની) ઉપાસના તેઓ કરતી હતી તેને લીધે? એને લીધે ખાસ કરીને તો નહિ; પરંતુ માણસ પ્રત્યે નિર્દયતા, દગો ને દ્વેષ જેવાં જે અનૈતિક કૃત્યો, મતલબ કે માનવધર્મ બજાવવાનું ચૂકીને જે અમાનુષી કૃત્યો તેમણે કર્યાં હતાં તેને લીધે તેમને ગુનેગાર ગણવામાં આવી હતી. આ પરધર્મી દેશજાતિઓ યાહવેહના નિયમ વિષે અજ્ઞાત હતી ખરી, તથાપિ અંતઃકરણનો જે સ્વાભાવિક નિયમ તેમની પાસે હતો (રોમન ૧; ૧૮-૨૧ : ૨; ૧૪, ૧૫) તેનું ઉલ્લંઘન કરવાને કારણે તેઓ શિક્ષાપાત્ર ઠરી હતી. પરંતુ યહૂદી લોકો તો યાહવેહને એક ખરા ઈશ્વર તરીકે ઓળખાતા હતા. અને નિયમશાસ્ત્ર (તોરાહ) ને આધારે તેનો નિયમ તેઓ જાણતા હતા, છતાં તેઓએ તેનું પાલન કર્યું નહિ, માટે તેઓ ગુનેગાર ઠર્યા હતા (રોમન ૨; ૧૨, ૧૩). આવો આરોપ તેમના પર અનેક વખત મુકાયો છે (૨ રાજા ૨૨; ૮-૧૭ : યિર્મે. ૬; ૧૯: ૮; ૯ વગેરે). યહુદાહે ઈસ્રાએલ પર જે આરોપ મૂક્યો હતો (૧ રાજા ૧૪; ૮, ૯) તે જ અહીં (૨; ૪) આમોસ યહુદાહ પર મૂકે છે. આમોસ અહીં પોતાના જ દેશની વિરૂદ્ધ પ્રબોધ કરે છે, એથી શ્રોતાઓને અચંબો લાગ્યો જ હશે. યાહવેહથી પસંદ કરાયેલી દેશજાતિ હોવા પર યહુદાહ તેમજ ઈસ્રાએલ

બન્ને બહુ મદાર બાંધતા હતા, પરંતુ યાહવેહ સાથેના એવા ગાઢ સંબંધને કારણે જ તેના ન્યાયશાસનમાંથી તેઓ બાકાત રહી શકતા નથી. આમોસ અન્યધર્મી દેશજાતિઓની જ ઝડતી લઇ નાખે છે એમ નથી, તે તો ખરા ઈશ્વર ( યાહવેહ )ને ઓળખનારી દેશજાતિઓની પણ ઝડતી લઈ નાખે છે. સુલેમાન રાજાના મૃત્યુ બાદ સંયુકત ઈસ્રાએલના થયેલા વિભાજન ( ૧ રાજા ૧૨; ૧૬–૨૦; ૨ કાળ. ૧૦; ૧૬–૧૯) પછી રાષ્ટ્રિય રીતે ઓળખાતી બે દેશજાતિઓ ( યહૂદી અને ઈસ્રાએલી ) અસલ તો એક જ દેશજાતિ હતી, જે યાહવેહની "પવિત્ર પ્રજા", ખાસ પ્રજા થવા સારૂ પસંદ કરાયેલી હતી ( પુન. ૭; ૬ ). યાહવેહ જે ખરો ને એકલો ઈશ્વર છે તે અન્યધર્મી દેશજાતિઓના ગુનાઓ લક્ષમાં લે, અને પોતાની " પવિત્ર પ્રજા " ના ગુનાઓ લક્ષમાં ન લે, એ બની શકે જ શી રીતે ? (પુન. ૧૦; ૧૭-૧૯ )

આધુનિક ખ્રિસ્તી મંડળીને પણ આમોસના જેવા નીડર ને સ્પષ્ટ વક્તા ઉપદેશકો ને ધર્મસેવકોની જરૂર છે. આમોસ પાપ વિષે કે માણસના પાપી સ્વભાવ વિષે સામાન્યપણે બોલતો નહોતો, પણ પાપનું સ્પષ્ટ નામ પાડતો હતો ( ૧; ૩, ૬, ૯, ૧૧, ૧૩ : ૨; ૧, ૪,૬–૮, ૧૨ ઈત્યાદી ). વળી તે યાહવેહને કેટલો ચોકસાઈથી પાપને લક્ષમાં લેનાર દર્શાવે છે ? મોઆબ, યહુદાહ, ઈસ્રાએલ, વગેરે ગુનો કરનાર રાષ્ટ્રોનાં તે કેવળ નામ લે છે એમ નહિ, પરંતુ દરેકનાં " ત્રણ, હા, ચાર" પાપો ગણી બતાવે છે. રાષ્ટ્રનાં, સમાજનાં કે વ્યક્તિનાં એક કે અનેક પાપ પ્રત્યે ઈશ્વર આંગળી ચીંધે છે ને શિક્ષા ઉચ્ચારે છે ત્યારે તે કેવળ આપણા દોષ જ લક્ષમાં લે છે એટલું જ સમજવાનું નથી, પરંતુ તે આપણા પર પ્રેમ કરે છે માટે એમ કરે છે, એમ પણ સમજવાનું છે. ગુનાના સ્થળ, સમય, સંજોગો વગેરે વિગતો સાથે પવિત્રાત્માની મારફતે જયારે તે આપણાં પાપનું આપણને ભાન કરાવે છે ત્યારે તે આપણા પર પ્રેમ કરે છે માટે જ એમ કરે છે.

**૨; ૪ યહુદાહ :** ઈસ્રાએલ રાષ્ટ્રની દક્ષિણે અને પલિસ્તિયાની પૂર્વે આવેલો મુલક.

**યાહવેહનો નિયમ :** 'નિયમ' માટે વપરાયેલો હીબ્રુ શબ્દ 'તોરાહ' છે. મુસા જેવા કોઈ આગેવાન કે યાજક કે પ્રબોધક મારફતે કોઈ વ્યાવહારિક, ધાર્મિક, આત્મિક કે નૈતિક મુદ્દા પર યાહવેહ પાસેથી મળેલું પહેલ-

વહેલું શિક્ષણ તે 'તોરાહ' કહેવાતું. દા. ત. હાગ્ગાય ૨; ૧૧-૧૩: ૧ શમ. ૧૫; ૨૨. પરંતુ વખત જતાં 'તોરાહ'નો અર્થ વિસ્તૃત થતો ગયો: એટલે કોઈ પણ જાતનું શિક્ષણ ( યશા. ૧; ૧૦ ), યાજકે આપેલું ખાસ શિક્ષણ ( યિર્મે. ૧૮; ૧૮), લિખિત નિયમ ( નિર્ગ. ૨૪; ૧૨: પુન. ૧: ૫: નહે. ૮; ૧ ); પછી પંચગ્રંથમાં સમાવિષ્ટ કરાયેલો નિયમ ( ગીત. ૧૧૯ ), અને છેલ્લે દૈનિક જીવનને લગતા યહૂદી નિયમો તથા રિવાજોનો સંગ્રહ. આ વિસ્તૃત અર્થના સંગ્રહમાં રાષ્ટ્રજીવન તેમજ વ્યક્તિગત જીવનને માટે આવશ્યક નિયમો આપવામાં આવ્યા હતા. એમાં મૂર્તિઓ કે પ્રતિમાઓના ઉપયોગની મનાઈ ફરમાવતા નિયમો હતા, તેમજ એકલા યાહવેહનું ભજન કરવાના તથા તેને જ આજ્ઞાંકિત રહેવાને લગતા નિયમોનો સમાવેશ પણ કરાયેલો હતો. અહીં યાજક કે પ્રબોધકે યાહવેહના નામે આપેલું ધાર્મિક કે નૈતિક શિક્ષણ સમજવાનું લાગે છે.

વિધિઓ: મૂળ શબ્દ ('ચુક્કિમ')નો અર્થ થાય છે 'કંઈક કોતરેલું,' એટલે કે જાહેર પાટી પર કોતરેલું કે લખેલું ( નિર્ગ. ૧૫; ૨૬: પુન. ૪; ૪૦ : ૭; ૧૧ ). માણુસ માણુસ વચ્ચેના ઝગડાઓનો નિકાલ કરવા માટે મુસાએ ઈસ્રાએલપુત્રોને યાહવેહના વિધિઓનું શિક્ષણ આપ્યું હતું ( નિર્ગ. ૧૮; ૧૬ : ૨૧; ૧ ).

જૂઠાણાં : બઆલ ને આશતરોથ જેવાં જૂઠાં દેવદેવીઓ. તેઓ વરસાદ, જમીનની તથા પ્રાણીઓની ફળદ્રુપતા વગેરે જેવી કુદરતી બક્ષિશો આપનાર દેવો ગણાતાં. એમનું જ્યાં અસ્તિત્વ જ નહોતું, ત્યાં મદદ કરવાની શક્તિની વાત જ કેવી રીતે સંભવે ? મૂર્તિઓ, મૂર્તિપૂજા તથા મૂર્તિપૂજા કરવાનાં સાધનો એ સર્વનો સમાવેશ 'જૂઠાણાં'માં કે 'વ્યર્થતા'માં થઈ જાય છે ( ૨ રાજા ૧૭; ૧૫: યિર્મે. ૨; ૫, ઇત્યા. ). હઝકીએલમાં 'વ્યર્થ સંદર્શન,' 'શકુન' માટે એ જ શબ્દ વપરાયેલો છે. ઈશ્વરને પૂરી રીતે દર્શાવી શકે એવી પ્રતિમા ઘડવી એ શક્ય જ નથી, તેથી જે અશક્ય છે તે કરવાના સર્વ પ્રયત્નો કેવળ 'જૂઠાણાં' છે. ઈશ્વરની ખરી પ્રતિમા કેવળ ઈસુ ખ્રિસ્ત છે ( કલોસી ૧; ૧૫: હેબ્રી ૧; ૩: યોહાન ૧; ૧૪ : ૧૦; ૩૦: ૧૪; ૯ ).

જે જૂઠાણાંની પાછળ...ભટકાવી દીધા છે: આમોસના સમયના યહૂદાહવાસીઓના પૂર્વજોએ પાલેસ્ટાઈનમાં દાખલ થયા પછી પાલેસ્ટાઈનમાં વસતી અન્યધર્મી દેશજાતિઓનાં 'જૂઠાણાં'ને અપનાવી લીધાં હતાં

(ગીત. ૧૦૬; ૩૫-૩૯). કનાનમાં એવાં જૂઠાં દેવદેવીઓની સંખ્યા મોટી હતી, ને વળી એવાં દેવદેવીઓ જાતજાતનાં હતાં. એ સર્વનો સમાવેશ 'બઆલિમ' ('બઆલ'નું અનેકવચન) શબ્દમાં થઈ જાય છે ('બઆલ=સ્વામી, માલિક). એ 'દેવો'ને યોગ્ય અર્પણોથી સંતોષવામાં ન આવે તો જમીનમાંથી કશું ઉત્પન્ન થાય નહિ, તેમજ ઘેટાં બકરાં કે ઢોર ઢાંખર ફળદ્રુપ થાય નહિ, કારણ કે ભૂમિની માલિકી બઆલિમની છે ને ઘેટાંબકરાંને ફળદ્રુપ બનાવનાર તે છે એવી કનાની દેશજાતિઓની માન્યતા હતી. ઈસ્રાએલના પૂર્વજો કનાનમાં દાખલ થયા ત્યારે તેમણે યાહવેહનો ત્યાગ કરી દીધો એમ તો નહિ; પરંતુ તેઓ ખેતી કરવા લાગ્યા ને ઢોરઢાંખર રાખવા લાગ્યા ત્યારે જમીનમાંથી તેમજ ઢોરઢાંખરમાંથી ઉત્પન્ન મેળવવા માટે કનાની બઆલિમની મદદની જરૂર છે એમ તેઓ માનવા લાગ્યા. તેથી યાહવેહની ઉપાસના સાથે તેઓ બઆલિમની ઉપાસના પણ કરવા લાગ્યા. એના પરિણામે તેઓ મૂર્તિપૂજા કરતા થઈ ગયા, તેમનામાં જાતજાતની અનીતિ દાખલ થઈ, અને નિર્દય તથા વહેમી રીતરસમો પણ દાખલ થઈ. યાહવેહના નિર્મળ તથા શિસ્તભર્યાં નિયમોને તેઓ અનાજ્ઞાંકિત થયા, અને એમ "જૂઠાણાંએ તેમને ભટકાવી દીધા." ખરા ઈશ્વરને માનવાનો દાવો કરનારમાં જયારે આવું ગેરવર્તન દેખાય છે ત્યારે તે અન્યને ઠોકરરૂપ નીવડયા વગર રહે જ નહિ. જે ઉચ્ચસ્થાનોમાં તેઓ ભજન કરતા હતા ત્યાં મૂર્તિઓ કે મૂર્તિપૂજાનાં સાધનો રહેતાં, વળી ત્યાં દેવદાસો તેમજ દેવદાસીઓ પણ માલૂમ પડતાં. આવી જાતની જ્યાં ઉપાસના થાય, ત્યાં નૈતિક અસર કેવી થાય તે નીચેના (૨; ૬-૧૬) ફકરા પરથી માલૂમ પડશે.

### ૨; ૬-૧૬ ઈસ્રાએલ સામે ઈશ્વરનું ન્યાયશાસન

આમોસનું ખાસ કામ ઈસ્રાએલને તેનાં પાપોને કારણે યાહવેહ તરફથી ન્યાયશાસન પ્રગટ કરવાનું હતું, તેથી ઇસ્રાએલનાં પાપ તથા તેની શિક્ષા વધુ વિગતવાર આપવામાં આવેલાં છે; અને ૨; ૬થી માંડીને આખા પુસ્તકમાં ઈસ્રાએલને લગતી જ વાત મળે છે. આ ફકરામાં (૨; ૬-૧૬) ઈસ્રાએલે કરેલા ગુનાઓની (૬-૮) યાહવેહે તેમને આપેલા ઐહિક તથા આધ્યાત્મિક આશીર્વાદોની (૯-૧૨), અને તેમના પર આવનાર ન્યાયશાસનની આગાહીની (૧૨-૧૬) વાત આવે છે. આમોસે અન્ય દેશજાતિઓના ગુના પ્રગટ કર્યા, અને તેમના પર આવી પડનાર શિક્ષાની આગાહી

કરી (૧; ૩–૨; ૫) ત્યારે તો ઈસ્રાએલને તે બરાબર જ લાગ્યું હશે, અને તેઓ મનમાં મલકાતા હશે. પરંતુ હવે પોતાને એકેશ્વરવાદી, ધાર્મિક ને નીતિમાન સમજવાનો દાવો કરતી ઈસ્રાએલ પ્રજા તરફ જ્યારે આમોસ ફરે છે, અને તેમના ગુનાઓનું (સામાજિક દુરાચારો, ને યાહવેહના નામને કલંક લગાડવું) ને તેમને થનાર શિક્ષાનું વર્ણન કરે છે ત્યારે તો દાઊદ રાજા અને નાથાન પ્રબોધક (૨ શમ. ૧૨; ૭) યાદ આવ્યા વગર રહેતા નથી. ધર્મપાલનમાંથી તો સદાચરણ નીપજવું જોઇએ, પણ અહીં તો ઉલટું જ પરિણામ આવ્યું હતું.

### (અ) ઈસ્રાએલનું અસામાજિક વર્તન (૨, ૬–૮).

**૬ યાહવેહ કહે છે : ઈસ્રાએલના ત્રણ ગુનાને લીધે, હા, ચારને**
**લીધે હું તેની શિક્ષા માંડી વાળીશ નહિ; કેમકે તેઓએ રૂપાને માટે**
**નેકીવાનોને વેચ્યા છે, ને ખાસડાંની જોડને માટે દરિદ્રીઓને વેચ્યા છે;**
**૭ તેઓ ગરીબના માથા પરની પૃથ્વીની ધૂળને માટે તલપે છે, ને**
**દીનોને માર્ગમાંથી ભટકાવી દે છે; અને બાપદીકરો એક જ યુવતી**
**પાસે જઇને મારા પવિત્ર નામને બટ્ટો લગાડે છે; ૮ તેઓ પ્રત્યેક**
**વેદીની બાજુએ ઘરેણે લીધેલાં લૂગડાં પર સૂએ છે, ને જેઓને દંડ**
**થયેલો હોય તેવાઓનો દ્રાક્ષારસ તેઓ પોતાના દેવના મંદિરમાં પીએ છે.**

સામાજિક અનિષ્ટ આમોસની દૃષ્ટિએ સૌથી પ્રથમ પડે છે એ ધ્યાન ખેંચનારી બાબત છે. આ ફકરામાં ચાર સામાજિક ગુનાઓ વર્ણવેલા છેઃ (૧) સમાજિક અન્યાય; (૨) ગરીબો પર શ્રીમંતોનો સીતમ; (૩) ધર્મને નામે કરાતી અનીતિ; અને (૪) લાચાર જનો પાસેથી પડાવી લેવાયેલી વસ્તુઓનો સ્વચ્છંદી ઉપયોગ.

ગરીબો પ્રત્યે શ્રીમંતોના જે વર્તાવનું વર્ણન આ ફકરામાં (૨; ૬–૮) અને આ પુસ્તકમાં અન્યત્ર કરેલું છે તેની સાથે પ્રભુ ઈસુનું દૃષ્ટાંત (માત્થી ૧૮; ૨૧–૩૫) અને તે પરથી પ્રાપ્ત થતું શિક્ષણ સરખાવવા જોગ છે.

ગુનાઓનું જે વર્ણન અહીં કરવામાં આવ્યું છે તે પરથી માલૂમ પડે છે કે કોઈ સમાજનો, કુટુંબનો કે વ્યક્તિનો ગુનો ઈશ્વરની નજર બહાર રહી શકતો નથી; મોટા કે નાના તમામ ગુનાઓ પર તેનું લક્ષ રહે છે; સત્તા, શ્રીમંતાઈ કે લાગવગ આગળ ગરીબોનું કંઈ ચાલતું નથી, તથાપિ તેઓનો પોકાર ઈશ્વર તો સાંભળે છે.

૨; ૬. ગરીબ જનો પ્રત્યે ઈસ્રાએલના ધનવાનોનો વર્તાવ છેક દયાહીન હતો. જો લીધેલાં નાણાં પરત કરવાનું દેવાદાર ચૂકે, તો અનેક દેશોમાં સાધારણ રીતે દેવાદારની માલમિલકત વેચી નાખીને ઉપજેલાં નાણાંમાંથી દેવું વસૂલ કરવામાં આવે છે. જો એ રીતે પૂરેપૂરી વસૂલાત ના થાય, અને દેવું પૂરેપૂરૂ ભરપાઈ કરી આપવાની શક્તિ ન હોય તો દેવાદાર માણસ પોતે ગુલામગીરી વહોરી લઈ શકે ખરો (લેવીય ૨૫; ૩૯: પુન. ૧૫; ૧૨); તથાપિ એવા માણસને ગુલામ બનાવી દેવાની પરવાનગી તો નિયમશાસ્ત્ર આપતું નહોતું, છતાં એમ થતું હતું ખરૂ (૨ રાજા ૪; ૧: નહે. ૫; ૫ સર. માત્થી ૧૮; ૨૫). પરંતુ આમોસના સમયનું ચિત્ર જુદું જ છે. "રૂપાને માટે" એટલે છેક નજીવી (ચારેક આના જેટલી) રકમ માટે પણ નિર્દય લેણદાર દેવાદારને તથા તેની સ્ત્રી અને બાળકોને ગુલામ બનાવી દેતો, અથવા ગુલામ તરીકે વેચીને માગતું વસૂલ કરવાનો પ્રયત્ન કરતો. અથવા જો ફરિયાદ કરવામાં આવે તો છેક નજીવી લાંચના બદલામાં ન્યાયાધીશો ઈનસાફને ઊંધો વાળતા, અને ગરીબ બિચારા **'નેકીવાનો'** (મૂળ શબ્દ 'સાદ્દિક' = પ્રામાણિક, ઈશ્વરનો ડર રાખનાર, નમ્ર, સજ્જન)ને ન્યાય ન મળતાં નિર્દય લેણદારો ફાવી જતા. આ 'નેકીવાનો' દેવું વાળી આપવાની ના નહોતા પાડતા; તેમનો દોષ તો તેમની આર્થિક ભીડ, અને એ ભીડને કારણે દેવું ભરપાઇ કરવામાં તેઓને કરવો પડતો વિલંબ એ જ હતો. એવાં સામાજિક અનિષ્ટોની સામે નિયમશાસ્ત્રે અનેકવાર (નિર્ગ. ૨૩; ૬–૮: લેવીય ૧૯; ૧૫: પુન. ૧૬; ૧૮-૨૦) તેમજ પ્રબોધકોએ અનેકવાર (યશા. ૧; ૨૩: ૩; ૧૪: ૫; ૨૩: ૧૦; ૧, ૨: યિર્મે. ૫; ૨૮: ૨૨; ૩: હઝ. ૨૨; ૨૯: મીખાહ ૩; ૯–૧૧: ૭; ૩: માલાખી ૩; ૫) પોકાર્યું છે. "**ખાસડાંની જોડ**"ની કિંમત તો છેક નજીવી હોય. અહીં ન્યાયાધીશી કૃત્યની વાત નથી; પરંતુ "ખાસડાંની જોડ" જેવી છેક નજીવી વસ્તુની કિંમત જો વસૂલ ન થઈ શકે તો લેણદાર એટલું થોડું પણ જતું કરવા તૈયાર નથી એ વાત છે. અને એટલા થોડા માટે પણ દેવાદારને ગુલામ બનાવી દેવાના કે ગુલામ તરીકે વેચી દેવાના બનાવો બનતા હતા (૨ રાજા ૪; ૧). ધનવાનોને મન કેવળ પૈસો મોટી વાત હતી, માનવનું મૂલ્ય તેમના મનથી કશું નહોતું. જ્યાં પૈસો જ પરમેશ્વર થઈ બેસે છે ત્યાં ગરીબો ગધેડે ગવાય છે.

૨; ૭. આ કલમમાં બે અનિષ્ટોની વાત આવે છે: એક સામાજિક ક્ષેત્રનું છે, અને બીજું ધાર્મિક ક્ષેત્રનું.

**તેઓ ગરીબના માથા પરની પૃથ્વીની ધૂળને માટે તલપે છેઃ** ભારે અફસોસ, ખેદ કે શોક દર્શાવવા માટે માથા પર જે ધૂળ નાખવામાં આવતી (યહો. ૭; ૬: અયૂબ ૨; ૧૨: યિ. વિલાપ ૨; ૧૦), એ ધૂળ જેવી ચીજ પણ ધનવાનો લઈ લેવા ઈચ્છતા હતા, મતલબ કે ગરીબની પાસે કશું જ ના રહે, અને બધું પોતાના કબજામાં આવે એ ધનવાનોની આતુર ઈચ્છા હતી. પરંતુ સપ્તતિ તરજૂમો આ પ્રમાણે છે, ને તે વધારે ખરો લાગે છેઃ "તેઓ પૃથ્વીની ધૂળ સુધી ગરીબોનું માથું રગદોળે છે", જેમ કોઈ ઝેરી સરપટિયાનું માથું રગદોળવામાં આવે તેમ. મતલબ કે એટલી હદ સુધીનો જૂલમ તેઓ ગરીબો પર ગુજારે છે (યશા. ૩; ૧૫; મીખાહ ૩; ૨, ૩), જેથી કારમા સંકટમાં તેઓને માથા પર ધૂળ નાખવાની સ્થિતિ આવે છે (અયૂબ. ૨; ૧૨). 'ગરીબ' માટેનો હીબ્રુ શબ્દ 'ડાલ્લિમ' છે, જેના મૂળાર્થ પ્રમાણે 'ગરીબ' એટલે 'નબળો,' 'વાંકો વળી ગયેલો' સમજવાનું છે.

**દીનોને માર્ગમાંથી ભટકાવી દે છે**–'દીન' માટે હીબ્રુ શબ્દ 'અનાવિમ' છે (યશા. ૧૧; ૪ : ૧૯; ૧૯: ૩૨; ૭). તેઓ નિયમશાસ્ત્રનું પાલન કરતા, ને યાહવેહને વિશ્વાસુ રહેતા. તેમની નમ્રતાને કારણે તેઓ સતાવનારાઓની સામે થઈ શકતા નથી. પૃથ્વી પર તેમને સહાય કરનાર કોઈ નહોતો, તેથી તેઓ યાહવેહ પર જ આધાર રાખીને બેઠેલા છે (ગીત. ૨૫; ૯: ૬૨; ૧૨: મા. ૫; ૫). એવાઓને આ જૂલમી શ્રીમંતો અને અન્યાયી તથા લાંચીઆ ન્યાયાધીશો ન્યાય મરડીને સત્ય માર્ગમાંથી ભટકાવી મુશ્કેલીના માર્ગમાં લાવે છે (૫; ૧૨: અયૂબ ૨૪; ૪: ની. વ. ૧૭; ૨૩: યશા. ૧૦; ૧, ૨ : ૨૯; ૨૧). શ્રીમંતો તેમના ધનનો ઉપયોગ ગરીબોની સેવા કરવામાં નહિ, પણ ગરીબોની મુશ્કેલીઓ વધારતા જવામાં જ કરે છે એ પર ધ્યાન ખેંચેલું છે.

**બાપ દીકરો એક જ યુવતી પાસે જઇને મારા પવિત્ર નામને બટ્ટો લગાડે છેઃ** વ્યભિચાર તો હરકોઈ પ્રસંગે પાપ જ છે; પરંતુ આ એવી સાધારણ રીતે કરાતી અનીતિની વાત નથી. આ તો ઈશ્વરની ઉપાસનાને નામે કરાતી અનીતિની વાત છે, જેથી અનીતિ હદ વટાવી ગઈ હતી. સીદોનની દેવી આશ્તોરેથની ઉપાસનાક્રિયામાં ખાસ કરીને એવો દુરાચાર ચાલતો હતો, અને ઈસ્રાએલપુત્રોએ એ દેવીને પણ અપનાવી હતી (ન્યાય. ૨; ૧૩: ૧ શમ. ૧૨; ૧૦: ૧ રાજા ૧૧; ૫, ૩૩). ઈસ્રાએલમાં પુમૈથુનીઓ પણ હતા (૧ રાજા ૧૪; ૨૪ : ૧૫; ૧૨ :

૨૬; ૪૬: ૨ રાજા ૨૩; ૭). નિયમશાસ્ત્રમાં એવા સર્વ પ્રકારના દુરાચારનો સ્પષ્ટ નિષેધ કરેલો હતો (પુન. ૨૩; ૧૭), અને પ્રબોધકોએ સખત રીતે એને વખોડી કાઢયો છે (હો. ૪; ૧૨-૧૪). બાબેલોનનાં કેટલાંક મંદિરોમાં, તેમજ ગ્રીકોની પ્રણય અને સૌંદર્યની દેવી 'આફ્રો-દિત'નાં મંદિરોમાં પણ એવો રિવાજ ચાલતો હતો. પરંતુ પવિત્ર યાહવેહનું ભજન કરનાર લોકમાં એટલી બધી અધમ કક્ષાની અનીતિ કેવી રીતે દાખલ થઈ? હેબ્રીઓ મિસરમાંથી કનાનમાં આવ્યા તે અગાઉથી તેમજ આમોસની અગાઉ ચારસો વર્ષ પહેલાંથી કનાનીઓ બઆલને ફળદ્રુપતાનો દેવ સમજીને એ જ રીતે તેનું ભજન કરતા. દેવદાસીઓ સાથેનું કૃત્ય ફળદ્રુપતાની નિશાનીરૂપ ગણાતું (હો. ૪; ૧૨-૧૪). એવી રીતે ધર્મક્રિયા તરીકે યાહવેહની ઉપાસનામાં પણ એ દાખલ થઈ ગયું હતું. યહૂદી ધર્મના પ્રકાશે કનાની ધર્મનો અંધકાર વિખેરી નાખવો જોઈતો હતો, તેને બદલે અંધકાર પ્રકાશ પર ફાવી ગયો હતો. વળી બાપ અને દીકરો એટલે વૃદ્ધ અને જુવાન બન્ને એવાં કામ કરતા હતા. મૂળમાં "એક જ" શબ્દ નથી. તેઓ બન્ને એક જ યુવતીની પાસે જતા હતા, કે જુદીજુદી, એ પ્રશ્ન જ નથી. બન્ને (વૃદ્ધ અને જુવાન-બાપ અને દીકરો) જણ ઉપાસનાના નામે યુવતીની પાસે જતા હતા, અને વ્યભિચાર કરતા હતા. અહીં જે 'યુવતી'નો ઉલ્લેખ છે તે તો 'દેવદાસી' (ઈશ્વર સેવાને અર્થે મંદિરને અર્પાયેલી) છે. એની સાથે અનીતિ કરવામાં આવતી હતી, અને તે વળી ધર્મક્રિયાના નામે. "બટ્ટો લગાડવો" માટેના મૂળ હીબ્રુ શબ્દ (ચિલ્લેલ)નો અર્થ 'છોડવું' (બંધન કે પ્રતિબંધમાંથી મુક્ત કરવું) થાય છે, મતલબ કે બંધન કે પ્રતિબંધમાંથી મુક્ત કરીને સામાન્ય વપરાશમાં લાવવું. જેનું નામ વૃથા લેવા પર પ્રતિબંધ હતો (નિર્ગ. ૨૦; ૭: પુન. ૫; ૧૧) તેની ઉપાસનામાં વ્યભિચાર કરવામાં આવે એ તો દુરાચારે કરેલી અવધિ જ હતી. ધર્મને નામે જ્યાં એવો દુરાચાર ચાલતો હોય ત્યાં યાહવેહનું નામ પવિત્ર મનાવાને બદલે અપમાનિત જ બને (લેવીય ૧૮; ૨૧: ૨૦; ૩: યશા. ૪૮; ૧૧: ૫૭; ૩-૧૩: હઝ. ૨૦; ૯, ૧૪, ૨૯: અઠ્ય. ૨૩: ૩૬; ૨૦-૩૩).

૨; ૮. આ કલમમાં આમોસ ખાનપાનને જ ખાસ રીતે વખોડી કાઢે છે એમ સમજવાનું નથી, કારણ કે એ તો પ્રાચીન જમાનાનો રિવાજ હતો (નિર્ગ. ૩૨; ૬: ન્યાય. ૯; ૨૭: ૧ શમ. ૧; ૯-૧૫). તે જે ખાસ કરીને વખોડે છે ને જેને ગુનો ગણે છે તે તો દરિદ્રી અને દીન જનો

પ્રત્યેની ધનવાનોની નિર્દયતા હતી. લંપટ મનવાળા ઈસ્રાએલીઓ જ્યારે ઉચ્ચસ્થાનોમાં જઇને સાતમી કલમમાંનો ગુનો કરતા ત્યારે તેમના પાપના ભાગીદારો સાથે જે વસ્ત્રો પર સૂઈ જતા ( હો. ૪; ૧૪ ) તેની વાત કદાચ આ કલમમાં નથી. અહીં તો સંભવિત રીતે વ્યભિચારની વાત જ નથી, પણ યજ્ઞાર્પણ વખતે જે મિજબાની થતી તેની વાત હોવા સંભવ છે.યજ્ઞાર્પણ ચઢાવી રહ્યાં બાદ અર્પણ કરનાર માણસો "પ્રત્યેક વેદીની બાજુમાં" અર્થાત્ તેમના દેવની હજૂરમાં અર્પિત માંસ ખાતા ને દ્રાક્ષરસ પીતા. એવું તેઓ કેવળ બેથેલની, ગિલ્ગાલની ને દાનની વેદી આગળ જ કરતા એમ નહિ, પણ "પ્રત્યેક વેદીની બાજુમાં" કરતા ( હો. ૮; ૧૧: ૧૦; ૧,૨,૮: ૧૨; ૧૧ ). આ તો કોઈ સામાજિક પ્રસંગ નહિ, પણ ધાર્મિક પ્રસંગ હતો; તેથી એ 'પવિત્ર' મિજબાની હતી. એમાં કેટલુંક માંસ દેવને ધરાવેલું હોવાથી અને કેટલોક દ્રાક્ષરસ વેદી પર રેડાયેલો હોવાથી ઉપાસકો ઈશ્વરની સંગત અનુભવે છે ને તેની સાથે ખાય પીએ છે એવું માનતા ( ૧ શમ. ૯; ૧૧–૨૫ ). આ પ્રસંગે બેસવા કે સૂવા માટે તેઓ પોતાનાં વસ્ત્રો કે પાથરણાં નહિ, પણ ગરીબોનાં ઘરેણે લીધેલાં કપડાં જે તેમણે સૂર્યાસ્ત પહેલાં પાછાં આપી દેવાં જોઈએ ( નિર્ગ. ૨૨; ૨૫–૨૭: પુન. ૨૪; ૧૨, ૧૩: હઝ. ૧૮; ૭ ) તે વાપરતા. એવી રીતે વાપરી રહ્યો પછી તેઓ તે પાછાં આપી દેતા કે કેમ એ વિષે કંઈ કહેલું નથી. પરંતુ એ ઉપરાંત બીજું અનિષ્ટ પણ હતું. ન્યાયની અદાલતોમાં ખરી કે ખોટી રીતે વસૂલ કરાયેલા દંડનાં નાણાં કોઈ જનહિત કાર્યમાં વાપરવાને બદલે ધર્મને નામે થતી ઉજાણીઓમાં વપરાતાં. કેટલાક યજ્ઞોમાં વપરાતો દ્રાક્ષરસ એવા દંડનાં નાણાંમાંથી ખરીદાતો. એવી રીતે ગરીબોની લાગણીઓ પ્રત્યે તેઓ છેક નિષ્ઠુર બનતા. એ બધું યાહવેહના નામમાં થતું. ખરું જોતાં તો એ તેમના અન્ય દેવો જ હતા. દુષ્ટતાનું આચરણ અને ઈશ્વરનું ભજન એ બે સાથે રહી શકે જ નહિ. એવું કરનારે બીજો દેવ જ બનાવ્યો છે એમ સમજવું રહ્યું. ભક્તિ અને ધર્મશાસ્ત્ર ( ૧ શમ. ૧૫; ૨૨: ગીત. ૫૧; ૧૬, ૧૭ ) એ બન્નેનો એ કેવળ ભંગ ને દુરૂપયોગ છે.

**(આ) ઇસ્રાએલ પર થયેલા ઈશ્વરના ઉપકારો (૨; ૯–૧૨).**

**૯ તોપણ અમોરીઓ જેઓની ઊંચાઇ એરેજવૃક્ષોની ઊંચાઇ જેટલી હતી, ને જે ઓકવૃક્ષના જેવા મજબૂત હતા તેઓનો મેં**

**તેઓની આગળથી નાશ કર્યો; હા, મેં ઉપરથી તેના ફળનો, ને તળેથી તેનાં મૂળોનો નાશ કર્યો; ૧૦ વળી હું તમને મિસર દેશમાંથી કાઢી લાવ્યો, ને તમને અરણ્યમાં ચાળીસ વર્ષ સુધી દોરીને અમોરીઓના દેશનું વતન અપાવ્યું. ૧૧ મેં તમારા દીકરાઓમાંના [કેટલાક]ને પ્રબોધકો તરીકે, ને તમારા જુવાનોમાંના [કેટલાક]ને નાઝીરીઓ તરીકે ઊભા કર્યા. યાહવેહ કહે છે, કે હે ઈસ્રાએલ લોક, શું એમ નથી? ૧૨ પણ તમે નાઝીરીઓને દ્રાક્ષારસ પાયો; અને પ્રબોધકોને આજ્ઞા કરી, કે પ્રબોધ કરશો નહિ.**

યાહવેહે કનાનના અગાઉના તાકાતવાન રહેવાસીઓ પાસેથી કબજે લઈને (ગીત. ૧૦૫; ૧૪, ૧૫, ૪૫) ઈસ્રાએલને તે સોંપ્યો હતો, વળી એ અગાઉ તેણે તેમને ગુલામગીરીમાંથી મુક્ત કર્યા ને કનાન જતાં પ્રવાસમાં સંભાળ્યા હતા. તે કારણથી ઈસ્રાએલપુત્રો હંમેશને માટે યાહવેહના ઋણ નીચે હતા. જે નાશ કરવાને શક્તિમાન છે તેણે તેમના પ્રત્યે દયાકૃત્યો પણ કર્યાં હતાં. છતાં, તેને આજ્ઞાંકિત ને વફાદાર રહેવાને બદલે તેમણે કલમ ૬-૮ માં દર્શાવેલાં કૃત્યો કરીને (૫; ૧૨) પોતામાં તેમજ અન્ય દેશજાતિઓમાં યાહવેહના પવિત્ર નામને કલંકિત કર્યું હતું. કનાનનો કબજો તો ઐહિક આશીર્વાદ હતો; પરંતુ એ ઉપરાંત યાહવેહે તેમને આત્મિક આશીર્વાદો પણ આપ્યા હતા, એટલે કે પોતાના માર્ગમાં ચલાવવા માટે તેણે તેમને નાઝીરીઓ તથા પ્રબોધકો જેવા ઈશ્વરપ્રેરિત માણસો આપ્યા હતા. એ સર્વ ઈતિહાસમાં તેમની આગળ કરાયેલું યાહવેહનું પ્રકટીકરણ હતું. પણ એ આત્મિક આશીર્વાદોને તેઓએ તુચ્છ ગણ્યા હતા.

ઈશ્વરના આપણા પર થયેલા વિશિષ્ટ પ્રકારના ઉપકારોનું સ્મરણ આપણને કરાવવામાં આવે એ જરૂરનું હોય છે. એ આશીર્વાદો પામ્યા છતાં આપણે પાપ કરીએ છીએ ત્યારે પાપ વિશેષ ગંભીર ને શિક્ષાપાત્ર બને છે. વિશ્વાસુ ધર્મસેવકો મંડળીને મળે છે એ મંડળી પર થયેલો અને થતો ઈશ્વરનો ઉપકાર જ છે. અપરાધી જનોએ કબૂલ કરવું જ પડશે કે અનુગ્રહનાં સાધનો બક્ષવામાં ઈશ્વરે કૃપણતા તો નહિ, પણ ઉદારતા જ દાખવેલી છે. છતાં જયારે એ આશીર્વાદરૂપ સાધનોનો પણ દુરૂપયોગ કરવામાં આવે છે ત્યારે આપણે ઈશ્વરના કોપને માટે જ પોતાને તૈયાર કરીએ છીએ એ એક દુઃખદ હકીકત છે. પરંતુ આમોસે વર્ણવેલા ઉપકારો કરતાં પણ ચઢીઆતો ઉપકાર ઈશ્વરે પોતાના પુત્રને આ દુનિયામાં મોકલીને સમસ્ત જગત પર કરેલો છે (યોહ. ૩; ૧૬). એ

આશીર્વાદનો અનુભવ આજે ખ્રિસ્તી મંડળી કરી રહેલી છે. એ ઈશ્વરનો નર્યો પ્રેમનો આશીર્વાદ છે. એવા પ્રેમના બદલામાં ઈશ્વર જ્યારે આપણી પાસે કેવળ ઉપકારભાવી જીવન માગે છે ત્યારે એટલું પણ ન કરતાં જ્યારે આપણે તેના ઉપકારની અવગણના કરીએ છીએ ત્યારે ઈસ્રાએલના ગુના કરતાં આપણો ગુનો શું વધારે ગંભીર બનતો નથી, અને તેઓ જે શિક્ષાપાત્ર ઠર્યા તો આપણે શું વધારે ગંભીર શિક્ષાને પાત્ર થતાં નથી? આપણે માટે તેમજ ભૂતકાળમાં ઇસ્રાએલને માટે ઈશ્વરે જે કરવાનું તે પ્રથમ કર્યાં પછી જ તે જેમ તેમની પાસેથી તેમજ હાલ આપણી પાસેથી ઉપકારીભાવ, વફાદારી તથા આજ્ઞાંકિત વર્તન માગે છે. તેના ઉપકારો પ્રથમ થયા હોવાને લીધે ઉપકાર પામનાર પાસેથી ખાસ પ્રકારના જીવનની તે આશા રાખે છે, વળી એવી આશા રાખવાને તે હકદાર બને છે.

મૂળ હીબ્રુમાં 'હું,' 'મેં' (કલમ ૯–૧૧) અને 'તમે' (કલમ ૧૨) બહુ ભારવાચક છે. એથી મુકાબલો એકદમ ધ્યાન ખેંચે છે: યાહવેહે... કર્યું (૯–૧૧) ત્યારે ઈસ્રાએલે તેથી ઉલટો જ ઉત્તર વાળ્યો (૧૨).

યાહવેહે ઈસ્રાએલને માટે મહાભારત ઉદ્ધારકૃત્યો કર્યાં હતાં ત્યારે એ પ્રેમનો બદલો ઇસ્રાએલે અનુપકારીભાવ અને અનાજ્ઞાંકિતપણાથી વાળ્યો હતો.

**૨; ૯, ૧૦:** ઇતિહાસના કાળાનુક્રમ પ્રમાણે ઇસ્રાએલપુત્રોને મિસરની ગુલામીમાંથી મુક્ત કરવાનું કૃત્ય (કલમ ૧૦) યાહવેહે પહેલું અને અમોરીઓનો નાશ કરવાનું કૃત્ય ત્યાર પછી કર્યું હતું; પરંતુ આમોસ ભૂતકાળમાં દૃષ્ટિ કરતો હતો, તેથી તેની દૃષ્ટિએ તો અમોરીઓનો નાશ પ્રથમ અને મિસરમાંથી મુક્તિ તથા કનાનમાં વસવાટ પછી જ દેખાય (હીબ્રુ જૂના કરારમાં બન્ને કલમો એક જ શબ્દથી શરૂ થાય છે). આ બે કલમોના જેવો જ અનુક્રમ ગીત ૭૮માં પણ છે: પ્રવાસમાં બનેલા બનાવો પહેલા મૂકેલા છે (કલમો ૧૨–૩૪), અને મિસરમાં કરાયેલા અનર્થો પાછળ મૂકેલા છે (૪૩–૫૧), વળી કલમો ૨૦, ૨૪ને ૨૭માં પણ અનુક્રમ જળવાયો નથી.

ઇસ્રાએલપુત્રો કનાનમાં દાખલ થયા તે અગાઉ કનાનમાં અનેક નાની નાની જાતિઓ વસતી હતી, જેઓમાંની એક 'અમોરીઓ' (= પર્વતવાસી) નામથી ઓળખાતી હતી. પરંતુ અહીં અને અન્ય કેટલેક ઠેકાણે

(ઉત્પ. ૪૮; ૨૨: પુન. ૧; ૭, ૨૦–૨૭: યહો. ૨૪; ૮, ૧૫, ૧૮: ન્યાય. ૬, ૯, ૧૦: ૧ શમ. ૭; ૧૪: ૨ શમ. ૨૧; ૨). 'અમોરીઓ' શબ્દ એ સર્વ જાતિઓના સામાન્ય નામ તરીકે વપરાયેલો છે. બાબેલોનના લોકો તો પાલેસ્ટાઈનને અમોરીઓના દેશ તરીકે જ (ઈ. સ. પૂ. ૨૦૦૦ જેટલા સમયથી) ઓળખતા, કારણ કે અમોરીઓ એના મુખ્ય રહીશો હતા. તેઓની ઉત્પત્તિ માટે જુઓ ઉત્પ. ૧૦; ૧, ૬, ૧૫, ૧૬. તેઓ ઊંચા ને કદાવર તથા લડવૈયા લોક હતા (ગણના ૧૩; ૨૨–૩૩: પુન. ૧; ૨૭, ૨૮: ૩; ૧–૧૧: યહો. ૧૨; ૨), તેથી જ તેમની સરખામણી એરેજ-વૃક્ષ સાથે કરવામાં આવી છે (અયૂબ ૪૦; ૧૭: હઝ. ૧૭; ૨૨–૨૪: ૩૧; ૧–૯). એવાઓને ઈશ્વરે જડમૂળથી ઉખેડી નાખ્યા હતા. આમોસના સમયમાં અમોરીઓનું કે કનાનીઓનું પાલેસ્ટાઈનમાં અલગ અસ્તિત્વ નહોતું. કનાનમાં ઈસ્રાએલનો વસવાટ થયા પછી તેઓમાંના ઘણાખરાનો નાશ કરવામાં આવેલો, બાકી રહેલાઓમાંના કેટલાકને સ્વાધીન કરવામાં આવ્યા, ને કેટલાએક લગ્નદ્વારા વિલીન થઈ ગયા. સુલેમાન રાજાએ તેઓ પર વેઠ નાખી હતી (૧ રાજા ૯; ૨૧).

આ કલમોનો મુદ્દો આ પ્રમાણે છે: શું એવા ગુનાઓ (કલમ ૬–૮) કરવા માટે યાહવેહે તમારા પર આવા ઉપકારો (૯, ૧૦) કર્યા હતા? અથવા શું મોજશોખ, અન્યનું કે એકબીજાનું શોષણ, જૂલમ, અન્યાય, અનીતિ કે અન્ય પ્રકારનું સ્વચ્છંદી વર્તન કરવા માટે યાહવેહે તમને કનાનમાં વસવાટ આપ્યો હતો (નિર્ગ. ૨૦; ૨: પુન. ૫; ૬: ૬; ૧૦–૧૫: હો. ૧૩; ૪)?

**અરણ્ય**: હીબ્રુ શબ્દ 'મિદ્બાર' છે, જેનો અર્થ "ગોચર પ્રદેશ" પણ થાય છે, અને એ અર્થમાં તે અનેક ઠેકાણે વપરાયો છે (યોએલ ૨; ૨૨). ખેતીવાડી માટે પૂરતો ફળદ્રુપ નહિ, તથાપિ રખડાઉ જાતિઓનાં ઢોરઢાંખર માટે જ્યાં પૂરતો ઘાસચારો મળી રહે એવો પ્રદેશ 'મિદ્બાર' (હીબ્રુમાં) કહેવાતો. તથાપિ ઉજજડ કે વેરાન પ્રદેશ માટે પણ એ જ શબ્દ વપરાતો (હોશીઆ ૨; ૩).

**ચાળીસ વર્ષ સુધી**: આ સમય (ગણના ૧૪; ૩૩, ૩૪: ૩૨; ૧૩: પુન. ૨; ૭: ૮; ૨: ૨૯; ૫; યહો. ૬; ૬) તેમને માટે તાલીમ પામવાનો હતો (પુન. ૩૨; ૯–૧૪).

**૨; ૧૧.** ઈશ્વર તરફથી મળતાં દાનોમાં (રોમન પત્ર ૧૨; ૩–૮:

૧ કરીંથી ૧૨; ૪–૧૧, ૨૮–૩૧) ઈશ્વરપ્રેરિત અને ભાવિક ભક્તજનો ઈશ્વરની મંડળી કે તેના લોક માટે ઊંચી કક્ષાનાં દાન છે. અહીં એવાં બે દાનોનાં નામ આપેલાં છે: (૧) પ્રબોધકો (હીબ્રુમાં 'નબી'): તેઓ જેમની પાસે મોકલાયા હોય તેમની આગળ તેઓ યાહવેહની ઇચ્છા કે તેના તરફથી સંદેશો પ્રગટ કરતા, અને ઈશ્વર વિષે તેમને શિક્ષણ તથા બોધ આપીને તેના પ્રત્યેની તેમની ફરજોનું તેમને ભાન કરાવતા (યિર્મે. ૭; ૨૫). જૂના કરારમાં યાહવેહ વિષે જે પ્રકટીકરણ કરવામાં આવેલું છે તે આ 'નબી'ઓ દ્વારા કરવામાં આવેલું છે. જમાનાની જરૂરિયાત ધ્યાનમાં લઈને યાહવેહ એવા અનેક માણસોને વખતો વખત ઊભા કરતો (પુન. ૩૪; ૧૦: ૧ શમ. ૨૮; ૧૫: ૧ રાજા ૧૪; ૨, ૪: ૧૬; ૧, ૭, ૧૩: ૨૨; ૮, ૧૮: ૨ કાળ. ૨૪; ૧૯: હોશીઆ ૬; ૫: ૧૨; ૧૦, ૧૩). યાહવેહ તરફથી નહિ મોકલાયેલા (યિર્મે. ૨૩; ૨૧, ૨૨) એવા જૂઠા પ્રબોધકો પણ હેબ્રી સમાજમાં અવારનવાર ઊભા થતા હતા (૧ રાજા ૨૨; ૫–૧૨: ૨ કાળ. ૧૮; ૪–૧૧: યિર્મે. ૨૩: ૨૮, ઈત્યાદિ). (૨) નાઝીરીઓ (હીબ્રુ શબ્દ 'નાઝિર'): તેઓ પોતાના લોકને નિયમશાસ્ત્ર પ્રમાણેના જીવનનો નમૂનો પૂરો પાડવાનો પ્રયત્ન કરતા. તેઓ ખાસ પ્રકારનું સંયમી જીવન જીવવાને અલગ કરાયેલા હતા. શામશૂન (ન્યાય. ૧૩–૧૬) અને શમૂએલ (૧ શમ. ૧; ૧૧) નાઝીરી હતા. તેઓએ મુખ્ય ત્રણ વ્રત લેવાનાં હતાં (ગણના ૬; ૧–૨૧): (અ) કેફી પદાર્થથી અલગ રહેવું; (બ) માથાનું મુંડન કરાવવું નહિ; (ક) મુડદાથી કે અન્ય કોઈ પ્રકારની અશુદ્ધ વસ્તુથી દૂર રહેવું. પોતાને માટે, અન્યને માટે અથવા દેશ કે કોમને માટે કોઈ ખાસ આશીર્વાદ ઈશ્વર પાસેથી મેળવવાની આશાએ નાઝીરી વ્રત જેવી કે અન્ય પ્રકારની માનતાઓ લેવામાં આવતી. રેખાબીઓ (રેખાબના વંશજો) નાઝીરીઓના જેવા જ હતા (યિર્મે. ૩૫). નાઝીરીઓ યાહવેહના બહુજ ચુસ્ત ભક્તજનો હતા. યોસેફસ (યહૂદી ઈતિહાસકાર) જણાવે છે: માંદગી કે અન્ય પ્રકારની મુસીબત આવી પડી હોય ત્યારે ઉપવાસ પર ઊતર્યા પહેલાં અને યજ્ઞાર્પણ કર્યા પહેલાં ત્રીસ દિવસ સુધી તેઓ દ્રાક્ષરસથી દૂર રહેતા ને માથું મુંડાવતા નહિ.

ઉપકારો અને આશીર્વાદોનું સ્મરણ કરાવ્યા (૯–૧૧) પછી યાહવેહ પોતાના લોકને પૂછે છે: "હે ઈસ્રાએલ લોક, શું એમ નથી"? 'લોક' માટે વપરાયેલો હીબ્રુ શબ્દ 'બેન' છે, જેનો અર્થ થાય છે 'બાળક' કે

'છોકરૂં'. એવા વ્હાલસૂચક શબ્દથી સંબોધીને યાહવેહ તેમને પ્રશ્ન પૂછે છે. ઈસ્રાએલનું વર્તન (કલમ ૬-૯) અનીતિમાન હોવા છતાં પણ યાહવેહના પ્રેમમાં ઉણપ આવી નથી. વ્હાલસૂચક શબ્દ વાપરીને તેમનું ભાન ઠેકાણે લાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. યાહવેહના ઉપકારો તેઓ ધ્યાનમાં લે, અને પોતાની રહેણીકરણીનો માર્ગ બદલે એ જ યાહવેહ માગતો હતો.

૨; ૧૨: નાઝીરી જેવા માણસો પાસેથી સંયમી જીવનનો નમૂનો લેવાને બદલે ઈસ્રાએલપુત્રોએ તેમના વ્રતનો ભંગ કરાવ્યો, અને પ્રબોધકો પાસેથી ઈશ્વર વિષેનું શિક્ષણ મેળવવાને બદલે તેમની ફરજ બજાવતાં તેમને અટકાવ્યા. પ્રબોધકોને તેમની ફરજ બજાવવામાં એક કે અન્ય રીતે અનેકવાર અટકાવવામાં આવ્યા છે (૧ રાજા ૨૨; ૨૪-૨૮: ૨ કાળ. ૧૬; ૭-૧૦: યશ. ૩૦; ૯-૧૧: યિર્મે. ૧૧; ૨૧: ૨૦; ૭-૧૦: હોશીઆ ૯; ૭, ૮: આમ. ૭; ૧૨, ૧૩). મોજશોખ અને આબાદીમાં મસ્ત હોવાને લીધે તેઓએ ઈશ્વરભક્તોની સતાવણી કરી હતી. ઈસ્રાએલ પ્રજાનું આવું વર્તન નવા કરારમાં મહા અપરાધ ગણાયું છે (માત્થી ૨૩; ૨૯-૩૮: લુક ૧૩; ૩૪, ૩૫). પ્રભુ ઈસુએ આપેલું "દુષ્ટ ખેડૂતો"નું દૃષ્ટાંત (માત્થી ૨૧; ૩૩-૪૬: માર્ક ૧૨; ૧-૧૨: લુક ૨૦; ૯-૧૯) અહીં ધ્યાનમાં લેવા જોગ છે.

(ઈ) આવનાર ન્યાયશાસનની આગાહી (૨; ૧૩-૧૬)

**૧૩ જુઓ, જેમ પૂળાથી ભરેલું ગાડું દબાઇ જાય છે, તેમ હું તમને તમારી જગાએ દાબી નાખીશ. ૧૪ અને વેગવાનની [દોડવાની શક્તિ] ખૂટી જશે, બળવાનનું બળ રહેશે નહિ; શૂરવીર પોતાનો બચાવ કરી શકશે નહિ; ૧૫ ધનુર્ધારી ટકી શકશે નહિ; ઝડપથી દોડનાર [પોતાનો] બચાવ કરી શકશે નહિ; ઘોડેસ્વાર પણ પોતાનો બચાવ કરી શકશે નહિ; ૧૬ અને યોદ્ધાઓમાં જે હિમ્મતવાન હશે તે તે દિવસે નગ્ન થઇને નાસી જશે, એમ યાહવેહ કહે છે.**

યાહવેહ તરફથી મળેલા આશીર્વાદો (૯-૧૨)ને માટે ઉપકાર માનવાને બદલે જેઓ આવો અસામાજિક વર્તાવ (૬-૮) રાખે છે તેમના પર ન્યાયશાસન આવી પડવાનું જ છે. એ ન્યાયશાસનમાંથી છટકી જવાનાં તેમનાં સર્વ સાધનો, તેમના સર્વ પ્રયત્નો, તેમની સર્વ પ્રકારની શક્તિઓ કેવળ નિરર્થક નીવડવાનાં છે. યુદ્ધમાં તેમનો પૂરેપૂરો પરાજય થશે. તેમના પર આક્રમણ કરનાર આશ્શૂર (જેનું નામ તો અહીં દેવામાં

આવ્યું નથી) અન્ય દેશજાતિઓને મહાત કર્યાં પછી ઉત્તરના (ઈસ્રાએલના) રાજ્યનો અંત લાવશે. આ આક્રમણ શિક્ષારૂપે તેમના પર આવવાનું છે. આશ્શૂર તો યાહવેહનું કેવળ સાધન છે. શિક્ષા કરનાર તો યાહવેહ છે. જેણે તેમના પર ઉપકારો કર્યાં હતા તે જ તેમના અધર્મી ને અમાનુષી વર્તનને લીધે (૨; ૬-૮)-ઉપકારનો બદલો અપકારમાં મળવાથી-હવે તેમને શિક્ષા કરવા તૈયાર થયો છે. હજી શિક્ષા આવી પડી નથી, કેવળ આગાહી થઈ છે. એ દરમિયાન શિક્ષાપાત્રોને ઉપકાર કરનાર યાહવેહ પાસે પાછા આવવાનો સમય હજી મળે છે. પરંતુ પશ્ચાત્તાપી હૃદયે પાછા ફરવાને બદલે જો તેઓ શિક્ષામાંથી બચી જવા માટે નાસી છૂટવાનો પ્રયત્ન કરે તો યાહવેહના હાથમાંથી શું તેઓ છટકી જઈ શકે? જે બચાવ કરવાને શક્તિમાન છે (૨ રાજા ૧; ૯-૧૬: ૬; ૮-૧૯: દાન. ૩; ૨૮: ૬; ૧૯-૨૩) તે નાશ કરવાને પણ શક્તિમાન છે (પુન. ૩૨; ૩૯: ૨ કાળ. ૨૦; ૬: અયૂબ ૧૦; ૭: યશા. ૩૧; ૩: ૪૩; ૧૩: ૫૦; ૨, ૩: યિર્મે. ૩૨; ૧૭-૨૭). ઈશ્વરની કૃપાની, તેના ઉપકારો ને આશીર્વાદોની જેઓ અવગણના કર્યાં કરે છે, ચેતવણીઓને જેઓ કાન તળેથી કાઢી નાખે છે, અધર્મી વર્તન પ્રત્યે ઈશ્વરની ખામોશીને જેઓ ઈશ્વરની બેદરકારી સમજે છે તેઓ પોતાને માટે ન્યાયશાસન જ તૈયાર કરે છે. ઈશ્વરના ન્યાયશાસનમાંથી બચવાનું એક જ સાધન છે, એટલે પશ્ચાત્તાપી હૃદયે ઈશ્વર પ્રતિ પાછા ફરવું તે. નવા કરારના સમયમાં ખ્રિસ્ત દ્વારા કૃપા પામવી તે.

**૨; ૧૩:** આ કલમનો ખુલાસો કરવો બહુ જ મુશ્કેલ છે, કારણ કે એનો જુદો જુદો તરજુમો કરવામાં આવેલો છે: એક તરજુમો (૧૬૧૧ની અંગ્રેજી અધિકારયુક્ત આવૃત્તિના પાઠ પ્રમાણે) આવો થઈ શકે: "પૂળાથી ભરેલું ગાડું જેમ બોજ નીચે દબાય છે તેમ તમારા બોજ નીચે હું દબાઈ રહ્યો છું." આ તરજુમા પ્રમાણે ખુલાસો આવો થઈ શકે: ઈસ્રાએલ જાણતો હોય કે ના જાણતો હોય, પરંતુ ઈસ્રાએલનાં પાપનો બોજ યાહવેહને પણ લાગતો હતો (યશા. ૧; ૧૪: ૭; ૧૩: ૪૩; ૨૪), જેથી ઈસ્રાએલ જાતે જ યાહવેહ પર બોજ રૂપ થઈ પડ્યો હતો. આખરે એ બોજનો નિકાલ યાહવેહે ખ્રિસ્તના વધસ્તંભ દ્વારા કેવી રીતે કર્યો એ આમોસ જાણતો નહોતો, તથાપિ અન્ય પ્રબોધકોને એની કંઈક ઝાંખી થઈ હોય એવા ઈશારા મળે છે (યશા. ૧; ૨૪-૨૬: હોશીઆ ૨; ૮, ૯).

બીજો તરજુમો હાલ આપણી પાસે જે છે તે. પરંતુ એ તરજુમો ખરો હોવા વિષે શંકા છે. આમોસના વિચારચિત્રમાં કદાપિ પૂળાથી ભરેલું 'ગાડું' નહિ, પણ પૂળાથી ભરેલું 'ખળું' છે, અને પૂળા દાણાથી ભરેલાં ડૂંડાંવાળા છે. અનાજ ઘરે જવાને તૈયાર થાય તે પહેલાં ડૂંડાંમાંથી દાણા છૂટા પાડવા પડે છે. છૂટા પાડવા માટે ડૂંડાં પર દાબ આવવો જોઈએ; દાબ લાવવા માટે ખળા પર (વસ્તુતઃ, પૂળા પર) દાબણ પૈડું ફેરવવું પડે. હવે એવું ખળું આમોસના મનમાં હશે એમ ધારીએ તો તે આમ કહેવા માગે છે: "જેમ દાબણ પૈડા નીચે ખળું દબાઈ જાય છે, તેમ હું તમને તમારી જગાએ દાબી નાખીશ." દાબણ પૈડું, ખળું, ડૂંડાથી ભરેલા પૂળા એ બધું તો આમોસ જે કહેવા માગે છે તેની ઉપમાનાં અંશો છે. ઈસ્રાએલ પર યાહવેહ તરફથી આવી પડનાર ન્યાયશાસનની આ વાત છે. દાબણ પૈડાની માફક આશ્શૂરીઓ ખળું (સંમરનની ભૂમિ) ખૂંદી નાખશે ત્યારે પૂળા (ઈસ્રાએલ લોકો) દબાઈ જશે, મતલબ કે તેમનાં પાપને કારણે યાહવેહની શિક્ષાના બોજ નીચે તેઓ કચડાશે (ગીત ૩૨; ૪: ની. વ. ૨૦; ૨૬: યશ. ૨૮; ૨૭, ૨૮), અને તેઓમાંનું કોઈ બચી જવા પામશે નહિ.

**૨; ૧૪–૧૬:** આ પૂરેપૂરા પરાજયનું ચિત્ર છે. આમોસના પ્રબોધ-સમય દરમિયાન ઈસ્રાએલી લોકો પાલેસ્ટાઈનમાં તેમજ દક્ષિણ સિરિયામાં સૌથી બળવાન હતા. ઈસ્રાએલી રાજા યહોઆશે યહુદાહના રાજા અમાસ્યાહને પૂરેપૂરો પરાજિત કર્યો હતો (૨ રાજા ૧૪; ૮–૧૪); વળી યરોબઆમ બીજાએ હમાથ તથા દમસ્ક ઈસ્રાએલના કબજામાં પાછાં મેળવ્યાં હતાં (૨ રાજા ૧૪; ૨૮). તેથી યરોબઆમના સમયમાં ઉત્તરે રાજ્યનો વિસ્તાર સુલેમાનના રાજ્યવિસ્તાર જેટલો થયો હતો. આ કારણથી યરોબઆમને લોકો તાકાતમાં બીજો સુલેમાન ગણતા હતા. તેમ છતાં ઈસ્રાએલ પર જ્યારે આશ્શૂર આક્રમણ કરશે ત્યારે તો ઈસ્રાએલમાં સામનો કરવાની તાકાત પણ નહિ માલૂમ પડે, અને તેઓ ભયના માર્યા નાસી જશે. તેઓ ગમે તેટલી ઝડપ કરે તો પણ તેઓ છટકી તો નહિ જ શકે. યાહવેહ જ્યારે આશ્શૂર મારફતે તેઓ પર શિક્ષા લાવશે ત્યારે જલદ પગવાળો, શરીરની તાકાતવાળો, કુશળ યોદ્ધો, કે કુશળ બાણાવળી, ઘોડેસવાર કે ઝડપી દોડવીર એમાંનો કોઈ બચી શકશે નહિ (ગીત. ૩૩; ૧૬, ૧૭). અન્ય દેશજાતિઓ પર આવી પડનાર

શિક્ષા (આક્રમણ) જયારે ઈસ્રાએલ પર આવી પડશે ત્યારે તે ભયંકરમાં ભયંકર થશે, કારણ કે યાહવેહની જે સહાય તેઓ માગી શકે તે તેમને મળશે નહિ, વળી યાહવેહ પોતે જ આક્રમણકારના હાથ બળવાન કરશે. આવા ત્રાહે પોકરાવનાર પરાજયનું છેવટ બંદીવાસ જ આવે (આ આશ્શૂર તરફથી થનાર આક્રમણની વાત છે, પણ આમોસ આશ્શૂરનું નામ લઈને વાત કરતો નથી).

**નગ્ન**: બચાવનાં તમામ સાધનોથી વિયુક્ત (૧૪, ૧૫) અર્થાત્ શસ્ત્રવિહીન. "ઈશ્વરના પિતાસમ હાથમાંથી છૂટકારો મળશે ખરો, પણ એ નગ્નાવસ્થામાં થશે. માણસ પોતાના છેવટના ન્યાયાધીશ આગળ 'નગ્ન'જ ઊભો રહેશે" (લુથી).

**એમ યાહવેહ કહે છે**: 'કહેવા' માટે વપરાયેલા હીબ્રુ શબ્દનો અર્થ 'કાનમાં કહેવું' થાય છે, એટલે છૂપી રીતે (હૃદયમાં)–જેને કહેવામાં આવે છે તેજ સાંભળે એવી રીતે–યાહવેહ તરફથી સાંભળેલો સંદેશો પ્રબોધકે યાહવેહના નામે હિમ્મતથી જાહેર કરવાનો છે. પ્રબોધક જાણે કહે છે, કે હું જે કહું છું તે યાહવેહ કહે છે એમ સમજવાનું છે (આખા પુસ્તકમાં).

જુદી જુદી દેશજાતિઓ પર જે ન્યાયશાસન આવી પડવાનું છે (અધ્યાય ૧, ૨) તે આશ્શૂરનું આક્રમણ છે. વસ્તુતઃ આશ્શૂર દ્વારા ન્યાયશાસન લાવનાર તો યાહવેહ જ છે, કારણ કે પોતા પ્રત્યે તેમજ માનવ પ્રત્યે ઈશ્વર જે ધર્માચાર માગે છે તે અન્ય દેશજાતિઓમાં નહોતો, તેમજ યહુદાહ કે ઇસ્રાએલમાં પણ ન હતો.

યાહવેહ સર્વ દેશજાતિઓનો ઈશ્વર છે એ આ બે અધ્યાયોમાં સમાયેલો મુખ્ય વિચાર છે. દરેક દેશજાતિને પોતપોતાનો દેવ છે એ તે સમયે હેબ્રીઓની તેમજ અન્ય દેશજાતિઓની સામાન્ય માન્યતા હોય એમ દેખાય છે. દા. ત. સિરિયાનો દેવ રિમ્મોન, મોઆબનો કમોશ, અને હેબ્રીઓનો યાહવેહ. હેબ્રી દષ્ટિએ યાહવેહ સર્વમાં બળવાન ગણાતો, તથાપિ તે અનેક દેવોમાંનો એક હતો. પરંતુ આમોસનું કહેવું આમ છે: મોઆબે ગુના કર્યા છે; પરંતુ તેને શિક્ષા કરનાર કમોશ નહિ, પણ યાહવેહ છે. એ જ પ્રમાણે સિરિયાના ગુનાઓની શિક્ષા કરનાર રિમ્મોન નહિ, પણ યાહવેહ છે. મતલબ કે યાહવેહ સર્વ દેશજાતિઓનો અને સર્વોપરિ ઈશ્વર છે.

અન્ય દેવો નથી એવું સ્પષ્ટ નિવેદન આમોસના પુસ્તકમાં મળતું નથી. તથાપિ અન્ય મનાતા સર્વ દેવો યાહવેહની આગળ નબળા ને નહિવત્ છે એવું શિક્ષણ તો આમોસના પુસ્તકને આધારે મળી જ શકે છે. એકેશ્વરવાદ વિષે (આશરે ૨૦૦ વર્ષ પછી) યશાયાહે જે સ્પષ્ટ મંતવ્ય પ્રગટ કર્યું છે (યશ. ૪૦ ને ૪૪) તેટલી કક્ષાએ આમોસ હજી પહોંચ્યો નથી, એવું કેટલાએક સાક્ષરો કહે છે. તથાપિ અન્ય દેવોને તેણે 'જૂઠાણાં' કહ્યા છે (૨; ૪), અન્ય દેવોને ભજનારી દેશજાતિઓને શિક્ષા કરનાર જે તે દેશજાતિઓના દેવો નહિ, પણ યાહવેહ છે (અ. ૧, ૨); અન્ય દેશજાતિઓને દેશવટો કરાવનાર તે દેશજાતિઓના દેવો નહિ, પણ યાહવેહ છે (૯; ૭); વળી યાહવેહનું જે વર્ણન તેણે કર્યું છે (૪; ૧૩ : ૫; ૮, ૯ : ૯; ૫, ૬) એ સર્વ ધ્યાનમાં લઈએ છીએ ત્યારે આમોસને એકેશ્વરવાદી કહ્યા વગર છૂટકો નથી. એકેશ્વરવાદની સ્પષ્ટ જાહેરાત (યશા. ૪૦, ૪૪) માટે તેણે માર્ગ તો તૈયાર કર્યો છે જ.

## II. ઈસ્રાએલના ગુનાઓ સામે ઈશ્વરનું ચેતવણીરૂપ વચન
(અધ્ય. ૩–૬)

પુસ્તકના આ બીજા ભાગમાં આમોસનાં ભાષણો સમાયેલાં છે. આ ભાષણોમાં ઈસ્રાએલના ગુનાઓનું વધુ વિગતવાર વર્ણન કરાયેલું છે, વળી તેને થનાર શિક્ષાની ધમકી પણ વધુ વિગતવાર જાહેર કરાયેલી છે. પ્રથમ ત્રણ ભાષણોની શરૂઆતના શબ્દો છે "...આ વચન સાંભળો" (૩; ૧ : ૪; ૧ : ૫; ૧); અને બીજાં બેની શરૂઆતનો શબ્દ છે "...અફસોસ" (૫; ૧૮ : ૬; ૧). ઈસ્રાએલના અપરાધોને લીધે યાહવેહે તેના પર શિક્ષાઓ મોકલ્યા છતાં ઈસ્રાએલ યાહવેહ તરફ ફર્યો નથી (૪; ૬–૧૧). "યાહવેહના દિવસ"ની જે આશા ઈસ્રાએલ લોકો રાખી રહ્યા હતા, અને પોતાને માટે જે સુરક્ષણ ને સલામતી તેઓ માની બેઠા હતા (૫; ૧૮) તેનો નિર્દેશ કરીને આમોસ જણાવે છે કે પોતાના ભાવિના સંબંધમાં તેઓ ખોટા ખ્યાલ રાખી રહેલા છે. યાહવેહને શોધવાનું જો તેઓ ચૂકશે, અને દુષ્ટતા આચરવાનું તથા ન્યાયને મરડવાનું ચાલુ રાખશે, તો યાહવેહ નિશ્ચે તેઓ પર ન્યાયશાસન લાવશે જ. આ અધ્યાયોમાં ઈસ્રાએલના ગુનાઓની સામે જે વચનો ઉચ્ચારાયેલાં છે તે સખત ને આકરાં તો છે જ, તથાપિ જેમની સામે તે ઉચ્ચારાયાં છે તેમની આંખ ઊઘડે, માટે જ એ સખ્તાઈ ને આકરાપણું છે. અધ્યાય ત્રીજો બીજા ભાગનું પ્રથમ ભાષણ છે.

### પોતાના લોક સાથે ઈશ્વરનો વર્તાવ (૩; ૧–૮)

**હે ઈસ્રાએલના લોકો, તમારી વિરુદ્ધ એટલે જે આખી કોમને
હું મિસર દેશમાંથી કાઢી લાવ્યો તેની વિરુદ્ધ આ જે વચન યાહવેહ
બોલ્યો છે તે સાંભળો: ૨ તે વચન એ છે, કે પૃથ્વીની સર્વ કોમોમાંથી
ફક્ત તમારી જ કાળજી મેં રાખી છે; માટે તમારા સર્વ અન્યાયોની
શિક્ષા હું તમને કરીશ. ૩ શું બે જણા સંપ કર્યા વગર ભેગા ચાલી
શકે? ૪ શું ભક્ષ મળ્યા વગર સિંહ વનમાં ગર્જના કરશે? શું કંઈ
પણ પકડ્યા સિવાય સિંહનું બચ્ચું પોતાના બીલમાંથી બરાડા
પાડશે? ૫ પક્ષીને સારુ પાશ નાખ્યા વગર શું તે ભૂમિ પર ફાંદામાં
પડે? ફાંદો જમીન પરથી છટકીને કંઈ પણ પકડ્યા વગર રહેશે શું?
૬ નગરમાં રણશિંગડું વગાડવામાં આવે તો લોક બીધા વગર રહે?
શું યાહવેહના હાથ વગર નગર પર આપત્તિ આવે? ૭ ખચીત પ્રભુ
યાહવેહ પોતાનો મર્મ પોતાના સેવક પ્રબોધકોને બતાવ્યા સિવાય**

**કંઈ કરશે નહિ. ૮ સિંહે ગર્જના કરી છે, તો કોણ નહિ બીહે? પ્રભુ યાહવેહ બોલ્યો છે, તો પ્રબોધ કર્યા વગર કોણ રહી શકે?**

આ આઠ કલમો બીજા ભાગની (અધ્ય. ૩-૬) પ્રસ્તાવનારૂપ છે, જેમાં બોલનાર તો યાહવેહ પોતે છે. મિસરની ગુલામીમાંથી મુક્ત કરાયેલા સમસ્ત લોકને એ શબ્દો કહેવામાં આવેલા છે, જેમાં યહુદાહનો પણ સમાવેશ થઈ જાય છે, તથાપિ ખાસ ધ્યાનમાં રખાયેલા લોક તો ઈસ્રાએલ રાજ્યના છે. આમાં યાહવેહ અને ઈસ્રાએલ-પસંદ કરનાર અને પસંદ કરાયેલ-ના સંબંધનો ખુલાસો આપેલો છે, જે કારણ તથા કાર્ય વચ્ચેના સંબંધરૂપે દર્શાવવામાં આવેલો છે. જો અમુક કાર્ય બનેલું કે બનતું દેખાય, તો તેનું કારણ હોવું જ જોઈએ એમ માનવું જ પડે. જો કારણરૂપે કંઈ માલૂમ પડે તો તેમાંથી અમુક પરિણામ નીપજશે જ; એ વિષે શંકા રાખવાની જરૂર જ નથી. આ મુદ્દાનાં અનેક ઉદાહરણો આમોસ આપે છે. કલમ ૨જી આખા પુસ્તકના મથાળારૂપ કે સારરૂપ અને અધ્ય. ૩-૬ ના આધારવચનરૂપ સમજી શકાય એવી છે (સર. યિર્મે. ૭; ૩-૧૫). ઈસ્રાએલ પર આવનાર શિક્ષા તેને મળેલા વિશિષ્ટ લાભોના પ્રમાણમાં થવાની છે, કારણ કે જ્યાં વિશિષ્ટ લાભ ત્યાં શિક્ષા પણ વિશિષ્ટ જ હોય. ઈસ્રાએલને એટલે યાહવેહે પસંદ કરેલી પ્રજાને (નિર્ગ. ૧૯; ૫, ૬: પુન. ૭; ૬-૮ : ૧૪; ૨ : ૨૬; ૧૮, ૧૯) શિક્ષા થાય એ તેમને માટે કંઈક નવાઈરૂપ તથા ચોંકાવનારી વાત હતી. એ શિક્ષા "આખી કોમ" (ઈસ્રાએલ અને યહુદાહ બન્ને) પર આવી પડવાની છે (કલમ ૧, ૨), કારણ કે રાજકીય ભાગલા હોવા (૧ રાજા ૧૧, ૧૨; ૨ કાળ. ૧૦) છતાં ઈબ્રાહીમના વંશજો તરીકે યાહવેહની દૃષ્ટિએ તેઓ એક પ્રજા, એક દેશના રહેવાસીઓ હતા (ઉત. ૧૨; ૧-૩ : ૧૩; ૧૪-૧૭ : ૧૫; ૧૮-૨૧ : ૧૭; ૧-૧૦ : ૧૮; ૧૭-૧૯: ૨૨; ૧૬-૧૮).

કારણ-કાર્યને લગતા પ્રશ્નો પૂછવાની મતલબ શી છે? કારણ વગર કશું બનતું નથી એ બતાવવું એ જ. જો ઈસ્રાએલ પર અગાઉ સંકટ આવી પડેલું હોય (૪; ૬-૧૧) કે આવવાનું હોય તો તે પરથી સમજવું જ જોઈએ કે ઈશ્વર તેમને શિક્ષા કરે છે; અને જો કોઈ પ્રબોધક એ વિષે તેમને કંઈ કહે તો તે પરથી એમ સમજવાનું જ રહે છે કે તેમ કરવાની તેને ફરજ પડેલી છે, મતલબ કે યાહવેહની અને તેની મુલાકાત થયેલી છે, યાહવેહે તેની સાથે વાત કરેલી છે, આ સેવા કરવાનું તેડું તેને આપેલું છે; તે પોતાની મેળે થઈ બેઠેલો પ્રબોધક નથી, પણ તેડું પામેલો

પ્રબોધક છે. તેને થયેલા તેડાનું સૂચન અહીં ગર્ભિત રહેલું છે (કલમ ૮). આ ફકરામાં આમોસે લીધેલા દાખલાઓ મોટે ભાગે આવી પડનાર આફતનું જ સૂચન કરે છે (દા. ત. સિંહ અને શિકાર; પક્ષી અને પાશ; રણશિંગડાનો નાદ અને નગરજનોનો ગભરાટ). એ જ પ્રમાણે, કારણ-પરિણામના નિયમ અનુસાર, શિક્ષા- ભૂતકાળમાં થયેલી કે હવે પછી થનાર- યાહવેહ તરફથી છે, એ સમજી લઇને તેઓએ યાહવેહ પ્રતિ ફરવું જ જોઈતું હતું.

આ દાખલાઓને આધારે આમોસ બતાવે છે કે આફત કે દુઃખ આવી પડેલું હોય કે આવી પડવાનું હોય તો તેટલા પરથી જ પુરવાર થાય છે કે યાહવેહ શિક્ષા કરવાના કામે લાગેલો છે; જે કંઈ બને છે તેમાંનું કશું વિનાકારણ બનતું નથી. જો કોઈ બે જણ સાથે ચાલતા હોય તો તેઓએ અગાઉથી એ વિષે ગોઠવણ કરી રાખેલી હશે એમ માનવું જ રહ્યું (અયૂબ ૨; ૧૧); સિંહ ગર્જના કરે, તો તેણે શિકાર જોયો કે પકડયો હશે એ સમજવું જ પડે (ગીત. ૧૦૪; ૨૧); જો ગીધ ઝપાટાબંધ જમીન પર ઊતરે, તો તેણે ખોરાક જોયો છે એ વાત સિધ્ધ જ છે; જો ફાંદો બંધ થઈ જાય, તો એમાં કોઈ પક્ષી સપડાયેલું જ જાણવું; જો રણશિંગડાનો અવાજ સંભળાય (યિર્મે. ૬; ૧: હઝકી. ૩૩; ૩-૬: હો. ૫; ૮), તો નગર પર તોફાન આવી પડ્યું છે એ માન્યા વગર છૂટકો જ નથી. કુદરત પરથી કારણ-પરિણામનો નિયમ આમોસ શીખ્યો હશે, અને અમુક નિયમાનુસાર બધું બનતું હતું એ તેના જાણવામાં આવ્યું હશે. તે જ પ્રમાણે ઈસ્રાએલ પર જે આપત્તિ આવી પડી હોય (૪; ૬-૧૧) કે આવી પડવાની હોય તો- સાધન ગમે તે હોય (કુદરતી કે માનવી)- તેનું કારણ યાહવેહ છે એ સમજવું જ રહ્યું. એ જ પ્રમાણે કારણ હોય તો કેટલાંએક પરિણામો પણ નીપજ્યા વગર રહેતાં નથી, જેમકે સિંહની ગર્જના સાંભળવામાં આવે તો ગભરાયા વગર રહેવાય નહિ. તેમ જો કોઈ માણસ યાહવેહની વાણી સાંભળે તો તે પ્રબોધ કર્યા વગર રહી શકે નહિ, કારણ કે પ્રબોધસેવા પણ એ જ કારણ-પરિણામના નિયમને અનુસરે છે (યિર્મે. ૨૦; ૯: પ્રે. કૃ. ૪; ૨૦: ૨૬; ૧૯). આમોસ આમ કહેવા માગે છે : પ્રબોધક તો યાહવેહ અને તેના લોક વચ્ચે કડીરૂપ છે; યાહવેહ પોતાનો પ્રેમ, પોતાનું ધૈર્ય, પોતાનું ન્યાયીપણું, ન્યાયશાસન વગેરે પ્રગટ કરવા માગે છે, માટે પ્રબોધ કરવાની અગત્ય ઊભી થઈ છે. યાહવેહે તેને આ કામ સોંપ્યું

નહિ હોત, તો આમોસ આ બોજનો વાહક બન્યો નહિ હોત. પ્રથમ તો યાહવેહ અને આમોસ એ બે જણુ જ સંપ કરીને સાથે ચાલ્યા (૩; ૩), પ્રથમ તો યાહવેહે જે કહ્યું તે આમોસ એકલાએ જ સાંભળ્યું (૩; ૮), પણુ હવે એ 'મર્મ' આમોસની ખાનગી મિલકત રહી નહિ, એ તેણે પ્રગટ કરવું જ રહ્યું (૩; ૭). અગાઉ પૂછેલા પ્રશ્નો ભૂમિકા તૈયાર કરવા માટે હતા; જે મુદ્દો રજૂ કરવા તેણે ભૂમિકા તૈયાર કરી હતી તે ૩; ૮ છે.

આપણા પર થયેલી અને થતી ઈશ્વરની વિશિષ્ટ કૃપાઓ જો આપણુને પાપ કરતાં અવરોધે નહિ તો તે આપણુને શિક્ષામાંથી બાકાત રાખશે નહિ (૩; ૧, ૨). ઈશ્વરની સાથે સમાધાન થાય નહિ ત્યાં સુધી તેની સંગત પ્રાપ્ત થઈ શકે નહિ (યશા. ૫૯; ૨; ૩). ઈશ્વર અને માણુસ વચ્ચે એકમતી થાય નહિ ત્યાં સુધી એકબીજાનો સહચાર હોઈ શકે નહિ; તેનો મહિમા શોધીએ નહિ ત્યાં સુધી તેની સાથે સંગાથ રાખી શકીએ નહિ. શુદ્ધિકારક ખાસ કૃપા પામ્યા વગર કેવળ બાહ્ય લાભો પર આધાર રાખવો એ મિથ્યા છે. માણુસના પાપની સામે ઈશ્વરના વચનમાં ઉચ્ચારાયેલાં ધમકીવચનો એ સાચે જ ધમકીવચનો છે, અને ખાતરીપૂર્વક દર્શાવે છે કે ન્યાયશાસન નજીક છે. તેણે મોકલેલું અનિષ્ટ તેની કામગીરી બજાવ્યા વગર દૂર થવાનું નથી. પાપરૂપ અનિષ્ટ તો આપણી માંહેથી જ નીકળે છે, એ તો આપણી જ કૃતિ છે; પરંતુ અન્ય અનિષ્ટનું સાધન ગમે તે હોય, પણુ તે ઈશ્વર તરફથી આવે છે ને તે તેની કૃતિ છે એમ માનવું પડે છે (ઉત. ૧૨; ૧૭: નિર્ગ. ૧૧; ૧ : ૧૨; ૧૩; ૩૨; ૩૫: લેવી. ૨૬; ૨૧: યહો. ૨૪; ૫: ગીત. ૩૯; ૧૦: યશા. ૪૫; ૭). તેથી એવાં અનિષ્ટો પ્રત્યે આપણે ધૈર્ય ધરવું જોઈએ, અને તે મોકલવામાં ઈશ્વરનો શો હેતુ છે તે શોધી કાઢવા પ્રયત્નશીલ બનવું જોઈએ. આ આખાય ફકરામાં જે આપત્તિ કે અનિષ્ટની વાત આવે છે તે નીતિની કે પાપની નથી (હો. ૧૩; ૯: યાકૂબ ૧; ૧૩; ૧૪), પણુ કુદરતી કે અન્ય પ્રકારની શિક્ષાત્મક આફતની છે. માણુસને કે માણુસોને જે ચેતવણીઓ મળે છે તેની જો અવગણુના કરવામાં આવે તો એ ચેતવણીઓ જ તેમની ગુનેગારી વધારી મૂકશે. તેમ છતાં ચેતવણીઓથી જો માણુસ કે દેશજાતિ ચેતી જાય ને ઈશ્વર પ્રતિ ફરે, તો ઈશ્વર નાશ કરવામાં નહિ, પણુ બચાવ કરવામાં જ આનંદ અનુભવે છે (હઝ. ૩૩; ૧૧, ૧૨: યૂના ૩; ૧૦–૪; ૨).

૩; ૧, ૨: જ્યાં વિશિષ્ટ લાભો છે ત્યાં વિશિષ્ટ જવાબદારી રહેલી છે, નહિ કે શિક્ષામાંથી છટકી જવાનો પરવાનો. ઈસ્રાએલપુત્રો એમના ખાસ લાભો પર જ મદાર બાંધી બેઠા હતા. યાહવેહ તો સર્વ દેશજાતિઓનો ઈશ્વર છે, જેમ ઈસ્રાએલનો તેમજ પલિસ્તીઓનો (૯; ૭). અન્ય દેશજાતિઓની કાળજી તેણે નહોતી રાખી એમ તો નથી જ. તથાપિ તેણે વિશિષ્ટ રીતે ઈસ્રાએલની આગળ પોતાનું પ્રકટીકરણ કર્યું હતું એટલું તો કહેવું જ પડે (હો. ૧૩; ૪, ૫). પરંતુ એનો અર્થ તેઓ અવળો કરી બેઠા હતા. તેઓ એમ સમજતા હતા કે તેઓ ખાસ પ્રજા છે (પુન. ૭; ૬-૮), માટે તેઓ ગમે તેમ વર્તે તોપણ યાહવેહ તેમને કંઈ નહિ કરવું. ખાસ પસંદગી મૂળે તો ખાસ લાભ માટે નહિ પણ ખાસ સેવા કરવા માટે કરવામાં આવેલી છે એ સમજવું જ રહ્યું. ખ્રિસ્તી મંડળીએ પણ એ યાદ રાખવાનું છે (લુક ૧૨; ૪૭, ૪૮). તથાપિ જે ખાસ પસંદગી અને ખાસ સેવાસોંપણીની વાત આ કલમમાં આવે છે એ ઈસ્રાએલનું ગૌરવ છે. એ પસંદગી કરવામાં ઈશ્વરનો કોઈ પક્ષપાત રહેલો નથી, કારણ કે એ ગૌરવને કારણે એમને અનેકવાર સહન પણ કરવું જ પડ્યું છે (હેબ્રી ૧૨; ૫, ૬). કારણ કે આ જ કલમમાંથી આગળ જતાં 'ખાસ પસંદગી'ના ધર્મસિદ્ધાંતનો વિકાસ થયો. કોઇ પણ વ્યક્તિ કે દેશજાતિને પસંદ કરવાની ઈશ્વરની રીત હંમેશાં 'મર્મ' જ રહે છે (૩; ૭). ભૂતકાળમાં જ તે 'મર્મ' રૂપ હતી એમ નહિ, પરંતુ હરકોઈ સેવાને માટે આજે જ્યારે ઈશ્વર કોઈને પસંદ કરે છે ત્યારે પણ તે મર્મ જ રહે છે.

૩; ૩: આમોસ તકોઆમાં જ્યાં તેના કામકાજને માટે રહેતો હતો તે સ્થળ મોટે ભાગે એકાંત જેવું હતું. એવા સ્થળે અગાઉથી ગોઠવણ કર્યા વગર ભેગા મળવું મુશ્કેલ હતું. શહેરની ભરચક વસ્તીમાં રહેનાર માણસો આમોસના કહેવાનો મુદ્દો તરત કદાચ સમજી જાય નહિ એ સ્વાભાવિક હતું. વળી એવા એકાંત જીવનમાં ઈશ્વરની સંગત વિશેષ અનુભવી શકાય છે (૧ રાજા ૧૯; ૧૨: લુક ૧; ૮૦). ઈશ્વર પિતાની વિશેષ નિકટતામાં આવવા માટે પ્રભુ ઈસુ રાનમાં ગયો હતો (માત્થી ૪; ૧: માર્ક ૧; ૧૨: લુક ૪; ૧), અન્ય પ્રસંગે પણ એ જ હેતુસર તે એકાંતતા સેવતો હતો (માત્થી ૨૬; ૩૬-૪૬: લુક ૪; ૪૨). પ્રબોધક અને ઈસ્રાએલનો સંપર્ક પણ અચાનક નહિ, પરંતુ આ કલમને અનુસરતો હતો. ઈસ્રાએલને મળવા માટે ઈશ્વરે જ આમોસને તૈયાર કર્યો હતો.

૩; ૪ : ઈશ્વરની કૃપાઓની અવગણના કરીને, વિવિધ પ્રકારના ગુનાઓ કરીને ઈસ્રાએલપુત્રો ઈશ્વરના કોપને પાત્ર થઈ ચૂકયા હતા (૮; ૧-૩); તેથી જેમ શિકાર નજરે પડયા વગર સિંહ ગર્જના કરતો નથી તેમ ઈસ્રાએલ લોકો તેમનાં પાપને કારણે શિક્ષાને પાત્ર થયા વગર યાહવેહ ધમકીઓ ઉચ્ચારતો નથી.

૩; ૫: ફાંદો મંડાયા વગર પક્ષી એમાં સપડાતું નથી, વળી પક્ષી સપડાયા વગર ફાંદો છટકતો નથી, તેમ ન્યાયશાસનનો અમલ કરવા માટે તૈયાર થયા વગર ઈશ્વર ધમકીઓ ઉચ્ચારતો નથી. તેથી જો તેઓ પશ્ચાત્તાપ કરે નહિ તો ઈશ્વર પોતાનો શિક્ષાકારક હાથ પાછો ખેંચી લેશે નહિ, બલકે શિક્ષા કરશે જ.

૩; ૬: ભયની ચેતવણી આપવા માટે જ ચોકીદાર રણશિંગડું વગાડે છે, અને એ વાગે છે ત્યારે નગરજનો ગભરાયા વગર રહેતાં નથી, તેમ જો ઈશ્વર તરફથી શિક્ષા આવી પડવાની નહિ હોત તો પ્રબોધક આ ધમકીવચનો ઉચ્ચારત નહિ (હઝ. ૩૩). અને અગાઉ આવી પડેલી આપત્તિઓ (૪; ૬-૧૧) શું ઈશ્વરે જ મોકલી ન હતી? ગમે તે રીતે તે ભલે આવી, પણ મોકલનાર તો ઈશ્વર જ હતો. હવે જો રણશિંગડું સાંભળ્યાથી નગરજનોને ભય લાગે છે-કેમકે વિના કારણ એ નથી વાગ્યું એ તેઓ સમજે છે-તો એ આપત્તિઓમાં (૪; ૬-૧૧) ઈશ્વરનો હાથ તેમને કેમ દેખાતો નથી, અને એ તેની ચેતવણીઓ કેમ તેઓએ ધ્યાનમાં લીધી નહિ?

૩; ૭: પ્રબોધકો તો હેબ્રી લોકોમાં પુષ્કળ થઇ ગયા, જે તેમને યોગ્ય માર્ગદર્શન, સલાહસૂચન આપતા હતા (૨; ૧૧: ૧ રાજા ૨૨; ૧૩: ૨ રાજા ૩; ૧૧: ૨૨; ૧૩, ૧૪: યિર્મે. ૨૧; ૨: હઝ. ૨૦: ૧-૩). પરંતુ 'પ્રબોધક'ના ખાસ નામથી ઓળખાતા એવા માણસો આમોસના મનમાં આ વખતે કદાચ ના પણ હોય. તેથી જ તે પ્રબોધક કે પ્રબોધકનો પુત્ર પણ નથી એમ પોતા વિષે કહે છે (૭; ૧૪, ૧૫). પરંતુ જે કોઈની પાસે ઈશ્વરનું વચન આવે છે, અથવા જેને ઇશ્વર કંઈ ખાસ કામ સોંપે છે તે ખાસ અર્થમાં 'પ્રબોધક' કહી શકાય. આ કલમ બોલતી વખતે જો તેણે દાખલા ટાંકયા હશે, કે અમુક માણસો તેના મનમાં આવ્યા હશે તો તે નૂહ (ઉત. ૬; ૧૨-૧૮), ઈબ્રાહીમ (ઉત. ૧૮; ૧૭, ૧૮), અને શમૂએલ (૧ શમૂ. ૩; ૧૦-૧૪: ૯; ૧૫-૧૯)

હશે. બંદીવાસનો કેટલોક સમય પ્રબોધક વિનાનો હતો ત્યારે પ્રબોધકની કિંમત અંકાતી હતી (વિ. વિ. ૨; ૯: હઝ. ૭; ૨૬). આ કલમ અને આઠમી કલમનું સ્થાન અદલબદલ કરીએ તો સમજવું સહેલું પડે.

મર્મ: અહીં વપરાયેલા મૂળ શબ્દ (સોડ)નો અર્થ અન્યત્ર 'મંત્રી, મંડળ' પણ કરવામાં આવ્યો છે (યિર્મે. ૨૩; ૧૮, ૨૨), 'મંત્રણા' જેવો અર્થ પણ થઈ શકે છે; અને મંત્રણાસભાનો વિચાર ૧ રાજા ૨૨; ૧૯-૨૩ અને અયૂબ અધ્ય. ૧, ૨માં મળે છે. આપણા જેવાં નિર્બળ મનુષ્યોની સાથે ઈશ્વર જે રીતે વર્તે છે તે 'મર્મ' જ છે.

૩; :૮ ઇસ્રાએલનાં પાપોને લીધે યાહવેહ ગુસ્સે થયો છે એ જાણ્યા પછી (૧; ૧,૨) આવી પડનાર શિક્ષાની ચેતવણી આપ્યા વગર કેમ રહી શકાય (૭; ૧૪, ૧૫) એવી લાગણી આમોસને થયેલી છે. પાઊલને પણ એવી જ લાગણી થયેલી હતી (૧ કોર. ૯; ૧૬). આમોસ અને પાઊલ બન્નેની પાસે (અ) ઈશ્વરનું વચન આવ્યું હતું; અને (બ) બન્નેમાં પોતપોતાના સમયના લોકને બચાવી લેવાની તીવ્ર ઇચ્છા પ્રધાનપદે હતી (સરખાવો યિર્મે. ૧; ૫-૭ : ૨૦; ૯-૧૧). સિંહ ગર્જના કરે; તો સાંભળનાર બેદરકાર કેવી રીતે રહી શકે? તેમ યાહવેહની વાણી સાંભળ્યા પછી સાંભળનાર તે સંભળાવ્યા વગર કેવી રીતે રહી શકે (પ્રે. કૃ. ૪;૨૦)? બાબિલોનમાંથી યહૂદીઓને મુક્ત કરવા માટે જેમ યાહવેહે કોરેશને ઊભો કર્યો હતો (યશ. ૪૧; ૧-૪ : ૪૫; ૧-૭), તેમ ઇસ્રાએલનાં પાપની શિક્ષા કરવા માટે તેણે જેને (આશ્શૂરને) ઊભો કર્યો છે તે વિષેની ચેતવણી આમોસ ઇસ્રાએલને આપે છે. ખરો પ્રબોધક તો ઈશ્વરથી પસંદ કરાયેલો હોય છે (યશ. ૬: ૪૨; ૧: યિર્મે. ૧; ૪). કોઈ પોતે પોતાની પસંદગી કરે છે એમ તો નથી (નિર્ગ. ૩; ૧૧ : ૪; ૧, ૧૦, ૧૩: યિર્મે. ૧; ૪-૧૦).

## ઇસ્રાએલ સામે તહોમત (૩; ૯, ૧૦)

**૯ આશ્દોદના મહેલોમાં તથા મિસર દેશના મહેલોમાં જાહેર કરો, કે સમરૂનના પર્વતો પર તમે એકઠા થાઓ, ને જુઓ, ત્યાં કેવાં મોટાં હુલ્લડો તથા ભારે જુલમ થઈ રહ્યો છે. ૧૦ જેઓ જોરજુલમ ને લૂટ[થી મેળવેલું દ્રવ્ય] પોતાના મહેલોમાં સંઘરી રાખે છે, તેઓને ન્યાયથી વર્તવાની ખબર નથી, એવું યાહવેહ કહે છે.**

પલિસ્તીઓ (સમરૂનની પશ્ચિમે) અને મિસરીઓ (દક્ષિણે) જે ઇસ્રાએલ પર જુલમ કરનારી દેશજાતિઓ હતી, જેઓની પાસે ઇસ્રા-

એમને મળેલા ઉચ્ચ નીતિનિયમોનું શાસ્ત્ર ન હતું, જેઓની પાસે એક ખરા ઈશ્વર (યાહવેહ)નું પ્રકટીકરણ કરનારા પ્રબોધકો મોકલાયા ન હતા તેઓને સમરૂનના પહાડો (એબાલ તથા ગરીઝીમ, પુન. ૧૧; ૨૯: યહો. ૮; ૩૩) પર એકત્ર થવાનું આમંત્રણ આમોસ આપે છે, અને સમરૂનમાં જે અન્યાય, જુલમ, અનીતિ, ગરીબોનું શોષણ, મોજશોખ, દ્રવ્યનો સંગ્રહ વગેરે ચાલી રહ્યું હતું (૨; ૬-૮ : ૪; ૧ ઈત્ય.) તે નિહાળવાનું કહે છે. આમોસ અહીં અદાલતનું દૃષ્ય રજૂ કરે છે: સમરૂન આરોપી છે; તેના પર આરોપ મુકાયો છે; પ્રેક્ષકો પણ હાજર છે; પ્રેક્ષકોની રૂબરૂ ચુકાદો અપાય છે. એમ કરવામાં આમોસ કઈ વાત પર ધ્યાન ખેંચતો હતો? આ વાત પર, કે ઈસ્રાએલ તો ખરા ઈશ્વરને ઓળખનારી દેશજાતિ હતી, અને આમંત્રાયેલી દેશજાતિઓ તો મૂર્તિપૂજક હતી; છતાં ખરા ઈશ્વરને ઓળખવાનો દાવો કરનાર લોક કરતાં પેલા મૂર્તિપૂજક લોકો સારા હતા, અને તે કારણથી ઇસ્રાએલને ગુનેગાર ઠરાવવાની લાયકાત ધરાવતા હતા. એ દેશજાતિઓ પાસે પણ તેમનાં પોતાનાં નીતિધોરણો હતાં ખરાં, તથાપિ ઈસ્રાએલ પાસે જે હતું તે (નિયમશાસ્ત્ર) તે સમયે સર્વોચ્ચ કક્ષાનું હતું; છતાં "તેઓને ન્યાયથી વર્તવાની ખબર નથી." પેલી દેશજાતિઓ પણ જુલમગાર, અન્યાયી, અપ્રમાણિક, અનીતિમાન હતી, છતાં સમરૂનમાં જે ચાલી રહ્યું હતું તે જોઈને તો તેઓ આભા જ બની જશે, એ જ કહેવાની આમોસની મતલબ હતી. સમરૂન તો હુલ્લડો, જુલમ, અન્યાય, અનીતિ, દ્રવ્યસંગ્રહ, છેતરપિંડી, દગાખોરી, લાંચરૂશ્વત, મોજશોખ વગેરેનો અખાડો ને સર્વ પ્રકારની ભૂંડાઈને માટે જાણીતું બની ગયું હતું; નિયમશાસ્ત્રે નિર્દેશેલી અને અંતઃસંજ્ઞાએ ચીંધેલી નીતિને તેઓએ છેક કોરે મૂકી દીધી હતી. અધિકારીઓ અને શ્રીમંતો એ સર્વ દુરાચરણ કરી રહ્યા હતા, અને વસ્તુસ્થિતિને વણસાડવામાં સ્ત્રીઓનો ફાળો પણ નાનોસૂનો નહોતો. તેઓ બાહ્ય આબાદી ભોગવતા હતા ખરા, પણ અંદર તો નર્યો સડો હતો. જે સત્તા, સ્થાન અને સ્થિતિ અન્યાય, અનીતિ અને દુરાચારનું સાધન બને છે તે પોતાનો નાશ જ નોતરે છે; જે ધન ખોટી રીતે મેળવેલું ને સંઘરેલું છે તે લાંબું ટકી શકવાનું નથી; જ્યાં દ્રવ્યલોભ છે ત્યાં અંતઃસંજ્ઞાનો મરો છે. સમરૂનને ચેતવણી મળ્યા છતાં જો સમરૂન પોતાનો માર્ગ બદલે નહિ, તો તેના દુરાચરણનાં સાક્ષીઓ તેમના પર આવી પડનાર ન્યાયશાસનના પ્રેક્ષકો પણ બનશે.

પલિસ્તીઓ અને મિસરીઓ તો ઈસ્રાએલ નબળું પડે તો તેમના

પર આક્રમણ કરવાની તકની રાહ જોઈ જ રહેલા હતા; જાણી તેઓ પણ જૂઠા જ હતા. છતાં, નીનવેહનાં માણસો (યૂના ૧–૪) અને શેબાની રાણી (૧ રાજા ૧૦; ૧–૧૩: ૨ કાળ. ૯; ૧–૧૨) ખ્રિસ્તના સમયના યહૂદીઓને જે ધોરણે ગુનેગાર ઠરાવશે (માત્થી ૧૨; ૪૧, ૪૨) એ જ ધોરણે પલિસ્તીઓ અને મિસરીઓ સમરૂનને (ઈસ્રાએલને) ગુનેગાર ઠરાવે. જુલમ અને અત્યાચારનાં કૃત્યો કરી કરીને ઈસ્રાએલ લોકો એટલા બધા ટેવાઈ ગયા હતા કે તેમની અંતઃસંજ્ઞા તેમને હવે ડંખતી ન હતી. માણસને જે નૈતિક તથા ધાર્મિક પ્રકાશ આપવામાં આવેલો છે તે મુજબ તે એ ન ચાલે તો એ પ્રકાશ બુઝાઈ જશે અને તે અંધકારમાં આથડશે (માત્થી ૬; ૨૩: યોહાન ૩; ૧૯, ૨૦).

૩; ૯: આશ્દોદ (જુઓ ૧; ૮ પરની નોંધ). 'સપ્તતિ'માં 'આશ્દોદ'ને ઠેકાણે 'આશ્શૂર' છે.

**સમરૂનના પર્વતો**: સમરૂન (હીબ્રુમાં "શોમેરોન" = ચોકીદાર માટેનો બુરજ) શહેર ટેકરી પર (મેદાનની સપાટીથી ૩૦૦ ફૂટની ઊંચાઈએ) બાંધવામાં આવેલું હતું; ઉત્તરના રાજ્ય (ઈસ્રાએલ)નું પાટનગર હતું. ઈસ્રાએલના રાજા ઓમ્રીએ તે બંધાવ્યું (૧ રાજા ૧૬; ૨૪); એની ત્રણ બાજુએ ચાર પર્વતો આવેલા હતા (પુન. ૧૧; ૨૯: યહો. ૮; ૩૩), અને પશ્ચિમ બાજુએ ખીણ હતી. એમ કુદરતી રીતે રક્ષાયેલું હોવાથી તેને જીતી લેવું મુશ્કેલ હતું, તેથી જ આશ્શૂરીઓએ ઘાલેલા ઘેરા (૨ રાજા ૧૭: ૧૮; ૯–૧૨) સામે તેણે ત્રણ વર્ષ (ઈ. સ. પૂ. ૭૨૪–૭૨૧) સુધી ટક્કર ઝીલી હતી.

### યાહવેહ તરફથી શિક્ષાનું ફરમાન (૩; ૧૧–૧૫)

**૧૧ એ માટે પ્રભુ યાહવેહ કહે છે, કે દેશની આસપાસ શત્રુ [ફરી**
**વળશે]; અને તે તારા કિલ્લા જમીનદોસ્ત કરશે, અને તારા મહેલો**
**લૂંટાઇ જશે. ૧૨ યાહવેહ કહે છે, કે જેમ ભરવાડ સિંહના મોંમાંથી બે**
**પગ કે કાનનો ટુકડો પડાવી લે છે, તેમ સમરૂનમાં પલંગના ખૂણા**
**પર તથા રેશમી ગદેલાના બિછાના પર બેસનાર ઈસ્રાએલ લોક[માંના**
**કેટલાક]નો બચાવ થશે.**

**૧૩ સૈન્યોનો દેવ પ્રભુ યાહવેહ કહે છે, કે તમે સાંભળો, ને**
**યાકૂબના વંશની વિરુદ્ધ સાક્ષી પૂરો. ૧૪ કેમકે જે દિવસે હું ઈસ્રા-**
**એલને તેના ગુનાઓની શિક્ષા કરીશ, તે દિવસે હું બેથેલની વેદીઓને**
**પણ શિક્ષા કરીશ, વેદીનાં શિંગો કપાઈ જશે, ને જમીન પર પડશે.**

**૧૫ હું શિયાળાના મહેલો તથા ઉનાળાના મહેલો, બન્નેનો નાશ કરીશ; અને હાથીદાંતના મહેલો નાશ પામશે, ને ઘણાં ઘરો પાયમાલ થશે, એવું યાહવેહ કહે છે.**

આ યાહવેહ તરફથી આવી પડનાર ન્યાયશાસનની, અર્થાત્ અગાઉ અપાયેલા ધમકીવચન (૨; ૧૩–૧૬)નો અમલ કરવામાં આવશે, ત્યારે સમરૂનની જે હાલત થશે તેની વિગતવાર વાત છે. આમોસ દ્વારા યાહવેહ જણાવે છે કે સમરૂનના શ્રીમંતો તથા અધિકારીઓએ તેમના ગરીબ ભાઈઓને જેવું વીતાડ્યું છે, તેવું જ તેમને તેમના પર આક્રમણ કરનારાઓને હાથે વેઠવું પડશે. ગરીબો પર અન્યાય ગુજારીને, લાંચરુશ્વતને કારણે ન્યાયને વિકૃત કરીને, વેપારરોજગારમાં દગો ને છેતરપિંડી કરીને, ગીરો મૂકેલી જમીન કે અન્ય પ્રકારની મિલકત પચાવી પાડીને અધિકારીઓ તથા શ્રીમંતોએ પોતાના ભંડારો ભર્યા હતા (૨; ૬, ૭ : ૩; ૧૦, ૧૧: ૪; ૧: ૫; ૧૧, ૧૨: ૮; ૪–૭); તેથી આક્રમણકાર દુશ્મનનું પ્રથમ કાર્ય એ ભંડારો લૂંટી લેવાનું થશે. તે વખતે જે કત્લેઆમ થશે તેમાં તેમનો લગભગ સમૂળગો નાશ થશે. બચી જનારાં તો કેવળ જૂજ, બલકે નહિવત્ હશે. એટલે ભરવાડને સોંપાયેલાં ઘેટાંબકરાંમાંનું એકાદ જો સિંહની તરાપમાં સપડાઈ જાય, તો સિંહના પંજામાંથી છૂટી જવાનો સપડાયેલા જનાવરનો પ્રયત્ન કે તેને બચાવી લેવાનો અન્ય ઘેટાંબકરાંનો પ્રયત્ન કે તેમને સંભાળનાર ભરવાડનો પ્રયત્ન જેમ નિષ્ફળ જ નીવડવાનો છે, તેમ આક્રમણકારોના હાથમાંથી બચી જવાનો ઈસ્રાએલનો પ્રયત્ન નિષ્ફળ જ નીવડવાનો છે. ભરવાડ તેના જાનનું જોખમ વહોરીને જો કંઈ બચાવી શકે તો તે મારી નંખાયેલા પ્રાણીના એક બે પગ ("ઘૂંટી" વધારે ઠીક તરજુમો ગણાય) કે કાનના ટુકડા જેવો કેવળ જૂજ ને નકામો ભાગ બચાવી લઈ શકે. એવું ને એટલું પણ જો તે બચાવી શકે તો તે પ્રમાણ તરીકે બતાવીને ઘેટાંના માલિકને તે પુરવાર કરી આપી શકે કે તેની બેદરકારીથી ઘેટું ગૂમ થયું નથી, પણ તેને બચાવવાને માટે તેણે તેનાથી બનતું તમામ કર્યું હતું (નિર્ગ. ૨૨; ૧૩). એમ જ્યારે આશ્શૂર કે અન્ય શત્રુરૂપી સિંહ ઈસ્રાએલ પર તૂટી પડશે ત્યારે ઈસ્રાએલમાંના જે બચી જશે તે કોઈક જ હશે, ને કેવળ શેષ તરીકે બચી જવા પામશે ( આ પ્રબોધવચન ઈ. સ. પૂ. ૭૫૫માં ઉચ્ચારાયું હતું, અને એ જ પ્રમાણે બન્યું: ઈ. સ. પૂ. ૭૩૪માં આશ્શૂરનો સમ્રાટ તિગ્લાથ–પિલેસેર ત્રીજો ગિલઆદ ને ગાલીલ

પ્રાંતો પર ફરી વળ્યો; અને ઈ. સ. પૂ. ૭૨૪માં તેનો અનુગામી શાલ્માનેસેર પાંચમો ઉત્તર ઈસ્રાએલ ખૂંદી વળ્યો; મહેલોનું સત્યાનાશ વળી ગયું, અને ધનવાનો તથા જુવાનોને બંદીવાસમાં લઈ જવામાં આવ્યા).

જે ન્યાયશાસન (૩; ૧૩–૧૫) આવી પડશે (ધરતીકંપથી, આશ્શૂરના આક્રમણ કે હરકોઈ સાધનથી) તે વાજબી છે એવું આશ્દોદના પલિસ્તીઓ તથા મિસરના જે લોકો (૩; ૯) જોશે તે કહેશે (આ કલમો તેમને સંબોધેલી છે). જે યાહવેહના લોક હતા તેમના સંબંધમાં મૂર્તિ-પૂજક દેશજાતિઓ ચૂકાદો આપે છે! (સરખાવો ૧ કોર. ૬; ૧). ન્યાયશાસનના અમલને દિવસે આશ્રય પામવા માટે ઈસ્રાએલ લોકો દોડતા દોડતા બેથેલની વેદીએ (૨; ૮) જશે, ને બચી જવા માટે વેદીનાં શિંગ પકડશે, પરંતુ ત્યાં પણ કશી સલામતી તેમને મળવાની નથી. ઈશ્વર કોપશે ત્યારે વેદી (ધર્મક્રિયાઓ) કે મહેલો (સંસારી સાધનો) કશું કારગત નીવડશે નહિ. દક્ષિણના (યહુદાહ) રાજ્યમાં મંદિરને કારણે યરૂશાલેમની જેવી મહત્તા હતી તેવી ઉત્તરના રાજ્યમાં બેથેલની હતી. બેથેલની વેદી સૌથી મોટી ને મુખ્ય ગણાતી હતી (૭; ૧૩: ૧ રાજા ૧૨; ૨૯–૩૩). વેદીનાં જે શિંગો વેદીનો સૌથી વિશેષ પવિત્ર ભાગ ગણાતાં હતાં (નિર્ગ. ૨૭; ૨: લેવીય ૪; ૭, ૧૮, ૨૫, ૩૦, ૩૪: યિર્મે. ૧૭; ૧: હઝ. ૪૩; ૧૫, ૨૦), જેના પર રક્ત છાંટવામાં આવતું (નિર્ગ. ૨૯; ૧૨). એ શિંગોનું ગ્રહણ કરનાર તેના શત્રુના હાથમાંથી બચી જવા માટે જાણે યાહવેહના આશ્રયે આવેલો ગણાતું (૧ રાજા ૧; ૫૦–૫૩ : ૨; ૨૮) તેમનો પણ નાશ કરવામાં આવશે, મતલબ કે આશ્રિતને આશ્રય આપનાર જે ગણાતું હતું તે પોતાનો બચાવ પણ કરી શકશે નહિ (યિર્મે. ૭; ૧–૧૫). શિંગોનો વિનાશ બે અર્થ સૂચવતો હતો : (અ) દુશ્મન પાસેથી નાસતો માણસ આશ્રય શોધે, પણ ભ્રષ્ટાચારી સમાજ ખરો આશ્રય આપી શકે નહિ, માટે શિંગો નિરર્થક હતાં, જેથી નાશને પાત્ર જ હતાં; (બ) શિંગોનો આશ્રય લેનાર ઈશ્વરને આશ્રયે જતો હતો; પણ તેમના વિનાશમાં ઈસ્રાએલને માટે હવે ઈશ્વરનો આશ્રય રહ્યો નથી એવું સૂચન હતું. ધર્મનાં ઠગારાં ચિહ્નો વિનાશ જ માગતાં હતાં (૩; ૧૪). આ શિંગો બળદનાં શિંગડાં જેવાં હતાં. યાહવેહ શિક્ષા કરશે ત્યારે આ આખી વેદી શિંગડાં સાથે નાશ પામશે. બેથેલમાં

વાછરડા-પૂજા પણ થતી હતી (૧ રાજા ૧૨; ૨૫-૩૩: ૨ કાળ. ૧૧;૧૫: હોશીઆ ૧૩; ૨).

આમોસ તો જૂલમી ધનપતિઓની સામે દરિદ્રીઓની હિમાયત કરનાર હતો. તેના સમયના આગેવાનો ધનના બળે ઉનાળા માટે ને શિયાળા માટે અલગ અલગ મોજીલાં નિવાસસ્થાનો બાંધીને સગવડભરી રીતે એશઆરામથી રહેતા (ન્યાય. ૩; ૨૦: યિર્મે. ૩૬; ૨૨). આહાબ રાજાએ બાંધેલા મહેલ (૧ રાજા ૨૨; ૩૯) જેવા "હાથીદાંતના મહેલો" પણ બાંધવામાં આવતા. મકાનોની છત પર-વખતે દિવાલો પર-પણ શોભા માટે હાથીદાંતની પટીઓ જડવામાં આવતી હશે, તેથી એવાં મકાનોને 'હાથીદાંતના મહેલો' કહેવામાં આવતા હશે (ગીત ૪૫; ૮). પરંતુ યાહવેહ તરફથી શિક્ષાત્મક આફત આવશે ત્યારે સૌંદર્ય, મજબૂતાઈ કે સગવડો એમાંનું કશું બચી શકશે નહિ (ગીત ૩૯; ૧૧). ખોટી રીતે મેળવેલા દ્રવ્યના જોરે ગરીબોની હાય લઈને એશઆરામ ભોગવનારા, ઈશ્વર રૂઠશે ત્યારે તેમનું સર્વસ્વ ગુમાવી બેસશે. તેમના ગર્વનાં સાધનો કે તેમનાં રક્ષણનાં કે સૌંદર્યનાં સાધનો ઈશ્વરના કોપનો સામનો કરી શકશે નહિ. એટલી હદે ભ્રષ્ટ થઇ ગયેલું સામાજિક જીવન વિનાશ જ માગતું હતું (૩; ૧૫). એમ છતાં, ભૂંડામાં ભૂંડા કાળમાં પણ ઈસ્રાએલનો મહાન ને કૃપાળુ ઘેટાંપાળક વિનાશક સિંહના મુખમાંથી પણ 'શેષ' બચાવી લેશે (૩; ૧૨).

**૩; ૧૧ દેશની આસપાસ:** સપ્તતિમાં "તારા" દેશની આસપાસ.

**૩; ૧૩ સૈન્યોનો દેવ :** શરૂઆતે "ઈસ્રાએલનાં સૈન્યો" એવો અર્થ થતો (નિર્ગ. ૧૨; ૪૧: ૧ શમ. ૧; ૩: ૧૭; ૪૫); પાછળથી "આકાશ અને પૃથ્વીનાં સર્વ સૈન્યો" એવો અર્થ દાખલ થયો (પુન. ૩૩; ૨: યહો. ૫; ૧૪: ગીત ૧૦૩; ૨૦, ૨૧: યશ. ૬; ૩). આકાશી સૈન્યોમાં તારાઓ (૨ રાજા ૧૭; ૧૬) અને દૂતો બન્ને સમજવાના છે (યશ. ૬; ૩). યાહવેહનું આ નામ ઈસ્રાએલને ઘણું પ્રિય હતું. એ નામથી તેઓ યાહવેહને સનાતન, સર્વશક્તિમાન, મહાનોમાં મહાન માનતા. પ્રબોધકો આ નામનો વારંવાર ઉપયોગ કરે છે. એ નામ આખા જૂના કરારમાં લગભગ ૩૦૦ વખત વપરાયું છે. ધરતીકંપમાં પણ એ જ યાહવેહનું પરાક્રમ માલૂમ પડતું (૯; ૫).

**૩; ૧૫ ઘણાં ઘરો :** મૂળ શબ્દના સ્વરોમાં સહેજ જ ફેરફાર

કરવામાં આવે તો "અબનૂસનાં વશે" (હઝ. ૨૭; ૧૫) એવો તરજુમો થઈ શકે.

**સમરૂનની સ્ત્રીઓ પર આવી પડનાર શિક્ષાની આગાહી (૪; ૧-૩)**

**હે સમરૂનના પર્વત પરની, ગરીબો પર જુલમ કરનારી, દરિદ્રીઓને કચરી નાખનારી, તથા લાવો, આપણે પીએ, એમ પોતાના ધણીઓને કહેનારી બાશાનની ગાયો, તમે આ વચન સાંભળો. ૨ પ્રભુ યાહવેહે પોતાની પવિત્રતાના સોગન ખાધા છે, કે તમારા પર એવા [આપત્તિના] દિવસો આવી પડશે કે જે સમયે તેઓ તમને કડીઓ ઘાલીને તથા તમારામાંની બાકી રહેલીઓને માછલી [પકડવાના] ગલો વળગાડીને એંચી જશે. ૩ તમારામાંની દરેક સીધી બાકોરામાં થઈને નીકળી જશે; અને તમને હાર્મોનમાં ફેંકી દેવામાં આવશે, એવું યાહવેહ કહે છે.**

અધ્યાય ચોથો બીજા ભાગનું (અ. ૩-૬) બીજું ભાષણ છે. સમરૂન શહેર મેદાનની સપાટીથી ૩૦૦ ફૂટ ઊંચે, એક ટેકરી પર બાંધવામાં આવેલું હતું, ને એ ટેકરીની આસપાસ બીજી ટેકરીઓ આવેલી હતી. બાશાન એ યર્દન નદી તથા ગાલીલ સરોવરની પૂર્વે આવેલો પ્રદેશ હતો. ત્યાં ઘેટાં-બકરાં તથા અન્ય ઢોરને માટે પુષ્કળ ચારો મળતો હતો; એ બધાં જનાવર હૃષ્ટપુષ્ટ હતાં, ને સારી ઓલાદનાં ગણાતાં હતાં (પુન. ૩૨; ૧૪: ગીત ૨૨; ૧૨: હઝ. ૩૯; ૧૮: મીખાહ ૭; ૧૪). અહીંની સ્ત્રીઓ મોજશોખીલી હતી. પતિઓને મદદરૂપ થવું, કરકસરથી ઘર ચલાવવું એ તેઓની ફરજ હતી. પરંતુ એ ફરજ નહિ બજાવતાં તેઓ તેમના પતિઓ પાસે મોજશોખની વસ્તુઓની માગણી કર્યા કરતી. તેમની એ અઘટિત માગણીઓ પૂરી પાડવા માટે તેમના પતિઓને નહિ કરવાનાં કામો કરવાં પડતાં, એટલે ગરીબો પર જુલમ ગુજારવો પડતો, દરિદ્રીઓને વિવિધ રીતે હેરાન કરવા પડતા હતા. એ શોખીન સ્ત્રીઓ જાતે કશું ખોટું કરતી હોય એમ માલૂમ પડતું નથી, તેમ છતાં અયોગ્ય માગણી કરવી એ જાતે જ ખોટું, અનૈતિક અને અધાર્મિક છે, કારણ કે એથી અનિષ્ટ કામો પરિણમે છે. તેથી જ્યારે જ્યારે સ્ત્રીઓ ગાયોની પેઠે ઢગલો થઈને બેસી રહે છે, અને ખાવાપીવાની, પહેરવા ઓઢવાની તથા અન્ય મોજશોખની અઘટિત માગણીઓ કરે છે, અને એ માગણીઓ પૂરી પાડવા તેમના પતિઓને હાથે કેવાં કામો થાય છે એ જાણવાની દરકાર

કરતી નથી ત્યારે ધર્મશિક્ષણની (ગીત ૬૨; ૯–૧૨) અવગણના કરીને તેમના પતિઓને અન્યાય, જુલમ, નફાખોરી, દગલબાજી, અપ્રમાણિકપણું વગેરે જે નહિ કરવાનું તે કરવું જ પડે છે. એવા જુલમગારો પણ માતેલાં ઢોર જેવા જ ગણાયેલા છે (ગીત ૨૨; ૧૨: ૬૮; ૩૦). તેથી એવી સ્ત્રીઓને "બાશાનની ગાયો" (લુથરના જર્મન તરજુમા પ્રમાણે "માતેલી ગાયો") કહીને આમોસ સૂચવે છે કે અઘટિત માગણીઓને કારણે અનીતિથી મેળવાયેલું ખાઈપીને તેઓ માતેલાં ઢોર જેવી બની હતી ખરી. પણ માતેલાં ઢોર કતલ થવા જ તૈયાર થાય છે એ તેમણે સ્મરણ બહાર રાખવાનું નથી, કારણ કે ઝઝૂમી રહેલા ન્યાયશાસનના દિવસે તેમના પર પણ વિપત્તિ આવી પડશે. કલમ બીજીના અંત ભાગના કેટલાક શબ્દોનો તરજુમો ખરી ખાતરીપૂર્વકનો નથીઃ "કડીઓ" માટેના મૂળ શબ્દ ('ત્સીનોથ')નો તરજુમો 'ઢાલ' (૨૦ વખત) અને અન્ય શબ્દોથી પણ કરવામાં આવેલો છે; એજ પ્રમાણે "ગલો" માટેના મૂળ શબ્દ ('સિરોથ')નો તરજુમો 'હાંલ્લીઓ', 'પાત્રો', 'વાસણો' પણ કરવામાં આવેલો છે. આમોસ તેમનાં શબોને પરાજિત શહેરમાંથી બહાર ઘસડી જવાતાં કલ્પતો હશે. એટલે જ્યારે આશ્શૂરીઓ તેમના દેશ પર આક્રમણ કરીને સમરૂનને ઘેરો ઘાલશે ત્યારે શહેરના દરવાજે થઈને નાસી જવાનું તેમને મળશે નહિ, પરંતુ તેમના ખંડિયેર કરાયેલા મહેલોમાંથી તેમનાં શબોને નગરના કોટમાં શત્રુએ પાડેલાં અનેક ગાબડાંમાં થઈને મૂએલાં કુતરાંની માફક તથા ગલથી પકડાયેલી માછલીની માફક નકામી ચીજ તરીકે ખેંચી કાઢવામાં આવશે (૨ રાજા ૨૫; ૪: ૨ કાળ. ૩૩; ૧૧: યશા. ૩૭; ૨૯: હઝ. ૧૨; ૧૨ : ૨૯; ૪). આક્રમણકારો અને લૂટફાટ કરનારાઓને અન્યત્ર પણ માછીમારો સાથે સરખાવેલા છે (યિર્મે. ૧૬; ૧૬: હબા. ૧; ૧૫). છેલ્લા વાકય (૩; ૩)નો અર્થ તદ્દન અચોક્કસ છે, કારણ કે 'હાર્મોન' શું છે ને કયાં આવ્યું એ વિષે ખાતરીપૂર્વક કશું જાણવામાં આવેલું નથી; પરંતુ મતલબ આ છે કે તેમને તેમના મહેલોમાંથી ફેંકી દેવામાં આવશે, અથવા એવી રીતે ખેંચી કઢાયેલાંને 'ઉકરડા'માં અથવા નગ્ન હાલતમાં ફેંકી દેવામાં આવશે.

જેઓને 'બાશાનની ગાયો' અર્થાત્ 'માતેલી ગાયો' કહેવામાં આવેલી છે તેમનો ગુનો તેઓ ખાઈપીને હ્રષ્ટપુષ્ટ બનેલી હતી એ નહોતો, પરંતુ દરિદ્રીઓનું, નિર્બળોનું જે કેવળ થોડુંક હતું તે ખોટી રીતે, નાહકનું પડાવી લઈને તેઓ હૃષ્ટપુષ્ટ થઈ હતી એ હતો. અયોગ્ય રીતે ને

અન્યનું શોષણ કરીને મેળવેલું સાધારણતઃ કેવળ દેહની ઇચ્છાઓના સેવનમાં વપરાય છે, એથી કોઈ ઉચ્ચ હેતુ પાર પડી શકતો નથી એ ધ્યાનમાં રાખવું જ જોઈએ. હૃષ્ટપુષ્ટ ગાયો અને નબળી ગાયોનો તેમજ તાજાં કણસલાં અને કરમાઈ ગયેલાં કણસલાંનો જે ચિતાર ફારૂન રાજાએ સ્વપ્નમાં જોયો હતો (ઉત. ૪૧) તેના કરતાં આમોસના સમયમાં છેક ઊલટી જ હકીકત ઈસ્રાએલમાં પ્રવર્તી રહેલી હતી. પરંતુ આમોસના જમાનામાં જ અને સમરૂનમાં જ એવું ચાલતું હતું એમ તો નથી. એ તો સર્વ જમાનાઓની વાત છે. એક બાજુએ તવંગરો ધનના ઢગલા વધારતા જ જાય છે, અને બીજી બાજુએ દરિદ્રીઓ વધારે ને વધારે દરિદ્રી બનતા જાય છે. એ પરિસ્થિતિમાં કોઈ જાતનો સુધારો ન થતાં જ્યારે તે વણસતી જ જાય છે ત્યારે ઈશ્વરને "કડીઓ" અને "ગલો"નું સાધન વાપરવું જ પડે છે. તથાપિ ઈશ્વરનાં પીડાકારક સાધનો કેવળ શિક્ષાત્મક જ હોય છે એમ નથી. જે સાધન વડે તે શિક્ષા કરી શકે છે એ ને એ જ સાધનના ઉપયોગમાં પોતાની તરફ ખેંચવાનો હેતુ પણ રહેલો હોય છે. હજી કેવળ આગાહી થએલી છે, તેનો અમલ હજી થયો નથી. આગાહી અને તેના અમલ વચ્ચેનો સમય પશ્ચાત્તાપ કરીને ઈશ્વર તરફ ફરવા માટેનો હતો. તેથી જો ઈસ્રાએલ પશ્ચાત્તાપ ના કરે, અને આગાહી પ્રમાણે બને તો દોષ આગાહી કરનાર આમોસનો કે આગાહીને પૂર્ણ કરનાર યાહવેહનો નહિ, પણ ચેતવણીને નહિ ગણકારનાર ઈસ્રાએલનો જ રહે છે (હઝ. ૩૩; ૧–૫, ૯).

૪; ૧ : પીઓ મૂળ શબ્દ 'શાથાહ' છે જેનો અર્થ 'પીવું' થાય છે ખરો; તથાપિ નામ તરીકે 'ભોજન', 'મિજબાની' માટે પણ તે વપરાયેલો છે (ઉત. ૧૯; ૩).

૪; ૨ : પવિત્રતા ઈશ્વરત્વની આવશ્યક વિશેષતા છે. અહીં વપરાયેલો હીબ્રુ શબ્દ (કોદેશ) અન્ય દેશજાતિઓએ માની લીધેલા દેવોને માટે નહિ, પણ કેવળ 'યાહવેહ'ને માટે હેબ્રી લોકો વાપરતા. તેથી તેની 'પવિત્રતાના સોગન' એટલે તેના "પોતાના સોગન" (૬; ૮) સમજવાનું છે (સરખાવો ૬; ૭ અને ઉત. ૩૧; ૪૨).

**દંભી ધર્માચરણ (૪; ૪, ૫)**

**૪ બેથેલ આવીને ગુના કરો; ગિલ્ગાલ [જઈને] ગુનાઓ વધારો; દર સવારે તમારાં બલિદાનો, ને ત્રણ ત્રણ દિવસે તમારા દશાંશો લાવ**

કરો; ૫ ખમીરવાળી વસ્તુનું ઉપકારાર્થાર્પણ ચઢાવો, ને ઐચ્છિકાર્પણોનો ઢંઢેરો પીટાવીને તેમની જાહેર ખબર આપો; કેમકે પ્રભુ યાહવેહ કહે છે, કે હે ઈસ્રાએલ લોકો, એવું તમને ગમે છે.

આ કલમોમાં (૪; ૪, ૫) ધર્મક્રિયાઓ અને યાત્રાઓ પર દોષારોપણ કરવામાં આવેલું છે. કેવળ અધિકારી અને શ્રીમંત વર્ગ ગુનેગાર હતો (૪; ૧–૩) એમ નહિ, પરંતુ આ બાબતમાં સાધારણ વર્ગ પણ ગુનેગાર હતો. તેમની ધર્મક્રિયાઓને આમોસ ખોટી ઠરાવતો હતો એમ તો નથી, પરંતુ તે કેવળ ક્રિયાઓ હતી અને બીજું કંઇ નહિ એ કહેવા તે માગે છે. તે ભક્તિભાવ વિનાની, કેવળ લૂખી હતી. "બેથેલ આવીને" કે "ગિલ્ગાલ [જઈને]" તો ભજન કરવાની વાત હોવી જોઇએ, તેને બદલે આમોસ તો કહે છે, "ગુના કરો" ને "ગુનાઓ વધારો;" તેથી આ વચનો ખરેખર કટાક્ષમાં કહેવામાં આવેલાં લાગે છે (હઝ. ૨૦; ૩૯: પ્રક. ૨૨; ૧૧). તેમની ધર્મક્રિયાઓ જાતે ખોટી નહોતી, પરંતુ તેમાં ઊણપ હતી, એટલે કે તેમાં નીતિનો, ધાર્મિકતાનો ને આધ્યાત્મિકતાનો અંશ પણ રહેલો નહોતો. યશાયાહે યહુદાહ પર જેવો આરોપ મૂકયો હતો (યશા. ૧; ૧૦–૧૭: ૫૮; ૨–૭) તેવો જ અહીં આમોસ ઈસ્રાએલ પર મૂકે છે. પવિત્ર યાત્રાધામ જેવાં બેથેલ (૭; ૧૩) અને ગિલ્ગાલ (યહો. ૪; ૧૯, ૨૦: ૨ રાજા ૨; ૧: ૪; ૩૮) જઈને તેઓ ધર્મક્રિયાઓ કરતા હતા, અને ક્રિયાઓ કરવામાં જ સંતોષ માનતા હતા. પરંતુ ધર્મક્રિયાઓની સાથે માનવપ્રેમ ને માનવસેવા તથા ઈશ્વર પ્રત્યે વફાદારી, પ્રેમ, આજ્ઞાંકિતપણું વગેરે જે ફરજો ઈશ્વર માણસ પાસે માગે છે તે જો ન હોય, ટૂંકમાં જો ઈશ્વરની ઈચ્છાને અનુરૂપ જીવન ન હોય, તો એ ધર્મક્રિયાઓ કેવળ પોકળ છે; અને એવી ભાવશૂન્ય ક્રિયાઓ કરનાર જ્યારે જ્યારે આ યાત્રાધામોમાં ભજન કરવા જાય છે ત્યારે કેવળ ગુનાઓ કરે છે ને વધારતો જાય છે એ જ કહેવાનું રહ્યું (હોશીઆ ૪; ૮: ૮; ૧૧). પવિત્ર મનાયેલાં સ્થળોએ નિયમિત જવું, બલિદાનો, ઉપકારાર્થાર્પણો ને ઐચ્છિકાર્પણો ચઢાવવાં, દશાંશો આપવા એ બધું તો ધાર્મિક દશ્ય છે, અને એવા ઉપાસકો હરકોઇ જોનારને તો અતિ ધાર્મિક જ લાગે. દેખાવ તો સુંદર રજૂ થતો હતો, અને એથી તેઓ પોતે પણ પોતાને બહુ ધાર્મિક માનીને આત્મસંતોષ અનુભવતા હશે. એ તેમને તો ગમતું હતું, પરંતુ યાહવેહને ગમતું નહોતું (૫; ૨૧). દાનધર્મ કરતી વખતે દાતાર તરીકે પ્રશંસા પામવા જેઓ રણશિંગડું

વગાડતા, ને જેમને પ્રભુ ઈસુએ વખોડી કાઢયા હતા (મા. ૬; ૨-૪) તેવાં લોકો આમોસના સમયમાં પણ હતા, જેઓ "ઢંઢેરા પીટાવીને... જાહેર ખબર" આપતા. એવી દાંભિકતા આચરનારા ઈશ્વરની દૃષ્ટિમાં કેવળ ક્ષુદ્ર મનુષ્યો છે. આપણાં વિશ્વાસ, આશા, ઉપાસના, વિધિઓનું પાલન એ સર્વ આપણા અહમ્‌ને સંતોષનારી ને પોષનારી રીતે નહિ, પણ ઈશ્વરના વચનને તથા તેની ઈચ્છાને અનુસરતી રીતે થવું જોઈએ (માત્થી ૬; ૧-૧૮ : ૨૩; ૨૩, ૨૪). બેથેલ અને ગિલ્ગાલ જેવાં પવિત્ર મનાયેલાં સ્થળોમાં ધૂપના ધૂમાડાના અને બલિદાનોના દહનના ગોટેગોટા ચઢતા હતા, અને એ રીતે યાહવેહને એ પહોંચે છે એમ તેઓ માનતા હતા; પરંતુ ન્યાય, દયાભાવ, પ્રેમભાવ વગરનું એ બધું કેવળ નકામું, યાહવેહને કંટાળામય લાગતું હતું (૧ શમ. ૧૫; ૨૨). તેઓ તેમનાં ધર્મકર્મોનો અતિરેક પણ કરતા હતા. અંતરમાંથી પોકારતા પાપનો અવાજ દાબી દેવા માટે તેઓ એ અતિરેક કરતા હશે. જે બલિદાનો સામાન્ય રીતે વર્ષમાં એકવાર કરવાનાં હતાં (૧ શમ. ૧; ૩, ૭, ૨૧) તે તેઓ "દર સવારે" કરતા; અને જે દશાંશો દર ત્રણ વર્ષે ભરી આપવાના હતા (પુન. ૧૪; ૨૨, ૨૩, ૨૮ : ૨૬; ૧૨) તે તેઓ "ત્રણ ત્રણ દિવસે" ભરી આપતા. કેટલાંએક યહૂદી અર્પણોમાં ખમીર વાપરવાની છૂટ હતી ખરી (લેવીય ૭; ૧૩ : ૨૩; ૧૭) તથાપિ મોટે ભાગે ખમીર નિષેધિત હતું (નિર્ગ. ૧૨; ૮, ૧૫ : ૧૩; ૬, ૭ : ૨૩; ૧૫, ૧૮: લેવીય ૨; ૪-૧૩ : ૬; ૧૬, ૧૭ : ૧૦; ૧૨). ઈસ્રાએલની વેદીઓ પર કરાતાં અર્પણોમાં ખમીર વાપરવાની છૂટ હશે એમ લાગે છે (૪; ૫).

૪; ૪ **બેથેલ** (= દેવગૃહ) : યહુદાહ અને ઈસ્રાએલ એવાં બે રાજ્યો થયાં (૧ રાજા ૧૨; ૧૬-૩૩: ૨ કાળ. ૧૦; ૧૬-૧૯) ત્યારે ઈસ્રાએલના પ્રથમ રાજા યરોબઆમે બેથેલમાં અને દાનમાં વાછરડા બેસાડી મૂર્તિપૂજા દાખલ કરી (૧ રાજા ૧૨; ૨૮-૩૧: ૧૩; ૧: ૨ કાળ. ૧૧; ૧૫). આમોસના સમયમાં બેથેલ યાત્રાધામ સમું ને મુખ્ય ભજનસ્થાનરૂપ હતું (૭; ૧૩). ઈસ્રાએલનો રાજા ભજન કરવા માટે બેથેલ જતો, તેથી ઈસ્રાએલ રાજ્યમાં તે કેન્દ્રસ્થાન બની ગયેલું હતું. પરંતુ યરોબઆમે એને એવું મહત્ત્વ આપ્યું ત્યાર અગાઉથી ઈસ્રાએલના પૂર્વજો ઈબ્રાહીમ (ઉત. ૧૨; ૮) અને યાકૂબ (ઉત. ૨૮; ૧૧-૨૨ :

૩૧; ૧૩ : ૩૫; ૧–૧૫)ના સંબંધમાં એ સ્થળે બનેલા બનાવોને કારણે એ તીર્થરૂપ મનાતું થયેલું હતું. યુસફના વંશજોનું એ નિવાસસ્થાન હતું (ન્યા. ૧; ૨૨, ૨૩); ત્યાં પ્રબોધકોના પુત્રો રહેતા (૨ રાજા ૨; ૩, ૫); આશ્શૂરના રાજાએ મોકલેલો એક યાજક અહીં રહેલો (૨ રાજા ૧૭; ૨૭, ૨૮); યોશીયાહ રાજાએ અહીં ધર્મસુધારણા કરેલી (૨ રાજા ૨૩; ૧૫). વળી ઈબ્રાહીમના સમય અગાઉ પણ કનાનીઓ ભજન કરવા ત્યાં જતા હોવાનું સંભવિત લાગે છે.

ગિલ્ગાલ (= ચક્ર, વંટોળિયો) : કનાનમાં દાખલ થયા પહેલાં યહોશુઆ અને ઈસ્રાએલપુત્રોએ અહીં છાવણી કરી હતી, અને અહીં જ બાર પથ્થરો ઊભા કરવામાં આવ્યા હતા (યહો. ૪; ૧૯, ૨૦: ૯; ૬: ૧૦; ૬, ૪૩ ઈત્ય.). શમૂએલના સમયમાં યજ્ઞો ચઢાવવાનું સ્થળ હતું (૧ શમ. ૧૦; ૮: ૧૫; ૧૨, ૨૧). હેબ્રીઓના પ્રથમ રાજા શાઊલને અહીં પ્રતિષ્ઠિત કરવામાં આવ્યો હતો (૧ શમ. ૧૧; ૧૪, ૧૫), અને અહીં તેણે યજ્ઞ કરીને શમૂએલને નાખુશ કર્યો હતો, જેથી શાઊલ રાજા તરીકે નાલાયક ઠર્યો હતો (૧ શમ. ૧૩; ૮–૧૫).

એમ, રાજ્યના વિભાજન અગાઉથી બેથલ અને ગિલ્ગાલ બન્ને સ્થળો ત્યાં બનેલા બનાવોને કારણે તીર્થસમાન બની ચૂકયાં હતાં, અને વિભાજન પછી પણ એમનું મહત્ત્વ ચાલુ રહ્યું હતું. પણ આમોસની મતલબ આ છે: ભજન કરવા માટે જેમ જેમ તમે એ સ્થળોએ વધારે જાઓ છો, તેમ તેમ તમારા ગુનાઓ વધતા જાય છે.

૪; ૫: ઉપકારાર્થાર્પણ : લેવીય ૭; ૧૨, ૧૩, ૧૫ : ૨૨; ૨૯: ગીત. ૫૬; ૧૨: યિર્મે. ૧૭; ૨૬: ૩૩; ૧૧.

ઐચ્છિકાર્પણો : લેવીય ૨૨; ૧૮, ૨૧: ગણના ૧૫; ૩: પુન. ૧૨; ૬, ૧૭: ૧૬; ૧૦: એઝ. ૩; ૫: ૭; ૧૬: ૮; ૨૮.

ખમીરવાળી વસ્તુ : ઉપર કહેવામાં આવ્યું તે પ્રમાણે ઈસ્રાએલમાં કદાચ ખમીર વાપરવાની છૂટ પ્રથમથી જ હશે, કે પાછળથી દાખલ કરવામાં આવી હશે. પરંતુ કેટલાક ખુલાસાકારોના મત પ્રમાણે અહીં "ખમીરવાળી" નહિ, પણ "ખમીર વગરની" એવો તરજુમો જોઈએ.

ઈશ્વર પ્રતિ પાછા વાળવા માટે ઈસ્રાએલ પર મોકલાયેલી કુદરતી આપત્તિઓ (૪; ૬–૧૨).

૬ મેં પણ તમને તમારાં સર્વ નગરોમાં અન્ન ને દાંતમે વેર
કરાવ્યું છે, ને તમારાં સર્વ સ્થાનોમાં રોટલીનો દુકાળ પાડયો છે;
તોપણ તમે મારી પાસે પાછા આવ્યા નહિ, એમ યાહવેહ કહે છે. ૭ હજી
પાક તૈયાર થવાને ત્રણ માસ બાકી હતા ત્યારથી મેં તમારા દેશમાં
વરસાદ વરસતો અટકાવ્યો છે; મેં એક નગર પર વરસાદ વરસાવ્યો,
ને બીજા નગરપર નહિ; દેશના એક ભાગ પર વરસાદ વરસ્યો,
ને જે ભાગ પર વરસ્યો નહિ તે સુકાઈ ગયો. ૮ માટે બે કે ત્રણ
નગરો[ના રહેવાસીઓ] ભટકતા ભટકતા એક નગરમાં પાણી પીવાને
ગયા, પણ તેઓ તૃપ્ત થયા નહિ; તોપણ તમે મારી પાસે પાછા
આવ્યા નહિ, એમ યાહવેહ કહે છે. ૯ મેં તમારા પર લૂની તથા ગેરવાની
આફત આણી; તમારાં સંખ્યાબંધ બાગો, દ્રાક્ષવાડીઓ, અંજીરીઓ
તથા જૈતવૃક્ષોને જીવડાં ખાઈ ગયાં છે; તોપણ તમે મારી પાસે પાછા
આવ્યા નહિ, એમ યાહવેહ કહે છે. ૧૦ મેં મિસરની પેઠે તમારા પર
મરકી મોકલી છે; મેં તરવારથી તમારા જુવાનોનો સંહાર કર્યો છે, ને
તમારા ઘોડાઓનું હરણ કરાવ્યું છે; મેં તમારી છાવણીની દુર્ગંધ
તમારાં નસકોરામાં ભરી છે; તોપણ તમે મારી પાસે પાછા આવ્યા
નહિ, એમ યાહવેહ કહે છે. ૧૧ દેવે સદોમ તથા ગમોરાહની પાયમાલી
કરી, તેની પેઠે મેં તમારામાંના [કેટલાક]ની પાયમાલી કરી છે, ને
બળતામાંથી ખેંચી કાઢેલા ખોયણા જેવા તમે હતા; તોપણ તમે
મારી પાસે પાછા આવ્યા નહિ, એમ યાહવેહ કહે છે. ૧૨ એ માટે, હે
ઈસ્રાએલ, હું તને એમ જ કરીશ; હું તને એમ જ કરીશ માટે, હે
ઈસ્રાએલ, તારા દેવને મળવાને તૈયાર થા.

બાહ્ય આબાદીને ઈસ્રાએલ લોકો ઈશ્વરની પ્રસન્નતાનું પ્રતીક માની બેઠા હતા, તેથી તેઓ જે કરી રહ્યા હતા (જુલમ, અપ્રમાણિકપણું, લાંચરુશ્વત, અન્યાય, ઠગો, વગેરે સામાજિક ગુનાઓ, અને ભાવરહિતની ધર્મક્રિયાઓ) એ બધું બરાબર છે એમ સમજતા. આમોસ એ માન્યતાને તથા સમજણને પડકારે છે. યાહવેહની સંગતમાં આવવા માટે ઈસ્રાએલ વિવિધ પ્રકારનાં અર્પણો ચઢાવતા, ધર્મમેળાઓ ભરતા, દશાંશો આપતા, ધાર્મિક ગીતો ગાતા. એ સર્વ તેઓ વારંવાર ને જાથુ કર્યા કરતા. એ બધું બેથેલ અને ગિલ્ગાલની વેદીઓ આગળ તથા અન્ય ઉચ્ચસ્થાનોમાં કરવામાં આવતું. એક બાજુએ નરી નિર્દયતા હતી, અને બીજી બાજુએ દંભી ધાર્મિકતા હતી. એ પ્રવૃત્તિઓમાં એક બાજુ ઈસ્રાએલ લોકો લાગુ રહેતા હતા, ત્યારે બીજી બાજુ યાહવેહ પણ બીજી રીતે પ્રવૃત્તિમાન રહ્યો હતો, એટલે તેણે તેમના પર દુકાળ, સુકવણું, લુ તથા ગેરવો,

મરકી ને પાયમાલી જેવી આફતો એક પછી એક મોકલી. એથી ઈસ્રાએલને સહન કરવું પડયું ખરૂં; તેમ છતાં તેમને દુઃખ દેવાના ઈરાદાથી જ યાહવેહે એમ કરેલું એમ સમજવાનું નથી, પરંતુ આખરી અને વિનાશકારક આફત તેમના પર આવી પડે ત્યાર પહેલાં અગાઉ વેઠવી પડેલી આફતોમાંથી બોધપાઠ લઈને પશ્ચાત્તાપી હૃદયે યાહવેહની દયા શોધતા શોધતા તેની પાસે તેઓ પાછા આવે એ ઈરાદાએ તેણે એ કર્યું હતું. તેથી જ ગીતની ટેકની પેઠે "તોપણ તમે મારી પાસે પાછા આવ્યા નહિ, એમ યાહવેહ કહે છે" એવા શબ્દો વારંવાર (કલમો ૬, ૮, ૯, ૧૦, ૧૧) વાપરવામાં આવ્યા છે. ઈસ્રાએલ લોકો યાહવેહની પાસે આવવા ઈચ્છતા તો હતા જ પણ શું લઈને? તેમની પાસે જે કંઈ હતું તેનો ગર્વ લઈને, નહિ કે લાચાર અને ગરજવાન થઈને (સરખાવો પ્રકટી. ૩; ૧૭, ૧૮). યાહવેહ પોતાના પસંદ કરેલા લોકમાં (પુન. ૭) નિયમશાસ્ત્રમાં પ્રદર્શિત કરાયેલી પોતાની ઇચ્છાને અનુસરતું જીવન (નિર્ગ. ૨૦; પુન. ૫; ૧-૨૧: ગીત. ૧૫: યશા. ૧; ૧૬, ૧૭: મીખ. ૬; ૮, ઇત્ય.) જોવા ઇચ્છે છે એ સ્વાભાવિક હતું. પરંતુ ઈસ્રાએલમાં એથી ઊલટું જ માલૂમ પડયું હતું. માણુસનો માણુસ પ્રત્યેનો ગેરવર્તાવ તેમજ માણુસનો ઈશ્વર પ્રત્યેનો ગેરવર્તાવ ઈશ્વરને દુઃખી કરે છે, અને એવું કરનારને શિક્ષા કરવાની ઈશ્વરને ફરજ પડે છે, કારણ કે શિક્ષાની મારફતે માણુસને તે પોતાની તરફ પાછાં ફેરવવા માગે છે (હેબ્રી. ૧૨; ૬: પ્રક. ૩; ૧૯). તથાપિ ઈશ્વર જયારે શિક્ષા કરે છે ત્યારે તે આનંદ અનુભવે છે એમ તો નથી જ, પણ જેમના પર તે શિક્ષા મોકલવામાં આવે છે તેમના પરના પ્રેમને કારણે અને ઈશ્વર પ્રેમસ્વરૂપ હોવાથી (૧ કોર. ૧૩; ૪-૮: ૧ યો. ૪; ૧૬) તેમને દુઃખી થતાં જોઇને તે પણ દુઃખ અનુભવે છે. જ્યાં પાપ છે ત્યાં શિક્ષા પણ છે, અને કુદરતનાં જીવનદાયક પરાક્રમોનો જે સ્વામી છે તે આફતકારક પરાક્રમોનો પણ સ્વામી છે એ તે સમયની માન્યતા હતી; અને આવી પડેલી આફતો પરથી એ માન્યતાને આધારે તેમણે ચેતવણી લેવી જોઈતી હતી, પણ તેમણે તે લીધી નહિ. દુષ્કાળ, સુકવણું વગેરે જે આફતો આ ફકરામાં દર્શાવેલી છે એ કેવળ એક દુર્ભાગ્ય છે એવું તેઓ સમજતા ને કહેતા હતા. પરંતુ આમોસની મારફતે યાહવેહ તેમને કહે છે: એ કેવળ કુદરતી કારણુથી ઉપસ્થિત થયેલી આફત છે એવું સમજવાની ભ્રમણામાં ના રહેતા; એ તો મેં યાહવેહે મોકલી છે (૩; ૬). આ આફતો કેવળ શિક્ષા

તરીકે મોકલવામાં આવી હતી એમ નહોતું, દરેક આફત ઈસ્રાએલના નૈતિક ને આધ્યાત્મિક આરોગ્યને અર્થે–તેઓ યાહવેહ પાસે પાછા આવે તેને અર્થે–પણ મોકલવામાં આવી હતી. તથાપિ પોતાની રહેણીકરણી પ્રમાણે છે માટે જ યાહવેહે તેમને આબાદી, સમૃદ્ધિ બક્ષી છે, અને આ આફતો તો કેવળ કુદરતી કારણોનું પરિણામ છે એ ભ્રમણાને વળગી રહીને ઈશ્વર તરફથી મોકલાયેલી એ ચેતવણીઓની ઈસ્રાએલે દરેક વખત અવગણના કરી. તેથી ખુદ યાહવેહનો સામનો કરવાની તાકાત હોય તો તે જ કરવાનું બાકી રહ્યું. તો હવે એ સામનો કરવા માટે, અથવા પૂર્ણ પશ્ચાત્તાપી હૃદયે ક્ષમા યાચના માટે યાહવેહને મળવા ઈસ્રાએલે તૈયાર થવાનું જ રહ્યું. અત્યાર સુધી તેઓના પાછા ફરવાની રાહ ઈશ્વરે જોઈ, હવે ઈશ્વરની રાહ તેમણે જોવાની રહી.

૪; ૬: દેશભરમાં દુકાળ વ્યાપક બન્યો હતો, તેથી અન્નની અછત પણ વ્યાપક બની હતી. અન્નની અછતને કારણે દાંત અવાવરૂ ને નકામા પડી રહ્યા જેવા હતા જેથી તે સ્વચ્છ પણ રહ્યા હતા. દુકાળના અનેક દાખલા જૂના કરારમાં મળે છે (ઉત. ૧૨; ૧૦: ૪૧: રૂથ ૧; ૧: ૧ રાજા ૧૮; ૨: ૨ રાજા ૬; ૨૫: ૮; ૧ ઈત્ય. ). વાયુચર પક્ષીઓને જે પોષણ પૂરું પાડે છે (મા. ૬; ૨૬) તે જ અહીં "અન્ન ને દાંતને વેર" કરાવે છે, ને "રોટલીનો દુકાળ" પાડે છે.

૪; ૭, ૮: પાલેસ્ટાઈનની વર્ષાઋતુ ત્રણ સમયમાં વહેંચાયેલી છે: (૧) "આગલો" કે "પ્રથમ" વરસાદ કે કેવળ "વરસાદ" (હીબ્રુમાં "યોરેહ" કે "મોરેહ") (પુન. ૧૧; ૧૪: ગીત. ૮૪; ૬: યિર્મે. ૫; ૨૪: હો. ૬; ૩: યોએ. ૨; ૨૩: ઝખ. ૧૦; ૧: ૧૪; ૧૭) વાળો સમય; "ધોધમાર વરસાદ" (હીબ્રુમાં "ગેશેમ"). (ઉત. ૭; ૧૨: ૮; ૨: લેવીય ૨૬; ૪: ૧ રાજા ૧૭; ૭, ૧૪: ૧૮; ૪૧–૪૫. યિર્મે. ૫; ૨૪: ૧૪; ૪: હો. ૬; ૩: યોએ. ૨; ૨૩: ઝખ. ૧૦; ૧: ૧૪; ૧૭ ઈત્ય.)વાળો સમય; અને (૩) "પાછલો વરસાદ" (હીબ્રુમાં "માલકોશ") (પુન. ૧૧; ૧૪: અયૂ. ૨૯; ૨૩: ની. વ. ૧૬; ૧૫: યિર્મે. ૩; ૩: હો. ૬; ૩: યોએ. ૨; ૨૩: ઝખ. ૧૦; ૧) વાળો સમય. "યોરેહ" કે "મોરેહ" અક્ટોબર–નવેમ્બરમાં ને કવચિત ડિસેમ્બરમાં પડે છે: એ વરસાદનું કામ જમીનને પોચી બનાવી ખેડવા યોગ્ય બનાવવાનું છે. "ગેશેમ" ઠંડી ઋતુનો વરસાદ છે. તે ધોધમાર પડયા જ કરે છે, ને નદી, નાળાં, સરોવરો વગેરે જળાશયોને

છલકાવી દે છે. "માલકોશ" માર્ચ અધવચથી મેની અધવચ સુધીમાં પડે છે. એ વાવેતરને ડૂંડાં લાવવામાં મદદ કરી પાક તૈયાર કરે છે. મે માસથી સપ્ટેમ્બર આખર સુધીનો સમય ધગધગતો ઉનાળો હોય છે, જેમાં વરસાદનું નામનિશાન હોતું નથી. મેદાન વિસ્તારમાં સાધારણ રીતે એપ્રિલની આખરે, અને પહાડી વિસ્તારમાં મે માસની આખરે પાક તૈયાર થાય છે. જમીનને પોચી ને ખેડાણ લાયક કરવા માટે અકટોબર-નવેમ્બરથી જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધીમાં જે ધોધમાર વરસાદ (ગેશેમ)ની જરૂર હોય છે એની અછતને લીધે અથવા અપૂરતા વરસાદને લીધે સૂકી સાલ ગઈ હતી. પરિણામે, દેશના મોટા ભાગમાં કોઈ કોઈ વિસ્તારમાં પાક થયો જ નહોતો અથવા પૂરતા પ્રમાણમાં થયો નહોતો. એટલું જ નહિ; પરંતુ માણસ માટે તેમજ જનાવર માટે પાણીની તંગી ઊભી થઈ હતી, જેથી દારૂથી ચકચૂર બનેલો લથડે તેમ (ગીત. ૧૦૭; ૨૭: યશા. ૨૯; ૯: યિ. વિ. ૪; ૧૪, ૧૫) પાણી માટે માણસોને અહીંતહીં ભટકવું પડતું હતું (૪; ૮). વરસાદ એ કેવળ કુદરતની વાત નહિ, પણ યાહવેહના અંકુશની વાત પણ હતી.

૪; ૯: લૂ (હીબ્રુમાં 'શિદાફોન') એટલે સૂકી નાખે એવો તાપ; ગેરૂવા (હીબ્રમાં 'યેરાકોન') એટલે અતિશય ભીનાશથી ખેતરમાં છોડને થતો એક જાતનો કહોવાટ (યિર્મે. ૩૦; ૬); એ કહોવાટ રંગે ભૂખરો હોય છે. બન્ને હીબ્રુ શબ્દો વારંવાર સાથે ને સાથે મળે છે (પુન. ૨૮; ૨૨; ૧ રાજા ૮; ૩૭: ૨ કાળ. ૬; ૨૮: હા. ૨; ૧૭). લૂ અને ગેરૂવાની આફત જાણે પૂરતી ના હોય, તેમ અરણ્ય પ્રદેશમાંથી આવેલાં તીડોનાં ટોળાંએ (યોએ. ૧; ૪). ઝરાઓ ને કૂવાઓનાં પાણીની નીકોથી લીલાંછમ રંખાયેલા બાગબગીચાઓ ને ફળવાડીઓને ઐદાનમેદાન કરી મૂકયાં હતાં.

૪; ૧૦: આ કલમની મરકીએ લીધેલો ભોગ મિસરની મરકીનું (નિર્ગ. ૯; ૮-૧૨) સ્મરણ કરાવે એવો હતો. મિસરમાંના અનર્થોનો વતોઓછો ઉલ્લેખ અનેક ઠેકાણે કરવામાં આવેલો છે (પુન. ૭; ૧૫: ૨૮; ૨૭: ગીત. ૭૮; ૫૦, ૫૧: યશા. ૧૦; ૨૬ ઈત્ય). ઉપર વર્ણવેલી (૪; ૭, ૮) આફતોના પરિણામે જન જનાવરો પર કુદરતી રીતે જ રોગોના હુમલા થાય છે. 'જુવાનોનો સંહાર' યુદ્ધમાં મળેલા પરાજયનું પરિણામ સૂચવી તો જાય છે; તેમ છતાં જે 'મરકી' મોકલવામાં આવી હતી એ જ કદાચ યાહવેહની તરવાર. પણ, હાય. 'દુર્ગંધ' રણક્ષેત્રમાંથી

નહિ, પણ 'છાવણી'માંથી આવે છે. એ પરથી 'તલવાર' દુશ્મનની નહિ, પણ યાહવેહની સમજવાની હોય એમ લાગે છે. 'મરકી' અને 'તલવાર' જૂના કરારમાં અનેક ઠેકાણે સાથે ને સાથે જોવામાં આવે છે, અને ઈશ્વરના ન્યાયશાસનરૂપ ગણાઈ છે (લેવીય ૨૬; ૨૫; ગુના ૨૮; ૨૧, ૨૨: ૧ રાજા ૮; ૩૭: યિર્મે. ૧૪; ૧૨: ૨૧; ૭, ૯: ૨૪; ૧૦: ૨૯; ૧૭, ૧૮: હઝ. ૫; ૧૨: ૬; ૧૧, ૧૨: ૭; ૧૫: ૧૪; ૨૧). એ યુદ્ધમાં થયેલો સંહાર જ સમજવાનો હોય તો યરોબઆમ બીજાની હકૂમત પહેલાં અરામીઓ સાથેનાં યુદ્ધોમાં થયેલો સંહાર સમજી શકાય (૨ રાજા ૧૦; ૩૨, ૩૩: ૧૩; ૩, ૭, ૨૨: ૧૪; ૨૬). એ યુદ્ધોમાં કતલ થયેલા યુવાનોનાં મુડદાં એટલાં બધાં હતાં કે વેળાસર કે બરાબર દફનાવાયેલાં નહિ હોવાથી તે ગંધાઈ ઊઠયાં હતાં (યશા. ૩૪; ૩).

૪; ૧૧: આ 'પાયમાલી' ભૂકંપ જેવી કોઈ હોનારતથી થયેલી હશે એવું અનુમાન (૧; ૧ ને આધારે) કરવામાં આવે છે, અને સદોમ તથા ગમોરાહની પાયમાલી (ઉત. ૧૯; ૨૪–૨૯) સાથે એની સરખામણી કરવામાં આવેલી છે. "પાયમાલી" માટે વપરાયેલો હિબ્રુ શબ્દ 'માહપેકાહ' છે, જેનો મૂળાર્થ 'ઊથલપાથલ કરવું' થાય છે. જ્યાં જ્યાં સદોમ તથા ગમોરાહની પાયમાલીનો ઉલ્લેખ મળે છે (પુન. ૨૯; ૨૩: યશા. ૧; ૭–૯: ૧૩; ૧૯: યિર્મે. ૪૯; ૧૮: ૫૦; ૪૦) ત્યાં એ જ શબ્દ વપરાયેલો છે; જાણે એ પાયમાલી દર્શાવવા જ એ શબ્દ ખાસ યોજાયો ન હોય! પરંતુ સદોમ અને ગમોરાહની પાયમાલી તો "ગંધક તથા આગ"થી કરાયેલી છે (ઉત. ૧૯; ૨૪). સરખામણીનો મુદ્દો પાયમાલી કરવા માટે વપરાયેલા સાધનમાં નહિ, પણ ગમે તે સાધનથી કરાયેલી પાયમાલી (૨ શમૂ. ૧૦; ૩: ૨ રાજા ૧૩; ૭) કેટલી વિનાશકારી હતી તે દર્શાવવામાં સમાયેલો છે.

બળતામાંથી ખેંચી કઢાયેલા ખોયણા: જેવા આ શબ્દો હિબ્રુ ભાષામાં કહેવત જેવા થઈ પડેલા હતા (ઝખ. ૩; ૨). પાયમાલીમાંથી બચી ગયેલા એટલા થોડા હતા, ને તેમની થયેલી તારાજી એટલી બધી હતી કે તેમને "બળતામાંથી ખેંચી કઢાયેલા ખોયણા" જેવા જ કહી શકાય (યશા. ૧; ૯). બળતામાંથી ખેંચી કાઢેલા ખોયણાને માણસ તો પાછું બળતામાં જ હોમી દે, પરંતુ અહીં બચાવનાર તો ઈશ્વર હતો. તેના ઉગ્ર કોપમાં પણ તેની દયા પ્રદર્શિત થયા વગર રહેતી

નથી. બચી જનાર કેવળ “ શેષ ” હતો; તેમ છતાં એટલા થોડા જ પાછા આવ્યા એ હકીકત પર ભાર મૂકવાની જેટલી મતલબ છે તે કરતાં એટલા પણ બચ્યા એ કેવળ એક ચમત્કાર છે એ હકીકત પર વિશેષ ભાર મૂકવાની મતલબ છે.

એ પ્રમાણે પાંચ આફતો ( દુકાળ, સૂકવણું, લૂ તથા ગેરવા, મરકી, પાયમાલી ) એક પછી એક આવ્યા છતાં તેઓ “ મારી પાસે પાછા આવ્યા નહિ. ” અર્પણો દશાંશો વગેરે લઈને તેઓ વેદીઓ પાસે વારંવાર જતા ખરા, પણ પશ્ચાત્તાપ સહિત યાહવેહ પાસે જતા નહોતા (૫; ૪, ૫).

૪; ૧૨: “હું તને એમ જ કરીશ” એમ બે વખત કહેલું છે; પરંતુ “ શું કરીશ ” એ તો મોઘમ જ રાખેલું છે. કદાપિ ઈરાદાપૂર્વક એમ કરવામાં આવ્યું હશે. એમ બોલતી વખતે આમોસે હાથની કોઈ ચેષ્ટા કરી હશે, જે પરથી કંઈક સુચવાયું હશે. તથાપિ ધમકી મોઘમ રહેવાથી ગભરાટ, ચિંતા વિશેષ થાય છે. જાણીતા જોખમ કરતાં અજાણ્યા જોખમનું ભય માણસને વધારે લાગે છે. તેઓ વેદીઓ પાસે જતા ખરા, પણ યાહવેહની પાસે નહિ (૫; ૪, ૫). તેથી હવે તે પોતાના આખરી ને છેવટના ન્યાયશાસન સાથે તેમને મળવા આવશે. તેમણે નહિ ધારેલું એવી રીતે તેમની સાથે વેદી પાસે યાહવેહની મુલાકાત થવાની હતી (૫; ૧૭). ઉપર વર્ણવેલી આફતો યાહવેહ તરફ ફરવાની તકો હતી, જેનો લાભ તેઓએ લીધો નહિ. તો શું ઈશ્વર નિરૂપાય બની ગયો ? માણસ નિરૂપાય બને ખરો, પણ ઈશ્વર તો નહિ (યશા. ૫૫; ૮, ૯). શિક્ષાની શરૂઆત થઈ ચૂકયા છતાં પણ જો માણસ પોતાનો માર્ગ બદલે નહિ, તો ઈશ્વરે આગળ વધવાનું રહ્યું. તે જાતે આવીને તેમની મુલાકાત લે (૨; ૧૩–૧૬) એ હજી બાકી હતું. તેથી ખરા પશ્ચાત્તાપ દ્વારા (યશ. ૫૫; ૬) નહિતર હજુ પણ વધુ આકરી શિક્ષા પામવા યાહવેહને મળવા માટે (ગીત ૧૮; ૨૫, ૨૬) તૈયાર થવાનું આમોસ તેમને કહે છે. ભૂતકાળમાં તેણે જે જે કર્યું હતું (૪; ૬–૧૧) તેવું હવે પછી તો તે નહિ કરે એવી ભ્રમણામાં ઈસ્રાએલ ના રહે, (તેમજ એવી આફતો મોકલનાર ઈશ્વર તેમનો સ્વીકાર કરે નહિ એવી ભ્રમણામાં પણ ન રહે). એ જ આમોસ કહેવા માગે છે.

**પ્રથમ સ્તોત્રવચન (૪; ૧૩)**

કેમકે, જો, જે પર્વતોનો રચનાર તથા વાયુનો ઉત્પન્નકર્તા તથા મનુષ્યના [મનમાં] શા વિચારો છે તે તેને કહી દેખાડનાર, જે સવારને અંધકારરૂપ કરનાર તથા પૃથ્વીનાં ઉચ્ચસ્થાનો પર ચાલનાર છે, તેનું નામ સૈન્યોનો દેવ યાહવેહ છે.

આ કલમ યાહવેહની સ્તુતિનું સ્તોત્રવચન છે, પશ્ચાત્તાપ દ્વારા, નહિતર તાકાત હોય તો સામનો કરવા સારૂ જેને મળવા માટે ઈસ્રાએલને તૈયાર થવાનું કહેવામાં આવેલું છે (૪; ૧૨) તે કોણ અને કેવો છે તે આ કલમમાં દર્શાવેલું છે. આ સ્તોત્ર આમોસે જ લખ્યું કે ઉચ્ચાર્યું હતું એ વિષે કેટલાક સાક્ષરો શંકા સેવે છે. કેટલાએક સાક્ષરો એને આમોસકૃત ગણતા નથી, પણ પુસ્તકમાં પાછળથી દાખલ કરાયેલું માને છે. બીજાં બે સ્તોત્રવચનો (૫; ૮, ૯: ૯; ૫, ૬) વિષે પણ એવી જ શંકા કેટલાંકના મનમાં છે. આમોસ જેવો એક ગ્રામ્યજન અને ધંધે જે કેવળ એક ગોવાળિયો હતો તે યાહવેહનું આવું ઉચ્ચ કક્ષાનું વર્ણન શી રીતે કરી શકે, એવા પ્રશ્ન પર આ શંકા આધારભૂત થયેલી નથી. ખરૂં જોતાં, એવો પ્રશ્ન તો ઉપસ્થિત થતો જ નથી. પરંતુ આમોસે જે દલીલ કરી છે (૪; ૬-૧૧), અને ત્યાર પછી ઇસ્રાએલને જે અનુરોધ કરવામાં આવ્યો છે (૪; ૧૨), તે પછી આવા સ્તોત્રવચનની કશી આવશ્યકતા જણાતી નથી, એવું કેટલાએક સાક્ષરોને લાગવાથી તેમના મનમાં એ જાતની શંકા ઉદ્‌ભવેલી છે. એ શંકા પ્રમાણે આ સ્તોત્ર આમોસ પછીના સમયનું માનીએ તો ધ્યાનમાં રાખવાનું છે કે બંદીવાસ દરમિયાન અને ત્યાર પછીના સમયમાં એવાં સ્તોત્રવચનો કોઈ કોઈ ઠેકાણે દાખલ કરવાની પ્રથા પડી ગઇ હતી, દાં. ત. હોશીઆ ૧૩; ૪માં (સપ્તતિ) એવું સ્તોત્રવચન દાખલ કરવામાં આવેલું છે. ખાલ્દીઓ 'માર્દુક' (બાબિલોનના દેવસમૂહમાંનો મુખ્ય દેવ, સૂર્યદેવ)ને માટે જે દાવા કરતા હતા તે જાણ્યા પછી સૃષ્ટા તો યાહવેહ જ છે અને કુદરત પર અધિકાર ધરાવનાર એ જ છે એ સત્ય પર ભાર મૂકવાની અગત્યને કારણે એમ કરવું પડતું હતું (યશા. ૪૦-૫૫). આમોસે આ ઉચ્ચાર્યું કે લખ્યું હોય, તો તેને એ જ સત્ય તરફ ઈસ્રાએલનું ધ્યાન ખેંચવાનું જરૂરી લાગ્યું હશે. આવાં બીજાં બે સ્તોત્રવચનો આ પુસ્તકમાં સમાયેલાં છે (૫; ૮, ૯: ૯; ૫, ૬). ત્રણે વચનોમાં ઈશ્વરના સર્વશક્તિમાનપણું

પર તેમજ તેના સર્વોચ્ચ જ્ઞાન (યિર્મે. ૧૦; ૧૨, ૧૩: ૫૧; ૧૫, ૧૬) પર ભાર મૂકવામાં આવેલો છે. યાહવેહ એકલો જ વિશ્વનો સૃષ્ટા છે (યિર્મે. ૧૦; ૧૬). જે સૃષ્ટા છે તે પોતાને પ્રગટ પણ કરે છે, અને તે પોતાનો ઈરાદો માણસને જાહેર કરે છે. વિશ્વમાં જે કંઈ છે તે તમામ કરતાં તે સર્વોત્તમ ને સર્વોચ્ચ છે. આ સ્તોત્રવચન મારફતે યાહવેહનાં અનેક લક્ષણો જોઇ શકાય છે.

પર્વતોનો રચનાર : તે કેટલો પ્રાચીન ને મહાન છે (ગીત ૯૦; ૨) તે દર્શાવે છે.

વાયુનો ઉત્પન્નકર્તા : તે વ્યાપક ને અદૃશ્ય છે (વાયુ એવો, તો ઈશ્વર એ કરતાં પણ વિશેષ એવો).

મનુષ્યના ...કહી દેખાડનાર : માણસોનાં હૃદયો પણ જાણી લેનાર, અંતર્યામી (ગીત ૧૩૯; ૧–૪).

સવારને અંધકારરૂપ કરનાર : ગ્રહણથી કે ઘનઘોર વાદળથી ('સપ્તતિ' પ્રમાણે 'સવારનો તથા અંધકારનો બનાવનાર').

પૃથ્વીનાં ઉચ્ચસ્થાનો પર ચાલનાર : માણસો જેમ પથ્થરો ગોઠવી ગોઠવીને નદીનાળાં ઓળંગે તેમ (પુન. ૩૨; ૧૩: ગીત. ૧૮; ૯–૧૩: મીખાહ ૧; ૩, ૪).

અહીં 'મનુષ્ય' માટે વપરાયેલો શબ્દ ઉત. ૨; ૭માં 'માણસ' માટે વપરાયેલો શબ્દ 'આદમ' છે. અને 'આદમ'નો અર્થ 'આદમાહ' (=માટી)માંથી બનાવેલો થાય છે.

આ વર્ણન પરથી માલૂમ પડે છે કે યાહવેહની શક્તિઓ માણસની કલ્પનામાં પણ આવી ન શકે એવી છે. તેમ છતાં મનુષ્યના હિતાર્થે જ એ શક્તિઓનો તે ઉપયોગ કરે છે. માટે નમ્રતા, પશ્ચાત્તાપ અને નવા આજ્ઞાંકિતપણાથી તેઓએ તેની તરફ ફરવું જોઈએ. આફતોથી જેઓ તેને મળવા તૈયાર ન થયા તેઓ હવે આ ઇશ્વરને ઓળખીને નવા આજ્ઞાંકિતપણાથી તૈયાર થાય.

અધ્યાય પાંચમો બીજા ભાગ (અ. ૩–૬)નું ત્રીજું ભાષણ છે. આ અધ્યાયમાં ઇસ્રાએલને તેના દુષ્ટ, અનીતિમાન, દંભી આચરણ માટે આમોસ સખત ઝાટકે છે. કલમ ૨૧–૨૫માં આમોસના આખા શિક્ષણનો નિચોડ આપેલો છે. યાહવેહ લાંબી લાંબી, ભાવશૂન્ય ધર્મક્રિયાઓ

વાળી દંભી ભક્તિ માગતો નથી. તે તો માગે છે ન્યાયાચરણ અને ભાવપૂર્વકનું ધર્માચરણ. ભવ્ય ને સુંદર દેવસ્થાનો, જાતજાતનાં અર્પણો ને યજ્ઞો, ધર્મદાનો, સુંદર સૂરનાં ગાયનો, મધુર વાજિંત્રો એ બધું એ ભાવ વિનાનું લૂખું હોય તો તે મૂર્તિઓને ખપે, મંદિરના પુરોહિતોને ખપે; પરંતુ જીવતો ઈશ્વર તો એવાંથી પ્રસન્ન ન જ થાય.

### ઈસ્રાએલ માટે આમોસનો વિલાપ ( ૫; ૧-૩ )

**હે ઈસ્રાએલના વંશજો, તમારે વિષે આ જે પરજીઓ હું ગાઉં છું તે સાંભળો:**

**૨ ઈસ્રાએલની કુમારિકા પડી ગઈ છે;**
**તે ફરીથી કદી ઊઠશે નહિ;**
**તેને પોતાની ભૂમિ પર પાડી નાખવામાં આવી છે;**
**તેને ઉઠાડનાર કોઈ નથી.**

**૩ કેમકે પ્રભુ યાહવેહ કહે છે, કે જે નગરમાંથી હજાર નીકળતા હતા તેમાં ઈસ્રાએલના વંશના સો જ બચ્યા હશે, ને જેમાંથી સો નીકળતા હતા તેમાં દશ જ બચ્યા હશે.**

ઈસ્રાએલની આખી પ્રજાનું જાણે રાષ્ટ્રિય મૃત્યુ થયું હોય તે રીતે આમોસ તેને માટે વિલાપ કરે છે. આમોસને તે જમીનદોસ્ત થયેલી, લાચાર અવસ્થામાં આવી પડેલી દેખાય છે. અહીં આગળ ઈસ્રાએલને 'કુમારિકા'ની ઉપમા આપવામાં આવેલી છે; અન્યત્ર પણ એવી ઉપમા અપાયેલી છે (યિર્મે. ૧૪; ૧૭: ૧૮; ૧૩: ૩૧; ૪, ૨૧: ૩ખ. ૯; ૯). અન્ય પ્રજાઓનો નિર્દેશ પણ એજ રીતે કરવામાં આવેલો છે (યશ ૪૭; ૧: યિર્મે. ૪૬; ૧૧); તથાપિ આજ પર્યંત ઈસ્રાએલ પ્રજા અજીત રહેલી હતી, તે અન્ય માલિકોના વર્ચસ્વ હેઠળ આવી નહોતી, અને યાહવેહ તેના પર પ્રેમ કરતો રહ્યો હતો (૨ રાજા ૧૯; ૨૧, ૨૨: યશ ૧; ૮: ૩૭; ૨૨, ૨૩), માટે એ ઉપમા તેને બરાબર બંધ બેસતી હતી. પોતે યાહવેહની ખાસ પ્રજા છે, યાહવેહ તેના પર પ્રેમ કરે છે (પુન. ૭; ૬-૧૦) એ કારણસર તે પોતાને સહીસલામત ને સુરક્ષિત માની બેઠી હતી. એ જાણે હવે મૃત્યુ પામી છે, ને તેનું દફન કરવામાં આવે છે એ જોઈને પ્રબોધક શોક કરે છે. એવો જ શોક યહૂદી પ્રજાને માટે પણ અન્ય પ્રબોધકોએ કરેલો છે (યિર્મે. ૭; ૨૯-૩૪ : ૯; ૧૭-૨૨: હઝ. ૧૯). આમોસના સમયમાં તો ઈસ્રાએલ પ્રજા હયાત હતી, ને વળી સમૃદ્ધ ને આબાદ હતી. પરંતુ તેની સમૃદ્ધિ ને આબાદી હવે લાંબો

સમય ટકવાની નહોતી. તેને થોડા જ સમયમાં ગુલામગીરીમાં જવાનું હતું, જ્યાંથી તે પાછી આવવાની નહોતી. એ પરિસ્થિતિને જ તેનું મૃત્યુ સમજીને આમોસ વિલાપ કરે છે. અને એમ જ બન્યું. થોડા જ સમયમાં આશ્શૂરે બળવાન અને સ્વતંત્ર ઈસ્રાએલની પાયમાલી કરી. આ પ્રબોધક તેમજ અન્ય પ્રબોધકો જ્યારે આગાહીઓ કરતા ત્યારે એટલી બધી ખાતરીથી કરતા હતા, કે જે હજી ભવિષ્યમાં બનવાનું છે તે જાણે ભૂતકાળમાં બની ચૂક્યું હોય એવી રીતે તેઓ તેનું વર્ણન કરતા. યાહવેહથી પસંદ કરાયેલી પ્રજા વિષે એવી આગાહી કરનારાઓમાં આમોસ પ્રથમ હતો. એવું વિલાપગીત સાંભળીને શ્રોતાજનો ગુસ્સે થાય એ કેવળ સ્વાભાવિક હતું. તેમના પર આવી પડનાર આક્રમણ કેટલું બધું સંહારક નીવડવાનું છે (૯; ૧–૪) તે પણ દર્શાવેલું છે (કલમ ૩). આક્રમણનો સામનો કરવા માટે જુદાં જુદાં નગરોમાંથી જે શૂરવીરો મેદાને પડશે તેનો ૯૦ ટકા ભાગ નાશ પામશે, કેવળ દશમો ભાગ બચવા પામશે. કેવો અફસોસજનક દિવસ! જે ભવિષ્યમાં બનવાનું હતું તે જાણે નજર આગળ બની રહેલું જોઈને આમોસ વિલાપ કરે છે. શાઊલ તથા યોનાથાનને માટે (૨ શમ. ૧; ૧૭–૨૭) તેમજ આબ્નેરને માટે (૨ શમ. ૩; ૩૩, ૩૪) વિલાપ કરતી વખતે દાઊદ જેટલો વ્યથિત થયેલો હતો તેટલો બલકે તે કરતાં વધારે અહીં આમોસ વ્યથિત થયેલો છે. દરિદ્રીઓ, વિધવાઓ, અનાથો પ્રત્યે બજાવવાના માનવધર્મનું જે સ્પષ્ટ શિક્ષણ આ પ્રજા પાસે હતું (નિર્ગ. ૨૩; ૬–૧૧: લે. ૧૯; ૯, ૧૦, ૩૬: ૨૫; ૩૬–૩૮: પુન. ૧૦; ૧૭–૧૯: ૧૬; ૧૮–૨૦: ૨૪; ૧૪, ૧૫: ૨૫; ૧૩–૧૬: ગીત ૬૮; ૫: ૮૨; ૨–૪: ૧૪૬; ૭–૯: ની. વ. ૨૯; ૧૪: યશા. ૧; ૧૭: યિર્મે. ૨૨; ૩, ૧૬: ૪૯; ૧૧ ઈત્ય) તેની તેઓએ અવગણના કરી હતી, અને એમ કરવામાં તેઓએ યાહવેહની અવગણના કરી હતી, જેનું પરિણામ ભોગવવા હવે તેઓએ તૈયાર થવાનું હતું. શાંતિનાં ને દિલાસાનાં વચનો પર જેમ આપણે ધ્યાન દઈએ છીએ, તેમ ફરજ બજાવવાનાં ને ચેતવણી આપનારાં વચનો પર પણ ધ્યાન આપવું જ જોઈએ. ધ્યાન નહિ આપવાથી વચન નિરર્થક થવાનું નથી; તે તો તેનું કાર્ય કરવાનું જ છે (યશા. ૫૫; ૧૦, ૧૧).

ઉચ્ચસ્થાનોને નહિ, પણ યાહવેહને શોધવાનો આદેશ (૫; ૪–૬)

૪ કેમકે યાહવેહ ઈસ્રાએલના વંશને કહે છે, કે મને શોધો,
તો તમે જીવશો; ૫ પણ બેથેલની શોધ ન કરો, ને ગિલ્ગાલમાં ન

પેસો, ને બેર-શેબા ન જાઓ; કેમકે ગિલ્ગાલ નિશ્ચે ગુલામગીરીમાં જશે, ને બેથેલ નાશ પામશે. ૬ યાહવેહને શોધો, એટલે તમે જીવશો; રખેને તે યુસફના ઘરમાં અગ્નિની પેઠે પ્રગટે, ને તે તેને ભસ્મ કરી નાખે, ને બેથેલમાં તેને હોલવનાર કોઈ હોય નહિ.

આ ફકરામાં બાહ્ય ધર્માચાર તજીને યાહવેહને શોધવાની સલાહ ઈસ્રાએલ લોકને આપવામાં આવેલી છે. બેથેલ, ગિલ્ગાલ અને બેર-શેબા એ ત્રણે સ્થળે વેદીઓ હતી. બેથેલ અને ગિલ્ગાલ ઈસ્રાએલ રાજ્યમાં દક્ષિણે, અને એકબીજાથી વીસેક માઈલને અંતરે આવેલાં હતાં (બન્ને સ્થળો માટે જુઓ ૪; ૪, ૫ પરની નોંધ). બેર-શેબા તો ઈસ્રાએલના વિસ્તારમાં નહિ, પણ યહુદાહ રાજ્યના વિસ્તારમાં યરૂશાલેમની નૈર્ઋત્યે પચાસેક માઈલને અંતરે આવેલું હતું. બન્ને રાજ્યો વચ્ચે સુલેહશાંતિ પ્રવર્તતી હોય ત્યારે તો ઈસ્રાએલનો નાગરિક કશી નડતર વગર બેર-શેબા જઈ શકતો. બન્ને રાજ્યોનો આખો વિસ્તાર ઉત્તરથી દક્ષિણ સુધી સૂચવવા માટે "દાનથી બેર-શેબા સુધી" શબ્દો વપરાતા હતા (ન્યાય. ૨૦; ૧: ૧ શમ. ૩; ૨૦: ૨ શમ. ૩; ૧૦ : ૧૭; ૧૧ : ૨૪; ૨, ૧૫: ૧ રાજા ૪; ૨૫: ૧ કાળ. ૨૧; ૨: ૨ કાળ. ૩૦; ૫). પરંતુ યાહવેહના કોપના દિવસે પાસેની કે દૂરની કોઈ પણ વેદી અપરાધી ઈસ્રાએલ લોકનો બચાવ કરી શકે એમ નહોતું, કેમકે ગિલ્ગાલ નિશ્ચે ગુલામગીરીમાં જશે. હીબ્રુ ભાષામાં એ આખું વાક્ય એક સરખા ઉચ્ચારવાળા શબ્દોનું બનેલું છે (હાગ-ગિલ્ગાલ ગાલોહ યિગ્લેહ). 'નિશ્ચે'ને બદલે 'ખસૂસ' મૂકીએ, તો ગુજરાતીમાં પણ અર્થ બદલાયા વગર કંઈક અંશે એવું થઈ શકે (ગિલ્ગાલ ખસૂસ ગુલામગીરીમાં જશે). બેથેલ નાશ પામશે, એટલે બેથેલ (=ઈશ્વરનું ઘર) બેથ-આવેન (=આપત્તિનું ઘર) બની જશે, મતલબ કે ઈશ્વરનું ઘર (બેથેલ) યાત્રીઓને શક્તિ દેનાર તો નહિ નીવડે, બલકે નિર્બળ બનાવનાર નીવડશે. હોશીઆને કદાચ આમોસના શબ્દો યાદ આવ્યા હશે, તેથી જ તે 'બેથેલ'ને બદલે 'બેથ-આવેન' વાપરે છે (હો. ૪; ૧૫ : ૫; ૮ : ૧૦; ૫, ૮). વાછરડા-પૂજાનું એ મુખ્ય મથક હોવાને (૧ રાજા ૧૨; ૨૯) કારણે પણ હોશીઆએ કદાચ તેને એવું નામ (આવેન) આપ્યું હશે. ખરેખર તો બેથેલની નજીક જ બેથ-આવેન નામનું બીજું સ્થળ હતું (યહો. ૭; ૨), જે પરથી બન્ને પ્રબોધકોએ મૂળ નગર (બેથેલ)ને એવું નામ આપ્યું હશે.

જે ત્રણ સ્થળોનાં નામ (૫; ૫) આપેલાં છે ત્યાં વેદીઓ હતી;

અને ઈસ્રાએલ લોક તો, તેમની સમજ પ્રમાણે, યાહવેહને મળવા જ ત્યાં જતા હતા. પરંતુ યાહવેહ એ માન્ય રાખતો નથી. તેથી તે કહે છે: તમે મને મળવા તો નહિ પણ મોજમજા મેળવવા ત્યાં જાઓ છો; હૃદયથી મારું ભજન કરવા અને મારા માર્ગોનું શિક્ષણ મેળવવા તમે ત્યાં જાઓ છો એમ તો નથી જ; બલકે ધાર્મિક ઉત્સવોએ થતાં દરયો જોવા, ભપકાદાર ક્રિયાઓ જોવા, મધુર સંગીત સાંભળવા, તમારા મિત્રોને મળવા અને યજ્ઞયાગની ઉજાણીઓમાં ભાગ લેવા જાઓ છો; તમારાં પાપો માટે પશ્ચાત્તાપનો ભાવ રાખીને તમે ત્યાં નથી જતા, પણ તમારાં પાપના પુંજમાં વધારો કરવા એ સ્થળોમાં જાઓ છો (૪; ૪); મને મળવાને નામે તમે તો દેવદાસીઓને મળવા જાઓ છો (૨; ૭). યાહવેહને શોધવાનું એવું ના હોય. હું જે ઈસ્રાએલનો પવિત્ર તેને શુદ્ધ અંતઃકરણે તથા હીન ભાવે શોધો, તો તમે જીવશો; એ ભાવ જો તમે ન રાખો તો બેથેલ ને ગિલ્ગાલ જઈને તમે કેવળ ગુનાઓમાં વધારો કરો છો. પરિણામે જયારે "તે (યાહવેહ) યુસફ (=એફ્રાઈમ ને મનાસ્સેહ)ના ઘરમાં (ઉત્તર ઈસ્રાએલમાં) અગ્નિની પેઠે પ્રગટશે" ત્યારે અન્ય ઐહિક વાનાંની પેઠે બેથેલ ને ગિલ્ગાલ એ બન્નેનો વિનાશ થશે, અને કશાથી કે કોઇથી તેમનો બચાવ થઈ શકશે નહિ. બેથેલનો આક્રમણરૂપ અગ્નિ હોલવી શકે (પુન. ૪; ૨૪ : ૩૨; ૨૨: યશ. ૯; ૧૭: યિર્મે. ૪; ૪: ૨૧; ૧૨) એવી ધાર્મિકતા કે ન્યાયરૂપી કોઈ નદી નથી; પુરોહિતો ને ઉપાસકો સાથે બેથેલ પોતે ગિલ્ગાલની પેઠે ગુલામગીરીમાં જશે, અને તે ગુનાઓના સ્મારક જેવું એક નકામું સ્થળ બની જશે. નીતિમત્તા વગરનું રાષ્ટ્ર પોતાનું રક્ષણ કરી શકતું નથી. "જો ઈશ્વર આપણા પક્ષનો હોય તો આપણી સામો કોણ?" (રોમન ૮; ૩૧). પરંતુ આપણાં પાપને કારણે જો તે આપણી સામે પડે, તો આપણને કોણ બચાવી શકે? તેનું મુખ શોધવા માટે ખરો ને નિષ્કપટ પશ્ચાત્તાપ જ જરૂરનો છે, એમાં જ તેની કૃપાની પ્રાપ્તિ અને આપણો બચાવ છે. આપણો વિશ્વાસ, આપણી આશા, આપણું ભજન એ આપણી માન્યતાઓ પર આધારભૂત થયેલું નહિ, પણ ઈશ્વરના વચન પર આધારભૂત થયેલું હોવું જોઈએ. યાહવેહને ઓળખવો, તેના ગુણોની કદર કરવી, તેની માગણીઓને માન આપવું, વિશ્વાસથી તથા આગ્રહથી તેની પાસે માગવું, એ જ આપણી પાસે તે માગે છે; અને આપણે એમ કરીએ ત્યારે જ આપણે તેને "શોધીએ છીએ" (ગીત ૯; ૧૦: યશ. ૯; ૧૩: યિર્મે. ૧૦; ૧-૧૨: સફા. ૧; ૬).

ભવ્ય ને સુંદર દેવળો બાંધવાં, ભજનસેવાઓમાં નિયમિત રીતે હાજર રહેવું, સંસ્કારોનું પાલન કરવું, ઠરાવેલી પદ્ધતિ અનુસાર પ્રાર્થનાઓ કરવી, ધર્મદાનો આપવાં એ સર્વ સારું ને જરૂરનું છે ખરું; તથાપિ કેવળ એ જ ને એટલું જ તો પૂરતું નથી. ખુદ ઈશ્વરને ખંતથી શોધવો જોઈએ અને તે પ્રાપ્ત થવો જોઈએ. ઉપલાં તો કેવળ સાધનો છે.

૫; ૪, ૫, ૬: શોધવું માટે આ ત્રણે કલમોમાં (તેમજ કલમ ૧૪માં) વપરાયેલો હીબ્રુ શબ્દ 'દારશ' છે (૮; ૧૨માં શોધવું માટે જુદો શબ્દ (બાકાશ) છે, જોકે અર્થ એજ છે). એના બે જુદા જુદા અર્થ થાય છે: (૧) સલાહ, શિક્ષણ કે પૂછપરછ માટે દ્દષ્ટા, પ્રબોધક કે યાજક પાસે જઈ દેવવાણી મેળવવી હોય ત્યારે આ શબ્દ (દારશ) વપરાતો (નિર્ગ. ૧૮; ૧૫; ૧ શમ. ૯; ૯: ૨ રાજા ૩; ૧૧). (૨) ઈશ્વરને (યાહવેહને) શોધવો (પુન. ૪; ૨૯). એક જ શબ્દના એ બન્ને અર્થોનો ઉપયોગ કરીને અહીં એક જાતની શબ્દરમત કરવામાં આવેલી છે. કોઈ પણ વેદી આગળ સ્વાંગધારી દ્દષ્ટા, પ્રબોધક કે યાજક કે એ બધા મળી શકે ખરા; પરંતુ એવા નકલી માણસો શોધવામાં કંઈ લાભ નથી. તેઓ યાહવેહને શોધે, તો જ આવનાર આશ્શૂરી આક્રમણમાંથી તેઓ બચી જઈ શકે (યિર્મે. ૧૮; ૭–૧૦: યૂના ૩; ૧૦, ૧૧).

જીવશો: આક્રમણ, દુકાળ, ભૂકંપ કે મરકી જેવી આફતોમાંથી ઉગરી જઈને (૪; ૬–૧૧) કેવળ પાર્થિવ જીવન ટકાવી રાખવાની કે લંબાવવાની આ વાત નથી, બલકે યાહવેહ જેવું નૈતિક તથા આધ્યાત્મિક જીવન માગે છે તેવા જીવનની વાત છે. અને તે ભરપૂરતાથી વ્યક્તિગત, સામાજિક તથા રાષ્ટ્રિય સંબંધોમાં વ્યક્ત થવું જોઈએ (પુન ૮; ૩). એ જ ખરૂ જીવન છે.

૫; ૪. બેર–શેબા: ઈબ્રાહીમ, ઈસ્હાક તથા યાકૂબ જે હેબ્રી લોકના પૂર્વજો હતા તેમની સાથે બેર–શેબા સંકળાયેલું હોવાથી (ઉત્પ. ૨૧: ૩૧–૩૩; ૨૨; ૧૯: ૨૬; ૨૨, ૨૩: ૨૮; ૧૦: ૪૬; ૧) તમામ હેબ્રી જનો માટે તે યાત્રાધામ જેવું ગણાતું હતું (૮; ૧૪). ઈબ્રાહીમનું ઘર છોડયા પછી હાગાર અહીં ભટકતી હતી (ઉત્પ. ૨૧; ૧૪). આહાબની સ્ત્રી ઈઝબેલના હાથમાંથી બચવા માટે એલીયાહ પ્રબોધક નાસીને અહીં આવેલો હતો (૧ રાજા ૧૯; ૩). આ સ્થળ યહુદાહમાં યરૂશાલેમની નૈઋત્યે પચાસેક માઈલના અંતરે આવેલું હતું. શબ્દનો અર્થ "સમનો કૂવો" થાય છે (ઉત્પ. ૨૬; ૩૧–૩૩). અર્વાચીન નામ "બિરેસ–સેબા" છે.

૫; ૬. બેથેલમાં : સપ્તતિમાં છે "ઈસ્રાએલના ઘરમાં."

બીજું સ્તોત્રવચન (૫; ૮, ૯)

૮ તમે [તેને શોધો] જે કૃત્તિકા તથા મૃગશિરનો કર્તા છે, જે ઘોર અંધકારને પ્રભાતરૂપ કરી નાખે છે, ને જે દિવસને રાત વડે અંધકારમય કરી દે છે; અને જે સમુદ્રનાં પાણીને હાંક મારે છે, ને તેઓને પૃથ્વીની સપાટી પર રેડી દે છે, તેનું નામ યાહવેહ છે; ૯ તે બળવાનોનો એવી અચાનક રીતે સંહાર કરે છે, કે તેઓના કિલ્લાનો નાશ થાય છે.

(કલમ ૭મી કલમ ૧૦મી સાથે વધારે બંધ બેસતી લાગે છે, તેથી આ બે કલમો (૮, ૯)નું નિરીક્ષણ કર્યા પછી એ કલમ લેવામાં આવશે. ૮; ૩ના સંબંધમાં પણ એવું જ કરવામાં આવેલું છે.)

"તેને શોધો" એ બે શબ્દો હીબ્રુ કે સપ્તતિ એ બેમાંથી કોઈમાં મળતા નથી. કલમ ૭મી સાથે કેવળ સંબંધ જોડવા માટે એ દાખલ કરવામાં આવેલા છે. મૂર્તિઓને નહિ, પરંતુ જેને મળવા તૈયાર થવાનું અગાઉ કહેવામાં આવ્યું હતું (૪; ૧૩) તે યાહવેહને શોધવાનું (કલમ ૭માંના લોકને) કહેવામાં આવેલું છે, અને જેને શોધવાનો છે તે કેટલો મહાન સૃષ્ટા ને તેની શક્તિ કેટલી બધી છે તેનો આ બે કલમો તેનાં કામો પરથી ખ્યાલ આપે છે. કુદરતમાંનાં કાર્યો જેટલી સહેલાઇથી તે કરી શકે છે એટલી જ સહેલાઈથી, ખરો પશ્ચાત્તાપ કરનારને માટે, આપત્તિ ને શોકની રાત્રીને તે આબાદી ને આનંદના દિવસમાં ફેરવી નાખી શકે છે; વળી એટલી જ સહેલાઈથી દુષ્ટોની આબાદીને તે વિપત્તિરૂપ અંધકારમાં પણ ફેરવી નાખી શકે છે; કુદરતનો એ સ્વામી માણસોની ચઢતી પડતી કરી શકે છે, તેમજ પરાજિતોને વિજેતા બનાવી શકે છે (૧ શમ. ૨; ૪–૧૦: યશા. ૧૩; ૧૧). શરૂઆતે આ બે કલમો ઊલટસૂલટ હતી એવું કેટલાએક સાક્ષરો માને છે; વળી પ્રથમ સ્તોત્રવચન (૪; ૧૩) જે કારણસર આમોસના સમય પછીનું માનવામાં આવે છે એ જ કારણસર આ બીજું સ્તોત્રવચન પણ આમોસ પછીનું માનવામાં આવે છે.

૫; ૮. જે કૃત્તિકા તથા મૃગશિરનો કર્તા છે: 'કૃત્તિકા' અને મૃગશિર એ બન્ને નક્ષત્રો છે. કૃત્તિકા ત્રીજું ને મૃગશિર પાંચમું નક્ષત્ર છે (અયૂબ ૯; ૮, ૯: ૩૮; ૩૧–૩૩: યશા. ૧૩; ૧૦). કૃત્તિકા સાત મોટા ને

તેજસ્વી તારાઓનું ઝૂમખું છે, પણ એમાં નાના નાના તારાઓ તો અનેક છે. પ્રાચીન મિસરીઓ, ગ્રીકો તેમજ આરબો કૃતિકા વિષે ઠીક ઠીક જ્ઞાન ધરાવતા હતા, અને એને આધારે ઋતુઓ ઠરાવતા. કૃત્તિકાનો ઉદય થાય એટલે વસંતનું આગમન થયું એમ તેઓ સમજતા. નાવિકો પણ કૃત્તિકાનો ઉપયોગ કરતા. આકાશમાં અમુક ઠેકાણે તે દેખાવા લાગે એટલે દરિયાઈ સફર શરૂ કરવાની મોસમ બેઠી એવું તેઓ સમજતા. નારિયેળી પૂનમ વિષે આપણા દેશમાં જેવું માનવામાં આવે છે એવું જ કંઈક તેઓ માનતા. કૃતિકા આકાશમાં જ્યારે બીજી કોઈ ચોક્કસ જગાએ આવે ત્યારે સફરની મોસમ બંધ થયેલી તેઓ સમજતા.

'મૃગશિર' પણ સાત તેજસ્વી તારાઓનું તથા અન્ય અનેક તારાઓનું ઝૂમખું છે. સાતમાંના ત્રણ સીધી લીટીમાં રહે છે. આ ઝૂમખા સાથે જુદા જુદા દેશોમાં જુદી જુદી વાર્તાઓ સંકળાયેલી છે. હેબ્રીઓ એને યાહવેહની સામે બંડ ઉઠાવનાર રાક્ષસ કહેતા. એણે બંડ ઉઠાવ્યું હતું, એ કારણથી એને આકાશમાં બાંધી રાખવામાં આવેલો છે એવું તેઓ સમજતા. મૃગશિર અસ્ત થાય એટલે શીઆળો બેઠો એવું હેબ્રીઓ માનતા.

આ તેજસ્વી નક્ષત્રો તેમ જ એવાં અન્ય નક્ષત્રો તથા આકાશમાંના અન્ય પદાર્થો હજારો વર્ષોથી તેજ આપ્યા કરે છે, તેમના નિયત માર્ગમાં નિયમિત રીતે ભ્રમણ કર્યા કરે છે. એ પરથી જ યાહવેહની સૃજનશક્તિ કેવી હશે તેની કંઈક ઝાંખી થાય છે. સર્જન પરથી સૃષ્ટા પ્રતિ અહીં ધ્યાન ખેંચવામાં આવેલું છે. સર્જેલી કૃતિઓ એટલી મહાન ને તેજસ્વી છે તો તેમનો સૃષ્ટા કેટલો મહાન ને તેજસ્વી હોવો જોઈએ!

**જે ઘોર અંધકારને......અંધકારમય કરી દે છે:** રાત પછી દિવસ અને દિવસ પછી રાતનો અનુક્રમ કેવળ કુદરતી બાબત છે એમ સમજવાનું નથી; પણ એ ઈશ્વરની વ્યવસ્થા છે, અને સૂર્ય, ચંદ્ર, તારાઓનો ઉત્પન્નકર્તા તથા તેમનું નિયમન કરનાર યાહવેહ છે એ તરફ ધ્યાન ખેંચવામાં આવેલું છે (ઉત્પત્તિ ૧; ૧૪–૧૯: પુન. ૪; ૧૯: ગીત ૮; ૩: ૭૪; ૧૬, ૧૭: ૧૩૬; ૭–૯: ૧૪૮; ૩–૬: યિર્મે. ૩૧; ૩૫).

**જે સમુદ્રનાં પાણીને......રેડી દે છે:** પાણી પણ યાહવેહની વાણીને આધીન છે. પ્રલયકારી જળરેલ, નદીઓમાં આવતાં પૂર, બાષ્પીભવનની ક્રિયા, એ સર્વ યાહવેહના અંકુશ નીચે છે (ઉત્પત્તિ ૭; ૧૦–

૧૨: ૯; ૧૧: નિર્ગ. ૧૪; ૨૧-૨૫: યશા. ૩; ૧૩-૧૫: અયૂબ ૧૨; ૧૫: ૩૬; ૨૬-૩૦: ૩૮; ૩૪).

**તેનું નામ યાહવેહ છે:** કુદરતની આશ્ચર્યજનક ઘટનાઓનું વર્ણન કરવાનો આશય કુદરત પરથી કુદરતના કર્તાના પરાક્રમ, જ્ઞાન ને તેની સર્જનશક્તિ પ્રત્યે ધ્યાન ખેંચવાનો છે. એવો મહાન, શક્તિમાન ને જ્ઞાની ઈશ્વર જે છે તેનું નામ યાહવેહ છે (૪; ૧૩: ૯; ૫, ૬: યિર્મ. ૩૩; ૨). જેની ઓળખાણ હેબ્રીઓને તેમના રાષ્ટ્રજીવનની શરૂઆત અગાઉ આપવામાં આવી હતી (નિર્ગ. ૩; ૧૩-૧૫: ૬; ૨-૮) તે જ એ છે.

**૫; ૯.** સ્થૂળ તથા કુદરતી દુનિયામાં યાહવેહની એકધારી નીતિ તથા શક્તિનો પરિચય આપ્યા પછી નૈતિક ક્ષેત્રમાં તેની શક્તિનો પરિચય આપીને એવા ઈશ્વર તરફ ફરવાનું ઈસ્રાએલને કહેવામાં આવે છે. માણસો જેને અભેદ્ય ગણે છે તેનું પણ યાહવેહની તાકાત આગળ કંઈ ચાલતું નથી (યશા. ૨૫; ૧-૫, ૧૨). પરંતુ અગાઉ જણાવવામાં આવ્યું તેમ કલમ ૮ ને ૯ શરૂઆતે ઊલટસૂલટ હતી એમ કેટલાએક સાક્ષરોનું માનવું છે. એ માન્યતા સ્વીકારવામાં ન આવે અને હાલનો અનુક્રમ જ માન્ય રાખવામાં આવે તોપણ "તેનું નામ યાહવેહ છે" (કલમ ૮ ના છેલ્લા શબ્દો) એ શબ્દો કલમ ૯ ને અંતે જ બંધબેસતા લાગે છે.

આ કલમની મૂળ હીબ્રુ ભાષા તો તરજુમો થઇ ન શકે એવી કઢંગી છે. ગુજરાતી ભાષાના કોઇ હસ્તલેખમાં જો 'બાંધ'ને બદલે 'બાધ' વાંચીએ તો વાક્યનો અર્થ સમજાય એવો રહે નહિ અથવા તદ્દન બદલાઈ જાય, તેમ આ કલમમાં હીબ્રુ અક્ષર 'દાલેથ'ને બદલે 'રેશ' વાંચીએ (ગીત ૧૧૯ માં આપેલા હીબ્રુ અક્ષરો જોવાથી બન્ને અક્ષરોમાં તફાવત કેટલો નજીવો ને ભૂલ ખવડાવનારો છે તેનો ખ્યાલ આવશે), અને સ્વરચિહ્નોમાં નજીવો ફેરફાર કરીએ તો આખી કલમનો તરજુમો આ પ્રમાણે થઈ શકે: "જે વૃષભ રાશિને મકર રાશિ પછી ઉગાવે છે, ને વૃષભને કન્યા રાશિ પછી અસ્ત પમાડે છે" તેનું નામ યાહવેહ છે. આમ કરવાથી બન્ને કલમોનો વિષય એક જ બને છે, જેમાં આકાશી પદાર્થો પર, તેમની હિલચાલો પર યાહવેહનો અંકુશ પ્રદર્શિત કરાયેલો છે.

ગરીબો પર ગુજારાતો ત્રાસ (૫; ૧૦-૧૩)

૭ હે ઈન્સાફને કડવાશરૂપ કરી નાખનારા, ને નેકીને પગ તળે છૂંદનારાઓ,... ૧૦ ભાગળમાં ઠપકો દેનારને તેઓ ધિક્કારે છે, ને પ્રમાણિકપણે બોલનારનો તેઓ તિરસ્કાર કરે છે. ૧૧ તમે ગરીબોને કચરી નાખો છો, ને જોરજુલમથી તેની પાસેથી ઘઉં પડાવી લો છો; તમે ઘડેલા પથ્થરનાં ઘરો તો બાંધ્યાં છે, પણ તમે તેઓમાં રહેવા પામશો નહિ; તમે મનોરંજક દ્રાક્ષવાડીઓ તો રોપી છે, પણ તમે તેમનો દ્રાક્ષરસ પીવા પામશો નહિ. ૧૨ કેમકે હું જાણું છું કે તમારા ગુના પુષ્કળ છે, ને તમારાં પાપ અઘોર છે; કેમકે તમે ન્યાયીઓને દુઃખ દો છો, લાંચ લો છો, ને ભાગળમાં [બેસીને] ગરીબ માણસોનો [હક] ડુબાવો છો. ૧૩ એ માટે ડાહ્યો માણસ આવે વખતે છાનો રહેશે; કેમકે આ ભૂંડો સમય છે.

કલમ ૭ મી ને કલમ ૧૦ મી સાથે જોડીને વાંચવામાં આવે, તો સંબંધ વધારે સારી રીતે બંધબેસતો માલૂમ પડે છે. બન્ને કલમોનો વિષય 'વ્યવસ્થિત રીતે કરાતો અન્યાય' એ જ છે; વળી ૫; ૧૮ અને ૬; ૧ને અંતે "તમને અફસોસ" એવા જે શબ્દો છે તે કલમ ૭ મીને અંતે પણ અસલમાં હોવાનો સંભવ એ કલમના સ્વરૂપ તરફ જોતાં લાગે છે.

ઈસ્રાએલની સામે જે ગંભીર આક્ષેપ હતો તે ઈન્સાફને કડવાશરૂપ કરી નાખવાનો ને નેકીને અર્થાત્ અદાલતી ચૂકાદાને પગ તળે છૂંદવાનો હતો (૬; ૧૨); અને એવું કરનારાઓને અફસોસવચન સંભળાવતાં આ વચનો કહેવામાં આવેલાં છે.

આ ફકરામાં લોકોના ગુનાઓનું અને એને કારણે તેમને મળનાર પ્રતિફળનું વર્ણન કરવામાં આવેલું છે. ભાગળ એ કામકાજની તેમજ ગામલોકોના ઝઘડા ટંટા પતાવવાની જગા હતી. ચોરા જેવી એ જગા હતી. આજ જે કામો અદાલતોમાં થાય છે એવાં કામો કરવા માટે વ્યવસ્થિત અદાલતો ન હતી એવા પ્રાચીન કાળે ગામની ભાગળે અથવા શહેરના દરવાજે એકઠા થઈને ગામના કે શહેરના આગેવાનો એવાં કામો કરતા (ઉત્પત્તિ ૨૩; ૧૦-૧૬; પુન. ૨૧; ૧૯; ૨૨; ૧૫; રૂથ ૪; ૧૦-૧૨; ૧ રાજા ૨૨; ૧૦; ૨ રાજા ૭; ૧; અયૂબ ૩૧; ૨૧; ગીત ૧૨૭; ૫; ની. વ. ૩૧; ૨૩). આમોસે પણ પ્રબોધ કરવા માટે એવી જ જગા પસંદ કરી હશે (યિર્મે. ૧૯; ૨). અહીં તે શ્રીમંતોનાં, અધિકારીઓનાં તથા અન્ય આગેવાનોનાં પાપ તથા તેમને

મળનાર બદલો કહી જણાવે છે (૬; ૬, ૭). અન્યાયથી, છેતરપિંડીથી કે અન્ય કોઈ અનૈતિક રીતે મેળવેલું ધન ટકી રહેવાની કશી ખાતરી નથી. શ્રીમંતોએ ઓરજૂલમ કરીને એટલે વધુ પડતાં ભાડાં લઈને, આકરૂં વ્યાજ લઈને, અને અધિકારીઓએ વધુ પડતા કર લઈને, ન્યાયાધીશોએ લાંચ લઈને, અને શ્રીમંતોએ લાંચ આપીને તથા અન્ય રીતે કુનડગત કરીને ગરીબોના હકને નુકસાન પહોંચાડયું હતું (૨ રાજા ૪; ૧). એમ છતાં ગરીબોથી ચૂં કે ચાં કરી શકાતું નહોતું. અન્યાય ને જૂલમ સહન કરી લીધા વગર તેમને માટે બીજો રસ્તો જ નહોતો. અન્યાય, છેતરપિંડી, અપ્રમાણિકપણું, જૂલમ, લાંચ રૂશ્વત વગેરે અનિષ્ટો એટલાં બધાં નિરંકુશ બની જાય કે ડાહ્યા ને સારા માણસોથી કે સાચી જુબાની પૂરનારથી જૂલમગારો વધુ ઉશ્કેરાશે અને અનિષ્ટમાં કેવળ ઉમેરો થશે એવી બીકે અવાજ સરખો કાઢી ન શકાય, ને તેમની સલાહ કોઈ માને નહિ, તો એ ખરેખર ભયંકર સ્થિતિ કહેવાય (ગીત. ૧૨; ૫: ની. વ. ૯; ૭). એવી પરિસ્થિતિમાં નહિ બોલવામાં નવ ગુણ સમજીને માનવી શાણપણ ચૂપ રહે ખરૂં, પણ ખરો પ્રબોધક તો બોલ્યા વગર રહી જ ન શકે (૩; ૮). બીકનો માર્યો માણસ ચૂપ રહે ખરો, પણ સર્વશક્તિમાન ને સર્વસત્તાધારી યાહવેહ (૪: ૧૩: ૫; ૮, ૯: ૯; ૫, ૬) પોતાના પ્રબોધક દ્વારા બોલ્યા વગર રહી શકે શું?

૫; ૭. કડવાશરૂપ: પાલેસ્ટાઈનમાં થતો એક જાતનો છોડ, જે અતિશય કડવો હોય છે, તેના જેવો. એની કડવાશને કારણે કેટલાએક દેશોમાં તે તાવ પર ઓષધ તરીકે વપરાય છે. જૂના કરારમાં હમેશાં કંઈક સુગમાત્ર દર્શાવવા માટે એ શબ્દ (નાગદમણ) વપરાયેલો છે (યિર્મે. ૯; ૧૫: ૨૩; ૧૫: વિ. વિ. ૩; ૧૫, ૧૯). પ્રકટીકરણમાં એમો તરજૂમો 'કડવાહોના' શબ્દથી કરાયેલો છે (પ્રક. ૮; ૧૧). કડવું માત્ર લોકોને અરૂચિકર લાગતું હતું. ઈન્સાફને ઊંધો વાળવો એ જ તેને નાગદમણ જેવો કડવો કરી નાખવા બરાબર છે. યાહવેહ કુદરતમાં જેવો અવિચલ છે (૪; ૧૩: ૫; ૮) તેવો જ ન્યાય ને નીતિના ક્ષેત્રમાં પણ છે, જેથી તે હમેશાં ભરોસાપાત્ર છે. પરંતુ ઈસ્રાએલના ન્યાયાધીશો એવા ન હતા; તેઓ લાંચ, લાગવગ વગેરેને વશ થઈ ઈન્સાફને વિકૃત કરતા હતા.

૫; ૧૦: ભાગળમાં ઠપકો દેનાર તે ગામ કે શહેરનો સમજુ કે ભરોસાપાત્ર માણસ અથવા યાહવેહના નામે બોલતો પ્રબોધક છે. ચોરા

જેવી જગાએ (નહે. ૮; ૧–૩) માણુસો એકઠા થતા. અહીં આગળ ગ્રામ કે શહેરના અગ્રણીઓ ટંટાફિસાદ પતાવતા (૫; ૧૨, ૧૫: પુન. ૨૫; ૭ ઇત્યાદ.) અને વેપારીઓ તેમનો માલસામાન વેચતા. માણુસોનો જમાવ જોઇને સ્વાભાવિક રીતે જ પ્રબોધકો એવી જગા પસંદ કરે; અને જો ઇન્સાફ ઊંધો વળાતો તેઓ જુએ, કે વેપારમાં દગો, ઠગબાજી કે નફાખોરી જુએ તો તેવું કરનારને તેઓ ઉઘાડા પાડે, શિક્ષાપાત્ર ઠરાવે. પરંતુ એવું કરનાર માણુસો પશ્ચાત્તાપ નહિ કરતાં ઇશ્વર તરફથી ચેતવણી આપનારને ધિક્કારતા (યશ. ૨૯; ૨૧: યિર્મે. ૧૭; ૧૯, ૨૦). અન્યાય, લાંચરૂશવત, લાગવગ, છેતરપિંડી, નફાખોરી વગેરે પાપોનો ભોગ બનનાર મુખ્યત્વે દરિદ્રીઓ હતા. અહીં એવાં પાપો કરનારને આમોસ પોતાની નજરે જોતાં ઉઘાડા પાડે છે, ત્યારે આમોસ તેમના ધિક્કારનું પાત્ર બને છે. અન્ય પ્રબોધકોનો જે અનુભવ હતો તે જ આમોસનો પણ છે.

૫; ૧૧: ગરીબ માણુસો માટીનાં ઝૂંપડાંમાં વસતા, ત્યારે તવંગરો ઘડેલા પથ્થરોથી બાંધેલાં ઘરોમાં વસતા, વળી શહેર બહાર તેમની માલિકીની સુંદર દ્રાક્ષવાડીઓ હતી. પરંતુ તવંગરોએ એ બધી જાહોજલાલી ગરીબોને ઠગીને, ત્રાસ પમાડીને, તેમને અન્યાય તથા કનડગત કરીને મેળવેલી હતી. તેથી તેમના ન્યાયના દિવસે જયારે યાહવેહે મોકલેલા આક્રમણકારો શહેર પર હુમલો કરશે ત્યારે પારકા પરસેવે માલેતુજાર બનેલાઓ ગુલામગીરીમાં જનારાઓને મોખરે રહેશે (૬; ૭), તેમનાં સુંદર મકાનો જમીનદોસ્ત થશે, અથવા અન્ય લોક તેમાં વસશે, અને દ્રાક્ષવાડીઓનો મધુર દ્રાક્ષરસ પારકાઓ પીશે. તેમણે ગરીબોને ત્રાસ પમાડયો હતો; હવે ત્રાસ ભોગવવાનો વારો તેમનો થશે. નવા કરારમાં યાકૂબ એવું જ કંઈક કહે છે (યાકૂબ ૫; ૧–૬, ખાસ કરીને કલમ ૪થી). આમોસના શબ્દોનો પડઘો અન્ય પ્રબોધકના પુસ્તકમાં (સફ. ૧; ૧૩) તેમજ સુવાર્તામાં (લુક ૧૨; ૨૦) પણ પડયો છે. પરંતુ આનાથી છેક ઊલટું ને આનંદકારક ચિત્ર પણ આ જ પુસ્તકમાં (૯; ૬) તેમજ અન્યત્ર (યશ. ૬૫; ૨૧–૨૩) મળે છે. ઈશ્વરનું વચન કોઇક વાર શાસનનો સંદેશો, તો કોઈક વાર દિલાસો દેનાર સંદેશો પ્રગટ કરે છે. શ્રોતાજનોની જેવી જરૂરિયાત તેવો ઈશ્વરના વચનનો પ્રકાર.

૫; ૧૨, ૧૩: લાગવગના જોરે આ તવંગરોને જ લોકોના ન્યાયાધીશો ઠરાવવામાં આવેલા હતા. તકરારી બાબતોમાં લાંચરૂશવતનું

જોર ત્યારે હતું, જેની સામે નિયમશાસ્ત્ર પોકારતું હતું (નિર્ગ. ૨૩; ૮).
જે ગરીબો લાંચ આપી શકતા નહિ તેઓ મુકદ્દમો હારી જતા, ને સામો
પક્ષ ધનવાન હોય તો લાંચ આપીને જીતી જતો (ની. વ. ૧૭; ૨૩: ૨૧; ૨૪).
આવી રીતે આ ન્યાયાધીશ થઈ પડેલા ધનવાનો લાંચ લઈને વધુ ધનવાન
બનતા. આવી પરિસ્થિતિમાં કેટલાક તો ચુપચુપ જ બેસી રહેતા, ને
કોઈ ફરિયાદ કરતા જ નહિ. ખરી જુબાની પૂરવાની પણ કોઈની હિંમ્મત
ચાલતી નહિ, કારણ કે લાંચના પ્રતાપે સાચ માર્યું જતું. ગરીબનો બેલી
જ્યારે કોઈ થતો નહિ ત્યારે આમોસ તેમનો બેલી થયો. મૂગા રહેવાનું
તેને પરવડતું નહિ, કારણ કે ઈશ્વર તેના હૃદયમાં બોલ્યો હતો. ધનવાનો
ને અધિકારીઓનો અણગમો વ્હોરીને પણ તે અંતરના અવાજને વાચા
આપતો હતો.

બચાવનો એક જ ઉપાય (૫; ૧૪, ૧૫)

૧૪ ભલું શોધો, ભૂંડું નહિ, એથી તમે જીવતા રહેશો; અને
ત્યારે, તમે કહો છો તેમ, સૈન્યોનો દેવ યાહવેહ તમારી સાથે રહેશે.
૧૫ ભૂંડાને ધિક્કારો, ભલાને ચાહો, ને ભાગળમાં ન્યાયને સ્થાપિત
કરો; તો કદાપિ સૈન્યોનો દેવ યાહવેહ યુસફના બાકી રહેલાઓ
પર કૃપા રાખે.

ન્યાયશાસન ઉચ્ચારાયું છે ખરૂં (૨; ૧૩–૧૬: ૩; ૧૩–૪; ૩: ૫; ૧–૩),
પરંતુ હજુ અમલમાં મુકાયું નથી. આ વચગાળાનો જે સમય તેમને
મળ્યો હતો તે તો કૃપાનો સમય હતો; કારણ કે યાહવેહ તેમનો નાશ
કરવામાં આનંદ માનતો નથી, પણ બચાવ કરવામાં જ માને છે.
વચગાળાનો સમય તેમને માટે બચી જવાની તક રૂપ હતો. તક ઝડપી
લેવાનો કેવળ એક જ ઉપાય હતો. અને તે વેદીઓએ જઈને બલિદાનો,
જાતજાતનાં અર્પણો ને દશાંશોની પ્રસાદી વેદીઓ આગળ ધરવામાં કે
વેદીઓ આગળ વિશેષ પ્રમાણમાં હાજરી આપવામાં રહેલો નહોતો,
એથી તો કેવળ તેમના ગુના વધતા હતા (૪; ૪, ૫), કારણ કે એ તો
ધર્મની કેવળ ક્રિયાઓ હતી, જે પૂરતું ન હતું. સદાચાર વિહોણી કેવળ
ક્રિયાઓ એ ધર્મનું પાલન નથી. તેઓ યાહવેહ (૪; ૧૩: ૫: ૮, ૯) પ્રત્તિ ફરે,
અને તેમની રહેણીકરણી બદલે એ જ એક ઉપાય હતો. યાહવેહ તેમની
પાસે એ જ એક માગણી કરતો હતો, જે આ પુસ્તકમાંથી મળતા
શિક્ષણનો સાર છે. ઈસ્રાએલ લોકો એમ સમજતા હતા કે તેમના
પૂર્વજોને અપાયેલાં વચનો પ્રમાણે યાહવેહ તેમની મધ્યે છે (ગીત ૪૬; ૭).

વાત તો ખરી હતી; છતાં આ કલમોમાં દર્શાવાયેલો માનવધર્મ બજાવવાની ફરજ જો તેઓ ન સમજે તો યાહવેહની હાજરી તેમને માટે આશીર્વાદરૂપ નહિ, પણ આફતરૂપ હતી. ઈસ્રાએલની આધ્યાત્મિક અને નૈતિક હાલત ખૂબજ અધમ કક્ષાએ ઊતરી ગઈ હતી, જેથી તે પ્રજા પર ભયંકર આફત ઝઝૂમી રહી હતી, મરણ ને જીવન વચ્ચે તે ઝોલાં ખાઈ રહી હતી. પરંતુ જો તેઓ ખરા દિલથી યાહવેહને શોધે, ને ખરો માનવધર્મ બજાવે, તો "યુસફના બાકી રહેલાઓ" પર યાહવેહ કૃપા રાખે (૩; ૧૨).

વિષય તરીકે આ બે કલમોનો સંબંધ કલમ ૪–૬ સાથે છે. કલમ ૪–૬માં જે શિક્ષણ આપવામાં આવેલું છે તે જ અહીં પણ મળે છે. નવીનતા કે વિશેષતા જેવું કશું નથી એ કારણને લીધે, તેમજ "યુસફના બાકી રહેલાઓ" એ શબ્દો યરોબઆમની કારકિર્દી (૧; ૧)ના સમયને નહિ, પણ રાષ્ટ્ર તરીકે ઈસ્રાએલની હસ્તી ખલાસ થઈ (ઈ. સ. પૂ. ૭૨૨ પછી) તે પછીના સમયને જ લાગુ પડી શકે એવી કેટલાએક સાક્ષરોની સમજણને લીધે આ બે કલમોને આમોસના સમય પછીની માનવામાં આવે છે. વળી કેટલાએક સાક્ષરો આ બે કલમોને કલમ છઠ્ઠી પછી, અને બીજા કેટલાએક આ અન્યાયને અંતે ગોઠવે છે.

તેમ છતાં "યુસફના બાકી રહેલાઓ" નો અર્થ જાતજાતની વિપત્તિઓ આવી પડયા (૪; ૬–૧૧) પછી જે "બાકી રહેલા તે" એવો પણ થઈ શકે.

૫; ૧૫. કદાપિ...કૃપા રાખે: યાહવેહની કૃપા વિષે ખાતરીથી નહિ બોલતાં "કદાપિ" જેવો શંકાસ્પદ શબ્દ આમોસ શા માટે વાપરતો હશે? યાહવેહ અને ઈસ્રાએલનો સંબંધ કરારનો સંબંધ હતો (લેવીય ૧૮; ૫: પુન. ૪; ૨૫–૨૯: ૮; ૧૯, ૨૦: ૩૦; ૧૫–૨૦: સેમન ૧૦; ૫: ગલ. ૩; ૧૨). અને જયારથી વાછરડા–પૂજા દાખલ થઈ હતી (૧ રાજા ૧૨; ૨૮–૩૩: ૨ કાળ. ૧૧; ૧૫) ત્યારથી એ કરાર તૂટેલો જ હતો. તેથી તેમના પૂર્વજોને અપાયેલાં પાર્થિવ જીવનને લગતાં વચનો તેમના લાભમાં પૂર્ણ કરવાં જ જોઈએ એવો કશો દાવો કરવાનો હક તેમને રહ્યો જ નહોતો. જયાં હક નથી, પરંતુ કેવળ મહેરબાનીની સહે બધું તો નહિ, પણ કંઈક મેળવવાની વાત હોય છે ત્યાં બાઈબલમાં 'કદાપિ', 'કદાચ' એવા શબ્દો કેટલેક ઠેકાણે વપરાયેલા માલૂમ પડે છે (નિર્ગ. ૩૨; ૩૦: ૨ શમ. ૧૬; ૧૨: ૧ રાજા ૨૦; ૩૧: યોએલ ૨; ૧૪: યૂના ૩; ૯).

ઈશ્વર પોતાના લોકની મુલાકાત લેશે ત્યારે આવનાર વિલાપનો દિવસ (૫; ૧૬, ૧૭)

૧૬ એ માટે પ્રભુ, સૈન્યોનો દેવ યાહવેહ, કહે છે, કે સર્વ ચકલાઓમાં વિલાપ થશે; અને સર્વ ગલીઓમાં લોકો કહેશે, હે હાય હાય! તેઓ ખેડુતોને શોક કરવાને, તથા રાજિયા ગાવામાં પ્રવીણ લોકોને વિલાપ કરવાને બોલાવશે.

૧૭ સર્વ દ્રાક્ષવાડીઓમાં વિલાપ થઇ રહેશે; કેમકે હું તારી મધ્યે થઈને જઈશ, એમ યાહવેહ કહે છે.

આ કલમોમાં આવનાર ન્યાયશાસનની ચેતવણી આમોસ ફરી ઉચ્ચારે છે. જે વચગાળાનો સમય ઈસ્રાએલને મળ્યો છે તેનો સદુપયોગ (૫; ૪–૬, ૧૪, ૧૫) જો તેઓ ન કરે, તો ઉચ્ચારાયેલી ધમકીઓનો (૨; ૬, ૧૩–૧૬ : ૩; ૧૧–૪; ૩) અમલ કરવાનો દિવસ દૂર નહિ પણ હાથવેંતમાં જ હતો. ભમાવનાર પ્રબોધકોના કહેવા પ્રમાણે અને ઈસ્રાએલની સમજણ પ્રમાણે તે દિવસે એટલે જેને તેઓ "યાહવેહનો દિવસ" કહેતા હતા તે દિવસે યાહવેહ તેમની સાથે હશે ખરો (૫; ૧૪); પણ તે તો શિક્ષાનો અમલ કરવા માટે, નહિ કે તેમનું રક્ષણ કરવા માટે. તેમની દંભી ધાર્મિકતાએ જન્માવેલી ખોટી આશાને આમોસ ઉઘાડી પાડે છે. યાહવેહ મિસરમાં થઈને પસાર થયો ત્યારે ઇસ્રાએલ-પુત્રો બચી ગયા હતા અને મિસરના પ્રથમજનિતોનો મરો થયો હતો (નિર્ગ. ૧૨; ૧૨, ૨૯, ૩૦), એ પ્રસંગનું સ્મરણ કરાવીને આમોસ દ્વારા યાહવેહ તેમને કહે છે, કે તે દિવસે મિસરના જેવા હાલ થયા હતા તેવા (આક્રમણ, મરકી, દેશનિકાલ, વગેરે દ્વારા) હવે ઈસ્રાએલના થશે (૨; ૧૩–૧૬ : ૫; ૨૭ : ૯; ૧–૪). આ પુસ્તકમાં જેવું વર્ણન કરેલું છે તેવો યાહવેહ (૪; ૧૩ : ૫; ૮, ૯ : ૯; ૫, ૬) જ્યારે આફત લાવશે ત્યારે કોણ ટકી શકશે? એ આફતનું દુઃખ એટલું બધું ભયંકર થઈ પડશે કે શહેરોમાં તથા ગામોમાં સર્વત્ર વિલાપ થશે એટલું જ નહિ, પણ વિલાપ કરનારા ખાસ માણસોને રડવાકૂટવા માટે (૨ કાળ. ૩૫; ૨૫: સ. શિ. ૧૨; ૫: યિર્મે. ૯; ૧૭, ૧૮: માર્ક ૫; ૩૮) બોલાવવામાં આવશે, અને દ્રાક્ષવાડીઓ (આનંદનાં સ્થળો) કબરસ્તાનો (વિલાપનાં સ્થળો) જેવી બની જશે (યશા. ૧૬; ૧૦: યિર્મે. ૨૫; ૩૦ : ૪૮; ૩૩). ઈસ્રાએલ પાસે થઈને પસાર થઈ જતાં ન્યાયશાસનોની અનેકવાર

અવગણના કરી હતી, માટે હવે ન્યાયશાસને ઈસ્રાએલને શોધીને જ જવાનું રહ્યું હતું.

યાહવેહનો દિવસ (૫, ૧૮–૨૦)

**૧૮ તમે જેઓ યાહવેહનો દિવસ ઇચ્છો છો તેમને અફસોસ!
શા માટે તમે યાહવેહનો દિવસ ઇચ્છો છો? તે તો અંધકારરૂપ
છે, પ્રકાશરૂપ નથી. ૧૯ [તે તો] જેમ કોઈ માણસને સિંહ પાસેથી
નાસી જતાં રીંછની ભેટ થઈ જાય, અને ઘરમાં ભરાઈ જઇને પોતાનો
હાથ ભીંતે ટેકવતાં તેને સાપ કરડે તેવો છે. ૨૦ શું એમ નહિ થાય
કે યાહવેહનો દિવસ અંધકારમય થશે, ને પ્રકાશમય નહિ? એટલે
ઘાડ અંધકારમય તથા છેક પ્રકાશરહિત [થાય]?**

ખ્રિસ્તના દેહધારીપણાના સમયના યહૂદી લોકો જેમ ઈશ્વરના (કે સ્વર્ગીય) રાજ્યના આગમનની (મા. ૩; ૩:૪; ૧૧: ૧૦; ૭, ઈત્યાદ) અને પ્રાચીન ખ્રિસ્તી લોકો જેમ ખ્રિસ્તના પુનરાગમનની (૧ થેસ. ૪:૧૫–૧૭: ફિલ. ૧, ૬) આતુરતાથી રાહ જોતા હતા તેમ આમોસના સમયના ઈસ્રાએલપુત્રો એટલી જ આતુરતાથી 'યાહવેહના દિવસ'ની રાહ જોતા હતા. આ દિવસનો ઉલ્લેખ કરવામાં આમોસ પ્રથમ છે, તથાપિ એ વિચારની પહેલ કરનાર એ નથી. એના સમય અગાઉથી ઈસ્રાએલપુત્રો એ દિવસની અપેક્ષા રાખતા આવ્યા હતા. પરંતુ આમોસ તેમને એવું જણાવે છે કે એ દિવસ વિષે જેવી અપેક્ષાઓ તેઓ રાખતા હતા તેવો એ નથી. આમોસે એ દિવસનું જે વર્ણન કર્યું છે તેમાં તેની પછીના પ્રબોધકોએ ઉમેરો કર્યો છે (સફા. અધ્ય. ૧ ને ૨: યશા. ૨ ને ૧૩, માલાખી ૩ ને ૪, અને યોએલ, હાગ્ગાય તથા ઝખાર્યાહ પ્રબોધકોનાં પુસ્તકોમાંના અનેક ફકરાઓ).

ઈસ્રાએલ લોકોની વિચારધારા આ પ્રમાણે હતી: યાહવેહ તો ઈસ્રાએલનો સ્વામી તથા રાજકર્તા છે, તેથી ઈસ્રાએલના શત્રુઓ જ્યારે ઈસ્રાએલ પર ખાસ રીતે જુલમ ગુજારશે ત્યારે યાહવેહ ઊભો થશે, પોતાના ઉપાસકોનો પક્ષ લઈને તેમના શત્રુઓ સામે લડશે, તેમને જડમૂળથી ઊખેડી નાખશે, ને પોતાના લોકને આખરી ને છેવટનો વિજય આપશે. એમ એ દિવસ ઈસ્રાએલને માટે તો (૩, ૨ આ) ઉદ્ધારનો, કાયમી સુખ, સફળતા, પ્રકાશ ને આનંદનો થશે, પણ તેમના શત્રુઓને માટે શિક્ષાનો થઈ પડશે.

(આ ઉપરથી વિચારધારાનો વિકાસ થતાં થતાં આખરે જે અંતર્દર્શક (Apocalyptic) સાહિત્ય ઉદ્ભવ્યું તેનો આરંભ આ ફકરાઓમાં રહેલો છે. તેઓની પ્રચલિત માન્યતા પ્રમાણે ઈશ્વરના રાજ્યનાં હજાર વર્ષોની શરૂઆત 'યાહવેહના દિવસ'થી થવાની હતી.)

પરંતુ એ દિવસ વિષેના આમોસના વિચાર છેક જુદા હતા. દુષ્ટ લોકોને તે એમ કહેતો કે એ સહસ્ર વર્ષના યુગ સાથે એમને કંઈ લાગભાગ નથી, કારણ કે ત્યારે તો ધાર્મિકતા ને ન્યાયનું પ્રાધાન્ય હશે. યાહવેહ આવશે ત્યારે તેમનાં પાપોની તેમને શિક્ષા કરવા આવશે, નહિ કે તેમના શત્રુઓના હાથમાંથી તેમનો બચાવ કરવા. એ દિવસ શિક્ષાનો દિવસ થશે; અને કેવળ તેમના શત્રુઓને શિક્ષા થશે એમ નહિ, પણ ખાસ કરીને તો તેમને પોતાને થશે. કારણ કે યાહવેહનો ડર, ન્યાય, નીતિ, માનવતા તો તેઓમાં છે જ નહિ. જો તેઓ પશ્ચાત્તાપ નહિ કરે, તો સૈન્યોના પ્રભુનાં દળો તેમની મદદમાં નહિ પણ તેમની સામે લડશે; અને એ દિવસ તેમને માટે પ્રકાશનો નહિ, પણ અંધકારનો થશે. અને જે દિવસને ઈશ્વર અંધકારમય કરે તેને સમસ્ત દુનિયા પણ તેજસ્વી કરી શકે નહિ. આ દિવસને આમોસ જેટલો કારમો વર્ણવે છે તેટલો તેની પછીના પ્રબોધકો વર્ણવતા નથી. દક્ષિણના (યહુદાહ) રાજ્યના પ્રબોધકોનું શિક્ષણ પણ એ જ હતું કે એ દિવસે યાહવેહ પ્રથમ તો દુષ્ટ ઈસ્રાએલપુત્રોનો નાશ કરશે; પરંતુ તેનો ઈરાદો તો તેઓમાંના દુષ્ટોનો નાશ કરીને પ્રજાને શુદ્ધ કરવાનો જ હતો. શેષનો ઉદ્ધાર કરીને તેમને પવિત્ર કરવામાં આવશે. ત્યાર પછી યાહવેહ ઈસ્રાએલના દુશ્મનને શિક્ષા કરશે, અને ઈસ્રાએલ લોકને મહિમાવંત કરશે. પરંતુ આમોસ એવા આખરી વિજયની રાહ જોતો નહોતો. તેને મન તો યાહવેહનો દિવસ નર્યા અંધકારનો ને છેક પ્રકાશરહિત હતો (૫; ૨૦).

૫; ૧૮, ૨૦ : અંતિમ વાનાંને લગતી યહૂદી વિચારધારામાં આ શબ્દો (યાહવેહનો દિવસ) સમય જતાં કેન્દ્રસ્થાને આવી રહ્યા. વર્તમાન જમાનાનો અંત આવશે, અને નવા જમાનાનો ઉદય થશે એવો અર્થ એમાં દાખલ થવા પામ્યો; વળી મસીહ વિષેની માન્યતાનો વિકાસ થયો ત્યારે 'યાહવેહનો દિવસ' મસીહના દિવસ તરીકે સમજાવા લાગ્યો; અને મસીહનો દિવસ એટલે મસીહ જેમાં રાજ્ય કરશે તે જમાનો એવું સમજાવા લાગ્યું.

તથાપિ "યાહવેહના દિવસ"માં પાછળથી દાખલ થયેલા ખ્યાલોનો આમોસના મનમાં કોઈ ન શકે. ઈસ્રાએલની સર્વ આશાઓ અને મહત્ત્વાકાંક્ષાઓ જેમાં પૂર્ણ કરાશે એવા જ એક જમાનાની રાહ આમોસના સમયમાં ઈસ્રાએલ લોક રાખતા હતા તેને તેઓ "યાહવેહનો દિવસ" કહેતા હતા. એ દિવસ આવશે ત્યારે તેઓ પૂર્ણ સ્વતંત્ર, વૈભવી, આબાદ, સર્વ વાતે સુખી ને આનંદી હશે એ તેઓની માન્યતા હતી. પરંતુ ફરીથી માથું ઊંચું કરી ન શકે એવી રીતે યાહવેહના જે શત્રુનો પરાજય કરવાનો હતો તે તો ઈસ્રાએલમાં રહેલી વિવિધ પ્રકારની અધાર્મિકતા હતી એ ઈસ્રાએલના લક્ષ બહાર રહેતું હતું. એ ચાલુ રહે તો અન્ય પ્રજાઓની પેઠે ઈસ્રાએલનો પણ નાશ થાય એ આમોસની સમજમાં તો ઊતરેલું હતું, પરંતુ એ નહિ સમજવામાં જ ઈસ્રાએલની ગફલત થતી હતી. જેઓ ઈસ્રાએલી નથી ને અન્ય દેવોના ઉપાસકો છે તે સર્વ ઈશ્વરના શત્રુ છે એ ખ્યાલ ઈસ્રાએલના મનમાંથી સમૂળગો તો કદી દૂર થયો જ નહિ, અને બંદીવાસમાંથી પાછા આવ્યા પછી તો એ વધારે મજબૂત બન્યો, એટલે સુધી કે પ્રભુ ઈસુના આવ્યા અગાઉ ઘણા લાંબા સમયથી તો "યાહવેહનો દિવસ" એટલે યાહવેહ વગર અન્ય દેવોના ઉપાસકો પર વેર લેવાનો દિવસ, એવી જ માન્યતા મોટા ભાગના હેબ્રી લોકોમાં ઘર કરી બેઠી હતી.

આ દિવસ ધીમે ધીમે અપૂર્વ, અજોડ, અનુપમ ગણાવા લાગ્યો, અને તેની સાથે કેટલાએક અંતદર્શક (apocalyptic) વિચારો ગૂંથાઈ ગયા. બંદીવાસ પછીના યહૂદીઓ તેમના જીવનમાં કોઈ ક્રાંતિકારી ફેરફાર થવાની ઈચ્છા સેવી રહ્યા હતા. કોરેશ (યશા. ૪૪; ૨૮: ૪૫; ૧: ૨ કાળ. ૩૬; ૨૨, ૨૩: એઝ. ૧; ૧-૮) કે કોરેશ જેવા કોઈ વિજેતા દ્વારા યહૂદી જીવન ઉન્નત બનશે એવી આશા તેઓ રાખતા હતા. પરંતુ પેઢી પછી પેઢી વીતવા લાગી, પણ તેમની આશા મૂર્તિમંત થઈ નહિ. એવામાં જરથોસ્તી ધર્મના અનુયાયીઓના સંપર્કમાં આવ્યાથી યહૂદી વિચારસરણીમાં નવું તત્ત્વ દાખલ થયું, એટલે કે વર્તમાન આકાશ તથા પૃથ્વી ટળી જશે, ને તેને ઠેકાણે નવીન આકાશ તથા પૃથ્વી આવશે. આ માન્યતા તેમણે વધાવી લીધી; અને એમ થશે ત્યારે જ તેમની પુનઃસ્થાપના થશે તેમજ અન્ય દેશજાતિઓમાં સર્વોચ્ચ કક્ષાએ તેઓ બિરાજશે એવું તેઓ માનતા થયા. પણ એ કયારે થશે? આ જમાનો વીતી ગયા પછી જ્યારે "યાહવેહનો દિવસ"

આવશે ત્યારે. અંતદર્શક સાહિત્ય ખીલ્યું ત્યારે એવી માન્યતાને પરિણામે એ પ્રકારના સાહિત્યમાં "યાહવેહનો દિવસ" કેન્દ્રસ્થાને આવ્યો. એ પ્રમાણે "સવારની રાહ જોનારા કરતાં" ચાલુ જમાનાના અસ્તની અને "યાહવેહના દિવસ"ના ઉદયની તેઓ વધારે આતુરતાથી રાહ જોવા લાગ્યા. એ દિવસ આવ્યા અગાઉ કેવાં કેવાં ચિહ્નો થશે તે નક્કી કરવાની મથામણ પણ તેઓ કરવા લાગ્યા. સમય જતાં "યાહવેહનો દિવસ" તે મસીહના રાજ્યની સ્થાપનાનો દિવસ થઇ ગયો.

પરંતુ આમોસે એ દિવસને પ્રકાશરૂપ નહિ, પણ અંધકારરૂપ હોવાનું નિવેદન કર્યું ત્યારથી માંડીને તેની પાછળના જમાનાના પ્રત્યેક લેખકે તેને અંધકારરૂપ દિવસ જ આલેખીને તેનું વધુ વિગતવાર વર્ણન કર્યું છે (સફ. ૧; ૭ ૧૮ ખાસ કરીને ૧૪–૧૬: યશા. ૧૩; ૧૦–૧૩: યોએલ ૨; ૩૦, ૩૧: ૩; ૨–૪, ૧૨).

૫; ૧૯: એ દિવસ વિષે ઇસ્રાએલે રાખેલી તેજસ્વી આશાઓ કેવળ ઠગારી નીવડશે, અને જેમાંથી બચી ન શકાય એવી એક પછી એક આવતી આફતનો સામનો તે દિવસે તેમણે કરવો પડશે. આમોસે આપેલા દાખલા એવું બતાવે છે કે યાહવેહ તે દિવસે જે આફતો મોકલશે તેમાંથી બચી જવાનું આખરે તો અશક્ય જ થઇ પડશે. પાલેસ્ટાઈનમાં રીંછ સિંહના જેવું જ ભયંકર પ્રાણી ગણાતું હતું (૨ રાજા ૨; ૨૩, ૨૪; વિ. વિ. ૩; ૧૦: હોશીઆ ૧૩; ૮). આમોસ જણાવે છે કે યાહવેહ તરફથી જ્યારે ઇસ્રાએલ રાષ્ટ્ર પર આક્રમણરૂપ આફત આવી પડશે ત્યારે યાહવેહનો દિવસ તેમનો બચાવ કરનારો નીવડશે નહિ. જાણે જંગલમાં ભટકતો માણસ સિંહના પંજામાંથી જોગેજોગે કોઈ રીતે છટકી જાય તો તેને રીંછનો સામનો કરવાનો રહે, અને રીંછના પંજામાંથી છૂટીને હાંફતો હાંફતો તે ઘેર જાય ને ભીંતે હાથ દઈ ઊભો રહે ત્યારે તે પોતાને સલામત સમજે, પણ ત્યાં ય સલામતી નથી; કારણ કે ત્યાં તેને લપાઈ રહેલો સર્પ કરડે. એના જેવો એ દિવસ નીવડશે. દુષ્ટ માણસને જ્યારે યાહવેહનો ભેટો થશે ત્યારે તેને માટે બચાવનો કોઈ રસ્તો રહેવાનો નથી (૯; ૧–૪). જેનું આવી બન્યું છે તેને માટે જેમ બચાવનો ઉપાય છે જ નહિ એવો યાહવેહનો દિવસ નીવડશે (યશા. ૨; ૧૨–૨૨: યોએલ ૨; ૧–૩) એ જ આમોસનું કહેવું છે. યાહવેહનું શાસન જેઓ પશ્ચાત્તાપની તક જતી કરે છે તેમનો પીછો પકડે છે. આમોસનું આ કથન કારમું ને દયાહીન લાગે છે ખરૂં, પરંતુ આપણે ધ્યાનમાં રાખવું જોઇએ કે પાપનું ભાન

કરાવવા માટે એ જરૂરનું જ હતું. ચેતવણી મળ્યા છતાં પશ્ચાત્તાપ કરવાની તકની અવગણના કરવી, ને દુષ્ટતાના માર્ગમાં ચાલુ રહેવું એ ઈશ્વરની કૃપાની અવગણના કરવા સમાન છે, અને કૃપાની અવગણના કરનાર પોતાને માટે વિનાશ જ નોતરે છે (લુક ૧૯; ૪૧-૪૪).

### પોકળ ધર્મક્રિયાઓને લીધે ઠપકો (૫; ૨૧-૨૭)

**૨૧ હું તમારા ઉત્સવોને ધિક્કારું છું, ને તમારાં ધાર્મિક
સંમેલનોથી હું મગ્ન થઇશ નહિ. ૨૨ જોકે તમે તમારાં દહનીયાર્પણો
તથા ખાદ્યાર્પણો મને ચઢાવવા માંડશો, તોપણ હું તેમને સ્વીકારીશ
નહિ; અને તમારાં પુષ્ટ પશુઓનાં શાંત્યર્પણોને પણ હું ગણકારીશ
નહિ. ૨૩ તારાં ગીતોનો ઘોંઘાટ મારાથી દૂર કર; કેમકે હું તારી
સારંગીઓનું ગાયન સાંભળીશ નહિ. ૨૪ પણ ન્યાયને પાણીની પેઠે
ને નેકીને મોટી નદીની પેઠે વહેવા દો.**

**૨૫ હે ઈસ્રાએલના વંશજો, શું તમે અરણ્યમાં ચાળીસ વર્ષ
સુધી મને બલિદાનો તથા અર્પણો ચઢાવ્યાં હતાં? ૨૬ હા, તમે
તમારા રાજા સિક્કૂથને તથા તમારા તારારૂપી દેવ કીયૂનની મૂર્તિઓને
ખભા પર લીધાં છે. ૨૭ એ માટે યાહવેહ, જેનું નામ સૈન્યોનો દેવ
છે, તે કહે છે, કે હું તમને દમસ્કની પેલી પાર ગુલામગીરીમાં
મોકલી દઇશ.**

વેદીઓ આગળ કરાતી ધર્મની ખાલી ક્રિયાઓ (૫; ૫, ૬) જે પૂજયભાવ રહિત હોવાથી ધર્મનું કેવળ પ્રદર્શન હતું તેટલું જ કરીને સંતોષ માનનારાઓને આ કલમોમાં સખત ઠપકો આપવામાં આવેલો છે. પૂજયભાવ રહિતની કેવળ ક્રિયાઓ (૨; ૮: ૪; ૪, ૫) ધર્મની કરણીઓનું સ્થાન લઈ શકે નહિ. યોગ્ય રીતે કરાયેલી (૧ શમ. ૧૪; ૩૩, ૩૪) ધર્મ-ક્રિયાઓમાં કોઈ જાદુઈ શક્તિ રહેલી છે, અને એવી રીતે કરાયેલી ક્રિયાઓથી પ્રસન્ન થઈને ઈષ્ટ દેવ પોતાના ભક્તોને ઇચ્છિત વાનું કે વાનાં આપે છે એ પ્રાચીન ધર્મોની માન્યતા હતી, અને એ ખોટી માન્યતાએ ઇસ્રાએલમાં પણ સ્થાન જમાવ્યું હતું. એવી માન્યતામાંથી નીપજતી કેવળ પ્રદર્શનરૂપ ધર્મક્રિયાઓની સામે આમોસનો આત્મા ઊકળી ઊઠ્યો હતો. અન્ય પ્રબોધકો પણ એવું જ શિક્ષણ આપે છે (યશા. ૧; ૧૦-૧૭; ૬૬; ૧-૪; મીખ. ૬; ૬-૮). કેવળ ધર્મપ્રદર્શનથી યાહવેહ પ્રસન્ન થાય છે એ માન્યતાથી સંતોષ પામીને જેઓ મોટી મોટી આશાઓ રાખતા હતા, અને એ આશાઓ મૂર્તિમંત થાય માટે યાહવેહના દિવસની રાહ જોતા

હતા તેઓની સામે આ વચન ઉચ્ચારવામાં આવેલાં છે. ઈશ્વર પોતા પ્રત્યે તેમજ માનવ પ્રત્યે જે ધર્માચરણ માગતો હતો (૫; ૨૪) તે વિષે બેદરકાર રહેવું, અને કેવળ ક્રિયાઓ કરવી એ ધર્મપાલનનો કેવળ દંભ છે, જે ઈશ્વરને ઠગવા બરાબર છે; અને ઈશ્વરને ઠગવાનો પ્રયત્ન કરવો એ તેની પાસેથી શિક્ષા જ માગી લેવા બરાબર છે (ગલ. ૬; ૭).

**૫; ૨૧: "સંમેલનોથી હું મગ્ન થઈશ નહિ"**નો મૂળાર્થ થાય છે "સંમેલનોને હું સુંઘીશ નહિ," કે "સંમેલનોની સુગંધ હું લઈશ નહિ" (ઉત. ૮; ૨૧).

નિયમશાસ્ત્ર પ્રમાણે વર્ષ દરમિયાન ઈસ્રાએલે જે ધાર્મિક ઉત્સવો કરવાના હતા તેમાંના ત્રણ મુખ્ય હતા, જે વખતે પ્રત્યેક પુરુષે હાજર થવાનું હતું (નિર્ગ. ૨૩; ૧૪-૧૭: ૩૪; ૨૩: પુન. ૧૬; ૧૬, ૧૭). સામાન્ય માન્યતા પ્રમાણે યાહવેહે પોતે જ એ ઉત્સવો ઠરાવ્યા હતા, અને એ ઉત્સવોના પાલનમાં કરવાના વિવિધ યજ્ઞો તથા અર્પણો પણ તેણે જ ઠરાવ્યાં હતાં. તેમ છતાં જ્યારે એ ઉત્સવો કરવામાં આવે છે, ને યજ્ઞો તથા અર્પણો ચઢાવવામાં આવે છે ત્યારે યાહવેહ એ બધાંને ધિક્કારે છે, ને તેમની સુગંધથી તે મગ્ન થતો નથી. (૧ શમ. ૧૫; ૨૨; ૨૩). તીર્થયાત્રાઓ, ધર્મમેળાઓ, યજ્ઞો, અર્પણો, કે સુંદર ગાયનો એમાંના કશાથી એ પ્રસન્ન થતો નથી (લેવીય ૨૬; ૩૧: યશા. ૧૧; ૩), કારણ કે એ કેવળ બાહ્ય બાબતો છે. ઈશ્વર પ્રત્યે પૂજ્યભાવ, પ્રેમ, આજ્ઞાંકિતપણું ન હોય, અને માનવધર્મ બજાવવામાં આવતો ન હોય, તો એ નરી બાહ્ય વસ્તુઓનું કશું મૂલ્ય નથી, એ કેવળ ધિક્કારપાત્ર છે.

**ધાર્મિક સંમેલનો:** વસંત અને કાપણી વખતના મેળાઓ તથા એવા તમામ ધાર્મિક મેળાઓ (લેવીય ૨૩; ૨૭, ૩૩-૪૪: ગણના ૨૯; ૩૫: પુન. ૧૬; ૮: ન્યાય. ૯; ૨૭: ૧ શમ. ૧; ૧૩: ૨ કાળ. ૭; ૯, ૧૦: નહે. ૮; ૧૮: યશા. ૨૯; ૧).

**૫; ૨૨, ૨૩: દહનીયાર્પણો** (ઈશ્વરને સમગ્ર જીવનના અર્પણનું પ્રતીક) તથા **શાંત્યર્પણો** (ઈશ્વર સાથે સમાધાન સાધવાનું પ્રતીક)નો ઉલ્લેખ ઘણે ભાગે સાથે ને સાથે કરાયેલો જોવામાં આવે છે (નિર્ગ. ૨૦; ૨૪: ૩૨; ૬: યહો. ૨૨; ૨૩: ન્યાય. ૨૦; ૨૬: ૨૧; ૪: ૧ શમ. ૧૦; ૮: ૧૩; ૯: ૨ શમ. ૬; ૧૭: ૨૪; ૨૫: ૧ રાજા ૩; ૧૫). આ કલમોમાં "શાંત્યર્પણો"માં ઉપકારાર્થાર્પણો પણ સમજવાનાં

લાગે છે. દહનીયાર્પણ (કે સકળ દહનીયાર્પણ)માં આખું પશુ વેદી પર બાળી દેવામાં આવતું હતું (લેવીય ૧). શાંત્યર્પણમાં અર્પણના અમુક ભાગનું દહન કરવામાં આવતું, જે યાહવેહને અર્પાયેલું ગણાતું; બાકીનો ભાગ ઉપાસકો ખાતા, અને એમ કરવાથી યાહવેહ સાથે સંગત થાય છે એમ માનવામાં આવતું (લેવીય ૩).

**ખાદ્યાર્પણો :** અનાજ કે લોટની વાનીઓનાં અર્પણો હતાં (ઉત. ૪; ૩: લેવીય ૨: ન્યાય. ૧૩; ૨૩: ૧ રાજા ૮; ૬૪)

**ગીતો :** જાતજાતના ઉત્સવોની ભજનસેવામાં વપરાતાં ભજનો (૮; ૧૦: યશા. ૩૦; ૨૯).

**સારંગી :** એ એક તંતુવાદ્ય હતું.

જાતજાતનાં અર્પણો ચઢાવવામાં આવતાં હતાં, મધુર સૂરનાં વાજિંત્રો સાથે ભજનો ગાવામાં આવતાં હતાં. એ બધું તેમની સમજણ પ્રમાણે, યાહવેહની માગણી અનુસાર કરવામાં આવતું હતું, તથાપિ હૃદયમાં તેઓ ઈશ્વરથી દૂર હતા. તેઓ વેદીઓની નિકટતામાં હતા ખરા, પરંતુ યાહવેહથી દૂર હતા. હાથ જોડીને (ગી. શા. ૨૮; ૨) તેઓ પ્રાર્થનાઓ કરતા હતા ખરા; પરંતુ એ હાથ તો યશાયાહના કહેવા પ્રમાણે તેમના ભાઇઓના રક્તથી રંગાયેલા હતા (યશા. ૧; ૧૦–૨૦). યાહવેહ માગે છે (ગી. શા. ૨૪; ૪) એવા શુદ્ધ હાથ એ નહોતા, ધાર્મિક આચરણ વગરનું ધર્મપાલન ઈશ્વરની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકે જ નહિ (ની. વ. ૧૬; ૧૭ : ૧૭; ૧: ૨૧; ૩). ગાયનો ને વાજિંત્રો સાંભળવામાં ગમે તેટલાં મધુર લાગે, પરંતુ જો તે ભાવ વિનાનાં હોય તો તે ભસવા ઘૂરકવાના જેવો કંટાળાપાત્ર કેવળ "ઘોંઘાટ" છે. ધર્મપાલનમાં ધર્મની ક્રિયાઓને સ્થાન જ નથી એવું કહેવાની આ ફકરાની મતલબ નથી. ભાવ વગરની અને યોગ્ય આચરણ રહિતની ક્રિયાઓને જ અહીં વખોડી કાઢવામાં આવેલી છે.

**૫; ૨૪:** આખા પુસ્તકનો સાર–આમોસના મનનો પૂરેપૂરો ભાવ (૫; ૭, ૧૫ : ૬; ૧૨) આ કલમમાં પ્રદર્શિત કરાયેલો છે. ધર્મક્રિયાઓ ધર્માચરણનું સ્થાન લઈ શકે નહિ એ જ આમોસ કહેવા માગે છે, જેમાં તેને અન્ય પ્રબોધકોનો પૂરેપૂરો ટેકો મળી રહે છે (યશા. ૧: ૧૦–૨૦ : ૫૮; ૧–૧૪: યિર્મે. ૬; ૧૯, ૨૦ : ૭; ૧–૧૫, ૨૧–૨૩: હોશીઆ ૬; ૬ : ૮; ૧૩, ૧૪: મીખાહ ૬; ૬–૧૩). નવા કરારમાં પણ એ જ

ભાવ વ્યક્ત કરવામાં આવેલો છે (મા. ૨૫; ૩૪-૪૬: યાકૂબ ૧; ૨૭). જે આજ્ઞાંકિતપણું ને માનવધર્મ વ્યક્તિના જીવનમાં તેમજ સામાજિક તથા રાષ્ટ્રજીવનમાં યાહવેહ માગતો હતો તે કવચિત થતા ઝીસરા જેવું નહિ, પરંતુ સતત છલાછલ વહેતી નદીના જોરદાર પ્રવાહ જેવું (પુન. ૨૧; ૪) તે માગતો હતો. જોરદાર પ્રવાહમાં જેમ સઘળો કચરો તણાઈ જાય છે તેમ ઈસ્રાએલના જીવનમાંનો કચરો (ગરીબો પર કરાતો જુલમ, અસત્ય, એશઆરામ, અન્યાય, છેતરપિંડી, વ્યભિચાર, દગો, નફાખોરી, લાંચરૂશ્વત, વગેરે) તણાઈ જાય, અને વ્યક્તિગત, સામાજિક તથા રાષ્ટ્રિય જીવન શુદ્ધ થાય એ જ યાહવેહ માગતો હતો. આમોસ ખાસ કરીને તો અન્યાયી ન્યાયાધીશોને સંબોધીને આ બધું કહે છે, તોપણ તમામ લોકો તેના ધ્યાનમાં છે. કારણ કે ઈસ્રાએલનો અમુક વર્ગજ દોષપાત્ર હતો એમ નહિ, પરંતુ અપવાદ જેવા કોઈકને (૫; ૧૦, ૧૩) બાદ કરતાં યશાયાહના શબ્દોમાં કહીએ (યશ. ૧; ૬) તો "પગના તળિયાથી તે માથા સુધીમાં કોઇ પણ ભાગ સાજો" ન હતો.

**૫; ૨૫ :** આ પ્રશ્નનો ઉત્તર તો "ના" છે. પ્રશ્ન પરથી સુચવાતી મતલબ આ પ્રમાણે છે: હેબ્રીઓના જીવનમાં ચાળીસ વર્ષના (૩; ૧૦) એક સમય (મિસરમાંથી નીકળીને કનાન જવાના પ્રવાસનો સમય) દરમિયાન બલિદાનો તથા અર્પણો ચઢાવ્યા વગર જ તેઓએ યાહવેહની ઉપાસના કરી હતી, છતાં યાહવેહ તેમના પ્રત્યે કૃપાવંત રહ્યો હતો; તેથી યાહવેહની ઉપાસનામાં અર્પણો (કલમો ૨૧-૨૩) ખરેખરાં આવશ્યક જ હતાં એમ તો નથી. આ ખુલાસા પરથી સમજાય છે કે ધર્મની દશ્ય ક્રિયાઓ વગર ચાલે ખરૂં, પરંતુ આધ્યાત્મિક અર્પણો (સ્તુતિ, ઉપકારજ્ઞતા, પ્રેમ, વિશ્વાસ, સેવાભાવ, વગેરે) વગર તો ન જ ચાલે.

પરંતુ કેટલાએક સાક્ષરોના મત પ્રમાણે આમોસ આમ કહેવા માગે છે: "તમે અર્પણો જ નહિ ચઢાવેલાં એમ નહિ, આજ્ઞાંકિતપણું પણ નહિ દર્શાવેલું." આ શબ્દોમાં આવી દલીલ સમાયેલી દેખાય છે: તેમના પૂર્વજો ચાળીસ વર્ષ સુધી અરણ્યમાં રખડયા તે સમયે યાહવેહ તેમની સાથે હતો, અને નિત્ય દિવસે મેઘસ્તંભથી અને રાત્રે અગ્નિસ્તંભથી તેમને દોરતો (નિર્ગ. ૧૩; ૨૧, ૨૨ : ૧૪; ૧૯, ૨૦ : ૪૦; ૩૪-૩૮: ગણના ૯; ૧૫-૨૩: પુન. ૧; ૩૩: નહે. ૯; ૧૨, ૧૯: ગીત ૭૮; ૧૪: ૧૦૫; ૩૯). એ સમયે તેણે તેમની પાસેથી બલિદાનો કે અર્પણો માગ્યાં નહોતાં, તેમજ અરણ્યપ્રવાસ જેવી પરિસ્થિતિમાં તેઓ એવું

કશું આપી શકે એમ પણ નહોતું. તો હવે શા માટે તે એવી માગણી કરે? તેને જે જોઈતું હતું તે તો બલિદાનો કે અર્પણો નહિ, પણ ન્યાય ને નેકી (૧ શમ. ૧૫; ૨૨, ૨૩). આ જાતના ખુલાસાને યિર્મેયાહ પ્રબોધકનો પૂરેપૂરો ટેકો મળી રહે છે (યિર્મે. ૭; ૨૨, ૨૩). આમોસ એમ માનતો લાગે છે, કે બલિદાનો ને અર્પણો ઈસ્રાએલને માટે એક નવી જ વાત હતી, જે કનાનમાં દાખલ થયા પછી કનાનીઓ પાસેથી તેઓ શીખ્યા હતા. યિર્મેયાહ એ વાતમાં આમોસ સાથે સમ્મત થાય છે એ ઉપર્યુક્ત ફકરા (૭; ૨૨, ૨૩) પરથી માલૂમ પડે છે.

પંચગ્રંથ (જૂના કરારનાં પ્રથમ પાંચ પુસ્તકો)નો અભ્યાસ કરતાં જાતજાતના ઉત્સવો તથા અર્પણોને લગતાં (ખાસ કરીને લેવીય અને ગણનાનાં પુસ્તકોમાં) વિગતવાર ને વારંવાર અપાયેલાં ફરમાનો પર ધ્યાન દઈએ છીએ, અને વળી અરણ્યપ્રવાસમાં એ સર્વ આપવામાં આવેલાં કહેવાય છે તે ધ્યાનમાં લઈએ છીએ ત્યારે ઉપરોક્ત બે ફકરા (૫; ૨૫: યિર્મે. ૭; ૨૨, ૨૩) આપણને ચોંકાવનારા લાગે છે. તથાપિ આમોસ અને યિર્મેયાહનું કથન આધુનિક સાક્ષરોના મંતવ્ય સાથે કંઈક અંશે તો સંમતિ ધરાવે છે એ ધ્યાન ખેંચનારી બાબત છે. આધુનિક સાક્ષરો કહે છે કે આખો પંચગ્રંથ એકી વખતે લખાયો નહોતો, પરંતુ અગાઉ લખાયેલાં ઈતિહાસ તથા નિયમોને લગતાં પુસ્તકો પરથી રફતે રફતે લખાતો ગયો, અને એઝરાના સમયમાં પૂરો થયો. આમોસના સમયમાં તો એમાંનાં સૌથી અગાઉનાં પુસ્તકો જ હસ્તીમાં હશે, જો કે યિર્મેયાહના સમય સુધીમાં તો પુનર્નિયમના પુસ્તકનો મુખ્ય ભાગ કયારનો ય જાણીતો થઈ ગયો હશે. પરંતુ મંદિરમાં રૂઢ થઈ ગયેલી ભજનપદ્ધતિના આધારે યહૂદીઓના બંદીવાસના સમયે તેમજ ત્યાર પછીના સમયે પણ એઝરા જેવા યહૂદી શાસ્ત્રીઓએ અન્ય કાયદાસંગ્રહો કર્યા હતા, જે છેવટે પંચગ્રંથ (નિયમશાસ્ત્ર)માં ઉમેરવામાં આવ્યા હતા (રૂઢ થઈ ગયેલી જે ભજનપદ્ધતિનો ઉલ્લેખ ઉપરના વાક્યમાં કરવામાં આવ્યો છે તે, ઊતરી આવેલી દંતકથા પ્રમાણે, મુસાએ મૌખિક રીતે ફરમાવેલી મનાતી હતી). વિવિધ અર્પણો, બલિદાનો તથા અન્ય ધર્મક્રિયાઓ પર જે વિશેષ ભાર મૂકાયેલો છે તે તો પંચગ્રંથના આ પાછળથી લખાયેલા ભાગોમાં છે. તદુપરાંત મિસરમાંથી ઈસ્રાએલપુત્રોના થયેલા નિર્ગમન (નિર્ગ. ૧૨) બાદ એટલાં બધાં સેકાં પછી આમોસ અને યિર્મેયાહ થઈ ગયા કે નિર્ગમન સમયે

કે અરણ્યના પ્રવાસ દરમિયાન શું શું બન્યું હશે તે વિષેનું તેમનું કથન ખાતરીદાયક અભિપ્રાય તરીકે સ્વીકારતાં અચકાવું પડે છે, તેમજ અરણ્યપ્રવાસ દરમિયાન ઈશ્વરે ઇસ્રાએલપુત્રો પાસે અર્પણો, બલિદાનો વગેરે માગ્યું નહોતું એવા એ પ્રબોધકોનાં નિવેદનોને બલિદાનો વગેરે અર્પાયું નહોતું એની સાબિતી તરીકે સ્વીકારી લેતાં પણ અચકાવું પડે છે. સ્તેફન આ કલમને પાછલી કલમો (૨૬, ૨૭) સાથે સાંકળે છે (પ્રે. કૃ. ૭; ૪૨, ૪૩), અને સમજે છે કે કલમમાં પુછાયેલા પ્રશ્નનો ઉત્તર છે: "ના, મને તો નહિ, પણ મૂર્તિદેવોને". પરંતુ પાછલી કલમ પર કરેલી ટીકા પરથી માલૂમ પડશે કે સ્તેફન બતાવે છે એવો કોઈ સંબંધ શરૂઆતમાં કલમ ૨૫ અને ૨૬ વચ્ચે નહોતો.

૫; ૨૬, ૨૭ : આ કલમો (ખાસ કરીને ૨૬ મી) કોઈ બીજા પ્રસંગે (આશ્શૂરી દેવ કે દેવોને અપનાવી લેવાની વાત સમરૂનનું પતન થયા પછી થયેલા બંદીવાસ સમયની હોવા સંભવ છે તે પરથી) ઉચ્ચારાયેલી લાગે છે, કારણ કે ઉપલી કલમો સાથે તે અનુસંધાન રૂપ દેખાતી નથી. વળી પ્રે. કૃ. ૭; ૪૩ (જે સપ્તતિને અનુસરતી જણાય છે તેની) સાથે સરખાવતાં કલમ ૨૬ નો અર્થ અચોકસ માલૂમ પડે છે. **સિકકૂથ** અને **કીયુન** દેવોનાં (બલકે એક જ દેવનાં) નામ છે. આશ્શૂર (કનાનની ઇશાન દિશામાં) દેશમાં સાકકૂત કે કૈવાન (સૂર્યમંડળના ગ્રહ શનિ પરથી શનિદેવ ) તરીકે એનું ભજન કરવામાં આવતું. એ આશ્શૂરનો યુદ્ધદેવ ગણાતો. આશ્શૂર દેશના સર્વ દેવોનાં નામ તારાઓ કે ગ્રહો સાથે સંબંધ ધરાવતાં હતાં. ઘણીખરી અન્ય મૂર્તિઓની વાત પણ એવી જ હતી (૨ રાજા ૨૩; ૧૧: ૨ કાળ. ૩૪; ૪). મિસરીઓ એ જ દેવને રેમ્ફાન કે રેફાન દેવ (પ્રે. કૃ. ૭; ૪૩) તરીકે ભજતા. ખરા શબ્દ 'સાકકૂત' ને "કૈવાન" છે, પરંતુ 'શિકકૂત્સ' (=ધૃણાપાત્ર કે સૂગ-પાત્ર વસ્તુ) શબ્દના સ્વરો વાપરીને પાછળના સમયના શાસ્ત્રીઓએ 'સિકકૂથ'ને 'કિયૂન' રૂપ યોજ્યાં હશે. મૂર્તિપૂજાનો તેમજ પ્રતિમાઓ બનાવવાનો નિષેધ તો હેબ્રીઓને પ્રથમથી જ કરવામાં આવેલો હતો (નિર્ગ. ૨૦; ૪, ૫: પુન. ૪; ૧૫-૨૦ : ૫; ૮, ૯), તેથી મૂર્તિપૂજા પ્રત્યેની સૂગ વ્યક્ત કરવા માટે જ 'શિકકૂત્સ' (જેનો અર્થ જ સૂગપાત્ર વસ્તુ થાય છે) શબ્દના સ્વરો શાસ્ત્રીઓએ ઉપયોગમાં લીધા હશે. હેબ્રીઓને પ્રગટ કરાયેલો યાહવેહ (નિર્ગ. ૩; ૧૪, ૧૫ : ૬; ૨, ૩) એ જ એકલો ઈશ્વર છે, એકલા તેનું જ ભજન કરવાનું છે, અન્ય દેવો

કેવળ જૂઠાણું (૨;૪) છે એ હકીકત પર બાઈબલમાં ઠેકાણે ઠેકાણે ભાર મુકાયેલો છે (પુન. ૪; ૩૫: ૬; ૪, ૯, ૧૩, ૧૪: ૧૦; ૨૦, ૨૧: યહો. ૨૪; ૧૪, ૧૫: ૧ શમ. ૭; ૩, ૪: ૧ કાળ. ૨૯; ૧૦–૧૩: યશા. ૪૨; ૮: ૪૪; ૬–૮: ૪૫; ૫–૭: યિર્મે. ૧૦; ૧૦–૧૬: મા. ૪; ૧૦: માર્ક ૧૨; ૨૯, ૩૦: લુક ૪; ૮: યો. ૧૭; ૩: પ્રે. કૃ. ૧૭; ૨૪–૨૯: ૧ કોરીંથી ૮; ૪–૬: ૧ તી. ૨; ૫).

કલમ ૨૬ ની વધારે સારી રચના આમ થઇ શકે: "હા, તમારો રાજા સાકકૂત તથા તમારો તારારૂપી દેવ કૈવાન જેમની મૂર્તિઓ તમે તમારે માટે બનાવી હશે તેમને તમે તમારા ખભા પર ઊંચકી લેશો." ઇસ્રાએલ લોકો યાહવેહને કેવળ પોકળ ધર્મક્રિયાઓ જ અર્પતા હતા, ને ન્યાય નીતિનું નામનિશાન તેમના જીવનમાં દેખાતું નહોતું; તેથી આમોસ આગાહી કરીને તેમને જણાવે છે, કે જે મૂર્તિઓ તેમણે બનાવી હશે તે તેમને બચાવવાને સમર્થ નીવડશે નહિ એટલું જ નહિ, પરંતુ તે બોજરૂપ નીવડશે, ને તેમને ઊંચકીને (યશા. ૪૬; ૧, ૨, ૭) તેમણે બંદીવાસના દેશમાં જવાનું થશે.

૫; ૨૭. **દમસ્કની પેલી પાર** આવેલો દેશ તે આશ્શૂર સમજવાનો છે (૨ રાજા ૧૫; ૨૯: ૧૭; ૬). દમસ્કની પેલી પારનો સૌથી બળવાન દેશ આ સમયે આશ્શૂર જ હતો. સ્તેફન "બાબેલનને પેલે પાર" શબ્દો કયા આધારે વાપરે છે (પ્રે. કૃ. ૭; ૪૩) તે જાણવું મુશ્કેલ છે, જો કે એ શબ્દોથી પણ આશ્શૂર જ સમજી શકાય છે.

આશ્શૂરનું આક્રમણ ઇસ્રાએલને માટે ગુલામગીરીમાં પરિણમવાનું છે, એ વાત કેવળ એક ઐતિહાસિક બનાવરૂપે નહિ, પણ (૪; ૬–૧૧ માંની આફતો કેવળ કુદરતી કૃત્યો તરીકે નહિ, પણ યાહવેહ તરફથી આવેલી ચેતવણીઓ તરીકે સમજવાની હતી તેમ) યાહવેહ જે સર્વશક્તિમાન છે તેના તરફથી શિક્ષાના કૃત્યરૂપે બનવાની હતી, એ તરફ આમોસ તેમનું ધ્યાન ખેંચે છે.

**સમરૂન પર આવનાર શિક્ષા (૬; ૧–૭)**

અધ્યાય છઠ્ઠો એ પાંચમાનું અનુસંધાન છે, અને 'ઇસ્રાએલે રાખેલી ખોટી નિર્ભયતા' એ એનો વિષય છે.

આ ફકરાની શરૂઆતની કલમોના સંબંધમાં બે મુશ્કેલીઓ રહેલી છે: (૧) પુસ્તકના પ્રથમ ભાગમાં (અ. ૧ ને ૨) જે જે રાષ્ટ્રની સામે

શિક્ષાની ધમકીઓ ઉચ્ચારવામાં આવેલી છે તેઓમાંનું એક યહુદાહનું રાષ્ટ્ર પણ છે (૨; ૪, ૫), જો કે તેના દોષ પર બહુ ભાર મુકાયો નથી એટલું તો ખરું; પુસ્તકના બીજા ભાગમાં (અ. ૩-૬) આમોસ ઉત્તરના રાષ્ટ્ર (ઈસ્રાએલ)ના રહીશોને જ સંબોધતો માલુમ પડે છે. આથી, આ કાવ્યમય ફકરાની શરૂઆતે આમોસ એકાએક જ્યારે "સિયોનમાં એશઆરામમાં રહેનારાં"ને (૬; ૧) ચેતવણી આપે છે ત્યારે નવાઈ જેવું લાગે છે. 'સિયોન'ની જગાએ બેથેલ હોય તો બંધબેસતું માલૂમ પડે. (૨) આમોસે આ ફકરામાંના શબ્દો ઇ. સ. પૂ. આઠમા સૈકાની અધવચ્ચે ઉચ્ચાર્યા હતા, છતાં જે ત્રણ શહેરોની થયેલી દુર્દશાનાં ઉદાહરણ તે આપે છે (૬; ૨) તેમાંનાં બેની દુર્દશા તો આમોસના સમય પછી થઈ હતી. પલિસ્તીઓ સામે વિગ્રહ મચાવીને યહુદાહના રાજા ઉઝીયાહે ગાથ નગરનો કોટ તોડી પાડેલો જણાવવામાં આવેલો છે (૨ કાળ. ૨૬; ૬), અને પલિસ્તીઓનાં જે નગરોનો ઉલ્લેખ અગાઉ કરવામાં આવ્યો છે (૧; ૬-૮) તેઓમાં ગાથનો સમાવેશ કરાયેલો નથી એ ધ્યાન ખેંચનારી બાબત છે. ગાથનો નાશ તો કંઇક મુદ્દતને માટે કયારનો ય થઇ ચૂકયો હતો, તેથી સમરૂન અને સિયોનની વલે કેવી થશે તે દર્શાવવા માટે ગાથનો દાખલો આપી શકાય ખરો. પરંતુ કાલ્નેહનો પરાજય તો આશ્શૂરના રાજા સાર્ગોને ઈ. સ. પૂ. ૭૧૧માં, અને હમાથનો પરાજય આશ્શૂરી તિગ્લાથ-પિલેસેરે ઈ. સ. પૂ. ૭૪૦માં ને સાર્ગોને ૭૨૦માં કર્યો હતો. ગાથ ફરી બાંધવામાં આવ્યા પછી સાર્ગોને તે ૭૧૧માં હસ્તગત કર્યું હતું, અને એ પાછલા બનાવનો ઉલ્લેખ (૬; ૨) કદાચ કરવામાં આવ્યો હોય. ઇ. સ. પૂ. ૭૪૦ અને ૭૧૧ વચ્ચેના અરસામાં બનેલા બનાવોનાં ઉદાહરણો બનાવો બન્યા અગાઉના સમયમાં આમોસ કેવી રીતે આપી શકે એ સમજવું મુશ્કેલ છે. તેથી કલમ બીજી આમોસના સમય પછી દાખલ કરાયેલી માનવી પડે છે. યહુદાહ રાષ્ટ્રમાંના કોઈક જણે પોતાના દેશના નાગરિકોને ચેતવણી આપવાના ઈરાદાથી (ઈ. સ. પૂ. ૭૧૧ પછીના સમયમાં) આ ફકરામાં જાણે સહેજસાજ ફેરફાર કર્યો હોય (કલમ ૧લી માં "સિયોનમાં" શબ્દ લખીને, અને તે પછીની કલમમાં આશ્શૂરી સૈન્યોએ પાયમાલ કરેલાં ત્રણ નગરોનાં ઉદાહરણો દાખલ કરીને) એવું દેખાય છે. ઉમેરણ જેવું જે લાગે છે ('સિયોન'માં શબ્દ, અને ત્રણ નગરોને લગતી વાત) તે આ ફકરામાંથી બાતલ કરીએ, તોપણ અનુસંધાન (કલમ ૩જી સાથે) કરવામાં કશી નડતર ઊભી થાય, કે અર્થમાં કશો

ફેરફાર થાય એવું લાગતું નથી. કારણ કે આમોસ કદાચ આટલી જ મતલબ પ્રદર્શિત કરવા માગે છે: તમારા મૂર્તિપૂજક પડોસીઓનાં મહાન નગરો પર ઈશ્વરનું શાસન આવી પડે એની જ રાહ જોઈને તમે બેઠેલા છો ખરા, તથાપિ એમના પર જે શાસન ઝઝૂમી રહેલું છે તેવા શાસનમાંથી તમે કયા આધારે છટકી જઈ શકો ?

યાહવેહ સાથે બાથ ભીડીને જય પામનાર ઈસ્રાએલના (ઉત્પત્તિ ૩૨; ૨૮: હોશીઆ ૧૨; ૩–૫) વંશજો (દેહમાં) હોવાથી બન્ને રાષ્ટ્રો (યહુદાહ અને ઈસ્રાએલ) પોતાને અન્ય રાષ્ટ્રો કરતાં ચઢીઆતાં માનતાં હતાં, અને પોતે દુષ્ટ હોવા છતાં પાર્થિવ આબાદીને ઐશ્વરી પ્રસાદી માની નિર્ભયપણે બેઠેલાં હતાં. દુષ્ટ માણુસો કે રાષ્ટ્રો હમેશાં જોખમમાં જ હોય છે; અને એવાં માણુસો કે રાષ્ટ્રો પોતાને ઈશ્વરના લોક સમજીને જ્યારે નિરાંતે બેઠેલાં હોય છે ત્યારે તેઓ પોતાના જોખમમાં કેવળ વધારો કરે છે. દુષ્ટોએ અન્યને થયેલી શિક્ષા પરથી ચેતવણીનો પાઠ વેળાસર લેવો જોઇએ. માની લીધેલી નિર્ભયતાને પરિણામે માઠો દિવસ તો દૂર છે એમ તેઓ સમજતા હતા; પરંતુ એમ માઠો દિવસ (શિક્ષાનો દિવસ) દૂર રહેતો નથી. શિક્ષામાં થતો વિલંબ એ પશ્ચાત્તાપને માટે ઈશ્વરે આપેલી તક સમજવાની છે, પણુ જેઓ તકનો સદુપયોગ કરતાં નથી તેઓ કેવળ ઐશ્વરી શિક્ષાને માટે જ પોતાને તૈયાર કરે છે.

**હે સિયોનમાં એશઆરામમાં રહેનારા તથા સમરૂનના પર્વતોમાં**
**નિર્ભયપણે રહેનારા, મુખ્ય પ્રજાઓના પ્રખ્યાત માણસો, જેઓની**
**પાસે ઇસ્રાએલ લોક આવે છે, તમને અફસોસ! ૨ કાલ્નેહમાં ચાલ્યા**
**જઈને જુઓ; ત્યાંથી મોટા હમાથમાં જાઓ; પછી આગળ વધીને**
**પલિસ્તીઓના ગાથમાં જાઓ; શું તેઓ આ રાજ્યોના કરતાં સારાં**
**છે? અથવા શું તેમનો વિસ્તાર તમારા કરતાં વિશાળ છે? ૩ તમે**
**માઠા દિવસને દૂર રાખવા માગો છો, ને જોરજુલમ કરવાને આતુર**
**છો; ૪ તમે હાથીદાંતના પલંગો પર સૂઓ છો, ને પોતાનાં બિછાનાંમાં**
**લાંબા થઈને આળોટો છો, અને ટોળામાંથી હલવાનો, ને કોઢમાંથી**
**વાછરડાને લાવી ખાઓ છો; ૫ તમે સારંગીના સૂર સાથે નકામાં**
**ગીતો ગાઓ છો; તમે પોતાને વાસ્તે દાઊદની પેઠે નવાં નવાં વાજિંત્રો**
**બનાવો છો; ૬ તમે પ્યાલાંથી દ્રાક્ષારસ પીઓ છો, ને સારાં સારાં**
**અત્તરો પોતાને અંગે લગાડો છો; પણ યુસફની વિપત્તિથી દુઃખી**
**થતા નથી. ૭ એથી જેઓ ગુલામગીરીમાં જશે તેમને મોખરે તમે**

**ગુલામગીરીમાં જશો, ને જેઓ લાંબા થઈને સૂઈ રહેતા તેઓની ખુશાલીનો લોપ થશે.**

**૬; ૧. હે સિયોનમાં એશઆરામમાં રહેનારા તથા...નિર્ભયપણે રહેનારા:** મુખ્યત્વે કરીને અધિકારી વર્ગના માણસો તથા સમાજના આગેવાનો સમજવાના છે, જોકે આખી પ્રજા આમોસના ધ્યાનમાં હશે ખરી.

આખું પુસ્તક ઈસ્રાએલ રાષ્ટ્રને લગતું અને આમોસ ઇસ્રાએલમાં મોકલાયેલો પ્રબોધક હોવાથી 'સિયોનમાં' શબ્દ અહીં અસ્થાને લાગે છે, અને બેથેલ કે ઈસ્રાએલ રાષ્ટ્રના અન્ય કોઈ નગરનું નામ જ બંધબેસતું લાગે છે; તથાપિ યાહવેહની દૃષ્ટિએ મિસરમાંથી મુક્ત કરાયેલી આખી કોમ એક જ પ્રજા હતી (૩; ૧, ૨) એ આધારે 'સિયોનમાં' શબ્દ આમોસે નહિ જ વાપર્યો હોય એવું ખાતરીપૂર્વક તો કહી ન શકાય. કલમ કાવ્યસ્વરૂપની છે, તેથી (અર્થને કારણે નહિ, તોપણ કાવ્યમય રચનાને કારણે) વાક્યના પાછલા ભાગમાં 'સમરૂન' છે, તો આગળના ભાગમાં પણ કોઇક શહેરનું નામ તો હોવું જ ઘટે છે.

**મુખ્ય પ્રજાઓના પ્રખ્યાત માણસો...અફસોસ!** પોતાની પ્રજાને તથા પોતાને માટે જે માનવાચક શબ્દો વાપરવાનું તેઓ ઇચ્છે એ જ શબ્દો આમોસ તેમને માટે વાપરે છે. દૈહિક રીતે તેઓ આ સમયે આબાદી અનુભવી રહેલા હતા, તેમના પૂર્વજોને મિસરમાંથી બળવાન હાથે મુક્ત કરનાર યાહવેહના ખાસ લોક (પુન. ૭; ૬–૮) તેઓ પોતાને માનતા હતા, વળી તેઓનો દેશ અન્ય દેશોમાં શોભારૂપ હતો, એ કારણોને લીધે પ્રજાઓમાં તેઓ પોતાને મુખ્ય કે પ્રથમ પંક્તિના ગણતા હતા (યિર્મે. ૩; ૧૯: હઝ. ૨૦; ૬, ૧૫). અને એવી પ્રજા તથા એવા દેશના અધિકારીઓ તથા આગેવાનો (ગણ. ૧; ૧૬) જેમની પાસે ન્યાય મેળવવા (નિર્ગ. ૧૮; ૧૮–૨૬: પુન. ૧; ૧૫, ૧૬: યહો. ૨૨: ૧૪) તથા અન્ય પ્રકારની યાચનાઓ કરવા ઈસ્રાએલના લોકો આવતા હતા તેમને માટે આ અફસોસવચન ઉચ્ચારવામાં આવ્યું છે. તેમને પોતાની પાર્થિવ આબાદીનો મદ ચઢચો હતો, અને તેમને માથે (આશ્શૂરી આક્રમણની) આફત ઝઝૂમી રહેલી હતી, છતાં તેઓ પોતાને નિર્ભય માની નિશ્ચિંતપણે મોજશોખમાં ગરક થઈ ગયા હતા, અને કેવળ યાંત્રિક રીતે ધર્મક્રિયાઓ કરી પોતાને ધાર્મિક માની બેઠા હતા.

**સમરૂનના પર્વતો:** સમરૂન શહેર પર્વતો પર વસાવેલું હતું (૧ રા. ૧૬, ૨૪), તેથી એવા શબ્દો વાપરવામાં આવેલા છે (જુઓ ૩; ૯).

૬; ૨. **કાલ્નેહ** (= આના કે આનુ નામની બાબેલનની એક મૂર્તિનો કિલ્લો): ઉત્તર સિરિયા (અરામ)નું એક શહેર. આશ્શૂરના રાજા તિગ્લાથ–પિલેસેર ત્રીજાએ એને પાયમાલ કર્યું હતું (ઈ. સ. પૂ. ૭૪૦–૭૩૮) અને પછી સાર્ગોન બીજાએ ૭૧૧માં તેને ફરી પાયમાલ કર્યું. ઉત્પ. ૧૦; ૧૦માં એ નામ આવે છે. કદાચ યશ. ૧૦; ૯માંનું કાલ્નો હોય.

**હમાથ** (=કિલ્લેબંદી): ઓરોન્ટેસ નદી પર દમસ્કની ઉત્તરે દોઢસો માઈલ પર આવેલું (૨ રાજા ૧૪; ૨૫). આશ્શૂરના રાજા તિગ્લાથ–પિલેસેર ત્રીજાએ (ઈ. સ. પૂ. ૭૪૦) અને પછી સાર્ગોન બીજાએ (ઈ. સ. પૂ. ૭૨૦) તેનો પરાજય કર્યો હતો (૨ રાજા ૧૯; ૧૩). હમાથના લોકો કનાનવંશી હતા (ઉત્પ. ૧૦; ૧૮).

**ગાથ** (= દ્રાક્ષકુંડ; ભાગ્ય) : પલિસ્તીઓનું એક પ્રખ્યાત નગર (૧ શમ. ૫; ૮: ૨ કાળ. ૨૬; ૬). સાર્ગોન બીજાએ તે જીતી લીધેલું (ઈ. સ. પૂ. ૭૧૧).

આ કલમમાં વિચારનો ગોટાળો થઈ ગયા જેવું જણાય છે. બીજો પ્રશ્ન આ પ્રમાણે હોય તો બંધબેસતો લાગે: "અથવા, શું તમારો વિસ્તાર તેમના કરતાં વિશાળ છે? મતલબ, કે શું તમારાં રાજ્યો (ઇસ્રાએલ ને યહુદાહ) તેમના (કાલ્નેહ, હમાથ, ગાથ) કરતાં વધારે બળવાન છે? બળવાન રાષ્ટ્રો જો પાયમાલ થયાં, તો નબળાં શી રીતે ટકવાનાં? (આવાજ પ્રકારની દલીલ માટે જુઓ કામેલ (૧; ૨) પરની નોંધ.)

૬; ૩: આશ્શૂરી આક્રમણરૂપે કે અન્ય કોઈ રૂપે કંઈ આફત આવવાની નથી, અથવા તેમના સમયમાં તો એવું કંઈ થવાનું નથી એવું માનીને **માઠા દિવસ** (યાહવેહ તરફથી આવનાર શાસન) વિષે તેઓ નિશ્ચિત રહેતા હતા. પ્રભુ ઇસુએ આપેલા ધનવાન મૂર્ખના દષ્ટાંતમાં (લુક ૧૨; ૧૬–૨૧) મૂર્ખનું જે વર્તન કલમ ૧૯ પરથી દેખાય છે તેવું જ વર્તન પોતે થઈ બેઠેલા આ અધિકારીઓ તથા આગેવાનો દાખવી રહ્યા હતા. માની લીધેલી નિર્ભયતાને કારણે આવનાર આફતમાંથી ઊગરી જવાનો યોગ્ય રસ્તો (૫; ૪–૬, ૧૪, ૧૫, ૨૪) લેવાનું જેમ જેમ તેઓ દૂર રાખતા હતા તેમ તેમ તેમનો માઠો દિવસ તો નિશ્ચિત બનતો ને નજીક આવતો હતો (સ. શિ. ૮; ૧૧–૧૩; સર. માત્થી ૨૪; ૪૮–૫૧). દેશના નેતાઓ ને અધિકારીઓ જ જ્યાં અનીતિમાન, દગાખોર, જુલમી, લાંચીઆ, સ્વાર્થી હોય, ને રાષ્ટ્રના હિત પ્રત્યે બેદરકાર રહેતા હોય ત્યાં વિનાશ દૂર હોય જ નહિ (હઝ. ૧૨; ૨૨, ૨૭, ૨૮).

ઈશ્વર જે ન્યાય ને નીતિ માગે છે તેની પરવા નહિ કરતાં એશઆરામ તથા મોજશોખમાં જેઓ જીવન વીતાવે છે તેઓ (હોય ઈસ્રાએલ કે યહુદાહ) માઠા દિવસને નિમંત્રણ જ આપી રહેલાં છે.

૬; ૪–૬. આ ત્રણ કલમોમાં ઇસ્રાએલના અધિકારીઓ તથા આગેવાનોના મોજીલા જીવનનું અને અન્ય પ્રત્યે તેમની બેદરકારીનું વર્ણન કરેલું છે.

૬; ૪. લોકોના આગેવાન તરીકેની યોગ્ય ફરજો બજાવવાની દરકાર તેઓ રાખતા નહિ, પણ તેમના શરીરસુખની જ દરકાર રાખતા. નર્યો મોજશોખ એ જ તેમનું જીવન હતું.

હાથીદાંત એક કિંમતી પદાર્થ આજે છે, અને ત્યારે પણ હતો. મોંઘા મૂલ્યે અને પરદેશમાંથી જીવના જોખમે તે મંગાવવામાં આવતો (૧ રાજા ૧૦; ૨૨). તેમનાં રહેવાનાં મકાનો પણ એ જ પદાર્થમાંથી બનાવવામાં આવતાં (૩; ૧૫). પૈસાની એમને કંઈ પરવા નહોતી, કારણ કે છેતરપિંડી, દગો, જોરજુલમ વગેરે રીતરસમથી તેઓ પૈસો તો કઢાવી શકતા.

વાછરડો ખાસ પ્રસંગે અથવા માનવંત મહેમાનો માટે કાપવામાં આવતો (ઉત. ૧૮; ૭). ઉડાઉ દીકરો પાછો ફર્યો ત્યારે 'પાળેલો વાછરડો' કાપવામાં આવ્યો હતો, કારણ કે એ મહા આનંદનો પ્રસંગ હતો (લુક ૧૫; ૨૩); પરંતુ આ ઈસ્રાએલી અધિકારીઓ ને આગેવાનોને ત્યાં તો રોજ રોજ મિજબાનીઓ થતી, જયારે સાધારણ વર્ગના લોકો પરાણે દહાડા કાઢતા. એક બાજુ નર્યો મોજશોખ હતો, બીજી બાજુ નરી તંગી હતી.

૬; ૫. જે હીબ્રૂ ક્રિયાપદ (પારાટ)નો તરજુમો 'નકામાં ગીતો ગાઓ છો' કરવામાં આવેલો છે તે આખા જૂના કરારમાં અહીં જ વપરાયેલો છે, ને તેના ચોક્કસ અર્થ વિષે કશી ખાતરી નથી. સપ્તતિ તરજુમા પ્રમાણે અર્થ થાય છે 'ગગડાવી જવું', કે 'બરાડા પાડવા.' આમોસ કદાચ મજાકમાં કહેવા માગે છે, કે "તમે સારંગીના સૂર સાથે બરાડા પાડો છો."

જે વાજિંત્રને માટે 'સારંગી' શબ્દ વાપરવામાં આવ્યો છે તે બાર તારવાળું હતું, ને હાથથી વગાડવામાં આવતું હતું. એ જ શબ્દનો અર્થ 'મશક' પણ થાય છે. મંદિરની ભજનસેવાઓમાં (૫; ૨૩) તેમજ સામાજિક ઉત્સવો વખતે (યશા. ૫; ૧૨) તેનો

ઉપયોગ કરવામાં આવતો. કરારકોશ એક વખત એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં આવતો હતો ત્યારે દાઊદ તથા તેની સાથેના માણુસો અનેક જાતનાં વાજિંત્રો વગાડતા હતા (૨ શમ. ૬; ૫). દાઊદ સામાન્ય રીતે તો કાવ્યકાર તરીકે ઓળખાય છે, અને ગીતશાસ્ત્રમાં તેણે રચેલાં અનેક ગીતો સમાયેલાં છે. ત્રણ સૈકા પર થઇ ગયેલો એ ઈશ્વરભક્ત ગીતો તથા વાજિંત્રોનો ઉપયોગ ઈશ્વરભજન અર્થે કરતો હતો (૧ કાળ. ૧૫; ૧૬, ૧૯-૨૧, ૨૪: ૨૩; ૫: ૨ કાળ. ૨૯; ૨૫-૨૮), જયારે આ લોકો તો બીભત્સ ગાયનો માટે તેમજ તેમની મદ્યપાનની મહેફિલોમાં વિશેષ મજા મેળવવા માટે નવાં નવાં ગીતો રચતા ને વાજિંત્રો શોધી કાઢતા. દાઊદ ભક્ત ગીત રચનાર તરીકે તો ખ્યાતિ પામેલો છે જ (૨ શમ. ૨૩; ૧), પરંતુ વાજિંત્ર બનાવનાર તરીકે તો તેને અહીં જ ઓળખાવેલો છે.

**"તમે પોતાને વાસ્તે દાઊદની પેઠે નવાં નવાં વાજિંત્રો બનાવો છો"**: 'વલ્ગેટ' (રોમન કેથલિક મંડળીમાં વપરાતો બાઈબલનો જેરોમકૃત લાટિન તરજૂમો) અનુસાર તરજુમો આ પ્રમાણે થાય છે: "તમે તમારાં વાજિંત્રોને દાઊદ(નાં વાજિંત્રો) જેવાં ગણો છો" મતલબ કે "... બનાવો છો". માટે વલ્ગેટ અનુસાર તરજુમો થાય છે "...જેવાં ગણો છો." અહીં સંગીતને નહિ પણ તેના દુરૂપયોગને વખોડી કાઢવામાં આવ્યો છે.

૬; ૬. **તમે પ્યાલાંથી દ્રાક્ષરસ પીઓ છો**: દ્રાક્ષરસ પીવા માટે તે સમયે નાની નાની પ્યાલીઓ વપરાતી હતી; પરંતુ એફ્રાઈમના છાકટાઓની પેઠે (યશ. ૨૮; ૧-૩) કેફથી વહેલા ચકચૂર થઇ જવાય માટે તેઓ મોટા મોટા પ્યાલા (હીબ્રુ 'મિઝ્રાક'. વેદી પર પાણી રેડવા માટે વપરાતા તેવા. 'મિઝ્રાક' શબ્દ ગણના અ. ૭માં અનેક વાર મળે છે) વાપરતા. બાઇબલ મદ્યપાનને દુષણ ગણે છે (ની. વ. ૨૩; ૨૯-૩૫).

**સારાં સારાં અત્તરો પોતાને અંગે લગાડો છો**: શરીરને ખુશબોદાર બનાવવા માટે તેઓ દેશપરદેશથી આણેલાં કિંમતી અત્તરો ચોળતા (૧ રાજા ૧૦; ૧૦: ૨ કાળ. ૯; ૯: એસ્તેર ૨; ૩, ૧૨: ગી. ગી. ૪; ૧૦-૧૫). સુગંધીઓથી દૂર રહેવું એ જેમ શોકચિહ્ન ગણાતું તેમ તે વાપરવી એ નિમગ્ન થવાનું ચિહ્ન ગણાતું હતું (૨ શમ. ૧૨; ૨૦). શરીરસુખ મેળવવું એ જ તેમની મોટી તમન્ના હતી. લહેજતદાર ખાનપાન, શરીર સૌષ્ઠવ અને કર્ણપ્રિય ગાનતાન એ જ તેમનું નિત્યકર્મ થઈ પડયું હતું. આ વસ્તુઓમાંની (૬; ૪-૬) કોઇ પણ જાતે ખરાબ નહોતી. તેમના અતિરેક અને દુરૂપયોગને જ અહીં દોષિત ગણવામાં આવેલા છે.

**પણ યુસફની વિપત્તિથી દુઃખી થતા નથી:** યુસફ (એટલે ઈસ્રાએલ) પર (૫; ૬, ૧૫) આશ્શૂર તરફથી થનાર આક્રમણરૂપ આફત ઝઝૂમી રહેલી હતી, પણ એ પ્રત્યે આ અધિકારીઓ ને અગ્રણીઓ છેક બેદરકાર હતા. કોઈ પણ પ્રકારના મોજશોખમાં રહેલું અનિષ્ટ જ એ છે કે નીતિના નિયમો પ્રત્યે તે અંધાપો લાવે છે (યશા ૩; ૧૮–૨૩: ૫; ૧૧, ૧૨: ૩૨; ૯–૧૧ લુક ૧૬; ૧૯–૨૨). શારીરિક સુખ પર વધુ પડતું ધ્યાન દેવાય છે ત્યારે તે આધ્યાત્મિક દુર્બળતામાં જ પરિણમે છે. 'યુસફ'ના નામનો ઉલ્લેખ યુસફ પ્રત્યે તેના ભાઈઓના વર્તનનું (ઉત. ૩૭: ૪૨; ૨૧) સ્મરણ કરાવે છે. જેવું તેમનું વર્તન હતું તેવું જ આ અધિકારીઓ ને અગ્રણીઓનું તેમના અન્ય ભાઈઓ પ્રત્યે હતું. તેમની અંતઃસંજ્ઞા એટલી બધી બહેરી થઈ ગઈ હતી કે અન્ય પ્રત્યે સહાનુભૂતિનો ભાવ તેમનામાં સળવળતો નહોતો.

૬; ૭. કલમ ૪–૬માં દર્શાવેલા વર્તનનું પરિણામ જણાવતાં આમોસ તેમને કહે છે: તમારે અગ્રિમતા જોઈએ છે, તો તે તમને મળી રહેશે; આબાદી પ્રાપ્ત કરવામાં જેઓ આગેવાન છે તેઓ આપત્તિ ભોગવવામાં પણ આગેવાની લેશે; દુષ્ટતામાં જેઓ મોખરે છે તેઓ શિક્ષા ભોગવવામાં પણ મોખરે રહેશે; સુખભોગ વગર બીજું કંઈ જેમણે જાણ્યું નથી તેમનો દુઃખનો દિવસ શરૂ થશે. અને એમજ (પુન. ૨૮; ૪૭–૪૯) બન્યું હતું. આશ્શૂરીઓની ઐતિહાસિક નોંધ પ્રમાણે આશ્શૂરે પકડેલા બંદીવાનોમાં ઈસ્રાએલનો રાજા હોશીઆ પ્રથમ હતો. આશ્શૂરના સમ્રાટે જ્યારે ઈસ્રાએલ પર આક્રમણ શરૂ કર્યું ત્યારે હોશીઆ ગભરાઈ ગયો ને ભેટ લઈને તેને મળવા ગયો; પરંતુ આશ્શૂરના સમ્રાટે તેને કેદ કરી લીધો, ને સમરૂન પર ચઢાઈ કરી (૨ રાજા ૧૭; ૧–૬). હોશીઆની સાથે ઈસ્રાએલના આગેવાનોમાંના અનેક પણ પકડાયા હશે. આમોસ જણાવે છે કે બિછાનામાં મોજથી આળોટનારા કારાગૃહની સંકડાશ અનુભવશે, લહેજતદાર ભોજન જમનારાને કારાગૃહમાં મળતો અપૂરતો ને હલકો ખોરાક ખાવો પડશે, જેઓ સ્વદેશમાં સ્વચ્છંદી રીતે વર્તતા હતા તેમને બેડીઓ પહેરાવીને પારકા દેશમાં લઈ જવામાં આવશે. એમ તેમની હાલની સ્થિતિ પલટાઈને છેક જ ઊલટી થઈ જશે.

**દુષ્ટતાને કારણે યાહવેહથી ઈસ્રાએલનું તરછોડાવું (૬; ૮–૧૧)**

ઉપલી કલમોમાં દર્શાવેલો એશઆરામ, અન્યાય, ઈશ્વર પ્રત્યે બેપરવાઈ, માનવતા પ્રત્યે નફરત, વગેરે ધર્મવિરોધી ને નીતિવિરોધી

કૃત્યો જ્યારે ચાલુ રહે છે ત્યારે એવું કરનારની સામે પ્રેમસ્વરૂપ ઈશ્વરને આકરાં પગલાં લેવાં જ પડે છે. આમોસના સમયમાં ઈસ્રાએલની જે જાહોજલાલી હતી તેને લીધે યાહવેહની દૃષ્ટિમાં તે પોતાને મૂલ્યવાન સમજતો હતો. પરંતુ એ તો ઈસ્રાએલની સમજ હતી, યાહવેહની દૃષ્ટિમાં તો તે અધમાવસ્થાનાં નિશાન હતાં. અને એ પાપ સામે આંગળી ચીંધવાની જ્યારે કોઈની હિમ્મત ચાલતી નથી કે કોઇ સુધારક ઊભો થતો નથી, ત્યારે આમોસ જણાવે છે કે એ દુષ્ટોને શિક્ષા કરવા માટે ઈશ્વર પોતે ઊભો થાય છે. ઈશ્વરનો બળવાન ભુજ જ્યારે બચાવ કરવા માટે વાપરવામાં આવે છે ત્યારે કોઈથી નુકસાન કરી શકાતું નથી, તેમ જ એ જ ભુજ જ્યારે શિક્ષા કરવા માટે ઉગામવામાં આવે છે ત્યારે કોઈથી બચાવ કરી શકાતો નથી (નિર્ગ. ૧૪; ૨૧, ૩૧: પુન. ૩૨; ૩૦, ૩૧, ૩૯–૪૧: અયૂબ ૧૦; ૭: ગીત ૫૦; ૨૨: યશા. ૪૩; ૧૩).

**૮ સૈન્યોનો દેવ યાહવેહ કહે છે, કે પ્રભુ યાહવેહે પોતાના સોગન ખાધા છે, કે હું યાકૂબના ગર્વથી કંટાળું છું, ને તેના મહેલોને ધિક્કારૂં છું; એ માટે નગરને તથા તેની અંદર જે કંઇ છે તે સર્વને હું [પારકાને] સ્વાધીન કરી દઇશ. ૯ જો એક ઘરમાં દશ માણસો રહ્યાં હશે, તો તેઓ પણું માર્યાં જશે. ૧૦ વળી જ્યારે કોઈ માણસનો સગો, એટલે તેને અગ્નિદાહ દેનાર, તેનાં હાડકાંને ઘરમાંથી બહાર લઇ જવાને તે[ની લાશ]ને ઊંચકી લેશે, ને ઘરના સૌથી અંદરના ભાગમાંના માણસને પૂછશે, કે હજી બીજો કોઇ તારી સાથે છે ? અને તે કહેશે, ના; ત્યારે પેલો કહેશે, ચૂપ રહે; કેમકે આપણે યાહવેહનું નામ ઉચ્ચારવા લાયક નથી. ૧૧ કેમકે, જુઓ; યાહવેહ આજ્ઞા કરે છે, ને તેથી મોટા ઘરમાં ગાબડાં પડશે, ને નાના ઘરમાં ફાટો પડશે.**

**૬; ૮. પ્રભુ યાહવેહે પોતાના સોગન ખાધા છે :** જૂઠા સોગન ખાવાનો જૂનો કરાર નિષેધ કરે છે (લેવીય ૧૯; ૧૨: ગણના ૩૦; ૨: પુન. ૨૩; ૨૧–૨૩); યાહવેહના નામના સોગન ખાવાની છૂટ હતી (પુન. ૬; ૧૩: યિર્મે. ૪; ૨). પ્રભુ ઈસુ તો કોઈ પણ જાતના સોગન નહિ ખાવા એવું શિક્ષણ આપે છે, અને તેનું કારણ પણ જણાવે છે (મા. ૫; ૩૩–૩૭: સર. યા. ૫; ૧૨). તથાપિ માણસ જ્યારે પોતાની વાતનું સમર્થન કરવા માગે છે ત્યારે તે પોતાના પ્રિય જનના, કે પોતા કરતાં જે ચઢીઆતો છે તેના સોગન ખાય છે (મા. ૨૩; ૧૬–૨૨: હેબ્રી. ૬; ૧૬). પરંતુ અહીં તો ઈશ્વર પોતાના જ સોગન ખાય છે, જેનો સારામાં સારો ખુલાસો નવા કરારમાં

જ આપેલો છે તે જ છે (હિબ્રી. ૬; ૧૩-૧૮). પોતાની વાતની સત્યતાની કે નિશ્ચયતાની માણસને ખાતરી કરી આપવા માટે યાહવેહના સંબંધમાં અનેકવાર એવા શબ્દો જૂના કરારમાં વપરાયેલા છે (ઉત. ૨૨; ૧૬: યશા. ૪૫; ૨૩: યિર્મે. ૪૫; ૨૬ : ૪૯; ૧૩: ૫૧; ૧૪: હઝ. ૩૫; ૧૧; આમ. ૪; ૨).

**હું યાકૂબના ગર્વથી કંટાળું છું, ને તેના મહેલોને ધિક્કારું છું :** અહીં જેને 'યાકૂબનો ગર્વ' કહેલો છે તેને જ અન્યત્ર "ઈસ્રાએલનો ગર્વ" કહેલો છે (હો. ૫; ૫: ૭; ૧૦). ઈશ્વરને સમાન હોવાનો કે તેનાથી નિરંકુશ હોવાનો દાવો કરનાર માટે જે શબ્દ (હીબ્રુ: ગાઓન) વાપરી શકાય તે આ કલમમાં "ગર્વ" માટે વપરાયેલો છે. મૂળ શબ્દ (ગાઓન) તો સારા ને ખોટા બન્ને અર્થમાં વપરાય છે (નિર્ગ. ૧૫; ૭: ની. વ. ૧૬; ૧૮: હઝ. ૧૬; ૪૯). સંદર્ભ જોતાં અહીં તે ખોટા અર્થમાં જ વપરાયેલો સમજાય છે. આ કલમના બાકીના ભાગમાં અને કલમ ૯ ને ૧૦માં જે કહેલું છે તે આ "ગર્વ"નું જ પરિણામ છે. ઈસ્રાએલને પોતાના રાજાનો, તેણે મેળવેલી ફતેહોનો (૨ રાજા ૧૪; ૨૩-૨૯), તેમની પોતાની જાહોજલાલીનો, વળી યાહવેહે દેશજાતિઓ મધ્યે તેમને જે ખાસ માન આપ્યું હતું (નિર્ગ. ૧૯; ૫, ૬: પુન. ૭; ૬-૮: ગીત ૪૭; ૪) તેનો ગર્વ ચઢયો હતો; અને એ ગર્વમાં યાહવેહને તે ભૂલી ગયો હતો (ગીત ૧૦; ૧-૧૧), જેથી યાહવેહ તેનાથી કંટાળે, અને તેના પર શિક્ષા લાવે એ કેવળ સ્વાભાવિક હતું (ની. વ. ૮; ૧૩ : ૧૧; ૨ : ૧૬; ૧૮: ૨૯; ૨૩: યિર્મે. ૧૩; ૯: દાની. ૪; ૩૦-૩૩).

**એ માટે નગરને...સ્વાધીન કરી દઇશ :** યાહવેહના જ કૃત્યરૂપે આ થવાનું છે. યાહવેહ નગરને સોંપી ન દે, તો કોઈ પણ શત્રુ તેનો કબજો લઈ શકે નહિ (ગીત ૧૨૭; ૧). જે નગર સોંપી દેવાની વાત અહીં કરેલી છે તે સમરૂન છે, જે ઈસ્રાએલ રાષ્ટ્રનું પાટનગર હતું. આશ્શૂરના રાજા શાલ્મેનેસેરે ત્રણ વર્ષના ઘેરા પછી તે સર કર્યું (૨ રાજા ૧૭; ૩-૬: ૧૮; ૯-૧૨). સમરૂનના આ પરાજય વિષે આશ્શૂરનો રાજા આવી નોંધ કરે છે: "એ શહેરના ૨૭,૨૯૦ નાગરિકોને હું બંદીવાસમાં લઇ ગયો. મેં ૫૦ રથો કબજે કર્યાં. મેં તેમના પર મારા હાકેમો નીમ્યા. તેઓએ અગાઉના રાજાઓની ખંડણી ભરી આપવી એવું મેં ફરમાન કર્યું."

૬; ૯, ૧૦. યાહવેહ સમરૂન શહેરને આક્રમણકારના હાથમાં સોંપી દેશે (કલમ ૮મીના અનુસંધાન તરીકે કલમ ૧૧મી વધારે બંધ-

બેસતી લાગે છે), અને આક્રમણકાર ઘેરો ઘાલશે ત્યારે તેની કેવી ભયંકર હાલત થશે તે આ બે કલમમાં દર્શાવેલું છે. વર્ણન કાવ્યરૂપ કરતાં ગદ્યરૂપને વધારે મળતું છે, અને અન્ય ભાષામાં તેનો ઉતારો કરવો એ સહેલું નથી. લાંબા સમય સુધી ઘેરો ઘલાયેલા શહેરમાં અનાજની તંગીથી તેમજ રોગચાળાથી કુટુંબોનાં કુટુંબો ખલાસ થઈ જાય અને અનેક માણસો મરણ પામે એ સમજી શકાય એવું છે.

**હાડકાંને ઘરમાંથી બહાર લઈ જવાને:** આવા ઉલ્લેખ (ક.૧૦) પરથી એવું સૂચન થાય છે કે મરનારના શબમાં ચામડી ને હાડકાં વગર બીજું કંઈ રહ્યું નથી; અને જે દેશમાં સાધારણ રીતે શબને દાટવામાં આવતું ત્યાં "અગ્નિદાહ"નો ઉલ્લેખ સૂચવે છે કે દાટનારાઓથી પહોંચી વળી શકાય નહિ એટલાં બધાં માણસો મૃત્યુ પામ્યાં હશે, જેથી એવી પરિસ્થિતિમાં તો શબોને એકઠાં કરીને આખો ગંજ સળગાવી મૂકવામાં આવ્યો હશે. હેબ્રીઓમાં તો દાટવાનો રિવાજ હતો (ઉત. ૨૩; ૫૦), તથાપિ ગુનેગારોને તો બાળવામાં આવતા હતા (ઉત. ૩૮; ૨૪: લેવીય ૨૦; ૧૪ : ૨૧; ૯: યહો. ૭; ૧૫, ૨૫). પરંતુ યુદ્ધ, મરકી, દુકાળ કે ધરતીકંપ જેવી આફત વખતે જયારે માણસો સામટાં મરી જાય ત્યારે દાટવાને બદલે બાળવામાં આવતાં હશે, અથવા સંજોગ પ્રમાણે દાટવું ને બાળવું એ બન્ને રીતોનો અમલ કરાતો હશે (૧ શમ. ૩૧; ૧૨, ૧૩).

**જો એક ઘરમાં દશ માણસો રહ્યાં હશે:** જીવતાં રહેનાર માણસો જો દશ હોય તો મરણ થયા અગાઉ એ ઘરમાં કેટલાં બધાં હશે? આમોસ અહીં આગળ અમીર ઉમરાવોનાં 'મોટાં ઘરો' (કલમ ૧૧) વિષે જ વિચાર કરતો લાગે છે. એવાં ઘરોમાં કુટુંબનાં માણસો ને નજીકનાં સગાંસ્નેહી ઉપરાંત ગુલામો, નોકરચાકરો વગેરેની મોટી સંખ્યા હોવા સંભવ છે. એમાંનાં કેવળ દશ બાકી રહ્યાં હશે, તો એ દશે જણ પણ મરણ પામશે. એવાં ઘરોમાંનાં દશમાંનો જે એકાદ છેલ્લો હજી હયાત હશે તે ઘરમાંના છેક અંદરના ખૂણામાં લપાઈ રહ્યો હશે. મરી ગયેલાંમાંના કોઈનો જીવતો રહી ગયેલો સગો લાશ વગે કરવા માટે આવીને પૂછશે, "ઘરમાં તમારા વગર બીજું કોઈ જીવતું છે કે?" ત્યારે "યાહવેહ તને આશીર્વાદ હો" કે "જીવતા યાહવેહના સમ" એવા આશીર્વચનરૂપ શબ્દો વાપરીને જવાબ આપવાની જે સામાન્ય રીત હતી (ન્યાય. ૮; ૧૯; રૂથ ૩; ૧૩: ૧ શમ. ૧૪; ૩૯, ૪૫: ૨ શમ. ૪; ૯: ૧ રાજા ૧; ૨૯: ૨ રાજા ૩; ૧૪ ઇત્ય.) તેને બદલે આશીર્વચન તરીકે પણ

યાહવેહનું પવિત્ર નામ ઉચ્ચારવાથી રખેને કોઈ વિશેષ આફત આવી પડે એવી બીકે ટૂંકમાં કેવળ "ના" કહેશે; અથવા, પોતે હજી જીવતો છે માટે યાહવેહ પ્રત્યે આભાર વ્યક્ત કરવા તે માગશે ત્યારે યાહવેહનું નામ લેતાં પેલો પૂછનાર સગો જ તેને અટકાવશે; અથવા, સ્થિતિ હવે એટલી બધી હદે વણસેલી સમજવામાં આવશે, કે એમાંથી રાહત મેળવવા કે એ સ્થિતિ દૂર કરવા માટે જો પેલો પૂછનાર સગો પ્રાર્થના કરવા ઇચ્છીને યાહવેહનું નામ ઉચ્ચારશે તો પેલા લપાઈ રહેલા તરફ યાહવેહનું ધ્યાન ખેંચાશે, ને બચી ગયેલા પર કેવળ મોત આવશે એ બીકે પૂછનારને તે પ્રાર્થના કરતાં પણ રોકશે. યાહવેહનું નામ લેવાથી આશીર્વાદને બદલે આફત આવી પડશે એવો ભય જેમને લાગે તેમની આધ્યાત્મિક હાલત કેટલી બધી નીચી કક્ષાએ ઊતરી ગઈ હશે એની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. ઈશ્વર વિષેનો અહીં દર્શાવેલો ખ્યાલ અતિ પૌરાણિક છે. ઈસુ ખ્રિસ્તનાં વચનો તથા જીવન પરથી ઈશ્વર વિષે જે શિક્ષણ મળે છે (માત્થી ૫; ૪૩–૪૮: લુક ૧૫: યો. ૩; ૧૬) તેની સાથે તો આ બે કલમોમાં આપેલો ઈશ્વર વિષેનો ચિતાર સરખામણીમાં મૂકવા જોગ પણ નથી.

(કલમ ૧૧ મી કલમ ૮મીના અનુસંધાન તરીકે વધારે બંધબેસતી લાગે છે.)

**૬; ૧૧. કેમકે, જુઓ, યાહવેહ આજ્ઞા કરે છે:** ઈસ્રાએલ પર શિક્ષા લાવનાર શત્રુ પોતે તો જાણતો નહિ હોવા છતાં યાહવેહના હુકમનો જ અમલ કરે છે, ને તેની ઇચ્છા જ પાર પાડે છે. આ પછી થોડા વખત બાદ યશાયાહ પણ આશ્શૂર વિષે (યશા. ૧૦; ૫–૭, ૧૩, ૧૫), તેમજ "બીજો યશાયાહ" (અ. ૪૦–૫૫) કોરેશ વિષે (૪૪; ૨૮: ૪૫; ૧–૬) એવું જ કહે છે.

**મોટા ઘરમાં ગાબડાં પડશે, ને નાના ઘરમાં ફાટો પડશે:** હાલ જેવી તોપો વપરાય છે તેવી પ્રાચીનકાળે નહોતી. તે સમયે શહેરને ઘેરો ઘાલવામાં આવ્યો હોય ત્યારે શત્રુ બે જાતનાં સાધનો વાપરતો: કોટ તોડી પાડવા માટે લોહજડિત મોટી ગદાઓ; અને કોટ પર બંધાયેલાં મકાનોને (યહો. ૨; ૧૫) તેમજ શહેરની અંદરનાં મકાનોને નુકસાન કરવા માટે શહેરની અંદર ગોળા ફેંકવાનું મોટી ગોફણ કે ગલોલ જેવું સાધન. ઘેરો ઘાલેલાં શહેરોનાં આશ્શૂરીઓએ દોરેલાં ચિત્રો પરથી એ સમયે વપરાયેલાં સાધનોનો કંઈક ખ્યાલ આવી શકે છે. જૂના કરારમાંથી પણ એવાં સાધનોનો કંઇક ખ્યાલ મળે છે (૨ કાળ.

૨૬; ૧૫). એમ લાગે છે કે આશ્શૂરીઓના આક્રમણ ઉપરાંત તે સમયે ધરતીકંપ જેવી કુદરતી આફત પણ આવી પડશે. પરિણામે એક પ્રકારના જોખમ (આક્રમણ)માંથી જે બચી જશે તે બીજા પ્રકારના જોખમ (ધરતીકંપ)માં સપડાઇ જશે (૫; ૧૮–૨૦ કે ૯; ૧–૪).

**ગાબડાં પડશે :** જે હીબ્રુ શબ્દ (નકહ) અહીં વપરાયો છે તે જ ૩; ૧૫: ૪; ૯ અને ૯; ૧માં પણ વપરાયો છે, પણ તરજુમામાં જુદો જુદો શબ્દ વાપરવામાં આવ્યો છે. આફતનું સ્વરૂપ ગમે તે હોય, પણ તે મોકલનાર તો યાહવેહ છે.

ઐહિક સુખનાં સાધનો પુષ્કળ હોવાને લીધે તેઓ ગર્વિષ્ઠ બન્યા હતા, અને ન્યાય, નીતિની તેઓએ દરકાર કરી નહોતી. ગરીબ વર્ગ પણ અધર્મ ને અનીતિ રહિત તો નહોતો જ. તેથી શ્રીમંતોની મહેલાતોને તેમજ ગરીબોની ઝૂંપડીઓને એક સરખી રીતે વેઠવું પડશે એ જ આમોસ જણાવવા માગે છે. એવું જ દશમા અનર્થ વખતે મિસરમાં પણ બન્યું હતું (નિર્ગ. ૧૧; ૫ : ૧૨; ૨૯, ૩૦).

**ઈસ્રાએલની નબળાઈ; તેનું કારણ, ને તેનાં પરિણામો ( ૬; ૧૨–૧૪ )**

ઈસ્રાએલ રાષ્ટ્રમાં સમાજના ચોખ્ખા બે વર્ગ પડી ગયા હતા, ને તે કાયમ થઈ ગયા હતા. એક બાજુ મોજમજાનો અતિરેક હતો (૬; ૪–૬), અને બીજી બાજુ "યુસફની વિપતિ" (૬;૬) પણ ઘર કરી બેઠી હતી. નાથાન પ્રબોધકે દાઊદ રાજા આગળ રજૂ કરેલા દષ્ટાંતમાંનાં બે પાત્રો (૨ શમ. ૧૨; ૧–૪) અને પ્રભુ ઈસુએ આપેલા એક દષ્ટાંતમાંનાં બે પાત્રો (લુક ૧૬; ૧૯–૨૧) આમોસના સમયના ઈસ્રાએલી સમાજનો સ્પષ્ટ પડઘો પાડે છે. એક વર્ગ બીજા વર્ગને રંજાડી રહ્યો હતો, અને બીજો વર્ગ પહેલાની કેવળ દયા પર નભતો હતો. આ તો અસ્વાભાવિક વર્તન છે, જે ઈશ્વરની નિર્મળ ને પ્રેમી દષ્ટિ સાંખી શકે નહિ. એનો ઈલાજ (કલમ ૧૪) જાહેર કર્યા પહેલાં તેમની સાન ઠેકાણે લાવનાર પ્રશ્નો તેમને પૂછવામાં આવે છે. જો એ પ્રશ્નોથી તેમની આંખ ન ઊઘડે, તો આંખ ઉઘાડનાર અન્ય સાધનોની ઈશ્વરને ખોટ પડવાની નથી.

**૧૨ શું ઘોડા ખડક પર દોડી શકશે? શું કોઈ [ત્યાં] બળદોથી ખેડશે? કેમકે તમે ઇન્સાફને ઝેરરૂપ, ને નેકીના ફળને કડવાશરૂપ કરી નાખ્યાં છે. ૧૩ વળી, શું અમારા પોતાના પરાક્રમથી અમે શિંગો**

**ધારણ કર્યાં નથી? એમ કહીને તમે વ્યર્થ વાતોમાં આનંદ માનો છો. ૧૪ કેમકે, સૈન્યોનો દેવ યાહવેહ કહે છે, કે હે ઈસ્રાએલના વંશજો, જુઓ, હું તમારી વિરૂદ્ધ એક પ્રજા ઊભી કરીશ; અને તેઓ હમાથના નાકાથી તે અરાબાહની ખાડી સુધી તમારા પર વિપત્તિ લાવશે.**

**૬; ૧૨. શું ઘોડા ખડક પર દોડી શકશે? શું કોઈ [ત્યાં] બળદોથી ખેડશે?** ઘોડાઓને ખરી પર જેમ આજે નાળ જડવામાં આવે છે તેમ ત્યારે પણ કરવામાં આવતું. બીજા પ્રશ્નવાળા વાક્યમાં 'ત્યાં' શબ્દ મૂળ ભાષામાં નથી, તેથી જ ચોરસ કૌંસ વાપરવામાં આવ્યો છે. પરંતુ સ્થળવાચક શબ્દ ખૂટતો લાગવાથી 'ત્યાં' ઉમેરવામાં આવ્યું છે. જો એવો કોઈ શબ્દ ઉમેરવામાં ન આવે તો પ્રશ્નમાં કશો મુદ્દો રહેતો નથી, કારણ કે 'ખેડવું' એ તો બળદ માટે સામાન્ય ને સ્વાભાવિક કામ છે. તો 'ત્યાં' એટલે ક્યાં? શું ખડક પર ખેડવાની વાત છે? પરંતુ સ્વરચિહ્નોમાં કોઈ પણ ફેરફાર કર્યા વિના બીજા પ્રશ્નમાંના એક શબ્દ 'બકારિમ'ના જુદી રીતે કેવળ બે ભાગ ('બકર' અને 'યામ') કરીએ, તો આ પ્રમાણે વંચાયઃ "શું કોઈ 'બકર' (બળદો)થી 'યામ' (સમુદ્ર)ને ખેડશે?" (RSV). હવે જે બે પ્રશ્નો થયા તે બન્નેનો ઉત્તર છે 'ના.' મતલબ કે (નાળ જડેલા) ઘોડા ખડક પર દોડે, કે બળદો સમુદ્રને ખેડે એ બન્ને અસ્વાભાવિક ને અશક્ય બાબતો છે. જેનો ઉત્તર 'ના' આવે એવા પ્રશ્નો પૂછીને તેમજ તેમના ઉત્તર મેળવીને આમોસ તેમને બતાવવા માગે છે કે જેમ એ બે ક્રિયાઓ એવા સંજોગોમાં બની શકતી નથી તેમ ન્યાયની અદાલતમાં ન્યાયને ઝેરી છોડરૂપ કરી નાખવો (૫; ૭: પુન. ૨૯; ૧૮: હોશી. ૧૦; ૪) એટલે કે અન્યાય કરવો કે અનીતિ આચરવી એ પણ, જો તેમણે રાષ્ટ્ર તરીકે જીવતા રહેવું હોય તો, તેમને માટે અશક્ય બાબત હોવી જોઈએ. છતાં તેઓ તેમ કરતા હતા. નૈતિક ને ધાર્મિક ક્ષેત્રોમાં જે નહિ બનવું જોઈએ તે ઈસ્રાએલમાં બનતું હતું. અને એવી નીતિ પર કોઈ પણ રાષ્ટ્ર નભી રહી શકે નહિ (પ્ર; ૯).

**૬; ૧૩.** જે હીબ્રુ શબ્દનો તરજુમો "શિંગો" ને "વ્યર્થ વાતો" કરવામાં આવ્યો છે તેમને જુદી રીતે વાંચવાથી ગિલઆદ પ્રાંતમાંનાં બે નગરો 'લો-દબાર' (યહો. ૧૩; ૨૬: ૨ શમ. ૯; ૪, ૫ : ૧૭; ૨૭) અને 'કાર્નાઈમ' (ઉત. ૧૪; ૫) પણ થઇ શકે છે. ગિલઆદ તો

ઈસ્રાએલ અને અરામ (સિરિયા) વચ્ચે રણક્ષેત્ર જેવું હતું. યરોબઆમ બીજાના સમયમાં ઈસ્રાએલે અરામ પાસેથી એ બે નગરો જીતી લીધાં હતાં. તેથી અહંકારી થઈને તેઓ કહેતા હતા, "શું અમારા પોતાના પરાક્રમથી અમે શિંગો ધારણ કર્યાં નથી?" એ નગરો કેવળ નાનાં ને વિસાત વગરનાં હતાં. તેમ છતાં ય તેમની તાકાતને કારણે જ તેઓ તે જીતી શકેલા એવું તો નહોતું જ. આશ્શૂરની સાથે અરામ (સિરિયા) યુદ્ધમાં રોકાયેલું હોવાથી તેમને કેવળ પરિસ્થિતિનો લાભ મળેલો. બળવાન આશ્શૂર જેવા આક્રમણકારની સામે ટકવાનું તો સમજનનું ગજું નહોતું જ. અન્ય અનેક શહેરોમાંથી આ બે શહેરોનાં નામ આમોસ દે છે એનું કારણ એ જ સમજાય છે કે એ શબ્દો અન્ય અર્થના શબ્દોમાં (શિંગો ને વ્યર્થ વાતો) પણ ફેરવી શકાય એમ હતું. 'શિંગો' (હીબ્રુમાં 'કાર્નાઈમ') એ બળના પ્રતીક તરીકે વપરાયેલો શબ્દ છે (પુન. ૩૩; ૧૭: ૧ શમ. ૨; ૧: ગીત. ૨૨; ૨૧: ઝખ. ૧; ૧૮–૨૧); અને પોતાના પરાક્રમની અથવા પોતાની મૂર્તિઓની જે ડંફાશ તેઓ હાંકતા હતા એને જ આમોસ વ્યર્થ વાતો (હીબ્રુમાં 'લો–દબાર') કહે છે. આબાદીએ અને ફતેહોએ તેમને ગર્વિષ્ઠ બનાવ્યા હતા, પણ પોતાના બળ પર જ જે આધાર રાખે છે એ કેવળ 'વ્યર્થ વાત' કરે છે, જેમાં તે ફાવી શકે જ નહિ.

૬; ૧૪. એવા ગર્વિષ્ઠોને (૬; ૧–૩) યાહવેહ જણાવે છે, કે તેમનો વિજય ને તેમની જાહોજલાલી કેવળ ક્ષણજીવી છે. આશ્શૂરીઓ તેમના પર ચઢી આવશે, અને હમાથ (= કિલ્લેબંદી) એટલે છેક ઉત્તરથી (ગણના ૩૪; ૮: ૧ રાજા ૮; ૬૫: હઝ. ૪૭; ૧૫–૧૭) માંડીને અરાબાહની ખાડી એટલે મૃત સમુદ્ર સુધી (૨ રાજા ૧૪; ૨૫, ૨૮) અર્થાત્ છેક દક્ષિણ સુધી (ઈસ્રાએલના ઈતિહાસમાં જે વિશાળમાં વિશાળ વિસ્તાર તેમને કબજે હતો તે બધા પર) આપત્તિ લાવશે: જેમ ન્યાયાધીશોના સમયમાં જુલમગાર જુલમ કરતો હતો (ન્યાય. ૪; ૩) તેમ. કેવળ દેશનો ને રાષ્ટ્રનો તે નાશ કરશે એટલું જ નહિ, પરંતુ આદર્શ ઈસ્રાએલ રાજ્યનાં તેમનાં તમામ સ્વપ્નોનો પણ તે નાશ કરશે. સમસ્ત પ્રજા ગુનેગાર હતી, માટે આપત્તિ પણ સમસ્ત પ્રજા પર આવનાર હતી. ગુનો ઈશ્વર સામે હતો, માટે શિક્ષા લાવનાર પણ તે જ છે. આશ્શૂર તો તરવારરૂપ હતો, પણ એ તરવાર ઈશ્વરના હાથમાં હતી.

## III. આમોસને થયેલાં સંદર્શનો અને તેનાં પ્રવચનો

(અધ્ય. ૭–૯)

પુસ્તકનો આ ત્રીજો વિભાગ મોટે ભાગે આમોસને થયેલાં સંદર્શનોને લગતો છે. બધાં મળીને પાંચ સંદર્શનો આપેલાં છે. એમાંનાં પહેલા તેમજ બીજા પછી આમોસ ઈસ્રાએલ લોકને માટે મધ્યસ્થી કરે છે (૭; ૨, ૫), અને યાહવેહ તેની મધ્યસ્થી માન્ય રાખે છે (૭; ૩, ૬). પરંતુ બાકીનાં ત્રણમાં ઈસ્રાએલના સર્વનાશનું સૂચન રહેલું છે, તેઓ પર કશી દયા દર્શાવવામાં આવતી નથી. આમોસ વિષે કશી અંગત હકીકત જાણવી હોય તો આખા પુસ્તકના કેવળ આ વિભાગમાં મળે છે. બેથેલની વેદીના યાજક અમાસ્યાહ (=યાહ બળવાન છે) સાથે તેને થયેલી વાતચીતમાં (૭; ૧૦–૧૭) એ માહિતી સમાયેલી છે. આ વિભાગનો તેમજ આખા પુસ્તકનો છેક છેલ્લો ફકરો (૯; ૧૧–૧૫) આશાનો તથા દિલાસાનો સંદેશો આપે છે, જે આમોસ પછી ઘણા લાંબા સમયે સંભવતઃ કોઈ બીજા માણસે દાખલ કરેલો માનવામાં આવે છે.

આમોસને સંદર્શનો થાય છે તે સમય દરમિયાન (તે બેથેલ ગયો તે જ વર્ષે થયાં હશે) યાહવેહની અને તેની વચ્ચે ટૂંકી ટૂંકી વાતચીત પણ થાય છે. સંદર્શનો જુદા જુદા સમયે તોપણ એક જ વર્ષ દરમિયાન થયાં હશે એમ માનવામાં આવે છે. જોવું અને સાંભળવું એ બન્ને તે એકી વખતે કરે છે. એક પછી એક આવેલાં એ સંદર્શનો પ્રથમ પુરુષ સર્વનામમાં આપેલાં છે, જેથી તેને થયેલો અંગત અનુભવ પ્રગટ કરાયેલો સમજવાનો છે. એ સંદર્શનો પરથી જ તે પોતાને યાહવેહની સેવા કરવાનું તેડું મળેલું સમજ્યો હશે. એણે જાતે જ એ નોંધી રાખ્યાં હશે, કે કોઈની પાસે લખાવ્યાં હશે એ વિષે કશું ખાતરીપૂર્વક કહી શકાય નહિ. વળી તીડ, અગ્નિ, ઓળંબો, ઉનાળામાં થતાં ફળની ટોપલી, યજ્ઞવેદી પર પ્રહાર એ જે પાંચ સંદર્શનો નોંધાયેલાં છે તે તેણે આંખે ખરેખર નિહાળ્યાં હશે, કે સ્વપ્નાવસ્થામાં કે તલ્લીનાવસ્થામાં જોયાં હશે એ વિષે પણ કશું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી. તથાપિ યાહવેહ ન્યાયી ને નીતિમાન છે, અને માણસો પાસેથી તે ન્યાય, નીતિ ને ધર્માચાર માગે છે, જ્યારે માણસો કેવળ દુષ્કૃત્યોથી તેને ઉત્તર વાળે છે એ બાબત પર આમોસનું ચિત્ત એટલું બધું કેન્દ્રિત

થયેલું હતું, કે તીડ, અગ્નિ, ઓળંબો વગેરે વિષે વાત કરતાં પણ વળી વળીને તે એ ને એ જ વિષય પર આવી રહે છે, અને તમામ બાબતોને યાહવેહની ન્યાયી ઇચ્છા સાથે સાંકળી લે છે.

એ સંદર્શનો ખરેખર બનેલી બિનાઓ હતી એમ સમજીએ તો તે સર્વ માણસોના જોવામાં અથવા દેશના જે ભાગમાં તે બની હોય તે ભાગનાં સર્વ માણસોના જોવામાં આવી હશે. પરંતુ એ બિનાઓ પરથી ઈશ્વર શું કહેવા માગે છે, અથવા એ પરથી શું સમજવાનું હતું તે તો આમોસને જ ઈશ્વરે પ્રગટ કર્યું હતું. તેથી અન્ય લોકને માટે જે કેવળ દશ્યો હશે (તીડ ખરેખર આવ્યાં હોય તો તે, વગેરે) તે આમોસને માટે 'સંદર્શનો' હતાં.

(અ) તીડાનું સંદર્શન (૭; ૧-૩)

**પ્રભુ યાહવેહે મને આમ દર્શાવ્યું છે: વનસ્પતિની પાછલી ફૂટની શરૂઆતમાં તેણે તીડો બનાવ્યાં; તે રાજાની કાપણી પછીનો પાછલો ચારો હતો. ² તેઓ દેશમાંનું ઘાસ ખાઇ રહ્યાં ત્યારે મેં કહ્યું, કે હે પ્રભુ યાહવેહ, કૃપા કરીને ક્ષમા કર; યાકૂબ કેમ કરીને નભી શકશે? કેમકે તે નાનો છે. ³ યાહવેહને આ વિષે પશ્ચાત્તાપ થયો. હવે, એમ નહિ થશે, એવું યાહવેહ કહે છે.**

આમોસને થયેલાં સંદર્શનોમાંનું આ પ્રથમ છે. આમોસ યાહવેહને તીડાનું ટોળું બનાવતો નિહાળે છે. માર્ચ-એપ્રિલનો વરસાદ પડ્યા પછીની આ વાત હશે. પ્રથમ ફૂટેલું ઘાસ જે કૂમળું ને સ્વાદિષ્ઠ હોય તે રાજાના લશ્કરી ઘોડાઓ માટે મોકલવું પડતું હતું (૧ શમ. ૮; ૧૪-૧૭: ૧ રાજા ૪; ૭: ૧૮; ૫). રાજાનો હિસ્સો મોકલી આપ્યા પછી ખેડૂતો બાકીનું ને પાછલી ફૂટનું પોતાના કામમાં લેતા. એવામાં વનસ્પતીના દુશ્મન જેવાં તીડો (નાહૂમ ૩; ૧૭) આવ્યાં, જેથી ખેડૂતોને માટે અનાજ કે તેમનાં ઢોરને માટે ઘાસચારો જેવું કશું રહે એમ નહોતું. આમોસને એમાં કેવળ કુદરતી આફત દેખાઈ એટલું જ નહિ, પરંતુ એ ઉપરાંત ઈશ્વરનો શિક્ષાકારી હાથ પણ દેખાયો. તેથી આમોસ મધ્યસ્થી કરે છે, કે તીડો દૂર કરાવાં જોઈએ, નહિતર માણસ તેમજ અન્ય પ્રાણીઓમાં ભૂખમરો આવશે. પ્રાર્થના સાંભળીને યાહવેહે પોતાનો શિક્ષાકારક હાથ રોકયો. ઇસ્રાએલ લોક તો પોતાને બળવાન સમજીને ગર્વિષ્ઠ બનેલા હતા ખરા (૬; ૧૩), તથાપિ અન્ય દેશજાતિઓની સરખામણીમાં તેમજ યાહવેહની દષ્ટિમાં તેઓ બહુ નાની દેશજાતિ હતા. આમોસને જેટલો

સખત ધારવામાં આવે છે તેટલો સખત તે ખરેખર તો નથી; કેમ કે અહીં તેમ જ હવે પછીના સંદર્શનમાં લોક પર તેમજ દેશ પર સ્પષ્ટ રીતે તેનો પ્રેમ દેખાઈ આવે છે. યાહવેહ પણ મધ્યસ્થી સાંભળવાને હંમેશાં તત્પર થઈ રહેલો માલૂમ પડે છે, કારણ કે વિશ્વનું સંચાલન તે યાંત્રિક રીતે કરતો નથી. એનાં અનેક ઉદાહરણો બાઈબલમાંથી મળી રહે છે (ઉત. ૧૮; ૨૨-૩૩; નિર્ગ. ૮; ૧૨, ૧૩, ૨૯-૩૧: ૯; ૩૩: ૧૦; ૧૮, ૧૯ વગેરે). એથી જ મધ્યસ્થીની પ્રાર્થના એ ખ્રિસ્તી મંડળીની ભજનસેવાનું એક અંગ બને છે (૧ તીમ. ૨; ૧-૩). આમોસની દૃષ્ટિએ યાહવેહ શિક્ષાને અર્થે કુદરતને છૂટો દોર આપે છે, અને તે સંકેલી પણ લે છે; કેમ કે તે કુદરત આગળ નિરૂપાય નથી, પણ કુદરતનો સર્જક તથા સ્વામી છે. આ ઘટના ખરેખર બની હશે કે કેમ તે ખાતરીથી કહી શકાય નહિ; તથાપિ આમોસ સંદર્શન જૂએ છે. યાહવેહ આમોસને સંદર્શન દેખાડે છે ત્યારે આમોસ જૂએ છે, એટલે સમજાય છે કે તેડું કરવામાં ઈશ્વર પહેલ કરે છે. મુસા (નિર્ગ ૩), શમૂએલ (૧ શમ. ૩), યશાયાહ (યશ. ૬), યિર્મેયાહ (યિર્મે. ૧), વગેરે સર્વ કિસ્સાઓમાં પહેલ કરનાર ઈશ્વર જ છે. પ્રભુ ઈસુનું વચન (યો. ૧૫; ૧૬) નવા કરારના સેવકોના સંબંધમાં જેટલું ખરૂં છે તેટલું જ જૂના કરારના સેવકોના સંબંધમાં પણ ખરૂં છે.

૬; ૩. યાહવેહને...પશ્ચાત્તાપ થયો: ઈશ્વર વિકારી કે તરંગી વૃત્તિનો છે એમ નહિ. એ તો ઈતિહાસનો તેમજ કુદરતનો સ્વામી છે. આપમેળે બને એવું કશું નથી. તેની સર્વોપરિ ઇચ્છા ને ઈરાદા અનુસાર જ બધું બને છે. તે ધમકી આપે કે તેમાં ફેરફાર કરે, એ સર્વ તેની ઇચ્છાને આધીન છે. આમોસની મધ્યસ્થી ધ્યાનમાં લઇને તેણે પોતાનો ઈરાદો ફેરવ્યો.

'પશ્ચાત્તાપ કરવો' માટે વપરાયેલો હીબ્રૂ શબ્દ છે 'નાચામ'. સો કરતાં વધારે વખત જુના કરારમાં તે વપરાયેલો છે. એના મુખ્યત્વે બે અર્થ આપેલા છે: એક તો અહીં આપેલો છે તે; અને બીજો, દિલાસો પામવો, સ્વીકારવો, કે એવી મતલબનો અન્ય શબ્દ. યાહવેહના સંબંધમાં પશ્ચાત્તાપ કરવાની વાત જુના કરારમાં ચાળીસેક વખત આવે છે (ઉત્પ. ૬; ૬, ૭: નિર્ગ. ૩૨; ૧૨-૧૪: પુન. ૩૨; ૩૬: ૧ શમ. ૧૫; ૧૧, ૩૫: યિર્મે. ૧૫; ૬: ૧૮; ૮: યોએલ ૨; ૧૩ ઈત્ય). માણસ વિષે જે રીતે બોલવામાં આવે છે તે જ રીત ઈશ્વર વિષે કંઈ કહેવું હોય ત્યારે પણ

બાઈબલમાં વપરાયેલી છે. ઈશ્વર વિષેની એવી વર્ણનશૈલી "માનવારોપણ" નામે ઓળખાય છે. પોતાનું કોઈ કામ બગડી જાય કે નિરર્થક નીવડે તો માણસને જેમ પશ્ચાત્તાપ થાય, તેમ માણસ વિષે ઈશ્વરે જે ઇચ્છ્યું હોય તે જ્યારે પાર નથી પડતું ત્યારે તેને પશ્ચાત્તાપ થયો કે ખેદ થયો એમ કહેવામાં આવેલું છે (ઉત્પત્તિ ૬; ૬, ૭). માણસ ઈશ્વર તરફ ફરે છે ત્યારે સ્વર્ગમાં આનંદ થાય છે (લુક ૧૫; ૭, ૧૦); એ જ પ્રમાણે ઈશ્વર પ્રેમસ્વરૂપ હોવા (યોહ. ૩; ૧૬; ૧ યોહ. ૩; ૧: ૪; ૯–૧૧, ૧૬, ૧૯) છતાં માણસને સંહારવાની કે તેને શિક્ષા કરવાની પરિસ્થિતિ ઉપસ્થિત થાય છે ત્યારે, તેને એમ કરવું પડે છે માટે તેને પશ્ચાત્તાપ થાય છે. કોઈનો નાશ થાય એવી તેની ઇચ્છા હોતી નથી જ (હઝ. ૧૮; ૨૩: ૩૩; ૧૧: ૧ તી. ૨; ૪: ૨ પી. ૩, ૯), છતાં તેને એવું કરવું પડે છે ત્યારે તેને પશ્ચાત્તાપ કે ખેદ થાય છે (યિર્મે. ૪૨; ૧૦: યૂના ૩; ૯, ૧૦). ગુસ્સો, આનંદ, પ્રેમ, ધિક્કાર, શોક, ખેદ વગેરે જે લાગણીઓ માણસને થાય છે તે ઈશ્વરને પણ થાય છે એવું તેના વિષે જણાવેલું છે. તથાપિ દિવ્ય સ્વભાવ તો જે છે તે જ રહે છે (ગણના ૨૩; ૧૯: ૧ શમ. ૧૫; ૨૯: માલાખી ૩; ૬: હેબ્રી. ૧૩; ૮: યાકૂબ ૧; ૧૭). તેથી વિવિધ પ્રકારની લાગણીઓ દર્શાવતો જ્યારે તેને વર્ણવવામાં આવે છે ત્યારે ઉપસ્થિત થયેલી પરિસ્થિતિ અનુસાર તેની લાગણી પ્રગટ કરવામાં આવે છે. દુષ્ટોને તે શિક્ષા કરે છે ત્યારે તેને કોપાયમાન થયેલો, અને ભલાઈનો તે બદલો આપે છે ત્યારે તેને આનંદી વર્ણવેલો છે. સૃષ્ટ માનવો જેવું વર્તન વ્યક્ત કરે છે તેને અનુસરતું વર્તન તેને પણ વ્યક્ત કરવું પડે છે (ગીત ૧૮; ૨૫, ૨૬). તેથી જ્યારે તેને પશ્ચાત્તાપ થાય છે ને તે ખેદ કરે છે ત્યારે એમ સમજવાનું નથી કે જે વિષે તે નહોતો જાણતો એવું કંઈક ઓચિંતું બન્યું છે; પરંતુ એટલું જ સમજવાનું કે જે બન્યું હતું તેને અનુસરતી લાગણી વ્યક્ત કરતો તેને વર્ણવેલો છે.

(આ) અગ્નિનું સંદર્શન (૭; ૪–૬)

**૪ વળી પ્રભુ યાહવેહે મને આ પ્રમાણે દર્શાવ્યું: પ્રભુ યાહવેહે**
**અગ્નિથી વાદ કરવાની આજ્ઞા કરી; તેણે મહા ઊંડાણને ભસ્મ કર્યું,**
**ને ભૂમિનો પણ તે ભક્ષ કરત. ૫ ત્યારે મેં કહ્યું, હે પ્રભુ યાહવેહ, કૃપા**
**કરીને બસ કર; યાકૂબ કેમ કરીને નભી શકે? કેમકે તે નાનો છે.**
**૬ યાહવેહને એ વિષે પશ્ચાત્તાપ થયો; યાહવેહ કહે છે, કે એ પણ**
**થશે નહિ.**

ઈસ્રાએલ લોકને તેમનાં પાપની શિક્ષા કરવા માટે યાહવેહ હવે મુખના શબ્દોને નહિ, પણ અગ્નિને કામ સોંપે છે (યશા. ૬૬; ૧૬), એવું સંદર્શન યાહવેહ આમોસને દર્શાવે છે. તીડ કરતાં અગ્નિ વધારે વિનાશક છે; કારણ કે તીડ કેવળ વનસ્પતિનો નાશ કરે છે, જ્યારે અગ્નિ સર્વનાશી છે. હેબ્રીઓની માન્યતા પ્રમાણે પૃથ્વી મહાસાગરથી વીંટળાયેલી ને મહાસાગર (મહા ઊંડાણ) પર હોડકાની પેઠે તરતી છે (ગીત ૨૪; ૨). આ જ 'મહા ઊંડાણ' (હીબ્રુ ભાષામાં 'ટેહોમ'=જળદૈત્ય, જે સર્વ પ્રકારની દુષ્ટતાનો પ્રતીક મનાતો હતો) પર સૃજનકાર્ય વખતે ઈશ્વરનો આત્મા "હાલતો થયો" હતો (ઉત્પ. ૧; ૨), અને એમાંથી જ ઈશ્વરે નક્કર જમીનનો ઉદ્‌ભવ કર્યો હતો. એમાંથી જ નીકળેલા ફાંટા તે પૃથ્વી પરના સમુદ્રો તથા અન્ય જળાશયો બન્યાં (ગીત ૧૦૪; ૬: ની. વ. ૮; ૨૭–૨૯: યશા. ૫૧; ૧૦). જળપ્રલય વખતે આ જ "જળનિધિના ઝરા" ફૂટી નીકળ્યા હતા, અને આકાશનાં દ્વારો ઊઘડી ગયાં હતાં (ઉત્પ. ૭; ૧૧). ઈશ્વરના કોપનો અગ્નિ મહા ઊંડાણને તથા સર્વ જળાશયોને જો ભસ્મ કરી નાખે કે સૂકવી નાખે તો તેના પર તરતી નાનકડી "ભૂમિ" અને તે પર જે કંઈ હોય તે તો તેની આગળ ટકે જ શી રીતે? (દલીલની શૈલી માટે જુઓ ૧; ૨: ૬; ૨) તે તો સર્વનાશ કરી મૂકે જેમાંથી યાકૂબ (ઈસ્રાએલ) પૂર્વવત્ થઈ જ ન શકે. તેથી આમોસ અગાઉના જેવી જ (કલમ ૨) મધ્યસ્થી ફરી કરે છે, પણ "ક્ષમા કર" (કલમ ૨)ની જગાએ "બસ કર" શબ્દો વાપરે છે, મતલબ કે અગ્નિને આગળ વધતો અટકાવવાની વિનંતી કરે છે. અને યાહવેહ ફરીથી મધ્યસ્થી લક્ષમાં લે છે.

પરંતુ આ અગ્નિ કેવા પ્રકારનો હશે, જે મહા ઊંડાણને પણ ભસ્મ કરી નાખે છે? એ કદાપિ વિદ્યુત હોય (૧ રાજા ૧૮; ૩૮: ૨ રાજા ૧; ૧૦–૧૪), અગર સૂર્યની પ્રચંડ ઉષ્ણતા હોય (યોએલ ૧; ૧૯). એ અગ્નિ જો સર્વ જળાશયોને સૂકવી નાખે, તો વરસાદ પડે નહિ, દુકાળ પડે, અને માણસ તથા પ્રાણીઓ ભૂખે ને તરસે મરણ પામે (યિર્મે. ૧૪; ૧–૬ અને યોએલ ૧; ૧૫–૨૦ જેવું).

૭; ૪. **ભૂમિ :** અક્ષરશઃ તરજુમો થાય છે 'વિભાગ' કે 'હિસ્સો' એટલે યાહવેહનો વિભાગ કે હિસ્સો; વચનદત્ત દેશ. સપ્તતિમાં 'ઈસ્રાએલની ભૂમિ.'

આ બીજું દૃશ્ય ખરેખાત બન્યું હોય એવું લાગતું જ નથી. આમોસે સ્વપ્નમાં કે તલ્લીનાવસ્થામાં જોયું હશે.

**(ઈ) ઓળંબાનું સંદર્શન (૭; ૭-૯)**

**૭ [ફરી] તેણે મને આમ દર્શાવ્યું: પ્રભુ પોતાના હાથમાં ઓળંબો લઇને ઓળંબે ચણેલી ભીંત પાસે ઊભો રહ્યો. ૮ યાહવેહે મને કહ્યું, આમોસ, તું શું જુએ છે? મેં કહ્યું, એક ઓળંબો. ત્યારે પ્રભુએ કહ્યું, જો, હું મારા ઈસ્રાએલ લોકમાં ઓળંબો મૂકીશ; હું ફરીથી કદી તેમને દરગુજર કરીશ નહિ; ૯ ઇસ્હાકનાં ઉચ્ચસ્થાનો ઉજ્જડ થશે, ને ઈસ્રાએલનાં પવિત્રસ્થાનોને વેરાન કરી મૂકવામાં આવશે; અને હું તરવાર લઇને યરોબઆમના વંશની વિરૂદ્ધ ઊઠીશ.**

૭; ૭. તેણે મને આમ દર્શાવ્યું : એ શબ્દો પરથી સંભવિત છે કે અગાઉનાં બે સંદર્શનો જેવી રીતે થયાં તેવી જ રીતે આ ત્રીજું પણ થયું. "ઓળંબે ચણેલી ભીંત પાસે...ઊભા રહેલા યાહવેહ"ની જગાએ "સપ્તતિ"માં આવા શબ્દો છે: "જુઓ, એક માણસ ઊભો રહેલો છે". અને કદાચ એ બરાબર પણ હોય. ઈસ્રાએલ રાષ્ટ્રની પડતીનો સમય છેક નજીક હતો; તથાપિ આમોસના સમય દરમિયાન તો તે ઉન્નતિના ઉચ્ચ શિખરે ચઢેલું હતું, અને એ ઉન્નતિમાં નવાં નવાં બાંધકામો થતાં હશે. બાંધકામ દરમિયાન જેમ બીજા અનેકે તેમ આમોસે કડિયાઓને ઓળંબો વાપરતા જોયા હશે. "ઊભો રહેલો માણસ" (સપ્તતિ) એ કોઈ કારીગર કે કડિયો હશે, જે દીવાલ વાંકીચૂકી છે કે સીધી છે તે ઓળંબો મૂકીને તપાસતો હશે. એવા કોઈ દશ્ય પરથી આમોસને આ સંદર્શન સૂચવાયું હોય એ સંભવિત છે. વનસ્પતીને ખાઈ જનાર તીડોના સંદર્શન જેવું, કે મહા ઊંડાણને ભસ્મ કરી રહ્યા પછી "યાહવેહના હિસ્સા"ને પણ સ્વાહા કરવાની તૈયારી કરતા અગ્નિના સંદર્શન જેવું ધ્યાન ખેંચતું આ સંદર્શન નથી; તેથી ઈશ્વરને એ પ્રત્યે આમોસનું ધ્યાન ખેંચવું પડે છે, અને પછી એ શું છે તે આમોસને તે સમજાવે છે. અન્ય પ્રેક્ષકો કેવળ બાંધકામ, ઓળંબો, કારીગરો એટલું જ જુએ છે, ત્યારે આમોસને માટે એ દશ્ય સંદર્શન બને છે.

૭; ૮. ઈસ્રાએલ લોક ધર્મ અને નીતિની બાબતમાં કેવા હતા તે યાહવેહને બતાવવા માટે ઓળંબો જરૂરનો હતો એમ નથી, પરંતુ તેઓ કેવા હતા તે ખુદ તેમને જ બતાવવા માટે તેની જરૂર હતી. ઈસ્રાએલ-રૂપી ઘરની દીવાલો એક વખત તો સીધી ને મજબૂત હતી ખરી (૩; ૧, ૨), પરંતુ હવે તો એ દીવાલો જાતજાતનાં પાપ અને ભ્રષ્ટાચારથી વાંકી-

ચૂંકી થઈ ગઈ હતી. ઈસ્રાએલ પ્રજા હવે અગાઉના જેવી ધાર્મિક રહી નહોતી. અગાઉનાં બે દશ્યોમાં (૭; ૧-૬) યાહવેહ ઈસ્રાએલ પર ગુસ્સે થાય છે, તેમને શિક્ષા કરવાનો નિર્ણય કરે છે, અને તેના દયાભાવમાં શિક્ષા ખેંચી પણ લે છે. પરંતુ હવે તો પરિસ્થિતિ એટલી બધી વણસી ગઈ છે કે અગાઉ જેવી મધ્યસ્થી કરવામાં આવી એવું કરવાનો અવકાશ જ રહ્યો નથી. ચણતરમાં વાંકુંચૂંકુ ચલાવી લઈ શકાય જ નહિ. દીવાલમાં એટલો બધો બગાડ થયો છે કે જો એને તોડી પાડવામાં ન આવે તો એ પોતે જ પડી જાય; અને એમ થાય તો ઘરમાં રહેનારાંને તેમજ પાસે થઈને જનાર આવનારને તે ઈજા કર્યા વગર રહી શકે જ નહિ (યશા. ૩૦; ૧૩). તેથી તેમના રાષ્ટ્રિય જીવનના આરંભે મિસરમાં અગાઉ યાહવેહે જેમ તેમને વિનાશકના હાથમાંથી બચાવી લીધા હતા (નિર્ગ. ૧૨; ૧૩, ૨૩), વળી આમોસની મધ્યસ્થીથી જેમ યાહવેહે પોતાનો વિનાશક હાથ બે વાર પાછો ખેંચી લીધો હતો (૭; ૩, ૬) તેમ હવે તે કરશે નહિ; કારણ કે ઓળંબો તેમની વિરુદ્ધ સાક્ષી પૂરતો હતો. પ્રથમનાં બે દશ્યો (તીડ અને અગ્નિ) કેવળ નુકસાનકારક સાધન તરીકે પ્રદર્શિત થયાં હતાં, ઈસ્રાએલનો ગુનો એ દશ્યો પ્રદર્શિત કરતાં નહોતાં; પરંતુ ઓળંબો (નિયમશાસ્ત્ર અનુસાર ધર્માચરણ, ભક્તિભાવ, માનવધર્મ વગેરેનું જે ધોરણ ઈશ્વર તેમની પાસે માગતો હતો તેની માપપટીનું પ્રતીક) લગાડવામાં આવ્યો, કે તરત ઈસ્રાએલના રાષ્ટ્રિય, સામાજિક તથા વ્યક્તિગત જીવન પર ધ્યાન ખેંચાયું; અને ધ્યાન ખેંચાતાં જ મધ્યસ્થી કરવાનું આમોસને અસ્થાને લાગ્યું હશે, જેથી તે ચૂપ રહ્યો. તો પણ યાહવેહ તો તેમને "મારા ઈસ્રાએલી લોક" તરીકે જ નિર્દેશે છે (૭; ૮). પરંતુ યાહવેહના લોક તરીકે તેમની ખાસ જવાબદારી પણ હતી (૩; ૧, ૨) જે તેમણે અદા કરી નહિ, તેથી જ બાંધકામ માટે વાપરવાનું સાધન (ઝખ. ૪; ૧૦) વિનાશ સૂચવતા સાધન તરીકે વાપરવું પડે છે (૨ રાજા ૨૧; ૧૩: યશા. ૨૮; ૧૭: ૩૪; ૧૧: યિ. વિ. ૨; ૮). આમોસની મધ્યસ્થી યાહવેહે બે વખત ધ્યાનમાં લીધી હતી (૭; ૩, ૬); પણ હવે પરિસ્થિતિ હદ વટાવી ગઈ હતી, જેથી આમોસને સમજાઈ ગયું કે હવે તો યાહવેહ તેમને જતા કરી શકે એમ નહોતું. અદેખાઈ, તિરસ્કાર, નિર્દયતા, ગર્વ, લોભ, મોજીલું જીવન વગેરે અમાનુષી વર્તનમાં અંધ બનીને જ્યારે પ્રજાઓ, સરકારો, રાષ્ટ્રો ઈશ્વરને વિસરી જાય છે ને પશ્ચાત્તાપ કરતાં નથી ત્યારે પ્રજા કે રાષ્ટ્ર

તરીકે તેમને ઊથલાવી નાખવાં જ પડે છે (યિર્મે. ૧; ૧૦: ૩૧; ૨૮). ભૂતકાળમાં અનેક સામ્રાજયોની ને પ્રજાઓની એ દશા થઈ છે. ઈસ્રાએલને માટે પણ એ જ નિયમ. તોપણ ઈશ્વર ધીરજવાન છે (ઉત્પ. ૧૫; ૧૬), અને વ્યક્તિઓ જો પશ્ચાત્તાપ કરે તો તેમને માફ કરવાને તે હમેશાં તત્પર રહે છે (૨ શમ. ૧૨; ૧૩: યૂના ૩; ૧૦).

૭; ૯. શિક્ષાનો પ્રહાર કયાં થવાનો છે તે દર્શાવેલું છે, જયાં ગુનેગારી વિશેષ ત્યાં પ્રહાર પણ વિશેષ થાય (લુક ૧૨; ૪૬–૪૮) એ સ્વાભાવિક છે.

**ઈસહાકનાં ઉચ્ચસ્થાનો...વેરાન કરી મૂકવામાં આવશે;** અગાઉ (હેબ્રીઓના પૂર્વજોમાંના ત્રીજા) યાકૂબ કે ઈસ્રાએલનું નામ વિશેષ વપરાયું છે (૩; ૧૩: ૫; ૧, ૨૫: ૬; ૭, ૧૪: ૭; ૨, ૫), પરંતુ ઈસ્રાએલી પ્રજાના બીજા પૂર્વજ ઈસહાકનું નામ કેવળ અહીં અને ૭; ૧૬માં વપરાયું છે. ઊંચી ટેકરીઓ પર, કે શહેરની અંદરના કે આજુબાજુના ટેકરાઓ પર ભજનને માટે સાધારણ રીતે જયાં લોકો એકઠા થતા હતા તે ઉચ્ચસ્થાનો કહેવાતાં. અગાઉ કનાનીઓ (કનાનના મૂળ વતનીઓ) ત્યાં બઆલની ઉપાસના કરતા હતા (ગણના ૨૨; ૪૧). ઈસ્રાએલપુત્રોએ કનાનનો કબજો મેળવ્યો ત્યારથી એ ઉચ્ચસ્થાનો તેમનાં ભજનસ્થાનો પણ બની ગયાં; અને જોકે ઈસ્રાએલપુત્રો એ સ્થળોએ યાહવેહનું ભજન કરતા હતા, તોપણ યાહવેહનું ભજન તો કેવળ નામનું જ રહ્યું હતું, કેમકે બઆલ–પૂજા તેમાં ભેળસેળ થઈ ગઈ હતી (ન્યાય. ૨; ૧૧–૧૩: ૮; ૩૩); અને ઉપાસના દેવદેવીની થતી હોવાથી (ન્યાય. ૨; ૧૩: ૧ શમ. ૧૨; ૧૦: ૧ રાજા ૧૧; ૫, ૩૩) ઉપાસનામાં અનીતિ પણ દાખલ થઈ ગઈ હતી. આમોસે અનેકવાર એ ભ્રષ્ટાચાર ને એ યાત્રાધામો સામે અવાજ ઉઠાવ્યો હતો, ને શિક્ષા ઉચ્ચારી હતી (૩; ૧૪: ૫; ૫, ૬ વગેરે).

બેર–શેબા ઈસહાકનું ઉચ્ચસ્થાન ગણાતું હતું, કારણ કે ત્યાં તેણે વેદી બાંધી હતી (ઉત્પ. ૨૬; ૨૩–૨૫: ૪૬; ૧). પવિત્રસ્થાનો (૪; ૪: ૫; ૪) એ ઉચ્ચસ્થાનો જેવાં જ હતાં, પણ કદાચ એ દેરા જેવાં બાંધેલાં મકાનો હશે. એ સ્થળો હતાં તો ભજનસ્થાનો, તથાપિ એ અનીતિનાં ધામો થઈ પડયાં હતાં. જયાં પવિત્રતાની જ આશા રાખી શકાય ત્યાં નરી જ અનીતિ પ્રવર્તતી હતી, વળી તે ઉપાસનાને નામે આચરવામાં આવતી હતી. એવાં સ્થળોએ પોતાની નાબૂદીની જ રાહ જોવાની રહી.

**હું તરવાર લઇને યરોબઆમના વંશની વિરૂદ્ધ ઊઠીશ:** યરોબઆમ ( = લોકો માટે લડત કરનાર ) યેહૂ ( = એ યાહવેહ છે )નો વંશજ હતો ( ૨ રાજા ૧૩; ૧, ૧૩: ૧૪; ૨૩–૨૯); જેથી યરોબઆમના વંશને હોશીઆ પ્રબોધક 'યેહૂના કુટુંબ' તરીકે ઓળખાવે છે (હો. ૧; ૪). યરોબઆમ બીજો એ વંશનો ચોથો અને સૌથી મહાન હતો. યેહૂ (૨ રાજા ૯: ૧૦: ૨ કાળ. ૨૨; ૭–૯) જબરો ઘાતકી માણુસ હતો. તેણે યોરામને (૨ રાજા ૯; ૨૧–૨૪), આહાબના સિત્તેર પુત્રોને (૨ રાજા ૧૦; ૧–૮), આહાબ રાજાની વિધવા ઇઝેબેલને (૨ રાજા ૯; ૩૦–૩૭), તથા બીજા અનેકને (૨ રાજા ૧૦; ૧૧) મારી નાખ્યાં હતાં. આમોસના સમકાલીનોમાંનો પ્રબોધક હોશીઆ કહે છે: "થોડી મુદત પછી હું યિઝ્રએલના ખૂનનો બદલો યેહૂના કુટુંબના માણુસોની પાસેથી લઇશ, ને ઈસ્રાએલના રાજ્યનો અંત આણીશ" (હો. ૧; ૪). આમોસ દ્વારા યાહવેહ જાહેર કરે છે, કે તરવાર લઇને તે પોતે એ વંશની સામે ઊભો થશે, મતલબ કે તેની સામે યાહવેહ શત્રુઓ ઊભા કરશે; અને તરવારથી જેમ એ વંશે આરંભ કર્યો હતો તેમ તરવારથી જ તેનો અંત પણુ આવશે (સર. માત્થી ૨૬; ૫૨). યરોબઆમના મૃત્યુ (૨ રાજા ૧૪; ૨૯) પછી છ મહિને એ વાત પૂર્ણ થઈ, એટલે યરોબઆમના પુત્ર ઝખાર્યાહને યાબેશના પુત્ર શાલ્લૂમે મારી નાખ્યો, અને એક માસ બાદ એ જ હત્યારા શાલ્લૂમને મનાહેમે મારી નાખ્યો ને પોતે સમરૂનમાં ગાદીપતિ થયો; પરંતુ આશ્શૂરના સમ્રાટના આક્રમણુમાંથી બચવા માટે તેણે તેને મોટી બક્ષિશ આપવી પડી હતી (૨ રાજા ૧૫; ૮–૨૨). યરોબઆમ બીજો મહાન શૂરવીર રાજા હતો ખરો, પરંતુ નબાટના દીકરા યરોબઆમના માર્ગમાં (૧ રાજા ૧૨; ૨૫–૩૩: ૨ કાળ. ૧૧; ૧૩–૧૫) તે ચાલ્યો, અને ઈસ્રાએલપુત્રોને પણુ તેણે એ જ માર્ગમાં ચલાવ્યા. રાજાઓના પુસ્તકના લેખકની દૃષ્ટિએ એ એનું કલંક છે. પણુ તેણે મોટી મોટી લશ્કરી ફતેહો મેળવીને સમરૂન રાષ્ટ્રને સમૃદ્ધ બનાવ્યું હતું (૨ રાજા ૧૪; ૨૩–૨૯) એની નોંધ પણુ એ લેખક લે છે. પરંતુ રાજાઓના પુસ્તકના દૃષ્ટિબિંદુથી આમોસનું દૃષ્ટિબિંદુ જુદું છે, તેથી આમોસ યરોબઆમનું મૂલ્યાંકન જુદી જ રીતે કરે છે. આમોસ તો યરોબઆમની કારકિર્દીમાં ગરીબો પર ગુજારાતા સિતમ, અમીરો તથા અધિકારીઓની તુમાખી ને તેમના મોજશોખ, અને એ અટકાવવાની યરોબઆમની અશક્તિ કે તેની બેદરકારી પર લક્ષ દે છે,

અને પછી એ સામે યાહવેહનું શાસન ઉચ્ચારે છે. રાજા જ્યારે સત્તાધારી હતો, અને તે ધારે તે કરી શકતો હતો ત્યારે એ બધું અનિષ્ટ તો ચાલવા દે છે, તેથી એ અનિષ્ટ માટે તે ને તેનું કુટુંબ જવાબદાર હતાં; અને તે સ્થાનભ્રષ્ટ થવાં જ જોઇએ. દીવાલ વાંકીચૂંકી હોય તો તેને તોડી પાડવી જ રહી. એમની વેદીઓની, એમનાં ભજનસ્થાનોની, ત્યાં કરાતી ઉપાસનાની કશી કિંમત યાહવેહના મનથી રહી નહોતી. રાજાએ મેળવેલી ફતેહો (૨ રાજા ૧૪; ૨૫–૨૮), તથા તેમની આબાદી જેમાં તેઓ રાચતા હતા તે યાહવેહના મનથી કશી કિંમતની નહોતી. યાહવેહને તો ઈન્સાફી વર્તન અને ગરીબો તથા નિર્બળો પ્રત્યે દયાભાવ જોઈતાં હતાં; પરંતુ યરોબઆમની કારકિર્દીમાં એ તો શોધ્યું જડતું ન હતું. ન્યાયમંદિરો લાંચીઆં ને અન્યાયી, ભજનસ્થાનો દંભી ને ભાવવિહીન થઈ ગયાં હતાં. સમાજના તમામ સ્તરો વિવિધ પ્રકારની દુષ્ટતાથી ખદબદતા હતા. તેથી રૈયતથી માંડીને રાજા સુધી શિક્ષામાંથી કોઈ બચવાનું નહોતું. તેમનાં પર આક્રમણકારની તરવાર ઝઝૂમી રહેલી હતી. હોશીઆ પ્રબોધકનું મંતવ્ય પણ એ જ હતું (હો. ૧; ૪); કારણ કે યરોબઆમ 'યેહૂના કુટુંબ'નો જ પ્રતિનિધિ હતો. તોપણ યાહવેહ દયાળુ હોવાથી હજી એ બધું ચેતવણીરૂપે છે. શિક્ષા હજી ભવિષ્યની વાત છે. વચગાળાનો સમય પશ્ચાત્તાપ કરવા માટે ને ઈશ્વર તરફ ફરવા માટે આપેલો છે. શિક્ષા કર્યા અગાઉ ઈશ્વર ચેતવણી આપે છે (નિર્ગ. ૩૪; ૬, ૭: ગીત ૧૦૩; ૮, ૯: યૂના ૪; ૨).

### આમોસ પ્રબોધક અને અમાસ્યાહ યાજક (૭; ૧૦–૧૭)

આમોસ વિષે કંઈક અંગત હકીકત આ ફકરા પરથી જાણવાની મળે છે; અને કોઈ ત્રાહિતે એટલે આમોસના કોઇ અનુયાયીએ તે લખેલો લાગે છે, કારણ કે લખાણ ત્રીજા પુરુષમાં આપેલું છે. કલમ ૯ સાથે સંબંધ હોવાથી આ ફકરો અહીં આપેલો જણાય છે. અહીં બે બનાવો માલૂમ પડે છે: એક બનાવ કલમ ૧૦, ૧૧ માં, અને બીજો કલમ ૧૨–૧૭ માં સમાયેલો છે.

પહેલા બનાવમાં બેથેલના યાજક અમાસ્યાહ અને પ્રબોધક આમોસ વચ્ચે કશો સીધો સંપર્ક માલૂમ પડતો નથી. તથાપિ આમોસે જે ભયોત્પાદક પ્રવચનો કર્યાં હતાં તેનો અહેવાલ અમાસ્યાહ રાજાની પાસે મોકલે છે. બેથેલનું ઉચ્ચસ્થાન જનતા માટે યાત્રાધામ જેવું તેમજ રાજમંદિર ગણાતું હતું (૧ રાજા ૧૨; ૨૭–૧૩; ૧). રાજા ભજન કરવા ત્યાં જતો હશે. તેથી

રાજકર્તાને નુકસાનકારક વચનો જો કોઈ ઉચ્ચારે તો રાજાને તેની ખબર આપવી એ તે વેદીના યાજકની ફરજ હોવી જોઇએ. અમાસ્યાહની સમજણ પ્રમાણે આમોસે ફિતૂરી ભાષણો કર્યાં હતાં (કલમ ૭-૯). પરંતુ રાજા (યરોબઆમ બીજો) કશું ધ્યાનમાં લેતો નથી એવું માલૂમ પડવાથી અમાસ્યાહ પોતે જ આમોસને ઈસ્રાએલની ભૂમિ છોડવાનું (કલમ ૧૨-૧૭) અને તેના પોતાના દેશ (યહુદાહ)માં જતા રહેવાનું ફરમાવે છે. એ પરથી આમોસ ઉત્તર આપે છે કે યાહવેહે મને એ કામ સોંપ્યું છે. અને પછી દેશ (ઈસ્રાએલ રાષ્ટ્ર)નું શું થશે તે તેમજ યાજકનું તથા તેના કુટુંબનું શું થશે તે તે કહી સંભળાવે છે. યાહવેહે તેને કામ સોંપ્યું કે તેનું તેડું કર્યું ત્યારે યાહવેહે તેને નીડર પણ બનાવ્યો હશે, નહિતર આ ફકરામાં દર્શાવેલી હિમ્મત તે દાખવી શકે નહિ. અમાસ્યાહ લેવી કુળનો (ગણના ૧૮: પુન. ૧૮; ૧-૮) નહિ, પણ અન્ય કુળનો હશે (૧ રાજા ૧૨; ૩૧: ૨ કાળ. ૧૧; ૧૩-૧૫).

૧૦ પછી બેથેલના યાજક અમાસ્યાહે ઈસ્રાએલના રાજા યરોબ-
આમને કહાવી મોકલ્યું, કે આમોસે ઈસ્રાએલ લોકમાં તારી વિરૂદ્ધ
કાવતરૂં રચ્યું છે; તેનાં સર્વ વચનો સહન કરવાને દેશ અશક્ત છે.
૧૧ કેમકે આમોસ કહે છે, કે યરોબઆમ તરવારથી માર્યો જશે,
ને ઈસ્રાએલ પોતાના દેશમાંથી ગુલામ થઇને નિશ્ચે લઇ જવાશે. ૧૨
વળી અમાસ્યાહે આમોસને કહ્યું, હે દ્રષ્ટા, જા, યહુદાહના દેશમાં નાસી
જા, ત્યાં રોટલી ખાજે, ને ત્યાં પ્રબોધ કરજે; ૧૩ પણ હવે પછી
કદી બેથેલમાં ભવિષ્ય ભાખતો નહિ; કેમકે એ તો રાજાનું પવિત્ર
સ્થાન છે, ને એ રાજમંદિર છે.

૧૪ ત્યારે આમોસે અમાસ્યાહને ઉત્તર આપ્યો, કે હું પ્રબોધક
નહોતો, તેમ હું પ્રબોધકનો દીકરો પણ નહોતો; પણ હું તો ગોવાળિયો
તથા ગુલરવૃક્ષોનો સોરનાર હતો; ૧૫ હું ઘેટાં બકરાંની પાછળ ફરતો
હતો ત્યાંથી યાહવેહે મને બોલાવી લીધો, ને વળી મને કહ્યું, જા, મારા
ઈસ્રાએલ લોકોને પ્રબોધ કર. ૧૬ તો હવે તું યાહવેહનું વચન સાંભળ:
તું કહે છે, કે ઈસ્રાએલ વિરૂદ્ધ પ્રબોધ ન કર, ને ઈસ્હાકના વંશજોની
વિરૂદ્ધ એક પણ શબ્દ બોલતો નહિ; ૧૭ એ માટે યાહવેહ કહે છે,
કે તારી સ્ત્રી નગરમાં વેશ્યા બનશે, ને તારાં પુત્રપુત્રીઓ તરવારથી
માર્યાં જશે, ને તારો દેશ દોરીથી માપીને વહેંચવામાં આવશે; અને
તું પોતે અપવિત્ર ભૂમિમાં મરણ પામશે, ને ઈસ્રાએલ લોકને પોતાના
દેશમાંથી ગુલામ કરીને નિશ્ચે લઇ જવામાં આવશે.

૭; ૧૦, ૧૧. આમોસનાં તમામ વ્યાખ્યાનો મોટે ભાગે પદ્યરૂપે ઉચ્ચારાયેલાં અને પરભારાં લોકો આગળ કરવામાં આવેલાં હતાં, અને કેટલાક સમય બાદ તે લખવામાં આવ્યાં હતાં એમ સાધારણ રીતે મનાય છે. ઈસ્રાએલ લોકને ગુલામગીરીમાં જવું પડશે એવું આમોસ અગાઉ કહી ચૂક્યો છે ખરો (૫; ૨૭: ૬; ૭, ૮), તથાપિ ઉપરોક્ત ત્રણ સંદર્શનોમાં (૭; ૧-૯) તો ગુલામગીરીમાં જવા વિષે તેણે કશો નિર્દેશ કર્યો નથી.

અમાસ્યાહ (=યાહ કે યાહવેહ શક્તિમાન છે) બેથેલનો યાજક હતો. ઈસ્રાએલ લોકના પૂર્વજ યાકૂબને થયેલા દર્શનને કારણે તથા થયેલા અન્ય અનુભવોને કારણે (ઉત્પ. ૨૮; ૧૦-૨૨: ૩૫; ૧-૮) બેથેલ પવિત્ર યાત્રાધામ જેવું બની ગયેલું હતું તેથી, તેમજ દાન કરતાં બેથેલ (૧ રાજા ૧૨; ૨૯) પાટનગર સમરૂનની વધારે નજદીક હોવાથી તે રાજમંદિર બની ગયું હતું. એવા મંદિરનો અમાસ્યાહ યાજક હતો, અને કદાચ મુખ્ય યાજક હતો, જેથી તે મહત્ત્વની વ્યક્તિ હતો. નામ અને દરજ્જા તરફ જોતાં તો યાહવેહના સેવક તરીકે તે ઓળખાતો, પરંતુ તેનું આચરણ એ નામ અને દરજ્જા સાથે સુમેળ ધરાવતું નહોતું. ઈસ્રાએલનાં પવિત્રસ્થાનોને વેરાન કરી મૂકવામાં આવશે એવું સર્વ લોકોની હાજરીમાં આમોસે કહ્યું હતું (૭; ૯), અગાઉ પણ તેણે એવું જ કહ્યું હતું (૫; ૨૭: ૬; ૭, ૮, ૧૪), વળી તેણે બેથેલનો ખાસ ઉલ્લેખ કર્યો હતો (૩; ૧૪: ૪; ૪: ૫; ૫) એ ધ્યાનમાં લેતાં ઈસ્રાએલ લોકના મુખ્ય પવિત્રસ્થાનના મુખ્ય યાજકનો દરજ્જો ધરાવનાર માણસ સ્વાભાવિક રીતે જ છંછેડાય. અમાસ્યાહ જેવા માણસો તો પ્રત્યેક જમાનામાં મળી આવે છે. કોઇ ઈશ્વરભક્ત તેની વ્યવસાયી ફરજ છે તેને લીધે તો નહિ, પરંતુ ઈશ્વરના આદેશને આધીન થઈને ઈશ્વરનું વચન પ્રગટ કરે છે ત્યારે તેને નહિ સમજી શકવાને કારણે સ્થાપિત મંડળીના વિશિષ્ટ અધિકારો જાળવવાની જવાબદારી ધરાવનાર ધર્માધિકારી જ્યારે તેની તરફ શંકાની નજરે જુએ છે ત્યારે તેને અમાસ્યાહની માફક જ વર્તેલો સમજવાનો છે. "તકોઆના ખેડૂતને તેના ઘેર નસાડી મૂકનાર બેથેલના મુખ્ય યાજક અમાસ્યાહથી માંડીને ખ્રિસ્તને વધસ્તંભે જડવાનો હુકમ આપનાર પેલા બીજા મુખ્ય યાજક સુધી એક સળંગ સાંકળ બને છે" (વોલ્ટર લૂથી, 'ભૂકંપના સમયે' નામના પુસ્તકનો જર્મન લેખક). રાજા પર મોકલેલા અહેવાલમાં અમાસ્યાહે ઓછામાં ઓછાં બે વિકૃત

નિવેદનો કર્યાં હતાં: (૧) આમોસે રાજા સામે કાવતરૂં રચ્યું છે, ને રાજ્ય સામે બળવો જાગે એવાં વ્યાખ્યાનો તે કરે છે. હવે એ તો બિલકુલ પાયા વગરની વાત હતી. રાજા સામે કે રાજ્ય સામે આમોસે કોઈની સાથે કશી સંતલસ કરી નહોતી. એ તો ઈશ્વર તરફથી સંદેશો પ્રગટ કરતો હતો, ને પ્રબોધક તરીકે બોલતો હતો. જ્યોર્જ આદમ સ્મિથના શબ્દોમાં કહીએ તો "કાવતરામાં તેનો ભાગીદાર ઇશ્વર વગર અન્ય કોઈ નહોતો." કોઈ માણસો સાથે મળી જઇને આમોસે કાવતરૂં રચ્યું હોય એવો આરોપ મૂકવાના આધારનો ઇશારો સરખો પણ આખા પુસ્તકમાં કોઇ ઠેકાણે મળતો નથી. કાવતરૂં કરવાનો આરોપ પ્રબોધકો પર અવારનવાર મૂકાતો જ આવ્યો હતો, પરંતુ તે કેવળ પ્રબોધકોની વાતોની કે બનાવોની વિકૃતિ કરીને જ: શાઊલની હયાતીમાં દાઊદનો રાજ્યાભિષેક (૧ શમ. ૧૬; ૧–૧૩), શીલોની અહીયાહ પ્રબોધક અને યરોબઆમ વચ્ચે થયેલી વાતચીત (૧ રાજા ૧૧; ૨૯–૪૦), યેહૂને ઈસ્રાએલ પર રાજા ઠરાવવામાં એલીશા પ્રબોધકનો ફાળો (૨ રાજા ૯; ૧–૧૦). એલીયાહ અને યિર્મેયાહને પણ એવી વિકૃતિઓને કારણે ખમવું પડયું હતું (૧ રાજા ૧૮; ૧૭: યિર્મે. ૩૭; ૧૨–૧૪). રાજનીતિઓ, સ્વાર્થ વગેરેને કારણે જૂના કરારના ભક્તોની જેમ પ્રભુ ઈસુને તેમજ નવા કરારના કેટલાક સેવકોને પણ વેઠવું પડેલું છે (યોહ. ૧૧; ૪૭–૫૦: પ્રે. કૃ. ૬; ૧૧–૧૪ : ૧૬; ૧૯–૨૧ : ૧૭; ૬, ૭ : ૨૪; ૧–૯ ઈત્ય.). ત્યારથી માંડીને આજ પર્યંત એવું બનતું જ રહેલું છે. અહીં પણ એવી જ બાબત છે. યહુદાહ રાષ્ટ્ર અને ઈસ્રાએલ રાષ્ટ્રને એકબીજાથી અલગ રાખવાની રાજનીતિ તરીકે ઈસ્રાએલના પ્રથમ રાજા યરોબઆમે દાન અને બેથેલમાં વાછરડા–પૂજા દાખલ કરી હતી (૧ રાજા ૧૨; ૨૬–૩૦), અને આમોસનાં ઉચ્ચારણો એના વિરોધમાં હોવાથી અમાસ્યાહે તેને 'કાવતરૂં' નામ આપ્યું હશે. (૨) બીજું વિકૃત નિવેદન છેક ખરાબ તો નહોતું. "યરોબઆમ તરવારથી માર્યો જશે" એવા શબ્દો તો આમોસે વાપર્યા જ નહોતા. આમોસે તો આમ કહ્યું હતું: "યાહવેહે મને કહ્યું...'હું તરવાર લઈને યરોબઆમના વંશની વિરુદ્ધ ઊઠીશ'" (૭; ૮, ૯). એમાં તો યરોબઆમના વંશની વાત છે; અને એના દીકરાના સમયમાં એ પ્રમાણે બન્યું પણ ખરું (૨ રાજા ૧૫; ૮–૧૨). આશ્શૂરી આક્રમણથી એ વંશનો અંત આવશે એમ આમોસના કહેવાનો મતલબ સમજાય છે. 'યરોબઆમ તરવારથી માર્યો જશે' એવું જોકે

તેણે કહ્યું જ નહોતું, તથાપિ આમોસના કથનમાં ગર્ભિત રીતે એ સમાયેલું તો સમજાય જ. અને અમાસ્યાહે આમોસના શબ્દોની જેટલી ખરાબ વિકૃતિ થઈ શકે તેટલી કરી હતી. અને જોકે આ પ્રસંગે આમોસ એવું ના બોલ્યો હોય, તોપણ "ઇસ્રાએલ ગુલામગીરીમાં જશે" એવું નિવેદન અગાઉ તો તેણે કર્યું હતું જ (૫; ૨૭ : ૬; ૭, ૮).

અમાસ્યાહે રાજા પર મોકલેલી ફરિયાદમાં એક જાણવા જોગ બાબત પડતી કરવામાં આવી હતી. 'પવિત્રસ્થાનોનો નાશ કરવામાં આવશે' એ વિષે તેણે કશો ઉલ્લેખ કર્યો નહોતો. પવિત્રસ્થાનોને લગતી વાત ફરિયાદમાં દાખલ કરવામાં આવે તો રાજા કદાચ એવી વાતને હસી કાઢે, અને આમોસે પવિત્રસ્થાન પર હુમલો કરવાથી અમાસ્યાહના મોભા તથા તેની કમાણી પર ફટકો પડતાં અમાસ્યાહ ચિડાયો હશે એવું માની બેસે એ વિચારે તેણે કદાચ ફરિયાદમાં એ વાત દાખલ કરી નહિ હોય. તેથી રાજવંશ અને પ્રજા વિરુદ્ધ આમોસે જે કંઈ કહ્યું હતું એટલી જ વાત તેણે રાજા પર મોકલી (સર. પ્રે. કૃ. ૧૮; ૧૨-૧૬): એથી રાજા કોપાયમાન થશે અને એવા બંડખોર પ્રબોધક સામે પગલાં લેવાનું પોતાને ફરમાવશે એવું અમાસ્યાહને લાગ્યું હશે. પરંતુ રાજાએ શું કર્યું તે આપણે જાણતાં નથી. યરોબઆમે આમોસને મારી તો નથી જ નાખ્યો. એવું થયું હોત તો 'રાજાઓ' કે 'કાળવૃત્તાંત'નાં પુસ્તકોમાં આપણને એ જાણવાનું મળત. ઈશ્વરભક્તને મારી નાખવાની હિમ્મત કરવી એ રાજાને માટે પણ સહેલું ના જ હોય. અમાસ્યાહ સુધારણાનો વિરોધી હતો, માટે જ તે રાજવંશનો તથા રાષ્ટ્રનો હિતેચ્છુ હોવાનો દંભ કરે છે. સ્વાર્થી સુધારણા-વિરોધીઓ હંમેશાં દેશહિત આગળ ધરે છે (૭; ૧૦). ઇસ્રાએલમાં ચાલતા જૂલમાટ, અન્યાય, અધાર્મિકપણું, દરિદ્રીઓનું શોષણ, તેમજ પશ્ચાત્તાપની અગત્ય, ઝઝૂમી રહેલી શિક્ષા, એ બધું જે આમોસે કહેલું તેમાંનું કશું રાજાને તે જણાવતો નથી. આમોસે તો ખરું જોતાં જાતજાતનાં પાપો તરફ આંગળી ચીંધીને તથા શિક્ષાની આગાહી કરીને (૫; ૨૭ : ૬; ૬-૮ : ૭; ૯) શ્રોતાજનોમાં પશ્ચાત્તાપ ઉપજાવવાનું કાર્ય કર્યું હતું; પરંતુ એ વચનો તો દેશથી સહન થઈ ન શકે એવાં અમાસ્યાહને લાગ્યાં હતાં.

૭; ૧૨, ૧૩. રાજા પર મોકલેલી ફરિયાદ ધાર્યું પરિણામ લાવશે કે કેમ એ વિષે ખાતરી નહિ હોવાથી અમાસ્યાહ જાતે જ આમોસને

ઇસ્રાએલ રાષ્ટ્રમાંથી નસાડી મૂકવા પ્રયત્ન કરે છે. રાજાને મોકલાયેલી ફરિયાદ વિષે અમાસ્યાહે કદાચ આમોસને કહ્યું હશે, અને રાજાનો રોષ વહોરવામાં કંઈ સાર નથી એમ પણ જણાવ્યું હશે. આ કલમોમાં આપેલા અમાસ્યાહના શબ્દો આમોસ પ્રત્યે તિરસ્કાર સૂચવે છે. આમોસને તે ખરો પ્રબોધક (મૂળ શબ્દ 'નબી'=ઈશ્વર તરફથી આવેલો સંદેશીઓ) માનતો નથી, પણ કેવળ ભટકતો 'દષ્ટા' કહે છે; મતલબ કે આમોસને માટે અમાસ્યાહ માનવાચક 'નબી' શબ્દ નહિ વાપરતાં હલકો શબ્દ (ચોઝેહ) વાપરે છે.

દષ્ટા: મૂળ શબ્દ 'ચોઝેહ' છે. બીજો એવો શબ્દ 'રોએહ' (૧ શમ. ૯માં વારંવાર વપરાયેલો) છે. બન્ને શબ્દ લગભગ સમાનાર્થી છે, તથાપિ 'ચોઝેહ'માં (સ્વપ્નાવસ્થામાં કે તલ્લીનાવસ્થામાં) 'જોવા' કરતાં 'સાંભળવા' તરફ વિશેષ ઝોક રહેલો છે.

'દર્શનો'ની વાત વડે ભોળા લોકોને ભમાવી તેમની પાસેથી કેવળ પૈસા કઢાવવાની દાનતથી આમોસ પોતાનો દેશ (યહુદાહ) છોડી આ દેશ (ઈસ્રાએલ)માં આવ્યો છે એવું અમાસ્યાહ કહેવા માગતો હતો: એવી રદ્દી વાતો યહૂદીઓ ભલે સાંભળે, અને એમાંથી આમોસનો નિર્વાહ થઈ રહેશે; પરંતુ ઉત્તરના રાજ્યના ઈસ્રાએલ લોકો તો એવા માણસનું સાંભળશે નહિ, તેમજ બેથેલ જે રાજમંદિર છે ત્યાં એને એવો બકવાટ કરવા દેશે નહિ. બેથેલ, જેનો અર્થ જ 'ઈશ્વરનું ઘર' થાય છે (ઉત. ૨૮; ૧૭-૧૯) તે રાજમંદિર હોવાથી તેમાં ઈશ્વરનું વચન સંભળાવવામાં આવે એ અમાસ્યાહને પસંદ પડતું નથી એ વાત જ આપણને તો બેહૂદી લાગે છે. આધ્યાત્મિક બાબતે અમાસ્યાહ એટલો બધો મંદ હતો કે તેને પોતામાં રહેલી કોઈ ક્ષતિ દેખાતી નથી. અમાસ્યાહની કહેવાની મતલબ તો એ જ થઈ કે રાજા જ્યાં ભજન કરતો હોય ત્યાં સત્યને દાબવું, અને મીઠી મીઠી વાતો જ કરવી (યશ. ૩૦; ૯, ૧૦). એવા સ્થાનમાં સત્યનું ઉચ્ચારણ ઈશ્વરનિંદા અને 'કાવતરા'માં જ ખપે. ખરા પ્રબોધકને તેનો સંદેશો પ્રગટ કરતાં અટકાવવો, તેનું નહિ સાંભળવું ને તેને હાંકી કાઢવો એ ઐશ્વરી ચેતવણી પ્રત્યે બેદરકાર થવા ને આફત માગી લેવા બરાબર છે. પવિત્રસ્થાન તો ઇશ્વરનું જ હોવું જોઈએ (નિર્ગ. ૨૫; ૮: લેવીય ૧૯; ૩૦: ૨૬; ૨). પરંતુ ઈશ્વરનું સ્થાન જ્યાં રાજાએ કે અન્ય કોઈએ લીધું હોય ત્યાં ખરા પ્રબોધકનું કોઈ ના જ સાંભળે, ને તેના

અવાજને ગુંગળાવવામાં આવે એ સ્વાભાવિક જ છે (ક. ૧૩). પરંતુ તકોઆનો આ ગોવાળિયો તો નીડર માણસ હતો. તે તો "માણસોના કરતાં ઈશ્વરનું અમારે વધારે માનવું જોઈએ" (પ્રે. કૃ. ૫; ૨૯) એવું પ્રમુખ યાજકને કહેતાં નહિ ડરનાર પ્રેરિતોનો અગ્રગામી હતો.

પ્રબોધકોમાં પણ નકલખોર માણસો પેસી ગયા હતા (મીખ. ૩; ૫). તેથી આમોસને કેવળ એવો પેટભરૂ પ્રબોધક સમજીને અમાસ્યાહે એવું અશ્લીલ વર્તન દાખવ્યું હોય એ સંભવિત છે. ખોટા કે બનાવટીને કારણે અનેકવાર ખરાને પણ ખમવું પડે છે એ નિર્વિવાદ વાત છે. 'પ્રબોધ' કરવો એ એવા નકલખોરોનો ધંધો થઈ ગયો હતો (૧ રાજા ૨૨; ૬, ૧૩: યિર્મે. ૫; ૩૧: ૨૩; ૧૧, ૧૬, ૧૭, ૨૫-૨૮: ૨૮; ૧-૪: ૨૯; ૮, ૯: હઝ. ૧૩; ૧૯). શમૂએલે તેના સમયના એવા પ્રબોધકોની વ્યવસ્થિત ટોળીઓ કરી હતી (૧ શમ. ૧૯; ૨૦), અને એવી ટોળીઓ 'પ્રબોધકોના પુત્રો' કહેવાતી (૧ રાજા ૨૦; ૩૫: ૨ રાજા ૨; ૩, ૫ વગેરે). એવી ટોળીઓમાંથી કોઈ કોઈ વાર મીખાયાહ જેવો કોઈ અલંગ પણ પડી જતો (૧ રાજા ૨૨; ૮).

ખરા પ્રબોધકો ધંધા તરીકે કે કમાણીને અર્થે પ્રબોધ કરતા નહોતા. તેઓ "મીઠી મીઠી" કે "શાંતિ"ની વાતો (યશા. ૩૦; ૯, ૧૦: યિર્મે. ૫; ૩૧) બોલતા નહોતા. તેઓ તો પાપને માટે ધમકી આપતા (યશા. ૫૮: ૧: યિર્મે. ૨૫; ૪-૬), આવનાર આફતની ચેતવણી આપતા (યિર્મે. ૨૬; ૬, ૯), અને કોઈની શેહશરમ રાખ્યા વગર ઈશ્વરે સોંપેલી સેવા સમજીને જે કંઈ સત્ય હોય તે જ નીડરતાથી પ્રગટ કરતા (હઝ. ૨; ૩-૭). એથી તેમને કમાણી તો નહિ પણ સતાવણી મળતી, અને અનેકે પ્રાણ પણ ગુમાવ્યો હતો (મા. ૨૩; ૩૦, ૩૧, ૩૫, ૩૭).

૭; ૧૪, ૧૫. અમાસ્યાહ સાથે થતી વાતચીત વખતે તો આમોસ પ્રબોધક હતો જ. તેના નકારાત્મક નિવેદનની મતલબ આ છે: હું રીતસરનો ધંધાદારી પ્રબોધક કે પ્રબોધકનો પુત્ર (હીબ્રુમાં 'બેન-નબી') કે પ્રબોધકની ટોળીનો સભ્ય (૧ શમ. ૧૦; ૫, ૧૦: ૧ રાજા ૨૦; ૩૫: ૨૨; ૭, ૮: ૨ રાજા ૨; ૩, ૫, ૭, ૧૫: ૪; ૧, ૩૮: ૫; ૨૨: ૬; ૧: ૯; ૧-૩) નથી, કે પેટ ભરવાની ખાતર એવી રાજ ખટપટ કરૂં; મારો ધંધો તો જુદો જ છે, એટલે ઘેટાં સાચવવાનો (૧;૧) ને ગુલ્લર વૃક્ષો સંભાળવાનો; અને એ કામ કરતાં કરતાં મને શુદ્ધ ઈશ્વરનું તેડું મળ્યું

હતું, ને તેણે જ મને આ સેવા સોંપી હતી (સર. નિર્ગ. ૩; ૧–૧૨: ૨ શમ. ૭; ૮: ગીત. ૭૮; ૭૦–૭૧), જેને હું ના પાડી શક્યો નહિ (૩; ૮). આમોસ તો કેવળ સાધારણ ગ્રામ્ય જન હતો, પરંતુ તેથી તેની મારફતે પ્રગટ કરાયેલું ઈશ્વરનું વચન કોઇ રીતે ઓછું અધિકારયુક્ત કે વજનદાર હતું એમ સમજવાનું નથી. સાધારણ રીતે તો નબળાં સાધનો પસંદ કરવાની જ ઈશ્વરની રીત હોય છે (૧ કોર. ૧; ૨૬–૨૯).

ગુલર વૃક્ષો : આ વૃક્ષનાં ફળ મુખ્યત્વે ગરીબ લોકનો ખોરાક હતો (૧ રાજા ૧૦; ૨૭). એને ઉમરડો પણ કહે છે (હીબ્રુમાં 'શિક્મા'). એના ફળમાં અમુક જાતની ઝીણી જીવાત પડે છે. એ જીવાત દૂર કરવા માટે આમોસ જે ક્રિયા કરતો હતો તે પરથી તે પોતાને 'સોરનાર' (હીબ્રુમાં 'બોલેસ') કહે છે.

૭; ૧૬; ૧૭ : આમોસ તો યાહવેહે સોંપેલું કામ કરતો હતો (કલમ ૧૫). દાઊદ રાજાના સમયમાં સમસ્ત હેબ્રી લોકો એક જ પ્રજા હતા (૨ શમ. ૫; ૧–૫: ૧ કાળ. ૧૧; ૧–૩), જેની દૃષ્ટિમાં 'ઇસહાકના વંશજો' તરીકે યહુદાહના તથા ઈસ્રાએલના લોકો એક જ હતા (૩; ૧) તેણે જ પ્રબોધસેવા કરવા માટે આમોસને તકોઆથી બેથેલ મોકલ્યો હતો. તેથી અમાસ્યાહને આમોસ કહે છે: "તું કહે છે (કલમ ૧૬)"; તો એવા પાપની શિક્ષા તરીકે હવે "યાહવેહ કહે છે (કલમ ૧૭)." અગાઉ જે કંઈક મોઘમ રીતે કહેવામાં આવ્યું હતું (૭; ૯) તે હવે વધારે સ્પષ્ટ રીતે ને વિગતવાર કહેવામાં આવે છે. વળી અગાઉ, તેમજ આમોસના શબ્દોની વિકૃતિ કરીને અમાસ્યાહે કરેલી ફરિયાદમાં (૭; ૧૧) અમાસ્યાહ વિષે કે તેના કોઈ કુટુંબી જન વિષે કશું કહેવામાં આવ્યું નહોતું; પણ હવે યરોબઆમ તથા તેના કુટુંબનું નામ છુપાઈ જાય છે, અને અમાસ્યાહ તથા તેનાં કુટુંબી જનોનાં નામ છતાં થાય છે. બારૂખે લખેલાં યર્મેયાહનાં વચનોના સંબંધમાં જે બન્યું હતું (યિર્મે. ૩૬; ૧૭–૩૨) તેનું સ્મરણ કરાવે એવી આ ૧૭ મી કલમ છે. કલમ દ્વેષીલી ને ખારીલી લાગે છે ખરી; તથાપિ ચેતવણી મળ્યા છતાં જો ઈસ્રાએલ પશ્ચાત્તાપ ન કરે તો આમોસે કરેલી આગાહી પ્રમાણે જ બને, કારણ કે વિજેતા રાજા કે દેશ પરાજિત દેશના હાલ તે જમાનામાં બહુધા કલમ ૧૭ પ્રમાણે જ કરતો; મતલબ કે દ્વેષભાવથી નહિ, પરંતુ તે જમાનાનું વર્તન ધ્યાનમાં રાખીને જ આમોસે આગાહી કરેલી છે. અમાસ્યાહના સંબંધમાં પણ

જાતની શિક્ષાની આગાહી કરવામાં આવેલી છેઃ (અ) અમાસ્યાહની સ્ત્રી પરદેશમાં વેશ્યા બનશે. યુદ્ધ કેદીઓમાંની સ્ત્રીઓના સાધારણ રીતે એ જ હાલ થતા (યશા. ૧૩; ૧૬: યિ. વિ. ૫; ૧૧: ઝખ. ૧૪; ૨); (બ) અમાસ્યાહનાં સંતાનો માર્યાં જશે, ને તેમનું વતન આક્રમણકારો લઈ લેશે. પરિસ્થિતિ એવી ભયંકર થશે, કે અમાસ્યાહ કેવળ લાચાર બનશે, ને તેના દેખતાં તેનાં કુટુંબીજનોની એ હાલત બનશે. (ક) તે પોતે યાજક હોવા છતાં "અપવિત્ર ભૂમિ"માં એટલે પરદેશમાં મરણ પામશે.

**અપવિત્ર ભૂમિ:** યાહવેહ કનાનમાં જ વસે છે, અને કનાન યાહવેહની ભૂમિ છે માટે કનાન 'પવિત્ર', અને એ સિવાયના દેશોની ભૂમિ મૂર્તિપૂજાને કારણે તથા અન્ય દુરાચરણોને કારણે 'અપવિત્ર' છે એવી તે સમયની માન્યતા હતી (૧ શમ. ૨૬; ૧૯, ૨૦: ૨ રાજા ૫; ૧૭: યશા. ૨૪; ૫: યિર્મે. ૨; ૭: હઝ. ૪; ૧૩: હો. ૯; ૩–૫).

યાજક એટલે 'પવિત્ર' સેવામાં જોડાયેલો માણસ (નિર્ગ. ૨૮; ૧–૫, ૩૬–૪૩: લેવીય ૨૧; ૧૬–૨૪), તેની સ્ત્રી એટલે 'પવિત્ર' સ્ત્રી, અને તેનું વતન એટલે 'પવિત્ર' વતન—એ ત્રણે સ્થાનભ્રષ્ટ થવાનાં હતાં. તે જમાનામાં હરકોઈને માટે જે ભારેમાં ભારે શિક્ષા અને અપમાન ગણાય તે અમાસ્યાહને માથે આવી પડવાનું હતું.

તેમ છતાં શિક્ષા કેવળ અમાસ્યાહ અને તેનાં કુટુંબી જનો પર જ પડવાની છે એમ નથી. એ તો આખા દેશને આવરી લેવાની છે. આખા દેશના લોકને ગુલામગીરીમાં જવાનું હતું. અમાસ્યાહે ફરિયાદમાં રાજાને જે જણાવ્યું હતું (કલમ ૧૧) તે સાચું જ પડવાનું છે એમ આમોસ જણાવે છે. દેશને આક્રમણકારો વહેંચી લેશે, ને પ્રજાને ગુલામ તરીકે વિજેતાઓના દેશમાં લઈ જવામાં આવશે (૨ રાજા ૧૭; ૨૦–૨૪: યિર્મે. ૬; ૯–૧૫: મીખ. ૩; ૪, ૫). અમાસ્યાહ કેવળ ધમકીનાં વચનો ઉચ્ચારી શકે છે (૭; ૧૨, ૧૬), જેનો ઉત્તર યાહવેહ કૃત્ય દ્વારા આપવાનો હતો. એ પછી અમાસ્યાહનું શું થયું તે વિષે કશું જાણવાનું મળતું નથી.

આ આગાહી પછી ચાળીસેક વર્ષે તે પ્રમાણે બન્યું. પ્રબોધકે ચેતવણી તો આપી, પરંતુ ચેતવણી પર કોઈએ ધ્યાન દીધું નહિ, પશ્ચાત્તાપ કર્યો નહિ, જેથી આખરે તેમને આશ્શૂર દેશની ગુલામગીરીમાં જવું જ પડ્યું.

(ઈ) ઉનાળાનાં ફળોની ટોપલીનું સંદર્શન (૮; ૧, ૨)

અમાસ્યાહે તો આમોસને તેના પોતાના દેશમાં (યહુદાહ) જતા રહેવાનું ફરમાવેલું (૭; ૧૨, ૧૩). પરંતુ તે જતો રહ્યો હશે કે કેમ એ વિષે કશું જાણવાનું મળતું નથી. તે જતો રહ્યો હોય, તોપણ આ નીડર ગોવાળિયો યાહવેહના ફરમાનથી વધુ સંદેશો આપવા બેથેલ પાછો ફર્યો હશે. જેની પાસે ઈશ્વરનો સંદેશો છે તે ચુપચાપ બેસી રહી શકતો નથી (યિર્મે. ૨૦; ૯: પ્રે. કૃ. ૪; ૧૮-૨૦: ૧ કોર. ૯; ૧૬). વળી અમાસ્યાહ સાથેની વાતચીત (૭; ૧૦-૧૭) પછી કેટલી મુદ્દત વીત્યા બાદ આ સંદર્શન પ્રગટ કરવામાં આવ્યું હશે તે જાણવાનું પણ કશું સાધન આપણી પાસે નથી. આ સંદર્શનનું દૃશ્ય તેણે ખરેખાત જોયું, કે પછી એ બધી તેની તલ્લીનાવસ્થાની વાત છે તે નક્કી કહી શકાય એમ નથી. પરંતુ પાલેસ્ટાઈન દેશનો પાછલો ઉનાળો (ઑગસ્ટ કે સપ્ટેમ્બર) જયારે ગરમીનું પ્રમાણ વધેલું હોય છે ત્યારની આ વાત હોવા સંભવ છે. આમોસનાં વચનો તે બોલાયાના ક્રમે જ નોંધાયાં હોય તો કહેવું પડે કે તે અમાસ્યાહથી ડરી ગયો નથી, કારણ કે સંદર્શન કહી રહ્યા પછી તે રોજીંદા વેપાર રોજગારમાં થતો દગો નીડરતાથી ખુલ્લો પાડે છે.

**પ્રભુ યાહવેહે મને આ પ્રમાણે દર્શાવ્યું: ઉનાળામાં થતાં ફળની એક ટોપલી [મારા જોવામાં આવી]. ²તેણે મને પૂછ્યું, આમોસ, તું શું જુએ છે? ત્યારે મેં કહ્યું, ઉનાળામાં થતાં ફળની એક ટોપલી. ત્યારે યાહવેહે મને કહ્યું, મારા ઈસ્રાએલ લોકનો અંત આવી પહોંચ્યો છે; હું હવે પછી કદી પણ તેમને દરગુજર કરીશ નહિ.**

૮; ૧, ૨. આ ચોથું સંદર્શન છે. જેમ ૭; ૮માં પ્રશ્નોત્તર થાય છે તેમ આ સંદર્શનમાં પણ થાય છે. "ઉનાળાનાં ફળ" (૨ શમ. ૧૬; ૨: યિર્મે. ૪૦; ૧૦) માટે વપરાયેલો હીબ્રુ શબ્દ "કૈત્સ" છે, અને "અંત" માટે વપરાયેલો હીબ્રુ શબ્દ "કેત્સ" છે. આ શ્લેષાલંકાર છે. એક શબ્દ પરથી તેને મળતા આવતા ઉચ્ચારનો પરંતુ જુદા અર્થનો બીજો શબ્દ સૂચવાય છે. અને એવો જ શ્લેષાલંકાર યિર્મેયાહને થયેલા સંદર્શનમાં (યિર્મે. ૧; ૧૧, ૧૨) પણ મળે છે. ત્યાં "બદામડી" માટે "શાકેદ" અને "જાગૃત" માટે "શોકેદ" શબ્દો વાપરવામાં આવેલા છે. અગાઉ (૭; ૮) જેવો પ્રશ્ન જે હેતુથી પૂછવામાં આવ્યો છે તેવો જ પ્રશ્ન તે જ હેતુથી અહીં પણ પૂછવામાં આવ્યો છે. ત્રીજું સંદર્શન (૭; ૭-૯) એમ દર્શાવવા માટે હતું કે ઈશ્વર તરફથી ન્યાયશાસન આવવાનું છે એ ખાતરીની વાત

છે. આ ચોથું સંદર્શન એમ બતાવવા માટે છે કે ન્યાયશાસન છેક નજીક આવી પહોંચ્યું છે. અહીં જે શ્લેષાલંકાર છે તેમાં શબ્દરમત કરતાં કંઈક વિશેષ રહેલું છે: 'કૈત્ઝ' તો ઉનાળાનાં ફળ (અંજીર)નો બીજો ફાલ હતો, જે ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં ઊતરતો હતો. એ સમય ઈસ્રાએલના બંદીવાસ અગાઉના સમયમાં વર્ષનો અંત ગણાતો હતો. પ્રથમ ફાલનાં અંજીરો જુન માસમાં પાકતાં હતાં. તે બીજા ફાલના કરતાં વધુ મીઠાં ને સ્વાદિષ્ટ રહેતાં, અને બીજા ફાલનાં ઊતરતા પ્રકારનાં હતાં. વર્ષનો એ છેલ્લો ફાલ હતો, જેથી 'અંત' આવી પહોંચ્યો હતો (મીખ. ૭; ૧). આ સંદર્શન આપણને યિર્મેયાહના શબ્દોનું સ્મરણ કરાવે છે: "કાપણી વીતી ગઈ છે, ઉનાળો સમાપ્ત થયો છે, તો યે અમે તારણ પામ્યાં નથી" (યિર્મે. ૮; ૨૦). ફળ પાકતાં તે ખરી પડે છે અથવા તેને ઉતારી લેવાનું હોય છે, તેમ વિનાશને માટે રાષ્ટ્ર તરીકે ઈસ્રાએલ લોક પાકી ચૂકયા હતા (હઝ. ૭; ૩, ૫, ૬: યોએ. ૩; ૧૩). તેમણે ચેતવણીઓ લક્ષમાં લઈને પશ્ચાત્તાપ કરવો જોઈતો હતો, પણ તે તેમણે કર્યું નહિ, માટે યાહવેહ હવે દરગુજર કરવાનો નથી (૮; ૨, ૭, ૮). તેમનાં પાપોએ (લોભ, દગો, છેતરપિંડી, અન્યાય, અપ્રમાણિકપણું, ગરીબો પર ગુજારેલો અત્યાચાર, દંભી ધર્મપાલન, વગેરે) ઐશ્વરી ન્યાયશાસન માટે તેમને પરિપકવ કરી મૂકયા હતા. પ્રબોધકની વાણીની તેઓએ અવગણના કરી હતી, ઈશ્વર સાથે કરારનો જે સંબંધ હતો તે તૂટયો હતો, જેનું પરિણામ તેમણે હવે ભોગવવાનું જ હતું. ઈશ્વર શિક્ષા કરવામાં જે વિલંબ કરે છે તે માણસને માટે પશ્ચાત્તાપ કરવાની તક છે (૨ પી. ૩; ૯); પણ પશ્ચાત્તાપ કરવામાં જે વિલંબ કરે છે તે ઈશ્વરના કોપને માટે જ પોતાને તૈયાર કરે છે (આને મળતા સંદર્શન માટે જુઓ યિર્મેયાહ અધ્યા. ૨૪ મો).

ઉનાળામાં થતાં ફળની એક ટોપલી : 'ટોપલી' માટે અહીં વપરાયેલો હીબ્રુ શબ્દ 'કેલુબ' છે, જે યિર્મેયાહના પુસ્તકમાં પણ મળે છે. ત્યાં એનો તરજુમો 'પાંજરૂં' કરેલો છે (યિર્મે. ૫; ૨૭); મૂળ શબ્દ પ્રમાણે કોઈક જાળીદાર વસ્તુ સમજવાની છે, જેમકે 'કરંડિયો'.

**ઈસ્રાએલનાં પાપો, અને તેની થનાર શિક્ષા (૮; ૩-૧૦)**

શ્રીમંત માણસો દરેક તકનો ઉપયોગ પોતાનાં લાભને માટે કરવા માગતા હતા. ગરીબોનું ગમે તે થાય, પરંતુ પોતાના ભંડારો ભરાય

એ જ તેમની દાનત હતી. દા. ત. યોગ્ય વેતન આપ્યા વગર ગરીબો પાસે મહેનત મજૂરી કરાવવી (યિર્મે. ૨૨; ૧૩, ૧૪: મીખ. ૩; ૯, ૧૦), ગરીબોની રહીસહી મિલકત છીનવી લેવી (યશા. ૫; ૮: મીખ. ૨; ૨) વગેરે જે અસામાજિક પ્રવૃત્તિઓની સામે અન્ય પ્રબોધકોને અવાજ ઉઠાવવો પડતો હતો તેવી જ પ્રવૃત્તિઓ આમોસના સમયમાં પણ ચાલતી હતી, જેની સામે આમોસને અવાજ ઉઠાવવો પડે છે. આ ફકરામાં અધ્ય. ૧–૬નો પડઘો પડે છે. વ્યાપાર રોજગારમાં ગરીબો પર ગુજારવામાં આવતો જુલમ (કલમ ૪–૭) અગાઉ કહેવાયેલી વાતનું (૨; ૬–૮) સ્મરણ કરાવે છે. વારંવાર વપરાયેલા "અમે" સર્વનામ (કલમ ૫ ને ૬) પરથી આજનાં જુદાં જુદાં ધંધાદારી સંગઠનોની માફક તે સમયે પણ વેપારીઓનું કોઈક જાતનું સંગઠન હોય એવું લાગે છે. અગાઉના અધ્યાયો પરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે ભ્રષ્ટાચાર સમસ્ત રાષ્ટ્રમાં દરેક ક્ષેત્રે પ્રવર્તી રહેલો હતો. તેથી આ ફકરામાં કરાયેલી વેપારીઓની વાત કદાચ કેવળ દાખલા તરીકે સમજવાની હોય. ગરીબો પણ તેમના ક્ષેત્રમાં એક કે અન્ય રીતે ગુનેગાર હતા. આખી પ્રજા એકંદરે ભ્રષ્ટ થઈ ગઈ હતી, ને શિક્ષાને માટે પાકી ચૂકી હતી. તથાપિ આમોસને જે 'અંત' ઝઝૂમી રહેલો લાગતો હતો, તે તેમને દૃષ્ટિગોચર થતો નહોતો (સરખાવો મા. ૨૪; ૩૮, ૩૯).

**૩ વળી યાહવેહ કહે છે, કે તે દિવસે મંદિરનાં ગીતોને ઠેકાણે રડાપીટ થઈ રહેશે; મુડદાંના ઢગલા થશે; સર્વ સ્થળે તેઓ ચુપચુપ તેમને બહાર નાખી દેશે.**

**૪ તમે દરિદ્રીઓને ગળી જવાની, તથા દેશના ગરીબોનો અંત
આણવાની ઇચ્છા રાખીને કહો છો, કે ૫ ચંદ્રદર્શન ક્યારે વીતે કે
અમે અનાજ વેચીએ? અને સાબ્બાથ [ક્યારે ઊતરે], કે અમે ઘઉં
ખુલ્લા મૂકીએ? અને એફાહ નાનો રાખીને ને શેકેલ મોટો રાખીને ને
ખોટાં ત્રાજવાં કાટલાંથી ઠગાઇ કરીને, ૬ અમે ગરીબોને રૂપું આપીને
ખરીદીએ, ને એક જોડ ખાસડાં આપીને દરિદ્રીઓને ખરીદીએ, ને
ઘઉંનું ભૂસું વેચીએ [એવા વિચાર કરનારા], તમે આ સાંભળો:
૭ યાહવેહે યાકૂબના મહત્ત્વના સોગન ખાધા છે, કે નિશ્ચે હું
તેઓનું એકે કામ કદી ભૂલી જઇશ નહિ. ૮ શું એને લીધે દેશ ધ્રૂજશે
નહિ, ને તેમાં રહેનાર દરેક જન શોક નહિ કરશે? હા, તે તમામ
નદી[ની રેલ]ની પેઠે ચઢી આવશે; અને તે ખળભળીને મિસરની
નદીની પેઠે પાછો ઊતરી જશે. ૯ તે દિવસે હું સૂર્યને ખરે બપોરે**

**અસ્ત પમાડીશ, ને હું ધોળે દિવસે પૃથ્વીને અંધકારમય કરીશ, એમ પ્રભુ યાહવેહ કહે છે. ૧૦ વળી હું તમારા ઉત્સવોને શોકરૂપ, ને તમારાં સર્વ ગીતોને પરજીઆરૂપ કરી નાખીશ; હું સર્વ કમરો પર તાટ વીંટાળીશ, ને દરેકનું માથું મૂંડાવીશ; હું એકના એક પુત્રને માટે શોક કરવા જેવો પ્રસંગ લાવીશ, અને તેનું છેવટ ક્લેશમય દિવસ જેવું કરીશ.**

(કલમ ત્રીજી કલમો નવ ને દશની વચ્ચે વિશેષ બંધબેસતી લાગે છે, માટે તેની વિચારણા ત્યાં કરવામાં આવશે અગાઉ ૫; ૭ ના સંબંધમાં એવું જ કરવામાં આવેલું છે.)

૮; ૪-૬. અનાજના વેપારીઓ ખેડૂતો પાસેથી અનાજ ખરીદીને શહેરી જનોને વેચવાનો જે ધંધો કરતા હતા તેમાં તેમની નીતિ ખેડૂત તેમજ ગ્રાહક એ બન્નેને ઠગવાની હતી. તોલ, માપ, વજન એ બધામાં દગો દઇને તેઓ એ ધંધો કરતા હતા. એથી ખેડૂતને યોગ્ય વળતર મળતું નહિ, જેથી વરસોવરસ ખેડૂત વધારે ને વધારે ગરીબ બનતો જતો હતો; અને શહેરોના ગરીબ માનવીઓ તેમની જરૂરિયાત પૂરતી ખરીદી કરવાની શક્તિ ગુમાવતા રહ્યા હતા. અને એ બન્નેને ભોગે કણિયો માલેતુજાર બનતો જતો હતો. વખત જતાં ઉત્પાદક ખેડૂતને કણિયા પાસેથી અનાજ ઊછીનું લેવાનો વારો આવતો; અને એમ વરસોવરસ થતાં તે પોતાની જમીન ગુમાવી બેસતો, અથવા તે દેવાદાર થઇ જાય તો દેવું ભરપાઈ કરવા નિયમનો (લેવીય ૨૫; ૩૯) અનાદર કરીને વેપારી તેને ગુલામ કરી લેતો. શહેરોના ગરીબ ગ્રાહકો પણ વખત જતાં એવી જ તંગ હાલતમાં મુકાઈ જતા (ની. વ. ૨૨; ૭). ચોખ્ખું અનાજ એટલું બધું મોંઘું મળતું કે તેને બદલે જરા ઓછા ભાવે વેચાતો ઘઉંની સાફસૂફીના કચરો તેઓને ખરીદવો પડતો. એવી રીતે વેપારીઓ ગરીબોને ચૂસી ખાતા હતા. વેપારરોજગારમાં નેકી જાળવવા માટે જે નિયમ તેમને આપવામાં આવ્યો હતો (લેવીય ૧૯; ૩૫, ૩૬: પુન. ૨૫; ૧૩-૧૬) તેનો તેઓ નિર્ભયતાથી ભંગ કરતા હતા, ને યાહવેહનો અણગમો વહોરી લેતા હતા (ની. વ. ૧૧; ૧:૧૪; ૩૧: ૨૦; ૧૦, ૨૩: હો. ૧૨; ૭: મીખ. ૬; ૧૦-૧૨). નવા યરૂશાલેમનું જે દર્શન હઝકીએલને (અ. ૪૦-૪૮) થયું હતું તેમાં તેણે યોગ્ય માપ, વજન, વગેરે રાખવાની અગત્ય ધ્યાનમાં લીધેલી છે (હઝ. ૪૫; ૯-૧૨).

**ચંદ્રદર્શન:** હીબ્રુ શબ્દ છે 'ખોશેદ'. એનો તરજુમો 'અમાસ' કે 'અમાવાસ્યા' પણ કરવામાં આવેલો છે (૧ શમ. ૨૦; ૫, ૧૮, ૨૪: ૨ રાજા ૪; ૨૩: ૧ કાળ. ૨૩; ૩૧: ૨ કાળ. ૨; ૪: ૮; ૧૩: ૩૧; ૩: એઝ. ૩; ૫: નહે. ૧૦; ૩૩: ગીત ૮૧; ૩: યશા. ૧; ૧૩: ૬૬; ૨૩: હઝ. ૪૫; ૧૭: ૪૬; ૩, ૬: ૩૬, હો. ૨; ૧૧). વળી મહિનો કે માસ તરીકે (૨૦૦ ઉપરાંત વખત) પણ તરજુમો કરાયેલો છે. આપેલાં શાસ્ત્ર-વાક્યોમાંનાં અનેકમાં ચંદ્રદર્શન ( અમાવાસ્યા કે અમાસ ) અને સાબ્બાથ સાથે ને સાથે માલૂમ પડે છે. ચંદ્રદર્શન મહિનાનો શરૂઆતનો દિવસ હતો, અને એ ખાસ રીતે પાળવામાં આવતો હતો (ગણના ૧૦; ૧૦: ૨૮; ૧૧–૧૫). એ બન્ને તહેવારના દિવસો હતા, અને સાબ્બાથની પેઠે 'ખોશેદ'ના દિવસે પણ તમામ કામધંધો બંધ રાખવાનો હતો. સાક્ષરોના સામાન્ય અભિપ્રાય પ્રમાણે બંદીવાસ અગાઉના સમયમાં બન્ને દિવસો માસિક ઉત્સવો (એક અમાસનો, અને બીજો પૂર્ણિમાનો) હતા, પરંતુ જતે દહાડે સાબ્બાથ (નિર્ગ. ૨૦; ૮–૧૧: પુન. ૫; ૧૨–૧૫) સાપ્તાહિક તહેવાર બની ગયો.

એ બન્ને દિવસોએ કામકાજ બંધ રાખવાનું હોવાથી આ લોભી વેપારીઓ એ દિવસોને નડતરરૂપ ગણાતા હતા, કારણ કે એથી તે દિવસોની કમાણી તેઓ ગુમાવતા. એ દિવસોએ તેઓ મંદિરમાં તો જતા, ને ઈશ્વરનું ભજન કરવા ગયેલા હોવાનો દેખાવ કરતા; પરંતુ ખરું જોતાં તો તેઓ દ્રવ્યની જ સેવા કરતા હતા. એવા દિવસો ક્યારે વીતી જાય એની જ રાહ સ્વાભાવિક રીતે લોભી વેપારીઓ જોતા રહે. જે પૈસાનો પૂજારી બને છે તેની દૃષ્ટિમાં ઈશ્વરભજન, માનવતા જેવી બાબતો તુચ્છ ગણાય છે. ઈશ્વરની સંગત કરતાં લોકોને ઠગીને પૈસો મેળવવામાં તેઓ વિશેષ આનંદ અનુભવે છે.

**એફાહ નાનો રાખીને ને શેકેલ મોટો રાખીને:** અમુક વજનનું અનાજ ભરવા માટે 'એફાહ' એ એક જાતનું માપ હતું (નિર્ગ. ૧૬; ૩૬: હઝ. ૪૫; ૧૧ વગેરે). જો એ સાચું, માન્ય કરાયેલું માપ હોય તો એફાહમાં લગભગ એક મણ જેટલું અનાજ સમાઈ શકે. પરંતુ આ ઠગારા વેપારીઓ ખરા માપને બદલે નાનું માપ વાપરતા, જેથી ખરીદનારને લગભગ મણને બદલે કદાચ કેવળ પોણો મણ જેટલું મળતું. ઠગવાની એ એક રીત હતી. પરંતુ તેઓ બીજી રીતે પણ ઠગતા. શેકેલ જાતજાતના હતા (નિર્ગ. ૩૦; ૨૩, ૨૪: ગણ. ૭; ૧૩, ૧૪: યહો. ૭; ૨૧:

૧ શમ. ૧૭; ૫, ૭ : ૨ શમ. ૧૪; ૨૬ : હઝ. ૪૫; ૧૨ વગેરે). અહીં ઉલ્લેખાયેલો 'શેકેલ' અમુક વજનનું કાટલું હતું, અને સંભવ છે કે તે ખાસ સુંવાળેલા પથ્થરનું બનાવેલું હતું. તોળતી વખતે ત્રાજવાના એક પલ્લામાં 'શેકેલ' પથ્થરો મુકાતા, અને બીજા પલ્લામાં ઘઉં કે બીજું કંઈ અનાજ. હવે માન્ય કરાયેલા કરતાં વધારે વજનનો શેકેલ વાપરવાથી અનાજ ખરીદતી વખતે વેપારી ઠરાવેલી કિંમતમાં વધારે અનાજ મેળવતો, અને વેચવું હોય ત્યારે એવા શેકેલથી વધારે રૂપું મેળવતો. 'શેકેલ' વિશેષ કરીને તો વેચેલી ચીજની કિંમત વસૂલ કરવામાં વપરાતો. એ વડે રૂપું કે સોનું તોળાતું. બંદીવાસમાંથી પાછા આવ્યા પછી હેબ્રીઓ છાપેલું નાણું વાપરતા થયા હતા. ત્યાર પહેલાં તો તેઓ મોટે ભાગે સોના કે રૂપાના કટકા તોળીને હિસાબ ચૂકવતા (ઉત્પ. ૨૩; ૧૬ : ૨ શમ. ૨૪; ૨૪ : ૨ રાજા ૧૫; ૨૦: ૧ કાળ. ૨૧; ૨૫). એમ ખેડૂત તથા ગ્રાહક એ બન્નેને વેપારી ઠગતો. સમરૂન શહેરનાં ખંડિયેરોમાંથી આ ઠગબાજીના પ્રમાણરૂપ એક 'શેકેલ' મળી આવેલો છે. એનું વજન ૧૩૫ 'ગ્રેઈન' (ચોખાભાર કે જવભાર) હોવું જોઈએ, ત્યારે તે ૧૫૬ 'ગ્રેઈન'નો હતો. કલમ ૬માં આમોસ દોઢેક રૂપિયાની કિંમત જેટલા રૂપેરી શેકેલનો વિચાર કરતો લાગે છે. એક જોડ ખાસડાં (જોડાં કે ચંપલ)ની કદાચ એટલી કિંમત તે સમયે થતી હોય. 'એક જોડ ખાસડાં'ની કિંમત જેટલું નજીવું દેવું જો કોઈથી વાળી શકાતું ન હોય તો એટલું જૂજ દેવું વસૂલ કરવા માટે પણ વેપારી એ દેવાદારને કે તેના કોઈ કુટુંબી જનને ગુલામ કરી લેતો (૨; ૬); પછી તે એને પોતાના ગુલામ તરીકે રાખતો, અથવા નફો લઈને અદોમીઓને (૧; ૬, ૯) કે ગુલામોનો ધંધો કરનાર અન્ય કોઈને વેચી દેતો. એમ આ વેપારીઓ "દેશના ગરીબોનો અંત આણવાની" (૮; ૫) પરિસ્થિતિ ઊભી કરતા.

**ઘઉંનું ભૂસું વેચીએ :** ઘઉં સાફ કરતાં કાંકરા, સડેલા દાણા, ફોતરાં વગેરે જે કચરો નીકળે છે, જે કેવળ ફેંકી દેવાનો હોય છે તેમાંથી પણ તેઓ પૈસો બનાવતા. ગમે તેમાંથી અને ગમે તે રીતે તેમને પૈસો મળે એ જ એમની દાનત હતી. આમોસે એ બધું થતું જોયું હશે, અને પોતે પણ એનો ભોગ બન્યો હશે.

[ પરંતુ ખરું જોતાં "ગરીબોને રૂપું આપીને ખરીદીએ, ને એક જોડ ખાસડાં આપીને દરિદ્રીઓને ખરીદીએ" (કલમ ૬નો શરૂઆતનો ભાગ)

એ શબ્દો ૨; ૬નું જ પુનરૂચ્ચારણ છે, ને ૮; ૬માં બંધબેસતા લાગતા નથી. તેથી એટલા શબ્દો બાજુએ રાખીને કલમ ૬ ઠીના બાકીના શબ્દો ૮; ૫ સાથે જોડી દઈએ તો વાચનની સરળતા થાય છે, ને અર્થ સ્પષ્ટ થાય છે.]

૮; ૭. જો યાહવેહે તેના પોતાના સોગન ખાધા છે તો તે પોતાના વચનને વિશ્વાસુ રહેશે જ (હેબ્રી ૬; ૧૩–૧૮). પોતે જે કહે છે તે નિઃશંક બનવાનું જ છે તેની ખાતરી આપવા માટે અગાઉ પણ એવી મતલબના શબ્દો (૪; ૨માં "પોતાની પવિત્રતાના સોગન"; ૬; ૮માં "પોતાના સોગન") વાપરવામાં આવ્યા છે.

**યાકૂબનું મહત્ત્વ :** "યાકૂબનો ગર્વ" કે "ઈસ્રાએલનો ગર્વ" (હો. ૫; ૫: ૭; ૧૦)નો જે અર્થ થઈ શકે (જુઓ ૬; ૮) તેના કરતાં જુદા અર્થમાં અહીં આ શબ્દો સમજવાના લાગે છે. યાહવેહ (નિર્ગ. ૩; ૧૪, ૧૫: ૬; ૨, ૩) એ જ યાકૂબનું મહત્ત્વ કે ગર્વ હતો (ગીત ૬૮; ૩૪, ૩૫), અને એ જ પવિત્ર નામના અર્થાત્ પોતાના જ (૧ શમ. ૧૫; ૨૯) સોગન ખાઇને તે કહે છે, "હું તેઓનું એકે કામ કદી ભૂલી જઈશ નહિ", મતલબ કે તેઓને શિક્ષા કર્યા વગર રહીશ નહિ (૭; ૮: ૮; ૨: હો. ૮; ૧૩: ૯; ૯). આપણું નાનામાં નાનું સારૂં કામ જો તેના સ્મરણ બહાર રહેતું નથી (મા. ૧૦; ૪૨: માર્ક ૯; ૪૧) તો એ જ પ્રમાણે આપણાં દુષ્ટ કામ પણ તેના સ્મરણ બહાર રહેતાં નથી.

**તેઓનું એકે કામ :** 'સપ્તતિ'માં છે "તમારૂં એકે કામ". અને આ જ ફકરામાંના "તમે" ને "તમારા" (કલમ ૪ ને ૧૦) જોતાં એ બરાબર લાગે છે.

૮; ૮. ઈસ્રાએલ લોકની એવી દુષ્ટતાને લીધે એમના દેશ પર ધરતીકંપ જેવી જે આફત આવી પડવાની છે તેથી દેશમાં થનાર ઉથલપાથલને નીલ નદીમાં આવતા પૂરની સાથે સરખાવવામાં આવી છે. નીલ નદીમાં પૂર આવે છે ત્યારે પાણી ચઢે છે, ઉભરાય છે, દેશ પર ફરી વળે છે, અને પછી ઊતરી જાય છે (૯; ૫), તેમ આશ્શૂરી આક્રમણ આખા દેશને સ્વાહા કરી જશે, અથવા દેશના મોટા ગુનેગારોની સામે બાકીની વસ્તી આખા દેશમાં જયારે ઊથલપાથલ કરશે (યશ. ૨૪; ૧૯, ૨૦: ૫૭; ૨૦) ત્યારે આખો દેશ જાણે ધરતીકંપનો આંચકો અનુભવતો હોય (૧; ૧: ૪; ૧૧) તેમ ધ્રૂજશે, ને આવી પડેલી આફતને કારણે દરેક

જણુ નિસાસો નાખશે ને શોક કરશે. પૃથ્વી પર કરાતાં પાપની અસર ભૂમિ પર થાય છે એ વિચાર સમજવા માટે જુઓ કાઈન સાથે યાહવેહની વાતચીત (ઉત. ૪; ૧૦–૧૨).

**૮; ૯, ૧૦અ. "તે દિવસે"** શબ્દો ફરીથી આ પુસ્તકમાં "યાહવેહના દિવસ"નો (૫; ૧૮–૨૦) નિર્દેશ કરે છે. ઉપરની કલમમાં જે કહેવામાં આવ્યું છે એ ઉપરાંત "તે દિવસે" એટલે આફતના દિવસે કુદરતમાં બીજા ફેરફારો થશે. સૂર્યગ્રહણ થાય ત્યારે જ "ખરે બપોરે" સૂર્ય તેના ઓરડાઓમાં ભરાઈ ગયેલા જેવો દેખાવાથી (ગીત ૧૯; ૪–૬) સૂર્યાસ્ત જેવું દેખાય, ને "ધોળે દહાડે" પૃથ્વી અંધકારમય થાય. પ્રાચીન-કાળે ગ્રહણ આફતની નિશાની તરીકે ગણાતું હતું, અને શાસ્ત્રમાં શિક્ષા-રૂપ આફતોને સૂર્ય અંધકારરૂપ થવાની ઉપમા આપેલી છે (યશા. ૧૩; ૧૦: ૫૯; ૯, ૧૦: યિર્મે. ૧૫; ૯: હઝ. ૩૨; ૭, ૮: યોએલ ૩, ૧૫). એ જ પ્રમાણે અહીં આમળ 'ખરે બપોરે સૂર્યનું અસ્ત' થવું તે લોકોનાં દુરાચરણોને કારણે લોકો પ્રત્યે ઈશ્વરની સખત નારાજીના નિશાનરૂપ સમજવાનું છે. પાલેસ્ટાઈનમાં થયેલું સૂર્યગ્રહણ (ઈ. સ. પૂ. ૭૬૩ જુન તા. ૧૫મી) આમોસે જોયું હશે, જે પરથી આ કલમમાં નિર્દેશેલી આફતોનો વિચાર તેને આવ્યો હશે. તોપણ આમોસના મનથી કોઈ પણ આફત કેવળ આકસ્મિક કે કુદરતી નથી. આફતોમાં તે ઈશ્વરનો હાથ જુએ છે. વળી ધાર્મિક ઉત્સવો (વર્ષ આખરે આવતા સંગ્રહપર્વ જેવા નિર્ગ. ૨૩, ૧૬: ૩૪, ૨૨: પુન. ૧૬; ૧૬) જે આનંદના અવસરો હતા (યશા. ૩૦, ૨૯: હો. ૨; ૧૧) તે આવી પડનાર આફતને કારણે શોકનાં ગીતો ગાવાના ખેદકારક પ્રસંગો થઈ જશે (૫; ૧૬, ૧૭).

**૮; ૩. તે દિવસે મંદિરનાં ગીતોને ઠેકાણે રડાપીટ થઈ રહેશે:** 'મંદિર'ને માટે અહીં વપરાયેલો હીબ્રુ શબ્દ "હેકલ" છે. ૧ શમ. ૧; ૯માં પણ એ જ શબ્દ ને એ જ તરજુમો છે. પરંતુ એ જ શબ્દનો તરજુમો "મહેલ" કે "રાજમહેલ" (ગીત ૪૫; ૮, ૧૫) પણ કરવામાં આવેલો છે. હવે 'ગીતો' માટે અહીં તેમજ ૫; ૨૩માં વપરાયેલા હીબ્રુ શબ્દ (શિર)માં કેવળ સ્વરનો ફેરફાર કરવામાં આવે તો તરજુમો થઈ શકે 'ગાનારી સ્ત્રીઓ' (૧ શમ. ૧૮; ૬ : ૨ શમ. ૧૯; ૩૫ : ૨ કાળ. ૩૫; ૨૫ ઈત્ય.); અને સપ્તતિ એ જ પ્રમાણે કરે છે: "તે દિવસે રાજમહેલની ગાનારી સ્ત્રીઓ (કે રાજકુંવરીઓ) રડાપીટ કરશે." આમ

આ વાક્ય 'તે દિવસે' (૫; ૧૬-૧૮) આવી પડનાર આફત કેવી ભયંકર ને ખેદજનક નીવડવાની છે તેનો ખ્યાલ આપે છે. જે શબ્દો આપણી પાસે છે તે પ્રમાણે ખુલાસો આ પ્રમાણે થાય: ધાર્મિક ઉત્સવોએ મંદિરમાં ગવાતાં ગીતોનો મધુર સૂર બંધ થઈ ગયો હશે, કારણ કે યાહવેહના કાને તો તે ઘોંઘાટ જ હતો (૫; ૨૩), અને તેને ઠેકાણે યુદ્ધમાં ઘવાઈને પડેલાઓને વેદનાને કારણે જે બૂમો માર્યા કરતા હશે તે જ ઠેરઠેર સાંભળવાની મળશે.

**મુડદાંના ઢગલા થશે...બહાર નાખી દેશે:** હીબ્રુમાં આ વાક્યના છેલ્લા કેટલાએક શબ્દોને નુકસાન થયેલું છે, તેથી તરજુમો અચોક્સ છે; તથાપિ આપણી પાસે જે છે તેનો ખુલાસો: તે સમયે એટલો કરુણ મરો થશે કે યાહવેહની તેમજ આક્રમણકાર શત્રુની બીકને લીધે મુડદાં દાટવાની કે અન્ય કોઈ રીતે તેમને વગે કરવાની સગવડ નહિ મળવાથી લોકો ગુપચુપ મુડદાં ફેંકી દેશે (૬; ૯, ૧૦), જેથી મુડદાં આમતેમ રઝળશે ને ઠેરઠેર તેમના ઢગલા થશે.

૮; ૧૦ ब. આવી પડેલી આફત તથા સ્વજનના વિયોગને કારણે થનાર શોકનાં અન્ય નિશાનો તરીકે તે દિવસે તેઓને તાટ પહેરવું ને માથું મુંડાવવું પડશે. એ રીતે, તેમજ વસ્ત્ર ફાડીને શોક પાળવાનો તે જમાનાનો રિવાજ હતો (૨ શમ. ૧; ૧૧ : ૩; ૩૧: યશ. ૧૫; ૨: ૨૨; ૧૨: યિર્મે. ૪; ૮ : ૪૭; ૫ : ૪૮; ૩૭: હઝ. ૭; ૧૮: ૨૭; ૩૧: મીખ. ૧; ૧૬). અન્યધર્મીઓ પણ એવા જ રિવાજો પાળતા, અને એ રીતે તેઓ મૂએલાં સાથે સંગત દર્શાવતા. તથાપિ ઈસ્રાએલ લોક યાહવેહની ખાસ પ્રજા હોવાથી તેમને માટે માથું મુંડાવવાનો નિષેધ હતો (પુન. ૧૪; ૧). પરંતુ અહીં તો આફત લાવનાર જ યાહવેહ હોવાથી તેને જ તાટ પહેરાવનાર તથા માથું મુંડાવનાર કહેવામાં આવેલો છે.

એકના એક પુત્રના મરણનો શોક જેવો અસાધારણ હોય છે (યિર્મે. ૬; ૨૬: ઝખ. ૧૨; ૧૦-૧૪) તેવો શોક તે દિવસે થશે (યાકૂબને બાર દીકરા હતા, છતાં તેમાંના એક (યુસફ)ના 'મરણ'ના સમાચાર તેને મળ્યા ત્યારે તેનું આક્રંદ કેવું ભારે હતું (ઉત. ૩૭; ૩૩-૩૫)! દાઊદ રાજાને પણ અનેક પુત્રો હતા, છતાં એ અનેકમાંથી એક (આબ્શાલોમ) મરણ પામ્યો (૨ શમ. ૧૮) ત્યારે દાઊદનો શોક કેટલો ભારે હતો તે તેના

વિલાપના શબ્દો જ કહી આપે છે (૨ શમ. ૧૮; ૩૩: ૧૯; ૪). તો એકના એક દીકરાના મરણનો શોક અસાધારણ હોય, એ સ્વાભાવિક જ છે.

**આવી પડનાર આધ્યાત્મિક દુષ્કાળ (૮; ૧૧, ૧૨)**

શોક ગમે તેવો કારમો (૮; ૮-૧૦) હોય તોપણ 'દુઃખનું ઔષધ દહાડા' એ કહાણી પ્રમાણે વખત જતાં તે હળવો બને છે, ને વત્તેઓછે અંશે શમી પણ જાય છે. તથાપિ અહીં તો વાત જુદી જ છે. સ્વાભાવિક રીતે આપણને લાગે કે "એકના એક પુત્રને માટે શોક કરવા જેવો પ્રસંગ" (૮; ૧૦) આવી ગયા પછી બીજું શું વધારે દુઃખ આવવાનું બાકી હોય! પરંતુ એ તો કેવળ "દુઃખોનો આરંભ" છે; છેવટ હજી બાકી છે. અને એ દુઃખમાંથી છૂટવા તેઓ ઉપાયો કરશે, પણ તે કાર્યસાધક નીવડવાના નથી. છેવટનું જે સંકટ આવવાનું છે તેની પ્રસ્તાવના-રૂપે કહેવામાં આવેલું છે, કે "એવા દિવસો આવે છે...". એ શબ્દો અંત-દર્શક લખાણોમાં શરૂઆતના શબ્દો તરીકે વાપરવાની શૈલી જ થઈ પડી હતી. અંતદર્શક સર્વ લખાણોનો આખો મુદ્દો જ એ હતો, કે લેખક જે વિષે લખે છે તે તરત જ બનવાનું છે, ને વિલંબ થવાનો નથી. અહીં આમોસ પણ એ જ મુદ્દા પર ધ્યાન ખેંચે છે: આ કટોકટીની વેળા છે, અને જો કોઈ પશ્ચાત્તાપ કરવા ઇચ્છતું હોય તો તેને વખત ગુમાવવો પરવડે તેમ નથી.

**૧૧ પ્રભુ યાહવેહ કહે છે, જુઓ, એવા દિવસો આવે છે, જે વખતે હું દેશમાં દુકાળ મોકલીશ, અન્નનો દુકાળ નહિ કે પાણીનો નહિ, પણ યાહવેહનાં વચન સાંભળવાનો [દુકાળ મોકલીશ]. ૧૨ તેઓ સમુદ્રથી સમુદ્ર સુધી, ને ઉત્તરથી તે છેક પૂર્વ સુધી ભટકશે; યાહવેહનું વચન શોધવાને તેઓ અહીંથી તહીં દોડાદોડ કરશે, પણ તે તેઓને મળશે નહિ.**

૮; **૧૧**: યાહવેહે આજ પર્યંત તેઓની સાથે પ્રબોધકો દ્વારા વાતચીત કરી હતી, પરંતુ તેઓએ તો પ્રબોધકોને બોલતા બંધ કરી દીધા હતા (૨; ૧૧, ૧૨). પરિણામ એ જ આવે કે યાહવેહનાં વચનોનો દુકાળ પડે. બળવાન શત્રુના આક્રમણ જેવી, અથવા ધરતીકંપ કે પૂર જેવી કુદરતી આફત સામે જ્યારે તેઓ છેક લાચાર બન્યાં હશે ત્યારે બીજો કોઈ ઉપાય તેમની પાસે નહિ રહેતાં આફતમાંથી નીકળવાનો માર્ગ મેળવવા તેઓ યાહવેહ તરફ ફરશે; પરંતુ તેમને કશી દોરવણી

નહિ મળે, કારણ કે તેઓને કેવળ આફત ટાળવી છે. એવી કટોકટીની પરિસ્થિતિમાં યાહવેહના વચન માટે માણસો પ્રબોધક પાસે જતા (૧ શમ. ૯; ૫, ૬: હઝ. ૧૪; ૭; ૮: ૨૦; ૧–૩). ઈશ્વર ઉત્તર ન આપે એ કરતાં વધારે સખત શિક્ષા શી હોઈ શકે? હેબ્રીઓના પ્રથમ રાજા શાઊલના જીવનમાં પણ એક સમય એવો આવ્યો હતો (૧ શમ. ૨૮; ૬, ૧૫). ઇસ્રાએલ પ્રજાના ઈતિહાસ પરથી પણ વત્તેઓછે અંશે એ જ અનુમાન તારવી શકાય છે. આમોસનો સમકાલીન હોશીઆ આમોસ પછી થોડો સમય ઈશ્વરની દયાથી ઈસ્રાએલ રાષ્ટ્રમાં પ્રબોધ કરતો રહ્યો ખરો, તથાપિ તેના પછી ઉત્તર ઇસ્રાએલમાં બીજો કોઈ પ્રબોધક થયો હોય એવું જણાતું નથી. યહુદાહ રાષ્ટ્રમાં તો સૌથી મહાન પ્રબોધકોમાંના ઘણાખરા હજી હવે પછી થવાના હતા. આ કલમ આપણને એવી ચેતવણી આપે છે કે ઈશ્વરનું વચન ઈશ્વરની પાસેથી જ આવે છે, અને આપણી સગવડ પ્રમાણે તે ઉપજાવી શકીએ એવું બની શકતું નથી. "યાહવેહ મળે છે એટલામાં તેને શોધો" (યશા. ૫૫; ૬) એ વચન પ્રત્યે દુર્લક્ષ કરવાનું આપણને પરવડે તેમ નથી (હેબ્રી. ૩; ૧૩). યાહવેહના વચનનો અને એ વચનની સેવા જેમને સોંપાયેલી છે તેમનો દુકાળ એ મોટામાં મોટી શિક્ષા છે, કારણ કે "માણસ ફક્ત રોટલીથી જ જીવતું નથી, પણ યાહવેહના મુખમાંથી નીકળતા પ્રત્યેક વચનથી જીવે છે (પુન. ૮; ૩); અને પ્રભુ ઈસુએ એ વચન પર મહોર મારેલી છે (માં. ૪; ૪: લુક ૪; ૪). તેથી જેમની પાસે એ (વચન ને સેવક) છે તેમણે તેની કદર કરવી એ તેમનું કર્તવ્ય છે, રખેને એ દુષ્કાળરૂપ શિક્ષા તેના પર આવી પડે.

૮; ૧૨. કલમના પ્રથમ ભાગમાં ઈસ્રાએલ દેશનો વિસ્તાર દર્શાવવામાં આવેલો છે. અગાઉ જયારે દેશમાં દુકાળ પડયો હતો ત્યારે "બે કે ત્રણ નગરોના રહેવાસીઓ ભટકતા ભટકતા એક નગરમાં પાણી પીવાને ગયા, પણ તેઓ તૃપ્ત થયા નહિ" (૪; ૮). હવે આ તેઓની મુશ્કેલી અને મુંઝવણમાં શું કરવું તે વિષેની દોરવણી માટે યાહવેહનું વચન મેળવવા તેઓ આખા દેશના વિસ્તારમાં અહીંતહીં ભટકશે, પણ તેઓને તે મળશે નહિ. તે સમયે યાહવેહનું વચન મેળવવા માટે પ્રબોધક (નબી) પાસે જવું પડતું હતું (૧ રાજા ૨૨; ૫–૯: ૨ રાજા ૩; ૧૧, ૧૨: યિર્મે. ૨૭; ૧૮: ૩૭; ૧૭), પરંતુ ઇસ્રાએલ રાષ્ટ્રમાં તો આ ખાસ

દુકાળ પડશે ત્યારે તેઓને એવો કોઈ પ્રબોધક મળશે નહિ. તેઓ કોઈ આત્મિક શિક્ષણ શોધવા તો નહિ માગતા હોય, કારણ કે લાંબા સમયથી યાહવેહના વચન પ્રત્યે બેપરવાઈ બતાવેલી હોવાથી તે સાંભળવાની તેમની શક્તિ તો મંદ પડી ગયેલી હશે. ઈશ્વરનું વચન સંભળાવનાર ન મળે એ પણ એક જાતની શિક્ષા જ હતી, કેમકે જયારે પ્રબોધકો મળતા હતા ત્યારે તેઓએ તેમને અવગણ્યા હતા (ગીત ૭૪; ૯: યિ. વિ. ૨; ૯: હઝ. ૭; ૨૬). રાજાશાહી શરૂ થઈ તે અગાઉ પણ એવો એક સમય હતો, જયારે "યાહવેહની વાણી દુર્લભ હતી; પ્રગટ સંદર્શન થતાં નહોતાં" (૧ શમ. ૩; ૧). પરંતુ હવે તો યાહવેહની વાણી કે સંદર્શનનો નર્યો દુકાળ જ પડવાનો હતો (યશ. ૧; ૧૫: હો. ૫; ૬: મીખ. ૩; ૬, ૭).

**સમુદ્રથી સમુદ્ર સુધી :** ભૂમધ્ય સમુદ્ર (પાલેસ્ટાઈનની પશ્ચિમે) થી મૃત સમુદ્ર સુધી (૨ રાજા ૧૪; ૨૫ પ્રમાણે ઈસ્રાએલ રાષ્ટ્રની દક્ષિણ હદ સુધી). અહીં આ શબ્દો કેવળ ઈસ્રાએલ રાષ્ટ્રનો વિસ્તાર સૂચવે છે, મતલબ કે દુકાળ કેવળ ઈસ્રાએલ રાષ્ટ્ર પૂરતો મર્યાદિત છે. પરંતુ અન્યત્ર 'પૃથ્વીના એક છેડાથી બીજા છેડા સુધી' એવા અર્થમાં એટલે સાર્વત્રિકપણાના અર્થમાં એ શબ્દો વપરાયા છે (ગીત ૭૨; ૮: ઝખ. ૯; ૧૦).

**ઉત્તરથી તે છેક પૂર્વ સુધી :** સાધારણ બોલીમાં તો 'ઉત્તરથી દક્ષિણ સુધી' એવા શબ્દો વપરાય છે. અહીં ગણના અધ્ય. ૩૪ માં દર્શાવ્યા પ્રમાણેનો દિશાનુક્રમ રાખેલો છે.

**જૂઠા દેવો પર આવી પડનાર યાહવેહનું ન્યાયશાસન (૮; ૧૩, ૧૪)**

તૃષાથી મૂર્છા પામવાની વાતને લીધે આ ફકરો આગલા ફકરા (કલમ ૧૧; ૧૨) સાથે જોડાયેલો લાગે છે ખરો, તથાપિ કાવ્યની શૈલી અહીં સહેજ જુદી પડે છે: બન્ને ફકરામાં પાણીની તરસની જે વાત આવે છે એ કારણથી જ કદાચ એ ભેગા મૂકવામાં આવ્યા હશે. અધાર્મિક, અનીતિમાન રાષ્ટ્ર કે પ્રજા કે સમાજની ખબર લઈ નાખવા જયારે ઈશ્વર ઊભો થાય છે ત્યારે તેનો સામનો કરવાના કે તેના હાથમાંથી છટકી જવાના મનુષ્યયોજિત ઉપાયો કે સાધનો સાર્થક નીવડતાં નથી; તે કેવળ નકામાં માલૂમ પડે છે.

**૧૩ તે દિવસે સુંદર કુમારિકાઓ તથા જુવાનો તૃષાથી મૂર્છા પામશે. ૧૪ જેઓ સમરૂનના પાપના સોગન ખાઈને કહે છે, કે હે દાન, તારા દેવના સોગન, અને બેર–શેબાના માર્ગના સોગન, તેઓ તો પડશે ને કદી પાછા ઊઠશે નહિ.**

૮; ૧૩. "તે દિવસે" એ શબ્દો સાધારણ રીતે "યાહવેહના દિવસ" (૫; ૧૮–૨૦)ને લગતી કંઈ વાત રજૂ કરવી હોય ત્યારે વપરાય છે. આમોસ એમ કહેવા માગે છે કે શત્રુએ ઘાલેલા ઘેરાનાં જે દુઃખો અથવા આક્રમણનાં કે અન્ય કોઈ પ્રકારની આફતનાં જે દુઃખો "તે દિવસે" આવી પડશે તેમાંથી બચી જવાનો પ્રયત્ન કરતાં ભરપટ્ટે શારીરિક તાકાત ધરાવનાર યુવકો અને યુવતીઓ જો તૃષાથી મૂર્છિત થઈ જશે (યશા. ૪૦; ૩૦: યિર્મે. ૪૮; ૧૮) તો વૃદ્ધો, અશકતો, બીમારો, ને બાળકો તો ટકી રહેશે જ શી રીતે? (આવા જ પ્રકારની દલીલ માટે જુઓ કાર્મેલ (૧; ૨,) પરની નોંધ) "તેઓ તો પડશે ને કદી પાછાં ઊઠશે નહિ" (કલમ ૧૪ના છેલ્લા શબ્દો) એ શબ્દો કેટલાક સાક્ષરોને કલમ ૧૩ની આખરે વધારે બંધબેસતા લાગે છે.

૮; ૧૪. આ કલમનો ખુલાસો કરવો બહુ મુશ્કેલ છે. એની મતલબ તો ઈસ્રાએલમાં ચાલતી મૂર્તિપૂજાને સ્પષ્ટ રીતે વખોડી કાઢવાની જ છે. યાહવેહની પ્રતિમા તરીકે ઈસ્રાએલના પ્રથમ રાજા યરોબઆમ પહેલાએ બેથેલ અને દાનમાં જે વાછરડા બેસાડ્યા હતા (૧ રાજા ૧૨; ૨૮, ૨૯: ૧૪; ૧૬: ૨ રાજા ૧૦; ૨૯) તેનો ઉલ્લેખ અહીં કરાયેલો સમજાય છે (પુન. ૯; ૨૧: હો. ૮; ૫, ૬: ૧૦; ૫: મીખ. ૧; ૫). "સમરૂનનું પાપ" ખાસ કરીને બેથેલના વાછરડાનો નિર્દેશ કરે છે, અને બેથેલ ઈસ્રાએલ રાષ્ટ્રનું રાજમંદિર, રાજાનું પવિત્રસ્થાન, ગણાતું હતું (૭; ૧૩). તથાપિ વાછરડા–પૂજનના અપરાધનો ઉલ્લેખ આખા પુસ્તકમાં આ વગર અન્ય કોઈ ઠેકાણે મળતો નથી, તેમજ ઈસ્રાએલ રાષ્ટ્ર સૂચવવા માટે આમોસે આ વગર અન્ય કોઈ ઠેકાણે 'સમરૂન' શબ્દનો ઉપયોગ કર્યો નથી. વળી અહીં વપરાયેલા હીબ્રુ શબ્દનાં સ્વરચિહ્નોમાં ફેરફાર કરવાથી 'સમરૂનની અશિમા' 'અશિમા' થાય છે. નામની એક દેવી હતી, જેને સમરૂનમાં પ્રસ્થાપિત કરવામાં આવી હતી. હાલમાં જાણવામાં આવ્યું છે કે યેબ કે એલીફન્ટાઈન આગળ મિસર દેશમાં યાહવેહ માટે યહૂદીઓનું જે મંદિર હતું (ઈ. સ. પૂ. પાંચમું સૈકું) તેમાં અશિમા દેવીને (યાહવેહની સ્ત્રી તરીકે) પણ રાખવામાં આવી હતી. અનાથ (બેથેલ નામની તેની એક બહેન) દેવી

મણ હતી, જેની સાથે અશિમાને પણ મંદિરમાં ચઢાવેલાં અર્પણોમાંથી હિસ્સો મળતો. એ પરથી એવું માલૂમ પડે છે કે ઈસ્રાએલ લોકોના બંદીવાસ અગાઉના સમયમાં તેઓની પાસે કનાની દેવીઓના અવશેષો આ મંદિરમાં હજુ રહ્યા હતા (૨ રાજા ૧૩; ૬). હમાથના લોકો પણ અશિમા દેવીની ઉપાસના કરતા હતા (૨ રાજા ૧૭; ૩૦). તેથી અહીં "જેઓ સમરૂનની અશિમાના સોગન ખાઇને કહે છે..." એવો તરજુમો કરી શકાય એમ છે. સમરૂન શહેરના કોઈ મંદિરમાં અશિમાની પ્રતિમા રાખવામાં આવી હશે. Revised Standard Version (1952) નામે ઓળખાતા નવા અંગ્રેજી ભાષાંતરમાં અહીં એ જ પ્રમાણે (સમરૂનની અશિમા) તરજુમો કરવામાં આવેલો છે.

**હે દાન, તારા દેવના સોગન :** માણસો સાધારણ રીતે જેના પ્રત્યે માન, પ્રેમ જેવા ઉચ્ચ ભાવ હોય છે તેના સોગન ખાય છે. ઈસ્રાએલપુત્રોએ યાહવેહનું જ ભજન કરવાનું હતું (નિર્ગ. ૩; ૧૪, ૧૫: ૨૦; ૨, ૩: પુન. ૫; ૬, ૭: હો. ૧૩; ૪), તેથી તેઓએ જો સોગન ખાવા હોય તો યાહવેહના નામના જ ખાવાના હતા (પુન. ૬; ૧૨, ૧૩: ૧૦; ૨૦, ૨૧), અને ખરા વિશ્વાસથી તથા ભક્તિભાવથી એવા સોગન ખાનાર માટે યિર્મેયાહે આશીર્વાદનું વચન પણ ઉચ્ચાર્યું છે (યિર્મે. ૪; ૨: ૧૨; ૧૬); મૂર્તિપૂજક ઈસ્રાએલ લોકો બઆલ વગેરે 'જૂઠાણાં'ના (૨; ૪) સોગન ખાતા હતા (યિર્મે. ૫; ૨, ૭: ૧૨; ૧૬: સફા. ૧; ૫). ઈસ્રાએલ રાષ્ટ્રના લોકો "સમરૂનના પાપ"ના સોગન ખાતા, વળી "હે દાન,...સોગન" એવા શબ્દો પણ ઉચ્ચારતા હતા. જેમ બેથેલમાં તેમ દાનમાં સોનાનો જે વાછરડો બેસાડવામાં આવ્યો હતો (૧ રાજા ૧૨; ૨૮, ૨૯: ૨ રાજા ૧૩; ૬) તેનું તેઓ ભજન કરતા હતા (ગીત ૬૩; ૧૧), તેથી એવા શબ્દો ('તારા દેવના સોગન') વાપરવામાં આવ્યા છે.

**દાન :** શબ્દ તરીકે તેનો અર્થ થાય છે 'ન્યાય કરવો' (ઉત. ૩૦; ૬). ઈસ્રાએલ રાષ્ટ્રમાં છેક ઉત્તરનું શહેર છે. એનું પ્રાચીન નામ 'લાઈશ' (ન્યાય. ૧૮; ૨૭–૨૯) કે 'લેશેમ' (યહો. ૧૯; ૪૭) હતું. ઈસ્રાએલ દેશમાં એ છેક ઉત્તરમાં હતું, એ વગર એના ચોક્કસ સ્થળ વિષે કશું ખાતરીપૂર્વક કહી શકાય એમ નથી. ઉત્તરથી દક્ષિણ સુધીનો ઈસ્રાએલનો આખો વિસ્તાર દર્શાવવા માટે "દાનથી બેર-શેબા સુધી" એવા શબ્દો વાપરવામાં આવતા (૧ શમ. ૩; ૨૦: ન્યાય. ૨૦; ૧

ઈત્યાદિ). યરોબઆમ પહેલાએ અહીં વાછરડા-પૂજન એટલે અઘટિત ઉપાસનાનું પ્રતીક દાખલ કર્યું (૧ રાજા ૧૨; ૨૮, ૨૯) તે અગાઉ પણ ત્યાં મૂર્તિપૂજા તો હતી જ (ન્યાય. ૧૮; ૩૦). આ સ્થળ એક મોટા ઝરાની પડોશમાં હોવાથી (ટેલ-એલ-કાદી) પ્રાચીન કાળથી તે તીર્થધામ જેવું જ હતું. એનું અર્વાચીન નામ 'ટેલ-એલ-કાદી' છે આ જ નામ વ્યક્તિનું તેમજ કુળનું પણ છે (ઉત. ૩૦; ૬: ૪૯; ૧૬: ગણના ૧; ૩૮, ૩૯: ૨૬; ૪૨: પુન. ૩૩; ૨૨: યહો. ૧૯; ૪૦).

**બેર-શેબાના માર્ગના સોગન:** બેર-શેબા તો ઈસ્રાએલના દેશમાં નહિ, પણ યહુદાહ દેશમાં દક્ષિણ તરફ હતું; તેથી જે સ્થળ તેમના પોતાના દેશમાં નહોતું તેના સોગન તેઓ ખાય એ બહુ વિચિત્ર લાગે છે. અગાઉ પણ બેર-શેબા જાણે ઈસ્રાએલ દેશનું જ ભજનસ્થાન હોય એવી રીતે બેથેલ અને ગિલ્ગાલની સાથે તેનો ઉલ્લેખ કરવામાં આવેલો છે (૫; ૫). દૂર આવેલા એ તીર્થસ્થળે જવાનું ઇસ્રાએલ લોકને પ્રિય થઈ પડ્યું હતું, જેથી જેમ મુસ્લિમ ભાઇઓ મક્કાના હજમાર્ગના સોગન ખાય છે તેમ કોઇ કોઈ વાર ઈસ્રાએલ લોક કદાચ બેર-શેબા જવાના યાત્રામાર્ગના સોગન ખાતા હોય એ બનવા જોગ છે. જે માર્ગે થઇને યાત્રીઓ જતા હશે તે કાયમ રહેવાનો છે (ગીત ૧૩૯; ૨૪) એમ સમજીને તેઓ તેના સોગન ખાતા હશે, અર્થાત્ તે માર્ગનું (પ્રે. કૃ. ૯; ૨ માં 'માર્ગ') ભજન કરતા હશે. તેમ છતાંય "...ના માર્ગના સોગન" એમ કહેવું એ વિચિત્ર તો લાગે જ છે, અને એને અનુરૂપ હોય એવું જૂના કરારમાં બીજું કશું મળતું નથી. તેથી 'સમરૂનની અશિમા' જેવું, કે 'દાનના દેવ' (અઘટિત ઉપાસનાનું પ્રતીક) જેવું કંઈક બેર-શેબાને માટે પણ જરૂરનું લાગે છે. એ ધ્યાનમાં લઇને 'સપ્તતિ' આ પ્રમાણે તરજુમો કરે છે: "હે બેર-શેબા, તારા દેવના સોગન...". પરંતુ એવો તરજુમો કરવાનો કશો આધાર હીબ્રુમાં તો મળતો નથી. તેથી કેટલાએક સાક્ષરો એવું સૂચવે છે કે "...ના માર્ગના..." ને બદલે "...તારા પ્રીતમના..." વાંચવું, મતલબ કે "હે બેર-શેબા, તારા પ્રીતમના સોગન" વાંચવું. 'માર્ગ' માટેનો હીબ્રુ શબ્દ 'દેરેક' છે; અને સૂચિત ફેરફાર (પ્રીતમ કરવા માટે જોઇતો શબ્દ છે 'દોદેકા.' પણ આવો ફેરફાર સૂચવવાનો શો આધાર છે? બે બાબતો ધ્યાનમાં રાખવી જોઇએ: (૧) હીબ્રુ લિપિમાં સ્વરો નથી, કેવળ વ્યંજનો છે. સ્વરો માટે સ્વરચિહ્નો વપરાય છે, અને એ સ્વરચિહ્નો વ્યંજનની નીચે કે ઉપર મૂકવાનાં કેવળ ટપકાં છે. વાચક

પોતાની સમજણ પ્રમાણે સ્વરચિહ્નો મૂકીને વાંચતા. એ પ્રમાણે આ કલમમાં 'માર્ગ' માટેના હીબ્રુ અક્ષરા કેવળ દ ર ક છે; અને જે સૂચવવામાં આવ્યું છે તેના અક્ષરા દ દ ક છે, તેથી ફરક કેવળ વચલા અક્ષરના (ર ને બદલે દ કરવાના) છે. ર ને માટે હીબ્રુ અક્ષર 'રેશ' છે, અને દ ને માટે 'દાલેથ' છે (ગીતશાસ્ત્રના ૧૧૯મા ગીતમાં આઠ આઠ કલમને અંતરે આપેલા હીબ્રુ મૂળાક્ષર જુઓ. 'દાલેથ' ચોથો છે, અને 'રેશ' વીસમો છે). (૨) અંગ્રેજી અક્ષર L ઊંધો છપાયો હોય એવા એ બન્ને અક્ષરા છે. હવે છાપેલા લખાણમાં અક્ષરા સ્પષ્ટ લખાય, ને બારીક ફેરફાર પણ જાળવી શકાય ખરો. પણ હાથના લખાણમાં 'રેશ' 'દાલેથ' જેવો, કે 'દાલેથ' 'રેશ' જેવો લખાઈ જવાનો કે વંચાઈ જવાનો પૂરેપૂરો સંભવ રહે. તેથી દ ર ક તે દ દ ક જેવો વાંચી શકાય. દ દ ક ને સ્વરચિહ્નો લગાડવાથી 'દોદેકા' થઈ શકે, જેનો અર્થ "તારો પ્રીતમ" થાય. તો વાક્ય આ પ્રમાણે થાય: "હે બેર–શેબા, તારા પ્રીતમના સોગન." આવા ફેરફારને ટેકો પણ મળે છે: દોદેકાને મળતું નામ 'દોદાવાહુ' (૨ કાળ. ૨૦; ૩૭) છે, અને એનો અર્થ થાય છે "યાહ મારો પ્રીતમ છે." વળી મોઆબના મેશા રાજાએ (૨ રાજા ૩; ૪, ૫) ઊભો કરેલો સ્મારક પથ્થર જે 'મોઆબી પથ્થર' તરીકે ઓળખાય છે, તે પરના લખાણમાં (ઈ. સ. પૂ. નવમા સૈકાના) ઈસ્રાએલ લોકને (યર્દન નદીની પૂર્વ તરફના) 'દોદ' નામના દેવના ઉપાસકો તરીકે ઓળખાવેલા છે.

એવા સોગન ખાનારાઓ (અર્થાત્ જુદા જુદા સ્થળે બેસાડેલી પ્રતિમાઓનું ભજન કરનારાઓ) એવા પડશે કે પાછા ઊઠી શકશે જ નહિ, મતલબ કે તેમનું પતન કે વિનાશ કાયમનો થશે, કારણ કે યાહવેહનું સ્થાન તેમણે જે તે સ્થળે બેસાડેલી મૂર્તિને (અશિમા, વાછરડો, દોદ) આપીને તેને 'ઈશ્વર' માન્યો છે. ખરા અન્નને (યાહવેહને) તજીને જેથી તૃપ્તિ થાય નહિ તે (મૂર્તિપૂજા) તેમણે અપનાવી છે. આત્મા માટે એવું અપોષક અન્ન આખરે મૃત્યુ જ લાવે. એ "દોદ"નો તરજુમો અનેક ઠેકાણે "પ્રીતમ" કરવામાં આવેલો છે ('ગીતોનું ગીત'માં ઠેકઠેકાણે, અને યશા. ૫; ૧).

## અધ્યાય ૯ મો

આમોસના પુસ્તકના આ છેલ્લા અધ્યાયમાં મુખ્ય ત્રણ મુદ્દા છે: (૧) દુષ્કર્મીની શિક્ષા કરવા જ્યારે ઈશ્વર ઊભો થાય છે ત્યારે તેના

હાથમાંથી છટકી જવું, એ માણસને માટે અશક્ય છે (કલમ ૧–૪); (૨) યાહવેહ કેવળ ઈસ્રાએલનો ઈશ્વર છે એમ નહિ, એ તો સર્વ દેશજાતિઓનો છે (૭, ૮); અને (૩) તેના ખરા ભક્તોનું થનાર ગૌરવી ભવિષ્ય (૧૧–૧૫).

(ઉ) વેદી પાસે ઊભા રહેલા યાહવેહનું સંદર્શન (૯; ૧–૪)

આમોસ કદાચ કોઈ વેદી પાસે ઊભો રહેલો છે, અથવા કોઈ વેદી વિષે વિચાર કરે છે એ દરમિયાન તે તલ્લીનાવસ્થામાં આવી પડે છે, અને આ કલમોમાં વર્ણવેલું દૃશ્ય (યજ્ઞવેદીનો નાશ) જે પાંચમું સંદર્શન છે તે નિહાળે છે. ઈશ્વરના ન્યાયશાસનમાંથી બચી જવાના જે જે ઉપાયો માણસો કરે છે તે તમામ નિષ્ફળ નીવડે છે, એ કાવ્યમય રીતે દર્શાવેલું છે, કારણ કે ઈશ્વર સર્વશક્તિમાન ને સર્વવ્યાપક છે (યશા. ૨૪; ૧૭-૨૦: યિર્મે. ૪૮; ૪૩-૪૫).

**મેં પ્રભુને વેદીની પાસે ઊભેલો જોયો; તેણે કહ્યું, [સ્તંભોનાં] મથાળાં પર એવો મારો ચલાવો કે ઉંબરા હાલી જાય; અને તે સર્વ લોકના માથા પર પડીને તેમના ભાંગીને ચૂરેચૂરા કરો; અને તેઓમાં જે બાકી રહેશે તેઓનો હું તરવારથી સંહાર કરીશ; તેઓમાંનો એક પણ નાસી જવા પામશે નહિ, ને તેઓમાંનો એક પણ બચી જવા પામશે નહિ. ૨ જો તેઓ ખોદીને શેઓલમાં ઊતરી જાય, તોપણ ત્યાંથી મારો હાથ તેમને પકડી લાવશે; અને જો તેઓ આકાશમાં ચઢી જાય, તોપણ ત્યાંથી હું તેઓને નીચે ઉતારીશ. ૩ જો તેઓ કાર્મેલના શિખર પર સંતાઈ જાય, તોપણ હું તેઓને ત્યાંથી શોધી કાઢીશ; અને મારી નજર આગળથી તેઓ સમુદ્રને તળિયે સંતાઇ જાય, તોપણ ત્યાં હું સર્પને આજ્ઞા કરીશ, એટલે તે તેઓને કરડશે. ૪ વળી જો તેઓ પોતાના શત્રુઓની આગળ ગુલામગીરીમાં જાય તોપણ ત્યાં હું તરવારને આજ્ઞા કરીશ, ને તે તેઓનો સંહાર કરશે; હું હિતને માટે તો નહિ, પણ આપત્તિને માટે મારી દૃષ્ટિ તેઓ પર રાખી રહીશ.**

૯; ૧. આ યજ્ઞવેદીનું નામ આપવામાં આવેલું નથી. પરંતુ તે બેથેલની હોવાનો સંભવ છે; કારણ કે ઈસ્રાએલના દેશમાં તે મુખ્ય હતી, વળી સમસ્ત ઈસ્રાએલ પ્રજાનું ધાર્મિક કેન્દ્ર અને રાજાનું પવિત્રસ્થાન ગણાતી હતી (૭; ૧૩: ૧ રાજા ૧૨; ૩૩). અહીં શત્રુઓના આક્રમણમાંથી છૂટકારાની તથા વિજયની માગણી કરવા તેમજ ભજન કરવા ઉપાસકો

મોટી સંખ્યામાં એકઠા થયેલા છે. ભજન તો ઉપાસક અને ઈશ્વર વચ્ચે યોગ્ય સંબંધ દર્શાવનાર ક્રિયાનું સૂચન કરે છે, તથાપિ અહીં તો યાહવેહને અનાજ્ઞાંકિત એવા લોકની મેદની મૂર્તિપૂજા કરવા માટે જામેલી છે. આ જ વખતે આમોસ યાહવેહને પણ સંદર્શનમાં એકાએક જુએ છે (સરખાવો મંદિરમાં યશાયાહને થયેલું દર્શન, યશ. ૬). યાહવેહ વેદી પાસે ઊભેલો છે, અને તે વેદીના સ્તંભોનાં મથાળાં પર સખત પ્રહાર કરવાનો હુકમ આપે છે. હુકમ કોને આપવામાં આવ્યો છે-દર્શન જોનાર આમોસને, કે કોઈ દૂતને-તે સ્પષ્ટ રીતે જણાવેલું નથી, પરંતુ કોઈ દૂત સમજવાનો હોય એમ લાગે છે ( સરખાવો "કોઈ પોકારે છે" અને "કોઈ કહે છે," યશ. ૪૦; ૩, ૬). એક જ પ્રહાર થતાંની સાથે આખું બાંધકામ ઉપાસકોનાં માથાં પર તૂટી પડે છે, અને કેવળ જૂજ છટકી જઈ શકે છે. ધરતીકંપ (૧; ૧) જેવું કંઈક થયું હોય તો જ એકાએક આવું વિનાશક પરિણામ આવે. ધરતીકંપ હોય કે ગમે તે હોયે, પરંતુ આમોસની દૃષ્ટિએ એ કુદરતી હોનારત નહિ પણ ઐશ્વરી કૃત્ય હતું. આ સંદર્શન શામશૂને વાળેલા કચ્ચરઘાણનું સ્મરણ કરાવે છે (ન્યાય. ૧૬; ૨૩-૩૧). ઈસ્રાએલ રાષ્ટ્રના આખરી વિનાશના પ્રતીકરૂપ આ દૃશ્ય છે. ભજનમાં સર્વશક્તિમાન તથા ગૌરવી યાહવેહનું કેવળ અપમાન થતું હોવાથી, વળી તે કેવળ ભાવ વિનાનું યાંત્રિક રીતે કરાતું હોવાથી આ દર્શનમાં દયાની લાગણીનો સહેજ અંશ પણ દેખાતો નથી. યાહવેહની દીર્ઘ સહનશીલતાની તેમજ પ્રબોધકદ્વારા તેણે આપેલી ચેતવણીઓની તેમણે કેવળ અવજ્ઞા કરી હતી, જેનું આ પરિણામ છે (ગીત ૬૮; ૨૧: હબ. ૩; ૧૩).

"મારો ચલાવો" શબ્દો ઉચ્ચારાતાંની સાથે જ ધરતીકંપ જેવી હોનારત થાય છે. ઓળંબાએ દર્શાવેલી વાંકીચૂકી ભીંત તૂટી પડે છે (૭; ૭-૯). તે પરથી આમોસે ઉચ્ચારેલાં (આગામી આક્રમણને લગતાં) અન્ય વચનો પણ ખરાં જ પડવાનાં છે, એ તરફ ધ્યાન ખેંચાયા વગર રહેતું નથી. આવી હોનારતમાંથી જો કોઈ ભોજજોગે છટકી જશે, તો તેને બીજી રીતે સંહારવામાં આવશે. ધર્માચરણ વગરની ધર્મની કેવળ ક્રિયાઓ, ભાવ વગરની કેવળ હોઠોની ભક્તિ કોઈ માણસને બચાવી શકતી નથી. ઈશ્વર માગે છે દુરાચરણનો ત્યાગ અને પશ્ચાત્તાપી હૃદય (૧ શમ. ૧૫; ૨૨, ૨૩: ની. વ. ૧૬; ૨: ૨૧; ૨, ૩). ભાવ વગરનું ભજન જ્યાં થતું હતું ત્યાંથી જ ન્યાયશાસનનો આરંભ પણ થાય છે એ ધ્યાનમાં લેવાનું છે.

**મથાળાં :** હીબ્રુ શબ્દ 'કાફતોર' છે; એ જ શબ્દ સફા. ૨; ૧૪ માં પણ વપરાયેલો છે. વેદીનું છાપરું જે સ્તંભોને આધારે રહેલું હતું તેનાં મથાળાં. (લાક્ષણિક અર્થમાં) પ્રજાના ઉપલા થરનાં માણસો–અધિકારી, આગેવાન, ધનાઢય વર્ગનાં માણસો–પર પ્રહાર થાય તો નીચલા થરનાં માણસો આપોઆપ પોતાનું ભાવિ સમજી જાય; કારણ કે ઉપલો થર જ ગુનેગાર હતો એમ નહિ, સમસ્ત પ્રજા ગુનેગાર હતી.

૯; ૨, ૩. ઈશ્વરના કોપાગ્નિમાંથી બચી જવાનો કોઈ ઈલાજ કે ઠેકાણું નથી. તેઓ પોતાનો બચાવ કરવા માટે શેઓલ (ઊંડું પાતાળ)માં ઊતરી જાય (પુન. ૩૨; ૨૨: અયૂબ ૧૧; ૮: ૨૬; ૫, ૬: યશા. ૨; ૧૯: ૧૪; ૧૫: હઝ. ૩૨; ૧૮), કે આકાશ કે અંતરિક્ષ (ઉત્પ. ૧; ૭, ૧૪) જેટલે ઊંચે ચઢી જાય (અયૂબ ૨૦; ૬, ૭: ગીત ૧૩૯; ૭, ૮: યિર્મ. ૫૧; ૫૩: ઓબ. ૪), કે સંતાઈ જવા માટે ઊંડી, લાંબી, સાંકડી ગૂફાઓવાળા કાર્મેલ પર્વતના શિખર (૧; ૨) પર ચઢી જાય (૧ શમ. ૧૩; ૬), તોપણ યાહવેહ જે સર્વવ્યાપક છે તે તેમને શોધી કાઢશે; તેઓ ગમે ત્યાં જાય, પણ તેઓનો બચાવ નથી. તેઓ સમુદ્રને તળિયે જઇને ભરાય, તો ત્યાં પણ યાહવેહની આજ્ઞાથી તેમને કરડવા "સર્પ" તૈયાર છે.

**શેઓલ :** હીબ્રુ શબ્દ છે. તે નર્ક કે અદૃશ્ય લોક (પુન. ૩૨; ૨૨: ગીત ૯; ૧૭: યશા. ૫; ૧૪: ૧૪; ૯ ઈત્ય.), કબર (ઉત્પ. ૩૭; ૩૫: અયૂબ ૭; ૯: યશા. ૧૪; ૧૧ ઈત્ય.), અને ખાડો કે પાતાળ (ગણ. ૧૬; ૩૦, ૩૩: અયૂબ ૧૭; ૧૬) જેવા જુદા જુદા અર્થમાં વપરાયેલો છે (યશા. ૩૮; ૧૮). 'શેઓલ' વિષે હેબ્રી માન્યતા આવી કંઈક હતી: તે ભૂપૃષ્ઠની નીચે આવેલો પ્રદેશ છે, જ્યાં (ભલા તેમજ ભૂંડા) મૃત માનવીઓના આત્માઓ રહે છે. એ શિક્ષાનો પ્રદેશ નહિ, પરંતુ મરણ પછી આત્માઓ માટેનું નિરનંદી, અંધકારમય રહેઠાણ મનાતું (૧ શમ. ૨૮; ૩–૧૪: અયૂબ ૧૦; ૨૧, ૨૨: યશા. ૫; ૧૪: ૧૪; ૯–૨૦: ૩૮; ૧૦, ૧૮). એ આત્માઓ કેવળ દુનિયામાંથી અલગ કરાયેલા હતા એટલું જ નહિ, પરંતુ યાહવેહથી પણ અલગ કરાયેલા હતા એવી પણ કેટલાંએકની માન્યતા હતી. આમોસ જણાવે છે, કે યાહવેહનો અધિકાર કેવળ પૃથ્વી પર ચાલે છે એમ નહિ, પરંતુ તે 'શેઓલ' (અદૃશ્ય લોક, કબર કે પાતાળ) પર પણ ચાલે છે.

કાર્મેલનું શિખર : ઘટ્ટ ઝાડીવાળો પર્વત છે (યશા. ૩૩; ૯: આમો. ૧; ૨: યિર્મે. ૫૦; ૧૯). તેમાં અનેક ઠેકાણે ચૂનો પાડવાના પથ્થરો મળી આવે છે. ઊંચાઈ ૧૮૦૦ ફૂટ જેટલી છે. હાલના હાઈફાની દક્ષિણે સમુદ્ર સુધી એ પર્વતની ટેકરીઓની હારમાળા જાય છે, અને ટેકરીઓ જાણે સમુદ્રમાંથી જ ઊપસી આવતી હોય એવું દશ્ય રજૂ કરે છે. શિખર પર આખું લશ્કર પણ છુપાઈ જઈ શકે એટલી બધી ગૂફાઓ છે, ને પ્રાચીન કાળથી એ આશ્રયસ્થાન જેવું રહ્યું છે. તથાપિ ઈશ્વરની દૃષ્ટિમાંથી છુપાઇ જવા માટે એ સલામત સ્થળ નહોતું. આ પર્વતને અનેક ઐતિહાસિક બનાવો સાથે સંબંધ છે (૧ શમ. ૧૫; ૧૨: અધ્ય. ૨૫: ૧ રાજા ૧૮: ૨ રાજા ૪; ૨૫–૩૭). વધુ વિગત માટે જુઓ ૧; ૨ પરની નોંધ.

સર્પ : ગરમ પ્રદેશોમાં થતા ઝેરી સર્પો જેવો કોઇ જળચર સર્પ; અથવા હેબ્રી માન્યતા પ્રમાણે મહાસાગરને તળિયે રહેતું 'લિવિયાથાન' નામનું (યશા. ૨૭; ૧) એક રાક્ષસી જળચર (અયૂબ ૭; ૧૨). તે નિર્દય તથા જુલમી રાજાઓના પ્રતીક તરીકે ગણાતું હતું (ગીત ૭૪; ૧૩, ૧૪). બાબિલની લોકકથાઓમાં આ સર્પ બહુ જાણીતો હતો. આમોસ અને તેના શ્રોતાજનો એ વિષે જાણતા હોવા જોઈએ. એ કથાના એક સ્વરૂપ પ્રમાણે ઈશ્વરે (હેબ્રીઓનો યાહવેહ અને બાબિલોનીઓનો માર્દુક) એ સર્પનો પરાજય કરીને તેને સમુદ્રને તળિયે બાંધ્યો, અને તેના હલનચલનના વિસ્તારની સીમા આંકી દીધી. એ સીમા તેણે ઓળંગવાની નથી (અયૂબ ૩૮; ૮, ૧૧). તેથી સમુદ્રમાં મોજાંનો ગગડાટ થાય ત્યારે એ બંધાયેલો રાક્ષસ (સર્પ) છૂટો થવા ફાંફાં મારે છે એવું લોકો સમજવા લાગ્યા (ગીત ૯૩; ૩, ૪). યાહવેહના પ્રત્યેક શત્રુને હેબ્રીઓ એ રાક્ષસી સર્પનું જ એક કે અન્ય રૂપ સમજતા, એટલે સુધી કે શરૂઆતના ખ્રિસ્તી સાહિત્યમાં સમુદ્રમાંથી નીકળી આવતું શ્વાપદ (પ્રક. ૧૨; ૯: ૧૩; ૧) ખ્રિસ્તીવિરોધીની સંજ્ઞારૂપ બની ગયું. સર્પ ભલે હોય કે કથાનો હોય, પરંતુ યાહવેહ તો એને પણ હુકમ કરી શકે છે (સરખાવો યૂના અને માછલી યૂના ૧; ૧૭: ૨; ૧, ૧૦).

૯; ૪. પ્રાચીન સમજ પ્રમાણે કનાન દેશ જ યાહવેહની સત્તાનો ભૂમિવિસ્તાર મનાતો હતો (ન્યાય. ૧૧; ૨૪: ૧ શમ. ૨૬; ૧૯), અને અન્ય દેશો અન્ય દેવોના ભૂમિવિસ્તાર હતા. તેથી બચાવ પામવા માટે શત્રુઓના દેશમાં તેઓ ગુલામ થઈ જવાનું પસંદ કરે તો ત્યાં પણ

તેઓનો બચાવ નથી. દર્શન એવું બતાવવા માગે છે કે તેઓએ યાહવેહની અવગણના કરી છે, તેથી તે હવે તેમને શોધી કાઢયા વગર જંપવાનો નથી (૨; ૧૩–૧૬). સ્થળ, સમય કે સત્તામાં કે અન્ય કોઈ અર્થમાં જે મર્યાદિત છે તે ઇશ્વર હોઈ શકે જ નહિ. યાહવેહ તો એવો નથી. તે સર્વવ્યાપક, સનાતન, સર્વશક્તિમાન છે. તેથી પોતાનો કે અન્યનો બચાવ કરવા માટેના કોઈ પણ પ્રયત્નમાં ઈસ્રાએલનો કોઈ પ્રજાજન ફાવી શકશે નહિ. આ કલમના શબ્દોને ચોકસ આગાહી તરીકે સમજવા કરતાં શિક્ષાની ધમકીરૂપે સમજવા વિશેષ ઠીક છે; કારણ કે તેઓમાંના અનેક વિવિધ રીતે મારી નંખાયા હતા એમ નહિ, પણ દેશનિકાલ કરાયા હતા. અને ઈસ્રાએલનું ભાવિ યહુદાહના ભાવિ કરતાં વિશેષ વસમું બનવાનું હતું. પોતપોતાનાં પાપને કારણે બન્ને પ્રજાઓને પરદેશોની ગુલામગીરી તો વેઠવાની જ હતી (યિર્મે. ૨૫; ૧૧). પરંતુ યહુદાહ (દક્ષિણની પ્રજા) માટે યિર્મેયાહ પ્રબોધકે આગાહી ઉચ્ચારી હતી કે સિત્તેર વર્ષ બાદ તેઓ પુનઃ સ્થાપિત થશે (યિર્મે. ૨૯; ૧૦–૧૪). એ વચને પુનઃ સ્થાપનાની આશાને જીવંત રાખી હતી. અને એવું બન્યું પણ હતું (૨ કાળ. ૩૬; ૨૨, ૨૩: એઝરા. ૧; ૧–૨; ૭૦). પરંતુ ઈસ્રાએલ પ્રજા (ઉત્તરના રાષ્ટ્ર)ને એવી કોઇ રાહત મળવાની નહોતી. કેમ કે ઈશ્વરનું વચન તેઓને માટે આ પ્રમાણે છે: "હું હિતને માટે તો નહિ, પણ આપત્તિને માટે મારી દૃષ્ટિ તેઓ પર રાખીશ" (સરખાવો કલમ ૮, જ્યારે યહુદાહને માટે જુઓ યિર્મે ૨૪; ૬). જે માણસના હિતને અર્થે માણસ પર દૃષ્ટિ રાખી શકે છે (યિર્મે. ૩૯; ૧૧, ૧૨) તે અહીં આપત્તિને માટે દૃષ્ટિ રાખનાર તરીકે પોતાને ઓળખાવે છે (સર. ગીત ૩૪; ૧૬: યિર્મે. ૨૧; ૧૦).

ચોથી કલમના આ છેલ્લા શબ્દો ("હું હિતને...તેઓ પર રાખીશ") બહુ જ કઠોર અને દયાહીન છે. પરંતુ યાદ રાખવું જોઈએ કે આમોસને સોંપાયેલું (૩; ૭, ૮ : ૭; ૧૫) મુખ્ય કામ ઈસ્રાએલનાં પાપને કારણે આવી પડનાર ઐશ્વરી ન્યાયશાસનની જાહેરાત કરીને દુષ્ટ ઈસ્રાએલને પશ્ચાત્તાપને માર્ગે વાળવાના હતા. બે વખત તેણે તેમને માટે મધ્યસ્થી કરી હતી, ને યાહવેહે તે ધ્યાનમાં લીધી હતી (૭: ૧–૬); વળી જો તેઓ પોતાનાં આચરણ સુધારે તો વખતે યાહવેહ તેમના પ્રત્યે કૃપાવંત થાય એ પણ તેણે તેમને જણાવ્યું હતું (૫; ૧૪, ૧૫). પરંતુ તેઓ પોતાનો માર્ગ બદલે ને ઈશ્વર તરફ પાછા ફરે એ તેને બનવા જોગ લાગતું જ

નહોતું, તેથી જ ઐશ્વરી શિક્ષામાં કશી નરમાશ આવવાની નથી એવું તે માનતો હતો. યોહાન બાપ્તિસ્તી પણ આવી પડનાર શિક્ષાનો પોકાર કરનાર પ્રબોધક જ હતો (મા. ૩; ૧–૧૨: માર્ક ૧; ૪–૮: લુક ૩; ૧–૨૦), અને આમોસ એના જેવો જ હતો. તેમ છતાં ધ્યાનમાં રાખવું જોઇએ કે નવા કરારની સુવાર્તા આપણે આમોસમાં શોધીએ તો તે આપણને ન જ મળે. આમોસમાં તો દરિદ્રીઓ પ્રત્યે માનવતા દર્શાવવાનો સંદેશો જ મળે. પરંતુ દરિદ્રીઓ પ્રત્યે આમોસે જે સહાનુભૂતિ પ્રદર્શિત કરી હતી તેમાં જ તેણે ઈશ્વરનો પ્રેમભાવ પણ પ્રગટ કર્યો હતો.

આ ફકરાની કલમો ૨–૪ ને ગીત ૧૩૯; ૭–૧૦ સાથે સરખાવવાથી માલૂમ પડશે કે આમોસનાં એ વચનો ગીતશાસ્ત્રનાં વચનોનું કર્કશ રૂપ છે. પાપી માણસ ઈશ્વરની હજૂરમાંથી નાસી જવાનો પ્રયત્ન કરતો હોય, તોપણ ગીતશાસ્ત્રનાં વચનો પ્રમાણે ઈશ્વરનું સર્વવ્યાપકપણું પાપીને આશ્વાસન આપનારૂં જ નીવડે છે, કારણ કે ઈશ્વરની હાજરી આખરે તો પાપી માણસને માટે દોરવણીરૂપ ને આધારરૂપ જ છે.

**ત્રીજું સ્તોત્રવચન** (૯; ૫, ૬)

આ દર્શન (૯; ૧–૪) ખરૂં જ પડવાનું છે, અને આવી પડનારી આપત્તિ (કુદરતી હોય, કે માનવસર્જિત હોય) યાહવેહનું જ કૃત્ય બનવાની છે એ ઈસ્રાએલ લોકને પ્રગટ કરવા માટે યાહવેહ કેટલો ને કેવો શક્તિમાન છે (૪; ૧૩: ૫; ૮, ૯) તે જણાવવાનો ઈરાદો આ બે કલમોમાં રખાયેલો છે. તથાપિ આ કલમો આમોસ પછીના કોઇક લેખકે કે આમોસના જ કોઈ અનુયાયીએ દાખલ કરેલી લાગે છે. એમ કહેવાનાં કારણો છે: (૧) અગાઉ આવેલી કલમો (૯; ૧–૪)માં રહેલા વિચાર-પ્રવાહને આ કલમો આગળ વધતો અટકાવે છે. કલમ ૭મી કલમ ૪થીના અનુસંધાનમાં બંધબેસતી માલૂમ પડે છે. (૨) આ કલમોની અગાઉની કલમોમાં (૧–૪) અને પાછળની કલમોમાં (૯; ૭ ઈત્ય.) યાહવેહ માટે પ્રથમ પુરૂષ સર્વનામના શબ્દો (હું, મારી, મારો) વારંવાર વપરાયેલા છે, જ્યારે આ બે કલમોમાં યાહવેહ માટે ત્રીજા પુરૂષ સર્વનામના શબ્દો વપરાયેલા છે. (૩) આ બે કલમો અગાઉ આવી ગયેલી બે કલમો (૫; ૮ અને ૮; ૮)ના પુનરૂચ્ચારણ જેવી જ લાગે છે: શબ્દો જુદા છે ખરા, પરંતુ સત્વમાં ખાસ મહત્ત્વનો ફેરફાર માલૂમ પડતો નથી. મુખ્ય તફાવત (૮; ૮ સાથે) એ છે કે ૮; ૮ પ્રમાણે દેશમાં રહેનારાંનાં પાપને લીધે દેશ ધ્રૂજે છે, અને તેની ઊર્મિમાં ભરતીઓટ આવે છે, જ્યારે આ બે

કલમો પ્રમાણે એવું બધું યાહવેહના હાથના સ્પર્શથી બને છે, (૪) કલમ ૬ માં આપેલો વિશ્વનો ચિતાર પાછળથી થયેલાં લખાણોમાં (દા. ત. ઉત્પત્તિ અધ્યા. ૧; ગીત ૯૦; ૨; યશા. ૪૦; ૧૨, ૨૨; ૪૫; ૧૨, ૧૮ ૫૧; ૧૩) આવતા વિચારને વિશેષ મળતો આવે છે (આમોસ પછી લાંબા સમય સુધી ઉત્પત્તિનો પહેલો અધ્યાય લખાયો નહોતો એવી અનેક સાક્ષરોની માન્યતા છે, એ ધ્યાનમાં રાખવાનું છે).

**૫ કેમકે પ્રભુ, સૈન્યોનો [દેવ] યાહવેહ, તે એ છે જે ભૂમિને અડકે છે એટલે તે પીગળી જાય છે, ને તેના સર્વ રહેવાસીઓ શોક કરશે; અને તે તમામ નદીની પેઠે ચઢી આવશે; અને મિસરની નદીની પેઠે પાછું ઊતરી જશે; ૬ જે આકાશમાં પોતાના ઓરડાઓ બાંધે છે, ને પૃથ્વી પર પોતાનો ઘુમટ સ્થાપે છે; જે સમુદ્રનાં પાણીને આજ્ઞા કરી બોલાવે છે, ને તેમને પૃથ્વીની સપાટી પર રેડી દે છે તેનું નામ યાહવેહ છે.**

ધરતીકંપ, પવનની સખત આંધી, વીજળીનું પડવું, રેલ આવવી, સમુદ્રનાં મોજાંનું તોફાને ચઢવું, વગેરે સર્વ કુદરતની બલિહારીઓ છે; અને એમાંનું કંઈ પણ બને છે ત્યારે પૃથ્વીના જે ભાગમાં તે બને છે તેમાં મનુષ્યો અને પ્રાણીઓ અસાધારણ ગભરાટમાં પડે છે, અને જોતજોતામાં ભયંકર વિનાશ સર્જાય છે (ન્યાય. ૫; ૪, ૫: અયૂબ ૯; ૫–૧૦: ગીત ૪૬; ૬: ૧૦૪; ૩૨: મીખ. ૧; ૪: નાહૂમ ૧; ૩-૫). એવી કુદરતી આફતો ઊતરવાના કૃત્ય માટે યાહવેહ "ભૂમિને અડકે છે" એમ કહેલું છે. જેના સ્પર્શ માત્રથી એવાં કૃત્યો થઈ શકે છે તેની સામે ઈસ્રાએલે પાપ કર્યું છે. તો એવો યાહવેહ જે વિશ્વનો સૃષ્ટા તથા સંચાલક છે તેના હાથમાં પડવું એ વિનાશ માગી લેવા બરાબર જ છે (હેબ્રી. ૧૦; ૩૧). અહીં આગળ લેખકના મનમાં ધરતીકંપ હોવાનું સંભવિત લાગે છે. અને ધરતીકંપ તથા અન્ય આફતોના ચઢી આવવાનાં તથા ઊતરી જવાનાં કૃત્યોને મિસરની નીલ નદીમાં ચઢી આવતા તથા ઊતરી જતા પૂરની સાથે સરખાવવામાં આવ્યાં છે. એવી જ સરખામણી અગાઉ પણ કરવામાં આવેલી છે (૮; ૮).

૯; ૬. **જે આકાશમાં પોતાના ઓરડાઓ બાંધે છે:** પ્રાચીન સમજણ પ્રમાણે યાહવેહના નિવાસસ્થાનનું વર્ણન કરેલું છે (ગીત ૧૦૩; ૧૯: ૧૦૪; ૩, ૧૩). એ નિવાસસ્થાનમાં રહીને તે પૃથ્વીનો વહીવટ સંભાળે છે (૧ રાજા ૮; ૨૭–૩૦).

**પૃથ્વી પર પોતાનો ઘુમટ સ્થાપે છે :** આકાશ સંગીન ઘુમટરૂપ છે જેની આસપાસ તારાઓ ભ્રમણ કરે છે, જેની કિનારી પૃથ્વીની સરહદી કિનારી પર ટેકવેલી છે એવી પ્રાચીન માન્યતા હતી. ઉત્પત્તિના પુસ્તકમાં "અંતરિક્ષ"નું જે વર્ણન કરેલું છે (ઉત્પ. ૧; ૬–૧૪) તેનું સ્મરણ આ કલમો વાંચતાં થાય છે.

**સમુદ્રનાં પાણીને...રેડી દે છે :** કુદરતના નિયમ પ્રમાણે જે બાષ્પીભવન અને વૃષ્ટિ થયા કરે છે તેને અહીં કેવળ કુદરતી ક્રિયા રૂપે નહિ, પણ ઈશ્વરના સીધા કૃત્ય તરીકે આલેખવામાં આવ્યું છે (૫; ૮: ૧ રાજા ૧૮; ૪૧–૪૫).

**યાહવેહ કોઈ પ્રત્યે પક્ષપાતી નથી** (૯; ૭, ૮અ)

કલમો ૫ ને ૬ આમોસે નહિ, પણ તેના કોઈ અનુયાયીએ આમોસના સમય પછી દાખલ કરેલી છે એ મત સ્વીકારીએ તો આ કલમોને ૯; ૧–૪નું અનુસંધાન ગણવું પડે. જ્યારે આમોસ આ સંદર્શન (૯; ૧–૪) ઇસ્રાએલ લોકને કહી સંભળાવતો હતો ત્યારે તેઓ એવી દલીલ કરતા હશે કે જેણે ઇસ્રાએલ લોક પર ભૂતકાળમાં અનેક ઉપકારો કર્યાં હતા (૩; ૧, ૨: સરખાવો યિર્મે. ૭; ૧–૧૫) તે શું પોતાના લોકનો છેક નાશ કરશે? એવી દલીલ કરનારાઓને અન્ય દેશજાતિઓ સાથે યાહવેહનો સંબંધ કેવો છે તે દર્શાવીને આ ફકરામાં જવાબ આપેલો છે.

**૭ યાહવેહ કહે છે, હે ઈસ્રાએલપુત્રો, તમે મારે મન કૂશપુત્રોના જેવા નથી? શું હું ઈસ્રાએલને મિસર દેશમાંથી, પલિસ્તીઓને કાફતોરથી, ને અરામીઓને કીરથી બહાર લાવ્યો નથી? ૮ જુઓ, પ્રભુ યાહવેહની આંખો દુષ્ટ રાજ્ય પર છે, ને હું પૃથ્વીના પૃષ્ઠ પરથી તેનો નાશ કરીશ;**

૯; ૭, ૮ અ : કૂશીઓ (હીબ્રૂરૂપ) કે ઈથીઓપીઓ રંગે કાળા (હબશી) લોક હતા (યિર્મે. ૧૩; ૨૩). અર્વાચીન સુદાન કે ઈથીઓપીઆ (હાલમાં આબિસિનિયા)માં તેઓ રહેતા હતા. તેઓ નૂહના પૌત્ર કૂશના (ઉત. ૧૦; ૬–૮) વંશજો હતા. એબેદ-મેલેખ જે યિર્મેયાહ પ્રબોધકનો હિતેચ્છુ હતો તે હબશી ગુલામ હતો (યિર્મે. ૩૮; ૭–૧૩). કૂશીઓમાંના કેટલાક ગુલામો હતા ખરા; તથાપિ તે વખતે સૌથી વધારે ગુલામો એ જાતિમાંના હતા એવું કહેવાનો, કે એક મનુષ્યજાતિ તરીકે તેઓ હડધૂત થયેલા હતા એવું કહેવાનો કશો આધાર આપણી પાસે નથી.

આ પછી થોડા જ સમયમાં ઈથીઓપીઅનો બહુ બળવાન થયા, અને તેમના રાજાએ મિસર પર આધિપત્ય મેળવ્યું હતું. મુસા એક કૂશી સ્ત્રી સાથે પરણ્યો હતો (તે સ્ત્રી હબશી કરતાં અરબી હોવાનો વિશેષ સંભવ છે), જેને લીધે હારૂન અને મરિયમે તેમના ભાઈ મુસા સાથે ઝઘડો કર્યો હતો (ગણના ૧૨; ૧). તેઓ ગુલામ પ્રજા હતી તેને લીધે તેમના વિષે અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે એમ નથી; પરંતુ ઈસ્રાએલની પવિત્ર ભૂમિથી તેઓ ઘણે દૂર રહેનારા, રંગે કાળા, અને ઈસ્રાએલ લોકથી અનેક રીતે જુદા પડતા હતા એને લીધે કરવામાં આવેલો છે. યાહવેહ ઈસ્રાએલને જાણે આમ કહે છે: "હું કેવળ તમારો ઈશ્વર છું એમ ન સમજો; હું તો સર્વ પ્રજાઓનો ઈશ્વર છું. જેવા તમે મારા મનથી છો તેવા જ કૂશીઓ (યશા. ૧૧; ૧૧) પણ છે. તમને મિસરમાંથી કાઢીને (નિર્ગ ૧૨; ૫૧) આ દેશ મેં તમને આપ્યો, તેથી મારા પર તમારો કશો ખાસ હક થઇ ગયો એમ તમે સમજો છો; પરંતુ પલિસ્તીઓને તેમના મૂળ રહેઠાણ કાફતોરથી એટલે ક્રેતથી (પુન. ૨; ૨૩: યિર્મે. ૪૭; ૪), અરામીઓને (પાલેસ્ટાઈનની ઈશાને આવેલા સિરિયા નામે ઓળખાતા દેશના રહેવાસીઓ) કીરથી કાઢી લાવનાર પણ હું જ છું. એ પ્રજાઓ એ કામનો યશ ભલે દાગોન (ન્યાય. ૧૬; ૨૩: ૧ શમ. ૫; ૧–૫: ૧ કાળ. ૧૦; ૧૦), રિમ્મોન (૨ રાજા ૫; ૧૮) વગેરેને આપે; પરંતુ તેઓનું નિર્ગમન કરનાર પણ હું જ હતો, કારણ કે હું એકલો જ ઈશ્વર છું, અને સર્વનો કર્તા ને સંચાલક હું જ છું." કૂશપુત્રો (ઈથીઓપીઅનો) રંગે કાળા હતા, વળી અન્ય દેશજાતિઓ વારંવાર તેમને ગુલામ તરીકે વાપરતી એ કારણથી હબ્રી લોકો તેમને હલકા માનતા. હવે એ લોકો તેમજ બેસુન્નતી પલિસ્તીઓ (ન્યાય. ૧૪; ૩: ૧૫; ૧૮: ૧ શમ. ૧૪; ૬: ૧૭; ૨૬, ૩૬: ૩૧; ૪: ૨ શમ. ૧; ૨૦: ૧ કાળ. ૧૦; ૪), અને લગભગ દાઊદ રાજાના સમયથી ઈસ્રાએલને સતાવનાર અરામીઓ પણ યાહવેહના જ લોક છે એ જાણીને પોતાને યાહવેહના ખાસ લોક (૩; ૨: નિર્ગ. ૧૯; ૫: પુન. ૭; ૬: ૧૪; ૨: ૨૬; ૧૮, ૧૯: ગીત ૧૩૫; ૪) સમજનાર ઈસ્રાએલ લોકને તો (જેવો નવા કરારમાં બિન-યહૂદી લોકને ખ્રિસ્તી મંડળીમાં દાખલ કરતાં યહૂદી ધર્મમાંથી થયેલા ખ્રિસ્તી લોકોને થયો હતો તેવો) આઘાત જ થયો હશે. યાહવેહે ઈસ્રાએલને પસંદ કર્યા હતા એ વાત ખરી હતી, પરંતુ તેથી તેઓને મનસ્વી રીતે વર્તવાનો પરવાનો મળી ગયો હતો એવી તેમની સમજણ

મૂર્ખાઈ ભરેલી હતી. પાલેસ્ટાઈન દેશ એટલે વચનદત્ત દેશ નિર્ગ. ૬; ૮: પુન. ૯; ૨૮ : ૧૯; ૮ : ૨૭; ૩: યહો. ૨૩; ૫) પર આગવો કબજો ધરાવવાનો તેમને હક મળી ગયો હતો એ તેમની સમજણ પણ ખોટી હતી, કારણ કે જે અન્ય પ્રજાઓ પરંપરાગત તેમની શત્રુ રહી હતી તેમને એ દેશમાં લાવનાર પણ યાહવેહ જ હતો. રાષ્ટ્ર ગમે તે હોય, ગમે તે વર્ણના લોકનું હોય, ગમે તે ભૌગોલિક સ્થાને હોય; પરંતુ જો તે ઐશ્વરી નીતિધોરણના માપદંડ પ્રમાણે ન હોય તો ઈન્સાફી યાહવેહની દૃષ્ટિ તેની વિરુદ્ધ છે, અને પૃથ્વીના પૃષ્ઠ પરથી તે તેને ઊખેડી નાખશે (પુન. ૬; ૧૫: ગીત ૩૪; ૧૫, ૧૬), કારણ કે સૃષ્ટા તથા સંચાલક યાહવેહની પાસે પક્ષપાત નથી; મતલબ કે રાષ્ટ્ર ઉત્તરનું (ઈસ્રાએલનું) હોય કે દક્ષિણનું (યહુદાહનું) હોય કે ગમે તે હોય, પણ રાષ્ટ્ર તરીકે તેની હસ્તી રહેશે નહિ. મૂર્તિપૂજા, દુરાચરણ, દંભી ભક્તિ વગેરે પાપો કરીને ઈસ્રાએલે યાહવેહ સાથેનો કરાર (નિર્ગ. ૧૯; ૫, ૬: ૨૪; ૧–૮ : ૩૪; ૨૭: લેવી. ૨૬: પુન. ૫; ૨, ૩ : ૨૬; ૧૬–૧૯ : ૨૯: યિર્મે. ૧૧) તોડયો હતો, જેથી યાહવેહ સાથેની તેમની "ખાસ" સંગત તૂટી હતી, પરિણામે તેઓમાં અને અન્ય દેશજાતિઓમાં કશો ભેદ રહ્યો નહોતો. યાહવેહ તો સર્વવ્યાપક ને સર્વનો ઈશ્વર છે.

**૯; ૭. પલિસ્તીઓ:** વિશેષ નોંધ માટે જુઓ ૧; ૮.

**અરામીઓ અને કીર :** જુઓ નોંધ ૧; ૫.

**કાફતોર :** 'સપ્તતિ' પ્રમાણે કાપાદોકિયા (પ્રે. કૃ. ૨; ૯: ૧ પી. ૧: ૨). પરંતુ એવો તરજુમો કેવી રીતે થઈ શકે એ સમજાતું નથી. દાઊદ રાજાના જે અંગરક્ષકો હતા તે કરેથીઓ હતા (૨ શમ. ૮; ૧૮ વગેરે). એ કરેથીઓ અથવા ક્રીતીઓ (ક્રીત ટાપુના રહેવાસીઓ) અને પલિસ્તીઓ એક જ દેશજાતિ હતા, અથવા પલિસ્તીઓની એક પેટા જાતિ હતા (૧ શમ. ૩૦: ૧૪ :હઝ. ૨૫; ૧૬: સફા. ૨; ૫). તેઓ ક્રીત ટાપુમાંથી (પ્રે. કૃ. ૨૭; ૭–૨૧: તીતસ ૧; ૫) તથા સમુદ્રકાંઠાના પ્રદેશોમાંથી આવેલા આક્રમણકારો હતા. તેઓ શેમવંશી (ઉત્પ. ૯; ૧૮, ૨૬, ૨૭: ૧૦; ૨૧–૩૧) નહોતા તેમજ સુન્નતી પણ નહોતા (૧ શમ. ૧૪; ૬ વગેરે).

**ભલાભૂંડાનો ભેદ જાળવવામાં આવશે** (૯; ૮ બ–૧૦)

આ કલમની અગાઉ આવેલી ધમકી અને શિક્ષાની આગાહીની વાત પ્રમાણે તો ઈસ્રાએલ પ્રજા નામશેષ થઈ જવાની છે, ને કોઈને માટે બચી જવાની આશા જ નથી (૫; ૨: ૬; ૯: ૯; ૧–૪); તેથી ૮ (અ)

એ આમોસનું છેલ્લું વાકય છે એવું અનેક સાક્ષરોનું માનવું છે. એ દષ્ટિએ વિચારતાં આ ફકરામાંની કલમો (૮ બ-૧૦) આમોસના કોઈ અનુયાયીએ આમોસ પછી લાંબા સમયે દાખલ કરી હશે એવું સાધારણ રીતે માનવામાં આવે છે. એમ એ અનુયાયી જે કોઇ હશે તેણે પાછળ આવતી કલમો (૧૧-૧૫)માં સમાયેલા આનંદદાયક ચિત્રની ભૂમિકા તૈયાર કરી છે.

**૮ (બ) યાહવેહ કહે છે, ફક્ત એટલું જ કે યાકૂબના વંશનો હું પૂરેપૂરો નાશ નહિ કરીશ. ૯ કેમ કે હું આજ્ઞા કરીશ, ને જેમ ચાળણીમાં ચળાય છે તેમ હું ઇસ્રાએલના વંશજોને સઘળી પ્રજાઓમાં ચાળીશ, તો પણ [તેમાંનો] નાનામાં નાનો કણ પણ જમીન પર પડશે નહિ. ૧૦ મારા લોકમાંના જે પાપીઓ કહે છે, કે અમને આપત્તિ કદી પકડી પાડશે નહિ તેમ અમારી સામે પણ આવશે નહિ તે સર્વ તરવારથી માર્યા જશે.**

૯; ૮ (બ). બાબિલનનો બંદીવાસ ભોગવ્યા પછી (યિર્મે. ૨૫; ૧૧, ૧૨) યહુદાહની પુનઃ સ્થાપનાની વાત ધ્યાનમાં હોવાથી, અને 'ઈસ્રાએલ' લોકને (૯; ૧૪ અનુસાર) સમસ્ત હેબ્રી પ્રજા સમજી લઇને, તેમજ 'શેષ' (એઝ. ૯; ૮) બચી જશે ને સિયોન પાછો ફરશે એવું યશાયાહનું તથા યર્મેયાહનું વચન (યશા. ૧; ૯: યિર્મે. ૨૬; ૩, ૪) યાદ આવ્યાથી, આમોસ પછીના કોઈ લેખકે અથવા આમોસના કોઈ અનુયાયીએ કલમ ૮ મીના પાછલા ભાગમાં આ શબ્દો ઉમેર્યા છે, જે કલમ ૮ બ છે; પરંતુ કલમના આગલા ભાગ (૮ અ) સાથે સરખાવતાં ૮ બના શબ્દો છેક ઊલટા અર્થના છે. ૮ બના લેખકે જ કે અન્ય કોઈ લેખકે કલમો ૯ ને ૧૦ પણ ઉમેરી છે.

૯; ૯. ચાળણીમાં ચળાવાનું રૂપક વાપરીને અન્ય દેશજાતિઓ મધ્યે ઈસ્રાએલના ભાવિનું વર્ણન કરતાં લેખક દર્શાવે છે કે ચાળણી ખરો દાણો જાળવી રાખે છે, અને કેવળ ભૂસું કાઢી નાખે છે. અહીં 'કણ' માટે વપરાયેલો શબ્દ 'ત્સેરોર' છે, જેના ખરા અર્થ વિષે શંકા રહે છે, કારણ કે એ જ શબ્દનો તરજુમો "નાનો સરખો પથ્થર" પણ કરવામાં આવેલો છે (૨ શમ. ૧૭; ૧૩). RSV (૧૯૫૨ માં બહાર પડેલો બાઈબલનો નવો અંગ્રેજી તરજુમો) આ કલમમાં 'નાનો પથ્થર' (કાંકરો) શબ્દ વાપરે છે. પરંતુ એકંદરે 'કણ' શબ્દ જ અહીં તો બંધબેસતો ગણવામાં આવેલો છે. મતલબ કે રાષ્ટ્ર ઈશ્વરના પસંદ કરેલા લોકનું હોય કે અન્ય લોકનું હોય, પરંતુ જો તે દુષ્ટ રાજ્ય હોય તો

ઈશ્વર તેનો સમૂળગો નાશ કરશે, તથાપિ 'શેષ' બચી જશે. આસ્શૂર અને અન્ય પ્રજાઓ રૂપ ચાળણીમાં જ્યારે ઈશ્વર યાકૂબના વંશને ચાળશે ત્યારે તેમાંના સારા દાણા જેવા ધાર્મિકોનો બચાવ થશે (યિર્મે. ૩૧; ૩૬: માલ્થી ૩; ૧૨). ધ્યાનમાં રાખવું જોઇએ કે અહીં જે બચાવની વાત છે તે વ્યક્તિના બચાવની છે (યિર્મે. ૩; ૧૪: લુક ૨૨; ૩૧, ૩૨: યો. ૧૦; ૨૮), નહિ કે રાષ્ટ્ર તરીકે યહુદાહ કે ઈસ્રાએલની (ઈ. સ. પૂ. ૭૨૨માં સમરૂન, અને ૫૮૬માં યરૂશાલેમ પડ્યું, ત્યારથી જ રાષ્ટ્ર તરીકે તેમનો અંત આવી ગયો હતો). યશાયાહનું શિક્ષણ પણ એવું જ હતું (યશા. ૧; ૨૬–૨૮: ૪; ૩, ૪: ૬; ૧૩). યાહવેહ પોતાનાં વચનને (હેબ્રીઓના પૂર્વજોને આપેલાં) વિશ્વાસુ છે, માટે તે તેમનો સમૂળગો નાશ કરે એ માની શકાય એવું નથી (યિર્મે. ૫; ૧૦–૧૮: ૩૦; ૧૧: યોએલ ૨; ૩૨: રોમન ૧૧; ૨૮, ૨૯). દુષ્ટતાની શિક્ષા કરનાર ન્યાયી ઈશ્વર સારાનરસાનો ભેદ જાળવ્યા વગર કેવળ સંહાર કરે, અને ભૂંડાની સાથે ભલાને પણ ગણી લે એવું આ લેખક માનતો નથી. જૂના કરારનો આ પ્રબોધક અહીં નવા કરારની ઝાંખી પામે છે, અને પુસ્તકમાં છેલ્લે છેલ્લે પણ બચાવની વાત રજૂ કરે છે.

૯; ૧૦. જે "પાપીઓ"ની વાત અહીં આવે છે તેઓ તો પોતાને યાહવેહના લોક સમજીને જેઓ કેવળ બાહ્ય ક્રિયાકાંડ કરવામાં જ ધર્મપાલન થઈ ગયું એમ સમજી નિર્ભય રહેતા હતા તેઓ સમજવાના છે. એ પ્રકારના માણસો તો આખા જૂના કરારમાં મળે છે (યશા. ૫; ૧૮–૨૦: યિર્મે. ૫; ૧૭: હઝ. ૧૨; ૨૨, ૨૩, ૨૭, ૨૮: મીખ. ૩; ૧૧). નવા કરારમાં પણ એવા માણસોનો તોટો નહોતો (યોહ. ૯; ૩૯: રોમન ૯; ૪, ૫).

**આપત્તિ :** આ પુસ્તકમાં અપાયેલી ધમકીઓ, કે અન્ય સર્વ-સામાન્ય આફતો.

**પુનઃસ્થાપના અને ગૌરવનું વચન (૯; ૧૧–૧૫)**

ઈસ્રાએલની ગુનેગારીની તથા તે કારણે તેમના પર આવી પડનાર ઐશ્વરી શિક્ષાની આમોસને એટલી બધી ખાતરી હતી, કે જેમ ઉપલી કલમો (૮ બ–૧૦) કોઇ બીજાં લેખકની માનવામાં આવે છે, તેમ આ કલમોમાંનો આશાનો સંદેશો પણ આમોસથી ઉચ્ચારાયેલો કે લખાયેલો નહિ, પણ એકંદરે પુસ્તકમાં પાછળથી દાખલ કરાયેલો માનવામાં આવે છે. આ છેલ્લી કલમો લખવામાં આવી ત્યારે તો "દાઉદનો મંડપ"

પડી ગયેલો હતો–દાઊદના વંશનો અંત આવી ગયો હતો (ઈ. સ. પૂ. ૫૮૬)–ઈસ્રાએલ લોક બંદીવાસમાં ગયા હતા, અને તેનાં નગરો ખેદાનમેદાન થઈ ગયાં હતાં. એ બધું બની ગયું ખરું, પરંતુ આમોસના સમય પછી લાંબા સમયે. તેથી એ બિનાઓ બની ચૂકયા પછીના કોઈ પ્રબોધકે આ કલમો લખી હશે એમ માનવું પડે. દાઊદનો વંશ તો કેવળ દક્ષિણના (યહુદાહ) રાષ્ટ્ર પર અમલ કરતો હતો, તેથી આ આગાહી ઉત્તરના (ઈસ્રાએલ) રાષ્ટ્ર કરતાં દક્ષિણના રાષ્ટ્રને વધારે બંધ બેસે છે. "ઇસ્રાએલ લોક" (કલમ ૧૪) શબ્દો સંભવિત રીતે સમસ્ત હેબ્રી પ્રજાને લાગુ પડે છે, નહિ કે કેવળ ઉત્તરના ઈસ્રાએલ રાજ્યને. અને જો એમ હોય તો આ કલમો બંદીવાસના સમય દરમિયાન કે તે પછી લખવામાં આવી હશે. યહૂદી લોકો કદાચ હજી બંદીવાસમાં જ હશે, કે બંદીવાસનો સમય પૂરો થયા પછી તેમનાં ખંડિયેરોમાં પાછા ફરેલા હશે. આમોસના પુસ્તકમાં આ કલમો કેવી રીતે ઉમેરાવા પામી તે તો આપણે જાણતાં નથી, તથાપિ આમોસના પુસ્તકની એવી સખત આગાહીઓ યહૂદીઓએ વાંચ્યા પછી એ લોકને દિલાસો દેવાના વિચારથી તે લખવામાં આવી હશે એવું અનુમાન કરી શકાય ખરું. વસ્તુતઃ આગાહીઓની સમાપ્તિ એ બહુધા આશાવાદી ધ્વનિ સંભળાય છે (દા. ત. હોશીઆ). આમોસે તો ઉચ્ચાર્યું હતું, "જો તેઓ...રાખી રહીશ" (૯;૪); "તેઓમાં જે બાકી...સંહાર કરીશ" (૯; ૧), વળી "દુષ્ટ રાજ્ય...નાશ કરીશ" (૯; ૮). એમ ઉત્તરના રાજ્યનો સમૂળગો નાશ થઇ ગયો હોય, તોપણ ઈસ્રાએલના બાકીના ભાગને માટે લેખકની પાસે દિલાસાનો સંદેશો રહેલો છે. આ સંદેશો પૂર્ણ પુનઃસ્થાપનાનો ચિતાર રજૂ કરે છે, એટલે પુનઃસ્થાપના પછી ફળદ્રુપ ઋતુઓ મળશે, દ્રાક્ષવાડીઓ લચી પડેલી હશે, અને દેશ તથા તેના ઉત્પન્નનો ભોગવટો પૂર્ણ નિર્ભયતાથી કરવાનો મળશે. યહૂદીઓ તે સમયે વ્યાપારી લોક નહિ, પણ ખેતીવાડી કરનાર લોક હોવાથી તેમની જાહોજલાલી ખેતીવાડીની ફળદ્રુપતામાં દર્શાવવામાં આવેલી છે. પુનઃસ્થાપિત થયેલા અર્વાચીન ઈસ્રાએલનો આદર્શ પણ એવો જ હોવા સંભવ છે.

આમોસે નહિ, પણ આમોસ પછી લાંબા સમયે કોઈ બીજાએ આ કલમો લખી હશે એ વાતના ટેકામાં એક બીજો મુદ્દો પણ રહેલો છે. આખા પુસ્તકમાં ગુનાઓનું વર્ણન, ધમકીઓ ને આવી પડનાર શિક્ષાની આગાહીઓની જ વાત આવે છે; કેવળ આ છેલ્લી કલમોમાં દિલાસા,

ઉત્તેજન, વિપુલ ફળદ્રુપતા અને પુનઃસ્થાપનાનો સૂર સંભળાય છે. હવે ધમકીનાં ને વિનાશની આગાહીનાં વચનો ઉચ્ચારનાર પ્રબોધક દિલાસાનાં, આશાનાં અને ઈશ્વરના પ્રેમ તથા અન્ય ગુણોનાં વચનો ન જ કહી શકે એવી સમજને આધારે તે આમોસનાં નહિ, પરંતુ અન્ય કોઈનાં હશે એવું કહેવાની મતલબ નથી. પરંતુ કારણ એ છે કે આખા પુસ્તકમાં નીતિમય જીવનની અગત્ય પર ભાર મૂકવામાં આવ્યો છે (દા. ત. ૫; ૧૪, ૧૫, ૨૪), તેથી ૩; ૧૦: ૫; ૧૦–૧૨: ૮; ૪–૬, વગેરેથી ઊલટા ભાવાર્થવાળું કંઈક કહેવું જોઇએ એમ સ્વાભાવિક રીતે આપણને લાગે છે, જયારે આ ફકરામાં (કલમો ૧૧–૧૫) તો કેવળ દૈહિક ને ઐહિક (૬; ૪–૬ જેવા) આશીર્વાદોનું જ વચન આપવામાં આવેલું છે; અને એવા કેવળ પાર્થિવ આશીર્વાદોથી કાયમી આનંદ ને શાંતિ તો ન જ મળે. એટલે પુસ્તકના અગાઉના ભાગ સાથે સરખામણી કરતાં વિચાર ને લેખનશૈલી એકદમ જુદી પડે છે એ પણ ધ્યાનમાં રાખવાનું છે.

**૧૧ તે દિવસે દાઊદનો પડી ગયેલો મંડપ હું પાછો ઊભો કરીશ,**
**ને તેની તૂટફાટો પૂરી દઇશ; હું તેનાં ખંડિયેરોની મરામત કરીશ, ને**
**હું તેને પ્રાચીન કાળમાં [હતો] તેવો બાંધીશ; ૧૨ જેથી અદોમના**
**બાકી રહેલાનું, તથા જે બધી પ્રજાઓ મારા નામથી ઓળખાતી**
**હતી તેઓનું પણ તેઓ વતન પામે; આ કરનાર જે યાહવેહ તે**
**એમ કહે છે. ૧૩ જુઓ, યાહવેહ કહે છે, એવા દિવસો આવે છે, કે**
**ખેડનાર[નું કામ] કાપણી કરનાર[ના કામ] સુધી ચાલશે, ને દ્રાક્ષ**
**પીલનાર[નું કામ] બી વાવનાર[ના કામ] સુધી ચાલશે; અને**
**પર્વતોમાંથી મીઠો દ્રાક્ષરસ ટપકશે, ને સર્વ ડુંગરો પીગળી જશે.**
**૧૪ હું મારા ઇસ્રાએલ લોકની ગુલામગીરી પાછી ફેરવીશ, ને તેઓ**
**ઉજ્જડ નગરો બાંધીને તેઓમાં વસશે; તેઓ દ્રાક્ષવાડીઓ રોપીને**
**તેઓનો દ્રાક્ષરસ પીશે; તેઓ બાગબગીચા પણ બનાવીને તેમનાં**
**ફળ ખાશે. ૧૫ હું તેઓને તેઓના પોતાના દેશમાં રોપીશ, ને જે**
**દેશ મેં તેઓને આપ્યો છે તેમાંથી તેઓને ફરીથી કદી પણ ઊખેડી**
**નાખવામાં આવશે નહિ, એ પ્રમાણે તારો દેવ યાહવેહ કહે છે.**

૯; ૧૧. તે દિવસે... યાહવેહનો દિવસ કે મસીહી જમાનાને લગતી આગાહીની શરૂઆત સાધારણ રીતે એવા શબ્દોથી કરવામાં આવતી, એટલે ભવિષ્યમાં જયારે ઈસ્રાએલની સર્વ આશાઓ ફળીભૂત થશે ત્યારે. ઇસ્રાએલને મિસરમાંથી મુક્ત કરવામાં આવ્યા (નિર્ગ. ૧૨; ૩૭–૪૨),

અને આજુબાજુની અન્ય દેશજાતિઓમાં દાઊદનું રાજ્ય મહાપ્રતાપી ગણાવા લાગ્યું (૨ શમ. ૫–૮) તે ભૂતકાળમાં થઈ ગયેલું યાહવેહનું એક મહા કૃત્ય ગણાતું. ત્યાર પછી ધીરે ધીરે ઈસ્રાએલની દુર્દશા થતી ચાલી. પરંતુ ઈસ્રાએલની સર્વ આશાઓ પૂર્ણ થશે, દાઊદના રાજ્ય જેવું ગૌરવી રાજ્ય ફરી સ્થાપિત થશે, અને ઈસ્રાએલની ઉન્નતિ થયે દુનિયા સમસ્ત માટેનો ઈશ્વરનો ઈરાદો (યશ. ૪૫; ૨૨–૨૫: ૪૯; ૬: મીખ. ૪; ૧–૮) પૂર્ણ થશે. એ આવનાર સમયને હેબ્રી લેખકો "તે દિવસ" નામે ઓળખતા; એટલે જયારે એ બધું સિદ્ધ થશે, ભલાભૂંડાનો જયારે ભેદ પાડવામાં આવશે તે દિવસ. "તે દિવસે" ઈસ્રાએલ પૂરેપૂરો પુનઃસ્થાપિત થશે, કારણ કે ઈશ્વરનું છેલ્લું કામ પૂર્ણ થયેલું હશે.

**દાઊદનો પડી ગયેલો મંડપ...તૂટફાટો પૂરી દઈશ :** અહીં કેવળ દાઊદ નહિ, પણ દાઊદના વંશની વાત સમજવાની છે. "મંડપ" માટેના હીબ્રુ શબ્દ 'સુક્કાહ'નો અર્થ માંડવો, એટલે કંઈક કામચલાઉ આશ્રયસ્થાન (ઉત. ૩૩; ૧૭: યૂના ૪; ૫) થાય છે. માંડવાપર્વ પાળવા માટે ઈસ્રાએલપુત્રો કામચલાઉ જે માંડવા બાંધતા (લેવીય ૨૩; ૩૪) તેવું, કે રણક્ષેત્રમાં લશ્કરને માટે જે અલ્પજીવી રાવટીઓ બાંધવામાં આવતી (શમ. ૧૧; ૧૧) તેવું કંઈક. એટલે કોઇ રાજમહેલ કે મોટી ઈમારત તૂટી પડી હતી એમ નહિ, પરંતુ માંડવા કે રાવટી જેવું જે કેવળ કાચું કામ હતું તે પણ તૂટી પડયું હતું, કે તેની દિવાલોમાં ગાબડાં પડ્યાં હતાં. પરંતુ યરૂશાલેમ જે દાઊદનગર કહેવાતું હતું (૨ શમ. ૫; ૯) જેમાં રહીને દાઊદવંશી રાજાઓ રાજ કરતા હતા તેની સંજ્ઞા તરીકે 'મંડપ' સમજવાનો છે, કે દાઊદના વંશ માટે સમજવાનો છે, એ એક પ્રશ્ન છે. તો પણ 'દાઊદનો વંશ' સમજવાનો વધારે સંભવ છે. અત્યાર સુધીમાં તો દાઊદના વંશનું પતન થઈ ચૂકયું હતું, ને તે છેક ઝૂંપડી જેવો થઇ ગયો હતો, તો પણ ઇશ્વર તેને વિસરી ગયો નહોતો.

**હું તેનાં ખંડિયેરોની...તેવો બાંધીશ :** જેમ અગાઉ દાઊદ અને તેના પુત્ર સુલેમાનની કારકિર્દીમાં આખા પાલેસ્ટાઈન દેશમાં એક અવિભક્ત રાજ્ય હતું, અને એક પાટનગર (યરૂશાલેમ) હતું, તેવું પાછું થઈ જશે; ઈસ્રાએલ અને યહુદાહ એવા જે ભાગલા પડયા હતા (૧ રાજા ૧૧; ૯–૧૩: ૧૨; ૧૬–૨૦: ૨ કાળ. ૧૦; ૧૬–૧૯) તે રહેશે નહિ, એ તૂટફાટો પૂરી દેવામાં આવશે (પ્રે. કૃ. ૧૫; ૧૫–૧૮).

૯; ૧૨. પલિસ્તીઓ, અરામીઓ (સિરિયા દેશના રહેવાસીઓ), અદોમીઓ (ઉત્પ. ૩૬; ૧), આમ્મોનીઓ તથા મોઆબીઓ (ઉત્પ. ૧૯; ૩૭, ૩૮) વગેરે જે પ્રજાઓને દાઊદે જીતી લીધી હતી (૨ શમ. ૮–૧૨) તે યાહવેહના નામથી એટલે યાહવેહની માલિકી તરીકે ઓળખાતી હતી, કારણ કે દાઊદ 'યાહવેહની લડાઇઓ' લડતો હતો (૧ શમ. ૨૫; ૨૮). તેથી પાથિસ્ટાઈનમાં વસતી તમામ દેશજાતિઓ પર રીતસર તો યાહવેહનો જ અધિકાર હતો. તથાપિ પાછળથી તેઓ બળવો કરીને સ્વતંત્ર થઈ ગઈ હતી. યાકૂબ અને અદોમ વચ્ચે કડવાશ તો હતી જ (ઉત્પ. ૨૭: ગણના ૨૦; ૧૪–૨૧). યહુદીઓ બાબેલનમાં બંદીવાસ વેઠતા હતા એ દરમિયાન અદોમે યહૂદાહના પ્રદેશનો ખાસો ભાગ પોતાને કબજે કરી લીધો હતો, વળી સમય જતાં અદોમ અને યહૂદી લોક વચ્ચે શત્રુતા પણ ખૂબ વધી ગઈ હતી (ગીત ૬૦: યશા. ૬૩; ૧–૬: ઓબ. ૧૦–૨૧). અન્ય દેશજાતિઓએ પણ એવું જ કર્યું હતું (યિર્મે. ૪૯; ૧: યિ. વિ. ૪; ૨૧, ૨૨: હઝ. ૨૫). પરંતુ એ બધી, એટલે એમાંની જેઓ પશ્ચાત્તાપ કરીને યાહવેહને આધીન થશે તે બધી દાઊદના થનાર રાજ્યમાં પાછી મેળવાશે. ગુલામગીરીમાં ગયેલા લોકને માટે એવા સમાચાર તો ખરેખર આનંદજનક ને ઉત્તેજનદાયક જ ગણાય (અન્ય જાતિઓનો નામનિર્દેશ કરવામાં આવ્યો નથી, તેમને કેવળ સામટી વિચારવામાં આવી છે, માત્ર અદોમનો નિર્દેશ કરાયેલો છે; તેથી પણ આ ફકરો લખવા માટે બંદીવાસ પછીનો સમય ધારવો પડે છે).

'**અદોમના બાકી રહેલા**' એવા શબ્દો વાપરીને લેખક ગર્ભિત રીતે એમ સૂચવતો લાગે છે કે તેમના વિનાશનો સમય પણ આવશે, અને તેમનો કેવળ શેષ બાકી રહેશે (સરખાવો ૧; ૮ અને ૫; ૧૫).

જ્યારે અન્ય દેશજાતિઓ માટે શાસનનો દિવસ અને ઈસ્રાએલને માટે પુનઃસ્થાપનાનો દિવસ આવશે ત્યારે બાજી પલટાઇ જશે, અને અદોમીઓનો પ્રદેશ યહુદાહના કબજામાં આવશે. તથાપિ તે દિવસે અન્ય દેશજાતિઓ તાબેદાર અને ઇસ્રાએલ વિજતા એવું રહેશે નહિ, પણ તમામ લોકો યાહવેહની પ્રજા બની જશે (સરખાવો રોમન ૧૧; ૧૨, ૧૫), કારણ કે વિજય ભૂતકાળમાં મેળવેલો હોય કે ભવિષ્યમાં મળવાનો હોય, પરંતુ તે આપનાર તો યાહવેહ જ છે.

૯; ૧૩. યાહવેહ જેમ ઇતિહાસનો તેમ કુદરતનો પણ સ્વામી છે, માટે જ ઉજ્જવળ આશાનું કારણ મળી રહે છે. છેલ્લી ત્રણે કલમોમાં

ક્રૈહિક આબાદીનાં વચનો કહેવામાં આવેલાં છે (સરખાવો લેવીય ૨૬; ૩–૧૩). આ કલમ કુદરતના આશીર્વાદોની વિપુલતાનો નિર્દેશ કરે છે. ઋતુઋતુના આશીર્વાદો એટલા બધા ભર્યાપૂર્યા હશે કે ભૂમિના ઉત્પન્નથી દેશ નરી ફળદ્રુપતાના ભંડારસમ બની જશે (સરખાવો ઉત્પ. ૪૧; ૨૯, ૪૯). અનાજના પાકની કાપણી પૂરી થઇ રહી પણ નહિ હોય એટલામાં તો નવા પાક માટે ખેડવાની મોસમ આવી જશે; અને વર્ષના પાકનું છેલ્લું કામ જે દ્રાક્ષ પીલવાનું હતું તે પૂરું પણ નહિ થયું હોય એટલામાં તો બીજા વર્ષના અનાજ માટે વાવેતર કરવાની મોસમ બેસી જશે (લેવીય ૨૬; ૫). અહીં બી વાવવાની જે વાત છે તે દ્રાક્ષના પાક માટેની નથી. દ્રાક્ષ તો રોપવામાં આવતી, ને તેનો છોડ ઘણાં વર્ષો સુધી ટકતો. છોડ જયારે બહુ ફેલાતો ત્યારે તેને બહુ નીચે સુધી કાપી નાખવામાં આવતો, અને કેવળ ઠૂંઠું ને સારી સારી થોડીક ડાળીઓ રાખવામાં આવતી, જેમાંથી નવી ડાળીઓ ફૂટતી. વરસોવરસ એ પ્રમાણે કરવામાં આવતું. અનાજ (ખાસ કરીને જવ અને ઘઉં) માટે ખેડવાનું અકટોબરમાં ને વાવવાનું નવેમ્બરમાં થતું હતું; કાપણી એપ્રિલ–મેમાં થતી. દ્રાક્ષ પાકવાનો ને કાપવાનો વખત ઓગસ્ટ–સપ્ટેમ્બરમાં થતો.

સાધારણ રીતે દ્રાક્ષવાડીઓ પર્વતોના ઢોળાવ પર રોપવામાં આવતી, અને પર્વતો દ્રાક્ષવાડીઓથી છવાઇ જતા. એ દ્રાક્ષોનો પાક એટલો બધો થશે કે તેના રસથી જાણે પર્વતો પીગળીને પાણીની ધારાઓ વહેતી હોય એવો દેખાવ થશે (સરખાવો ૫; ૧૧: ગીત ૪; ૭: યોએલ ૩; ૧૮: યશા. ૯; ૩)

માણસ માણસ વચ્ચેના અને પ્રજા પ્રજા વચ્ચેના સામાજિક, રાજકીય તથા નૈતિક સંબંધો તેમજ ઈશ્વર સાથે આત્મિક સંબંધો યથાયોગ્ય થશે ત્યારે કુદરત તેના કુદરતી આશીર્વાદો પુષ્કળતાથી આપશે, એ જ આમોસ કહેવા માગે છે. મૂળ મુદ્દાની વાત આ છે: જેમ પરિઘનાં બધાં બિંદુઓ વર્તુળના મધ્યબિંદુ સાથે યોગ્ય સંબંધ ધરાવતાં થઈ જાય, તો એકબીજા સાથેનો તેમનો સંબંધ આપોઆપ જ બંધબેસતો થઈ જાય; તેમ ઈશ્વર સાથેનો સંબંધ યથાયોગ્ય થાય, તો સૃષ્ટિનાં અંગોના બીજા બધા સંબંધો આપોઆપ જ સીધા થઈ જાય.

૯; ૧૪. પોતાના શ્રમના ફળના ભોગવટા સાથે અગાઉ જે ભય તથા જોખમનો નિર્દેશ કરવામાં આવ્યો હતો (પુન. ૨૮; ૩૦) તેવું કશું ભય કે જોખમ (૫; ૧૧: સફા. ૧; ૧૩) ઈસ્રાએલની પુનઃસ્થાપના થતા

ભાખી રહેશે નહિ (૮; ૨: હઝ. ૩૪; ૨૫–૩૧ : ૩૬; ૨૮–૩૮: મીખાહ ૪; ૪). યુદ્ધ, આક્રમણ, દુષ્કાળ કે મરકી જેવા સમયોમાં એવા જોખમી અનુભવો ઘણુ સામાન્ય થઈ પડયા હતા. જીવન, ન્યાય અને સ્વાતંત્ર્ય જેવાં મૂલ્યો એટલાં બધાં ખતરામાં મુકાઈ ગયાં હતાં કે માણુસ પોતાના ભાવિ માટે ન તો કશું બાંધકામ કરી શકે, ન તો કશું વાવવું–રોપવું કરી શકે. અતિશય શ્રમ કરીને પોતાના ભાવિ માટે કે પોતાના કુટુંબ માટે માણુસ ઘર બાંધવા, બાગબગીચો કે દ્રાક્ષવાડી ઉછેરવા, અને રક્ષણુ માટે ઘરની આસપાસ અથવા બાગબગીચા કે દ્રાક્ષવાડીની આસપાસ દીવાલ બનાવવા માગે તો ખરો (યશા. ૫; ૧, ૨: માર્ક ૧૨; ૧), તથાપિ જીવનની ક્ષણભંગુરતા, અન્ય માણુસોએ કરેલા અન્યાયો કે શત્રુનું વેરઝેર એના ઈરાદાઓના પ્રયાસોને કોઇ પણુ પળે નિરર્થક બનાવી મૂકે એમ હતું. બાંધકામ કરવું કે વાવવું–રોપવું જેવાં કામો કરવાં એ તો પોતાને ખાતરી હોવાનાં અને લાંબી મુદત સુધી પોતા હસ્તક કબજે રાખવાની અપેક્ષાનાં ચિહ્નો હતાં. એથી જ બંદીવાસમાં જનારાઓને યિર્મેયાહે ઘરો બાંધીને રહેવાની તેમજ દ્રાક્ષવાડીઓ રોપવાની સલાહ આપી હતી (યિર્મે. ૨૯; ૫). કલમમાંના શબ્દો કહેવત હોવાનો સંભવ છે.

**મારા ઈસ્રાએલ લોક :** આ કેવળ ઉત્તરના રાષ્ટ્રના લોકની વાત છે એમ નહિ, પરંતુ સમસ્ત ઈસ્રાએલની વાત છે. ગુલામગીરી ભોગવી રહ્યા પછી જયારે તેઓ પોતાના મૂળ દેશમાં પાછા આવશે ત્યારે અગાઉની વાસ્તી (પુન. ૨૮; ૩૦) જતી રહેલી હશે. જાણે ઝાડ રોપવામાં આવ્યું હોય, તેણે ઊંડાં મૂળ નાખેલાં હોય, અને ઈશ્વર પોતે તેનો માલી થયેલો હોય, એવી આનંદદાયક તેઓની સ્થિતિ થશે.

**...ગુલામગીરી પાછી ફેરવીશ :** જયાં જયાં આવા શબ્દો આવે છે ત્યાં બધે ઠેકાણે "તેમની દશા પલટી નાખીશ," એવો અર્થ સમજવાનો લાગે છે. (યશા. ૬૦; ૨૧, ૨૨ : ૬૧; ૪–૮: યિર્મે. ૨૪; ૪–૭ : ૩૨; ૪૦–૪૪ : ૪૨; ૧૦–૧૨: યોએલ ૩; ૧૮–૨૦ સરખાવો અયૂબ ૪૨; ૧૦).

**૯; ૧૫.** આ કલમમાંના લોકો ધાર્મિક શેષ છે. આમોસને ઈસ્રાએલ વિષે કદી ખ્યાલ પણુ નહિ આવ્યો હોય એવા પ્રકારના લોકનું આ વર્ણન છે. ઉપરોક્ત આશીર્વાદો તેમજ આ કલમમાંના આશીર્વાદો તેઓ પામશે, કારણુ કે ઈસ્રાએલીઓની આશાના પ્રતિનિધિ તરીકે લેખક માને છે કે તેઓ પશ્ચાતાપી હૃદયના અને આચરણુમાં સુધરેલા થયેલા હશે, જેથી યાહવેહ જ તેમની પુનઃસ્થાપનાનો આધાર છે. (યશા. ૪૧; ૧૦ : ૫૨; ૭ : ૫૪; ૪–૮;

૬૬; ૯) તે હવેથી તેમના શત્રુ જેવો નહિ (૪; ૬–૧૧) પણ તેમનો મિત્ર તથા રાજા થયેલો હશે, અને તેઓ યાહવેહના રાજ્યના નાગરિકો થયેલા હશે (યશા. ૬૫; ૨૧–૨૫: હઝ. ૨૮; ૨૫, ૨૬). વળી તે પૂરી રીતે માનતો જણાય છે કે યાહવેહ જે કેવળ ઈસ્રાએલનો જ ઈશ્વર છે એમ નહિ, પરંતુ સમસ્ત વિશ્વનો–સર્વ દેશજાતિઓનો (૯; ૭), તેમજ કુદરતનો (૪; ૧૩ : ૫; ૮: ૯; ૫, ૬)–પણ છે, તે આખરે તો વિનાશ વેરનાર નહિ, પરંતુ પુનઃસ્થાપિત કરનાર, ક્ષમા ને જીવન બક્ષનાર ઈશ્વર છે; તેથી માણસ જો કેવળ તેને આજ્ઞાંકિત થાય, પોતાનું જે કંઈ છે તે તેના તરફથી મળેલું છે (૧ કાળ. ૨૯; ૧૦–૧૩) એમ સમજતું થાય, તો આશીર્વાદના સર્વ ભંડારો ઈશ્વર તેને માટે ખુલ્લા કર્યા વગર રહેજ નહિ.

તથાપિ ઐતિહાસિક હકીકતો એ આગાહી (કલમો ૧૧–૧૫) કરતાં કંઈક જુદું જ દર્શાવે છે. ઈસ્રાએલની પુનઃસ્થાપના થયા બાદ ઘણાં સૈકાં પછી ફરી તેને તેના દેશમાંથી ઉખેડી નાખવામાં આવ્યો હતો (ઈ. સ, ૭૦માં અને ઈ. સ. ૧૩૫માં), અને ત્યારથી લગભગ બે હજાર વર્ષ સુધી તે આમતેમ ભટકતો જ રહ્યો છે. આધુનિક સમયે ઈસ્રાએલને તેના એ જ જૂના નામે ફરી એ દેશમાં 'રોપવામાં' આવ્યો છે ખરો (૧૫મી મે, ૧૯૪૮), તથાપિ એથી ઈ. સ. ૭૦ અને ૧૩૫માં બનેલો ઇતિહાસ રદ થઈ જતો નથી. પ્રબોધકોનાં પુસ્તકોમાં એકંદરે છેલ્લે છેલ્લે પણ આશાનું વચન તો રહેલું જ હોય છે. ઇસ્રાએલ માટે એ આશાનો પડઘો નવા કરારમાં, ખાસ કરીને તો રોમનો પર લખાયેલા પત્રમાં પડેલો છે. એ પડઘો ઈતર ધર્મીઓને ચેતવણી આપે છે, કે ઈસ્રાએલની અવદશાને કારણે અને પોતાને પ્રાપ્ત થયેલી ઇશ્વરની કૃપાને કારણે તેઓએ ફુલાઈ જવાનું નથીઃ "પછી તો તમામ ઈસ્રાએલ તારણ પામશે...કેમકે ઈશ્વરનાં કૃપાદાન તથા તેડું રદ જાય એવાં નથી...કેમકે ઈશ્વર બધાં ઉપર દયા કરે, એ માટે તેણે બધાંને અવિશ્વાસને આધીન ઠરાવ્યાં છે. આહા, ઈશ્વરની બુદ્ધિ તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે !...તેને સર્વકાળ મહિમા હો. આમેન" (રોમન ૧૧; ૨૬–૩૬ સરખાવો પુન. ૭; ૭–૯: ગીત ૧૦૫; ૬–૧૦).